
ભારતભાગ્યવિધાન અર્થે બાપુજીનું સાગરતીરે સમરસ સંગ્રામ



ભારતનું ઘડતર

ભાગ બીજો સચિત્ર

આના ૭



વાયુ શરદીથી આવતી દુઃખ દર્દોની વેદના ભોગવવા કરતાં તેનો જલદી ઈલાજ કરો

દુનિયામાં મહાન અજબ જેવો ઈલાજ

ઑડમન્સ

સાઈપ્રસ સાલ્વ

(રજીસ્ટર્ડ)

તમારા દુઃખ દરદનો જલદી અંત લાવશે. અને તમો જલદી સારા થઈ શકશો. આ કુદ્રતી અમૂલ્ય ઔષધિઓનો મલમ છે, અને તે મસળવાથી છિદ્રો માટે દરદવાળી જગાએ પહોંચી જઈ, જલદી આરામ આપે છે.

માથાનો દુઃખાવો, શરદી, સળેખમ, "વા", હાથપગ કે કમ્મરનું ઝલાઈ જવું, હવાના ફેરફારથી થઈ આવતો દુઃખાવો, ઝેરી જંતુ કરડવાથી થઈ આવતો સોજો વગેરે દરદો ઉપર "સાઈપ્રસ સાલ્વ" ખાત્રી ભર્યો રામબાણ ઈલાજ છે. ખાત્રી માટે નમુનાની ડબી બે આનામાં મંગાવી વાપરી જુઓ.

કિમ્મત ૧ મોટા પોટના રૂ. ૧—૦—૦ વી. પી. ખર્ચ જુદું.

દરાજ એક ચેપી રોગ છે, તેનો ચેપ જ્યાં લાગે છે, ત્યાં દરાજ થઈ આવે છે અને એક ત્રાસદાયક દરદ થઈ પડે છે

તેને માટે રીંગો કપુર (રજીસ્ટર્ડ)

બજારમાં વેચાતા દરાજના મલમો કરતાં રીંગો કપુર ફાયદાકારક છે.


કિમ્મત ડબી ૧ ના રૂ. ૦—૪—૦ પોસ્ટેજ જુદું.
૧ ડઝન ડબીના ... રૂ. ૨—૪—૦ પોસ્ટેજ માફ.

ધી અગ્લો ઈન્ડીયન ગ એન્ડ કેમીકલ કુંપની,
૨૮૫ મારકેટ, પોસ્ટ બોક્ષ નં. ૨૦૮૨, મુંબઈ, નં. ૨



વંદે માતરમ્

જલામ્ સુફલામ મલય શીતલામ્
સ્યશ્યામલામ્ માતરમ! વંદેમાતરમ
ભ્ર જ્યોત્સ્ના પુલકિત યામિનીમ
દલ કુસુમિત-દ્રુમદલ શોભિનીમ
હાસિનીમ સુમધુરભાષિણીમ્
ખદામ વરદામ માતરમ ? વંદેમાતરમ


Mohka

ભારતનું ઘડતર

(લવણ નિઃશસ્ત્ર સત્યાગ્રહ મુક્તિસંગ્રામ)

ભાગ બીજો (સચિત્ર)


મહર્ષિ દાદાભાઇનાં પૌત્રી શ્રીમતી પેરીન બહેન કેપ્ટનની
પ્રસ્તાવના સાથે

"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी"

જન્મ આપનાર માતા અને જન્મભૂમિ, એ સ્વર્ગ કરતાં
પણ ચઢીયાતી છે !

વિક્રમ સંવત ૧૯૮૭, ગાંધી વર્ષ ૨

આના ૭



પ્રથમાવૃત્તિ.

સંગ્રાહક અને પ્રકાશક:
મણિલાલ ચુનીલાલ.
દાદી શેઠ અગીઆરી લેન, મુંબઇ.

ભારતનું ઘડતર

ભાગ પહેલો તથા બીજો (સચિત્ર)

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં

મેસર્સ. એન. એમ. ત્રિપાઠીની કું. કાલબાદેવી, મુંબઇ.

પંડિત નારાયણ મૂળજી, પુસ્તકાલય-કાલબાદેવી, નરનારાયણના મંદિરની બાજુમાં—મુંબઇ.

પ્રમાણિક પુસ્તક ભંડાર, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

મેઘરાજ પુસ્તક ભંડાર, પાયધુની, મુંબઇ.

મેસર્સ. સી. જમનાદાસ એન્ડ કું. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

આર. આર. શેઠ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

ધી જનરલ બુક ડીપો, ૧૧૬, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

ઊર્મિ ઑફીસ, શ્રી હરિ-હર પ્રીન્ટીંગ પ્રેસ, ૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

આર એમ. મહેતા બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, નડીયાદ.

તેમજ તમામ જાણીતા બુકસેલરોને ત્યાંથી મળશે

મુદ્રક: હરિલાલ વલ્લભદાસ. શ્રી હરિ-હર પ્રીન્ટીંગ પ્રેસ,
૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

નિવેદન

ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય પ્રકરણમાં સુધારણા કરનાર વ્યક્તિઓ પૃથ્વીના પડ ઉપર ઘણી ઘણી થઇ ગઇ છે. પરંતુ તેમાં એક વ્યક્તિ એવી ઉત્પન્ન થઇ છે, કે જેને રાજદ્વારી ગણવી, સામાજિક ગણવી, કે અર્થશાસ્ત્રની સૃજનહાર ગણવી, તે સમજાતું નથી ! આ ત્રણે ગુણો જેનામાં હોવા ઉપરાંત, ધાર્મિક બાબતમાં પણ સૌથી ચઢીયાતી વ્યક્તિ, જે આજે જગતભરનું ધ્યાન પોતા પ્રત્યે આકર્ષિ રહી છે, તે જગતવંદ્ય મહાત્મા ગાંધીજી છે! આ મહાન પુરુષને રાજદ્વારી ગણવા કરતાં સંત પુરુષ તરીકે દુનિઆ આજે વધારે પૂજે છે! કોઇ એમનામાં મહાત્મા ગૌતમબુદ્ધની દયા અનુભવે છે. કોઇ તેમનામાં મહાવીર સ્વામીનો 'અહિંસા પરમો ધર્મ' નો સિદ્ધાંત જુએ છે, જ્યારે ખ્રીસ્તી જનતા ગાંધીજીમાં, મહાત્મા ઇશુના ઉપદેશોનો સાક્ષાત્કાર કરે છે!

આવા મહાન નર, કે જેની મોટાઇનું માપ જગત પણ પામી શક્યું નથી, તેમણે આજે ત્રરડે ધડપણે હિન્દી જનતા પર વિશ્વાસ રાખી ભારતમાતાને બંધનમુક્ત કરી, સ્વતંત્રતા અપાવવા માટે નિઃશસ્ત્ર ધર્મયુદ્ધ આદર્યું છે. તે યુદ્ધ આરંભીને તેઓશ્રીએ જૂદા જૂદા ગામોમાં પ્રયાણ કર્યું, ત્યારે જે જે શિખામણના શબ્દો કહી, અત્યારનો

પ્રજાધર્મ સમજાવ્યો, તે તે શિખામણના શબ્દોનો **ભારત ઘડતરના બે ભાગમાં સંગ્રહ** કરી, ગુજરાતી જનતાને ચરણે ધરવાનો રંગ પ્રયાસ કર્યો છે.

ભારત ઘડતરના પહેલા ભાગમાં સાબરમતીથી પ્રયાણ કરી, કુરુક્ષેત્ર દાંડી મુકામે પધાર્યા ત્યાં સુધીનો વૃતાંત છે.

આ બીજા ભાગમાં ત્રણ ખંડ છેઃ—

(૧) દાંડીથી માંડી ગુજરાતમાં જુદે જુદે સ્થળે ફરી **ભાષણો દ્વારા** સમજાવેલો પ્રજાધર્મ, હિંદી બ્હેનોની ફરજ અને યરોડા જેલમાં કારાવાસી થયા ત્યાં સુધીનો વૃતાંત.

(૨) ધરાસણાના અગરો પરની ચઢાઇ અને છેવટ; તથા

(૩) મી૦ સ્લોકોમ્બે અને શ્રી જયકર—સપ્રુના વિષ્ટી સંદેશાનો તારીખ વાર હેવાલ રજુ કર્યો છે.

આશા છે કે દરેકે દરેક ગુજરાતી ભાઇબ્હેનો આ પુસ્તક મનનપૂર્વક વાંચી, માતૃભૂમિ પ્રત્યેની ફરજ બજાવી, પોતાની માતાની કુખ ઉજ્વલ કરશે !

છેવટે આ પુસ્તકો પ્રસિધ્ધ કરવામાં જે જે ભાઇબ્હેનોએ નિઃસ્વાર્થપણે મદદ કરી છે, તેમનો ઉપકાર ન માનું તો કૃતઘ્નતાજ ગણાય !

(સંગ્રાહક)

પ્રસ્તાવના

પોતાના અવતારથી જેમણે જગતને પાવન કર્યું છે, તેવી મહાન્ વીર વ્યક્તિઓમાંની એકને હૃદયનાં વંદન આપવાનું વિરલ સદ્ભાગ્ય આજે ભારતવર્ષને પ્રાપ્ત થયું છે !

૧૯૩૦ ની સાલના માર્ચ માસની ૧૨ મી તારીખે બાપુજીએ મહાભિનિષ્ક્રમણ કર્યું. તે નિહાળવાને હજારો અને લાખોનો જન-સમુદાય ઉલટયો. તે સુકલકડી પણ અક્કડ દેહવાળા, હાથમાં સન્યાસીના દંડ જેવો દંડ ધારણ કરનાર મહાત્માની સરદારી નીચે જે નાનકડી ટોળીએ પ્રયાણ શરૂ કર્યું, તેના તરફ આખી આલમની આંખો કુતૂહલથી જોઇ રહી. તે પાતળા શરીરવાળા મહાત્મા અણખેડાયેલા ખેતરોના નાનાં મોટાં ઢેફાં પર થઇને ચાલતા હતા, ત્યારે તેમનો વેગ અને ઉત્સાહ એટલાં બધાં હતાં, કે તે ઢેફાં પર નહિ, પણ કેમ જાણે હવામાં અદ્ધરજ ઉડતા ચાલતા હોય, તેવું સૌને લાગતુ હતું !

કુદરતે બક્ષીસ તરીકે આપેલ હોવા છતાં જે મીઠું લેતા દેશના કાયદાએ લોકોને અટકાયત કરી છે, તે મીઠાની ચપટી ઉપાડવા બાપુજીએ છઠ્ઠી એપ્રીલે પોતાના દેહને દાંડી કિનારા પર નમાવ્યો આટલા નાના સરખા નજીવા લાગતા, પણ જેની પાછળ કલ્પનાનાં પૂર વહી રહ્યાં હતાં તેવા કાર્યથી તેણે પોતાના દેશની આઝાદી માટે મરી ફીટનારા લાખો મનુષ્યો પેદા કર્યાં ! જગતના બીજા દેશોની અર્થહીન કુતૂહલતા એકદમ અજાયબી અને સહાનુભૂતિમાં ફેરવાઇ ગઇ ! ભારતવર્ષ જેવા આખા મોટા ખંડને સ્વતંત્રતાની પવિત્ર ભાવનાથી આમ અજબ રીતે રંગી દેનારા આ

મહાત્માની શક્તિને નજરોનજર જોવા અને સ્વાનુભવથી સમજવા યુરોપ અને એમેરિકાના દેશદેશમાંથી સ્ત્રીઓ અને પુરુષો હિંદુસ્થાનમાં આવવા લાગ્યા. !

અન્ય દેશના લોકો ભૂતકાળમાં સ્વતંત્રતા માટે લડયા છે, અને મર્યાં પણ છે ! પણ હિન્દના વ્હાલા બાપુએ બતાવેલી રીત એવી અનોખી છે, કે તે જગતે સાંભળેલી છે ખરી, પણ તેને અનુભવમાં મૂકેલી તો કદી જોઇ કે જાણી નથી! ભૂતમાત્ર તરફ પ્રેમની મૂર્તિ જેવા અને જાતે નોતરેલા દુઃખની પ્રતિમા જેવા તે મહાત્માએ પોતે આપેલી પ્રસાદી લોકો પાસે ધરી, લોકોએ તેનો સ્વીકાર કર્યો, તેથી પાવન થયા. અને પોતાની જુગજુગ જુની ભૂમિની સ્વતંત્રતા, માત્ર અહિંસા રૂપી હથિઆર વડેજ મેળવવા બહાર પડયા !

આકાશમાંથી પૃથ્વી પર આવતા વિજળીના ચમકારા પેઠે તે સંદેશો આખાય દેશપર એક પળવારમાં પ્રસરી ગયો !

ઉત્તરના લડાયક અને લટ્ઠ પઠાણોના મુખમાંથી, અને દક્ષિણના ધાર્મિકતાથી ભીરૂ અને નમ્ર બનેલા બ્રાહ્મણોના મુખમાંથી **"મહાત્મા ગાંધી કી જે"** એ અવાજ નીકળ્યો. પશ્ચિમના કાર્યપ્રેમી અને કઠણ મહારાષ્ટ્રીઓમાં તેમજ પૂર્વના દૂર દૂર બંગાળાના કલ્પનાનાં સ્વપ્ન સેવતા બુદ્ધિશાળી બંગાળીઓમાં તે અવાજનો પડઘો પડયો અને ઝીલાયો ! આ પ્રત્યક્ષ પ્રમાણ પછી કોણ કહી શકશે કે હિન્દ એક નથી?

જળ પર કે સ્થળ પર કદી ન દેખાયું હોય, તેવું જે મહા તેજ હાલ ચાલતા ધાર્મિક યુદ્ધમાં દેખાયું છે, અને તેથી ચાલુ સમયમાં જે દેદીપ્યમાન ઇતિહાસ લખાઇ રહ્યો છે, તેવું તેજ આ પ્રાચીન ભૂમિના ઇતિહાસમાં પણ ભાગ્યેજ જોવામાં આવશે !

બાપુજીએ પોતાનું સર્વસ્વ મૂકી, છેલ્લું પ્રયાણ શરૂ કર્યા પછી આપણામાંના નાનામાં નાનાને માટે જે કાંઇ

કહ્યું કે લખ્યું છે તેનો શબ્દેશબ્દ બહુ ધ્યાનપૂર્વક વાંચવાને હું દરેક હિન્દી ભાઇબ્હેનોને આગ્રહ કરૂં છું.

આવા ભારતમુક્તિ યજ્ઞમાં તેઓશ્રી યરવડાના કારવાસની લોખંડી દીવાલોમાં જકડાયા, ત્યાં સુધીના બાપુજીના વચનામૃતો આ પુસ્તકમાં સંગ્રહવામાં આવ્યાં છે. જે વાંચવાની હું ખાસ ભલામણ કરૂં છું.

પેરીન ધ. કેપ્ટન.

પૂજ્ય બા

જેમણે
જગતને અહિંસાત્મક
બનાવવા ભીષણ તપ આદર્યું છે,
જેમણે જિંદગીભર મન, કર્મ, વાણીથી, સત્યઅને
અહિંસાજ સેવ્યાં છે, જેમણે બ્રહ્મચર્ય પાળવા તથા
સ્વાદેંદ્રિયને કાબુમાં રાખવા અનેક અખતરા કર્યા છે, અને
છેવટે આયુષ્યના આથમતા સમયમાં નિઃશસ્ત્ર
ધર્મયુદ્ધ આદરી જગતને આશ્ચર્યમાં સ્થંભાવી
નાંખ્યું છે, "એવા મહાન સંતના ઘડતરમાં
મદદરૂપ થનાર, તથા 'મહાત્મા' ના
મહાત્મયને શોભાવનાર"
ગાંધીજીના

સહધર્મચારિણી સૌ. કસ્તુરબા !

આપનેજ ચરણે
અર્પણ
કરૂં
છું !

પૂજ્ય કસ્તુરબા ગાંધી



ભારત ઘડતરની રણચંડી.



શ્રીમતી પેરીનબ્હેન કેપ્ટન.

ભારતનું ઘડતર

ભાગ બીજો-(સચિત્ર)

પહેલો ખંડ–મહાત્માજીનાં ભાષણો

અનુક્રમણિકા

નંબર	વિષય	પાનું
૧	જગતે ન જોયલું ધર્મયુદ્ધ (કાવ્ય)	૧
૨	પ્રજાકિય મહાસભાનું ૪૪ વર્ષનું સિંહાવલોકન તથા મહાસભાની પુનરઘટના	૨
૩	મહાસભાના પુનિત સ્થળો અને અધ્યક્ષોની ૪૪ વર્ષોની નામાવલિ	૧૩
૪	સને ૧૯૨૯ ની લાહોર મહાસભાનો સાપ્તાહિક કાર્યક્રમ અને સબરસ સંગ્રામનું દેવદાનવ યુદ્ધ. (કાવ્ય)	૧૮
૫	દાંડીના દરિઆ કાંઠે મહાત્માજીએ સ્વરાજ્યની પીટેલી દાંડી	૨૧
૬	ભારત મુકિતયજ્ઞ અને બત્રિસ લક્ષણાઓની આહુતિઓ	૩૧
૭	કસોટીનો સમય આવી પહોંચ્યો છે	૩૪
૮	ગુજરાત કાઠિઆવાડને મહાત્માજીનો સંદેશો ...	૩૫

૯ મહાત્મા ગાંધીજીએ આટ ખાતે ફરકાવેલો વિજય વાવટો ૩૭
૧૦ દાંડીમાં ગાંધીજીનું પ્રવચન ૪૬
૧૧ ભીમરાડમાં ૪૯
૧૨ ભીમરાડના યાત્રાસ્થાને ગાંધીજીની ગર્જના ... ૫૩
૧૩ ધરપકડની વહી ગએલી એક વધુ રાત ... ૬૧
૧૪ ગાંધીજીની ઝડપી હીલચાલ અને સંદેશાઓ ... ૬૪
૧૫ મહાત્માજીનો આબ્રામા ખાતે પડકાર ૬૫
૧૬ ખજુરાંનાં ઝાડો ૭૪
૧૭ પીંજરત છાવણી ૭૯
૧૮ મહાત્માજીની મુંબઇના લોકોને ગંભીર ચેતવણી ... ૮૨
૧૯ દાંડીમાં સ્ત્રી પરિષદ
૨૦ આત્મ શુદ્ધિ સપ્તાહનું છેલ્લુ પ્રવચન ૯૪
૨૧ મીઠા ઉપરનો વધુ તીવ્ર સવિનય ભંગ ૧૦૦
૨૨ ઉંબેર છાવણી ૧૦૨
૨૩ મહાત્માજી ગુજરાતમાં ૧૦૫
૨૪ બાનુ વોલંટીયરો ઉપર પોલિસ જુલમ કરે તો ? ૧૦૮
૨૫ પ્રજાને અહિંસક રહેવાની ગાંધીજીની અપીલ ... ૧૧૧
૨૬ વેજલપુરમાં સ્વયંસેવક પરિષદ ૧૧૪
૨૭ જલાલપુરમાં અપૂર્વ ગાંધીરાજની સ્થાપના ... ૧૨૧
૨૮ મહાત્માજી સરદારના વહાલા વતનમાં ૧૨૭
૨૯ મારા આવવા માટે મુંબઇએ મદાર બાંધી બેસી રહેવું જોઇતું નથી ૧૩૫

૩૦	ચીતાગોંગ માટે મહાત્માજીનો અભિપ્રાય ...	૧૩૮
૩૧	મહાત્માજીની સુરતમાં ઉડતી મુલાકાત	૧૪૦
૩૨	લંડનના ગોરા ખેરખાહોનો મહાત્માજીપર સંદેશો ...	૧૪૫
૩૩	સરકારી મીઠાના અગરપર ગાંધીજી	૧૫૦
૩૪	મહાત્માજીની શહીદ વિઠ્ઠલદાસને અંજલી	૧૫૩
૩૫	વાઇસરોય ઉપર ગુજરાતના બાનુઓનો પત્ર ...	૧૫૫
૩૬	સુરત જીલ્લામાં મદ્યનિષેધ	૧૬૧
૩૭	આઝાદીની લડતમાં દેશી રાજ્યોને ખાદીપ્રચાર અને દારૂનિષેધનું કાર્ય ઉપાડી લેવાની સલાહ ...	૧૬૫
૩૮	મહાત્માજીને મુંબઇનું આમંત્રણ	૧૬૯
૩૯	જલાલપુર	૧૭૧
૪૦	દારૂનિષેધ વિષે ગાંધીજી	૧૭૩
૪૧	ધરાસણાના અગર ઉપર ધાડ લઇ જવા માટેનો, મહાત્માજીનો વાઇસરોય, પરનો પત્ર નં-૨ ...	૧૭૭
૪૨	**ભારત મુક્તિ યજ્ઞમાં જગતવંદ્ય મહાત્મા ગાંધીજીનું બલિદાન ... ...**	૧૮૫
૪૩	બોરીવલી સ્ટેશને જતાં	૧૯૧
૪૪	પ્રજાજોગો પૂજ્ય બાનો સંદેશો	૧૯૪
૪૫	**મહાત્મા ગાંધીજીનો સંદેશો**	૧૯૭

બીજો ખંડ-ધરાસણાનું ધર્મયુદ્ધ

૪૬	ધારાસણાની ડીપો પર કુચ	૨૦૧

૪૭ ધરાસણા સમરાંગણે જવા સેનાપતિ સરોજીની નાયડુ ઉપડે છે ૨૧૯
૪૮ સમરાંગણે ચઢતાં દેવી સરોજીનીનો સંદેશો ૨૧૦
૪૯ ભારત માતાને પરદેશીની ગુલામીમાંથી છોડાવવા, દેવી સરોજીની નાયડુ કારાગ્રહમાં સીધાવે છે ... ૨૨૬
૫૦ લવણ સંગ્રામમાં ધરાસણાની ધર્મયાત્રા, ચોમાસાના કારણે મૂલતવી રહી ૨૩૭

ત્રીજો ખંડ—વિષ્ટિ સંદેશા

૫૧ યુરોપે મુક્તિ માટે ગાંધીજીને ચરણે બેસવું ઘટે ૨૪૦
૫૨ મહાત્માજીને ફ્રેન્ચ સન્નારીની શ્રધ્ધાંજલિ ૨૪૧
૫૩ લંડન ડેલી હેરલ્ડના પ્રતિનીધિ સ્લોકોમ્બે સાથે પાંચ કલાક વિષ્ટી સંદેશા ૨૪૩
૫૪ વિષ્ટીકાર જયકર-સપ્રુ સમાધાનીની શરૂઆત અને અંત ૨૫૨
૫૫ પૂર્ણાહુતિ અને મહાત્માજીની હાકલ ૨૭૭
૫૬ ઝંડા ઉંચા રહે હમારા (રાષ્ટ્રધ્વજ રહસ્ય કાવ્ય) ૨૭૮

श्री हरि ॐ!


જગતે ન જોયેલું ધર્મયુદ્ધ

ભારતયજ્ઞની જ્વાળા

(લાવણી)

થંભો, થંભો! રવિ શશી, તારા, સુરવર, મુનિવર, થંભો!
જગતે જુદ્ધ ન જોયું કદિ તે જોવા ઘડીભર થંભો!
જય જય ભારતે હો!—(ધ્રુવ)
તીર નથી, તલવાર નથી, નથી બંદુક તોપ તમંચા:
એક આત્મનું બળ સત્યાગ્રહ; વ્યર્થ સકળ જડ સંચા! જય.
સગપણ તોડયાં, સ્વજન વછોડયાં, અંતર સ્નેહી છોડયાં:
એક માત ભારત માટે આ ક્રોડ જીવન છે જોડયાં! જય.
ઝેર નથી, કો વેર નથી, નથી અરિ પર કહેર ગુજરતો
હાડ તૂટે, કે શીશ ફૂટે તોપણ, પાય અડગ ડગ ભરતો! જય.
થંભો, થંભો! અરિ વરસાવે, આભ થકી અંગારા,
બળતી લાહ્ય ન એ પિગળાવે, અંતર હિમના ભારા! જય.
ઓ વીરા! વીજળી સમ પડતી, શીશ તડોતડ લાઠી:
એ લાઠી જ થશે આખર તો, ભારતધ્વજની કાઠી! જય.
બળબળતી લૂ વરસે શિર કે મેઘજ મૂશળધારે:
ધન્ય સહનતા ક્ષમા ધરાની, ભારતજન સંસ્કારે! જય.
મરવું છે જીવવાને માટે, લડવું છે ફરી ચ્હાવા:
સ્નેહ ક્ષમા છે માનવ કેરી, માનવતા જ ગણાવા: જય.
વિશ્વ સકળ ઝબકારી રહી, આ ભારતયજ્ઞની જ્વાળા:
જયો જયો! ભડ અટલ વીરો! હો ભારતયશ રખવાળા! જય.

કવિશ્રી અરદેશર ફ. ખબરદાર



પ્રજાકીય મહાસભાનું

(નેશનલ કોંગ્રેસનું)

૪૪ વર્ષનું સિંહાવલોકન

તથા

❀ મહાસભાની પુનરઘટના ❀

સ્વદેશનો ઇતિહાસ.

સ્ત્રી પુરુષ અને બાલક બાલિકાઓને પોતાના દેશના ઇતિહાસની સંપૂર્ણ માહિતી હોવીજ જોઇએ. તેને માટે દેશના "ખરા ઇતિહાસનું જ્ઞાન" અતિ ઉપયોગી થઇ પડે છે. પરંતુ અફસોસની વાત છે, કે ગુજરાતી ભાષામાં આપણા દેશની ખરી સ્થિતિનું ભાન કરાવે એવો ઇતિહાસ રજુ થયો નથી. કારણ કેઃ-

૧ એક પ્રકારની ખુશામત, અને

૨ લાંબા સમયથી અંતરમાં વસી રહેલી ખોટી બીક.

આથી માહિતી હોવા છતાં સત્ય ઇતિહાસ બહાર પડતો નથી. પણ આ યુગ રાજ્યક્રાંતિનો ચાલે છે. તેમાં આબાલવૃદ્ધનો "દેશધર્મ" શો છે, કેટલો છે અને તે કેવી રીતે બજાવી શકાય, તે જાણવા માટે ૪૪ વર્ષનો હિંદી મહાસભાનો પાછલો ઇતિહાસ જોવો જોઇએ. જેમાંનો કેટલોક ભાગ ભારત ઘડતરના પહેલા ભાગમાં આપ્યો છે. હવે તેથી આગળ વધીએ.

બ્રિટિશ સામ્રાજ્ય

મહારાજા પાંચમા જ્યોર્જ એ ઇંગ્લંડના રાજા છે. તેમનો મુલક પૃથ્વીના બીજા ભાગોમાં છે, તે બધા મુલકોને બ્રિટિશ સામ્રાજ્ય કહે છે. બ્રિટિશ સામ્રાજ્ય એટલે:-

૧ ગ્રેટબ્રિટન (ઇંગ્લંડ, વેલ્સ, સ્કોટલેંડ અને આયરલેંડ)

૨ કેનેડા.

૩ વેસ્ટ ઇન્ડીઝ ટાપુ અને દક્ષિણ અમેરિકાનો કેટલોક ભાગ.

૪ આફ્રિકાની ઉત્તરમાં ઇજીપ્ત, સુડાન અને પૂર્વના કેટલાક મુલકો, દક્ષિણમાં નાતાલ, ટ્રાન્સવાલ તથા પૂર્વનો કેટલોક મુલક.

૫ હિંદુસ્થાન, લંકા, એડન, માલ્ટા, અને જીબ્રાલ્ટરનો મુલક.

૬ ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલાંડ અને તાસમાનીયા.

બ્રિટિશ સામ્રાજ્યમાં હિંદ સૌથી કિંમતી અંગ છે. તેની ઉપજ

એટલી બધી છે, કે તે "પંચમ જયોર્જના તાજનો કોહીનુર હીરો" કહેવાય છે. આ ઊપમા પ્રમાણે હિંદે અઢળક દ્રવ્ય પણ આપ્યું છે અને અપૂર્વ ભોગો પણ આપ્યા છે.

હિંદે આપેલા ભોગો

અસંખ્ય આપેલા ભોગોની વાત છોડી દઇને તાજેતરનોજ દાખલો યાદ કરીએ. સને ૧૯૧૪ માં છેલ્લું યુરોપી મહાન યુદ્ધ થયું તેનાજ ભોગો જુઓ.

૧ છેલ્લા મહાન યુધ્ધને પ્રસંગે હિંદુસ્થાને "એકસેં સાઠ મીલીયન સ્ટરલીંગ્ઝ એટલે ૨૪૦ કરોડ રૂપીઆની બક્ષિસ, બ્રિટનને એનાયાત કરી,

૨ બ્રિટનની સત્તા સાચવવા અને વધારવા, તેના ઉદ્દેશો તથા હિત સાધવા માટે ૧૦,૦૦,૦૦૦ દશ લાખ લડવૈયા આપ્યા.

૩ (૧) મેસોપોટેમીયા, (૨) ઇજીપ્ત અને (૩) આફ્રિકામાં હિંદી લશ્કરે લડી જીત મેળવી.

૪ હિંદ સાથે મોટામાં મોટો વેપાર, એ બ્રિટનનું વહાણવટું છે આથી પ્રાચીન કાળનો ખેડાએલો હિંદી વહાણનો વ્યાપાર નષ્ટ થયો.

૫ હિંદમાં અઢળક ખનીજ અને ઉદ્યોગોનાં સાધનો છે તેનો બ્રિટીશો લાભ લે છે.

૬ દોઢસેં વરસથી બ્રિટનના ઉદ્યોગ અને દોલતને અમાપ સમૃદ્ધ કરવામાં હિંદુસ્થાનજ ઉપયોગી થઇ પડયું છે.

૭ બ્રિટિશ સામ્રાજ્યમાં ધનધાન્ય અને સમૃદ્ધિની બાબતમાં બીજા મુલકો કરતાં હિંદજ શ્રેષ્ટ સ્થાન ભોગવે છે.

છતાં હિંદની આવી મહાન સેવાની મશ્કરી કરવા જેવું બન્યું છે અને ૧૯૧૯ના "મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડના" અપૂર્ણ સુધારા આપી, તેમજ ૧૯૩૦માં તે સુધારા ફેરવવાના વખતે જે વર્તન હિંદી પ્રજા પ્રત્યે ચલાવી રહેવાયું છે, તે મશ્કરી કરવા ઉપરાંત હડહડતું અપમાન કર્યા સમાન બન્યું છે.

આમ થવાનું કારણ શું?

તેના કારણો મુખ્ય બે છે એક તોઃ–

૧ બ્રિટનને પોતાને માટે, પોતાના જાત ભાઇઓના હિતને માટે, પોતાના દેશની આબાદિને માટે, પોતાના ભવિષ્યની ઉન્નતિ માટે, હિંદ સર્વ રીતે તેને ઉપયોગી છે. ખરૂં કહીએ તો હિંદ એજ બ્રિટનનું જાણે બજાર છે.

૨ બીજું કારણ પ્રજાકીય કોંગ્રેસમાંથી ચોક્કસ મત ધરાવનારાઓએ સ્વેચ્છાથીજ લીબરલ ફેડરેશન (૨) કોંગ્રેસ મુસ્લીમ લીગ, (૩) ખીલાફત પરિષદ (૪) મુસલમાનોના મંડળની પરિષદ વગેરે ભિન્ન ભિન્ન મત ધરાવનારાઓએ અનેક સંસ્થાઓને જન્મ આપી, કોંગ્રેસનું એકચક્રપણું દર્શાવવામાં વિઘ્નો નાંખ્યાં છે.

આનું પરિણામ એ આવ્યું, કે વિદેશી બ્રિટિશ વહીવટદારોએ કુદરતી રીતે પોતાના સ્થાપીત લાભો, કાંતો વધારવા, અગર છે તેનાથી ઉંડા જમાવવા, તેનો લાભ લઇ લીધો અને પોતાના હાથમાં "હિંદી

રાજતંત્રની લગામ" વધારે સમય રાખવાની બાજી ખેલવા માંડી અને હવે સહજમાં તેને હિંદને જતું નહિ કરવાને કમ્મર કસી ખડું થવું પડ્યું.

આજે હિંદ કઇ સ્થિતિમાં છે?

આટલા બધા આપભોગ આપવા છતાં, આટલો બધો સમૃધ્ધિવાન દેશ છતાં, આવા શુરવીર લડવૈયા દેશમાં ઉત્પન્ન થયા છતાં પણ હિંદુસ્થાન પરદેશીઓના હાથમાં છે.

૨ હિંદ જાણે બ્રિટનનું બજાર છે.

૩ હિંદ બ્રિટનના હિત અને નીતિ–પ્રણાલિકા–નું મુંગું હથિયાર છે

૪ હિંદીઓને લખવા વાચવામાં મુંગાં (અબોધ) રાખ્યા છે અને જે કેળવણી મળે છે તેમાં તેના જીવનનો કેવો પલટો છે, તે સંબંધમાં મી. એ. યુસુફઅલીના શબ્દોમાં કહીએ તોઃ–

अ "હિંદી વિદ્યાર્થીને બુદ્ધિ, ચારિત્ર્ય અને સમયવર્તીપણા માટે ઉંચા પ્રકારનું માન ઘટે છે. પણ તેમની શારીરિક 'સંપત્તિ ખરાબ છે. જ્યાં સૂર્યનો પ્રકાશ હંમેશા પ્રકાશે છે, એવા હિંદના બાળકોના જીવનમાં પ્રકાશ નથી!

ब શાળા છોડે ત્યાં સુધી કયો ધંધો કરવો તેની તેને મદદ મળેલી હોતી નથી. તેવીજ રીતે કેવી રીતે કૉલેજ કે યુનીવરસીટીમાં આગળ વધવું તેની તેને માહિતી હોતી નથી.

क ૨૩ કરોડ નીરક્ષરો છે, તેને શિક્ષિત બનાવવા માટે એક સૈકામાં પણ પહોંચી વળાશે નહિ.

ક અને ૧૮૮૨ પછી વિસ્તૃત તપાસ કરવામાં આવી નથી. પણ ૧૮૮૨ના હિંદ કરતાં ૧૯૨૮નું હિંદ તદ્દન જુદા પ્રકારનું છે. અને ૧૯૦૪ના યુનીવરસીટી કમિશને જુની રાજનીતિના પાયા ઉપર ચણતર કરવાની સૂચના કરી હતી. કલકત્તાની યુનીવરસીટી માટે "સેડલર કમિશન" નીમાયું હતું.

પણ પરિણામે નવી યુનીવરસીટી સારી કે જુની સારી તેનાજ વિચાર થાય છે, તથા કેળવણીનો ખર્ચ કાઢવા માટે સરકાર કહે છે કે નાણું નથી

૪–કેળવણી માટે ૧૯૦૫ માં 'સવા બે કરોડ' ખર્ચાતા, ૧૯૧૫ માં '૬ કરોડ' અને ૧૯૨૮ માં ૧૩ કરોડ ખર્ચાયા. પણ આ ખર્ચ કરતાં (૪) ચાર ગણું ખર્ચ હિંદમાં લશ્કર પાછળ થાય છે. તે પૈસા સરકાર હિંદનાજ ખર્ચે છે."

૫–હિંદીઓને પારકા મુલકોમાં શહેરીહકકો આપવામાં આવ્યા નથી.

૬–જે સંસ્થાઓમાં બ્રિટિશ વાવટો ફરકે છે ત્યાં પણ શહેરી હકકો મળતાં નથી, તથા ઘણી અગવડો ભોગવવી પડે છે.

૭–હિંદને પોતાની પ્રજાના ઉદ્ધારનાં કામો માટે, એક રાતી પાઇ સરખી ખરચવાની સત્તા નથી.

૮–હિંદ પોતાનું ચલણ અને હુંડીયામણ પોતે નક્કી કરી શકતું નથી.

૯–બ્રિટિશ લશ્કર સિવાય હિંદ પોતાનું રક્ષણ કરી શકે તેમ નથી

૧૦–હિંદુસ્થાનને પોતાનો ભવિષ્યનો સુધારો નક્કી કરવાનો હક્ક નથી.

૧૧–હિંદ પોતાના આંતર રાષ્ટ્ર જીવનના હિત ઉપર કાબુ ધરાવતું નથી.

૧૨-૧૭૭૩ હિંદમાં કંપની સરકારના વખતમાં 'રેગ્યુલેટીંગ એક્ટ' ઘડાયો હતો, તેમાં અને આજના કાયદામાં કંઇજ ફરક પડયો જણાતો નથી.

૧૩-કરજમાં ડુબેલું અને પોક મૂકતું હિન્દુસ્તાન જુઓ!

હિન્દુસ્તાનમાં ૧ અબજ પાઉંડનું-એટલે લગભગ ૧૩ાા અબજ રૂપીઆનું પરદેશીઓનું લેણુ છે. એ થાપણ ઉપર સરાસરી ૬ ટકાના વ્યાજ મુજબ, હિદુસ્નાતને ૬ કરોડ પાઉન્ડ એટલે ૮૦ કરોડ રૂપીઆનું ભયંકર વ્યાજ દરસાલ ભરવું પડે છે. એ વ્યાજ ભરપાઇ કરવાની પણ હિન્દુસ્તાનની પૂરી શકિત નથી. એથી હિન્દ ઉપર કરજનો બોજો વધતો જાય છે. આ સિવાય, હિન્દની રૈયત ઉપર 'હોમ ચાર્જસ'નો વિલાયતની સરકાર તરફથી લેવાતા ખરચનો દર સાલ ૪ કરોડનો બોજો વધે છે. આ ખર્ચમાં 'લોનો'ના વ્યાજના ૧૭ કરોડ પણ આવી જાય છે. એ વ્યાજ અગાઉ એક વખત ગણેલું છે. એટલે કે સરકારની બીજી સવીંસને માટે હિન્દને રૂ ૨૩ કરોડ દર સાલ આપવા પડે છે. મતલબ કે હિન્દુસ્વાનની ગરીબ રૈયતના ૧ અબજ રૂપીઆ દર સાલ વ્યાજો અને સરકારના વિલાયતના ખર્ચો પગાર કરવા માટે ધસડાઇ જાય છે. હિન્દુસ્તાનની હાલત સુધારવાની વાતો કરવામાં આવે છે, પરન્તુ દહાડે દહાડે હિન્દ ખરાબ હાલતમાં મૂકાતું જાય છે. તેમાં વચલા વર્ગમાં બેકારી વધતી જાય છે. જ્યારે ગરીબ વર્ગ એટલી કંગાલીયતમાં રહે છે, કે તેના

જીવનનું ધોરણ એથી વધુ નિચે લઇ જવું અશક્ય છે! હિન્દની ખેતીની પેદાશ પણ એટલી બધી ઓછી છે, કે છેલ્લા ચાર વર્ષથી પરદેશોથી હિંદમાં મોટા જથ્થામાં ઘઉં અને ચોખા આયાત થાય છે. 'હોમ ચાર્જીસ' ૨૦ કરોડમાંથી ૪૦ કરોડ થયા. લશ્કરી ખર્ચ વધ્યું તેમાં ક્યાં કાપ મૂકાય છે? ૧૯૦૦ ની સાલ પછીનાં પાંચ વર્ષ સરેરાશ મુજબ હિન્દના વેપારનું પાસુ આશરે ૩૨ કરોડ રૂપીઆ જેટલું હિન્દુસ્તાનની તરફેણમાં હતું. જ્યારે ૧૯૨૩ થી ૨૮ સુધીના પાંચ વર્ષોનું વેપારી પાસુ સરેરાશ ૬૭ કરોડ રૂપીઆ જેટલું હિન્દની તરફેણમાં હતું, છતાં સરકારને પોતાના ખર્ચો અને વ્યાજનાં નાણાં વિલાયત મોકલવાને મુશ્કેલી નડે છે.

આથી હિંદ હવે ધીરજ રાખી રાખીને થાક્યું છે અને ઇચ્છે છે કે:—

૧ સ્વતંત્ર રાજશાસન અને ધારાબંધારણ પોતાનેજ મળે

૨ હિંદનું ભવિષ્ય હિંદીઓજ ઘડે

૩ દુનિઆની બીજી સ્વતંત્ર પ્રજાના જેવો સમાન દરજ્જો મળે.

૪ બ્રિટિશ ક્રાઉન એટલે શહેનશાહ સમ્રાટ હાલ છે, તેમ ભવિષ્યમાં પણ કાયમ રહે.

(૫) બ્રિટિશ પાર્લામેન્ટ તેની હિંદ ઉપરની સર્વોપરી રાજસત્તા સમસ્ત હિંદુસ્થાન એટલે બ્રિટિશ હિંદ અને દેશી રાજ્યની હિંદી ધારાસભા અને પાર્લામેન્ટને સંપૂર્ણ રીતે સુપ્રત કરી આપે.

(૬) બ્રિટન અને હિંદનો રાજકીય, આર્થીક અને લશ્કરી બાબતોમાં આમનઆમન સંબંધ, એક હિંદી બ્રિટિશ કોવનેન્ટ અથવા કરારનામાથી નિશ્ચિત થાય.

ઊપરના ધ્યેયને પહોંચવા માટે

૧ હિંદી રાજસભાને બ્રિટિશ પાર્લામેન્ટ સાથે જોડવી

૨ હિંદના ધારાધોરણની રાજવહીવટી અને આર્થિક બાબતમાં સેક્રેટરી ઓફ સ્ટેટે કાંઇપણ દખલ કરવી નહિ જેથી હિંદ પોતાની આંતર રાષ્ટ્રીય બાબતમાં પૂરેપૂરૂં જવાબદાર રાજ્યબંધારણ કરી શકે.

૩ હિંદને સંપૂર્ણ આર્થિક સ્વતંત્રતા આપવી.

૪ હિંદના લશ્કરમાં નૌકાસૈન્યમાં અર્ધોઅર્ધ અમલદારો હિંદીઓ હોવાજ જોઇએ.

૫ હિંદી રાજવહીવટની નોકરી હિંદીઓથી બનેલી હોવી જોઇએ.

૬ પ્રાંતોની પૂરેપૂરી સત્તા મળવી જોઇએ.

૭ કેળવણી અને કળાકૌશલ્યની તાલીમ આપવી.

૮ સરકારના નાના નોકરીયાત વર્ગોને લોકોપયોગી તાલીમ આપવી.

૯ તમામ ન્યાયખાતું કેવળ સ્વતંત્ર કરી નાખવું.

૧૦ હિંદનું છેવટનું રાજ્ય બંધારણ ફક્ત હિંદીઓજ (એટલે સમસ્ત હિંદ, બ્રિટિશ હિંદ અને દેશી પ્રતિનિધિઓ) પોતેજ નિશ્ચિત કરે.

૧૧. હિંદનુ રાજ્ય બંધારણ હંમેશાં સાર્વજનિક અને સર્વ રાજ્યોના પ્રતિનિધિત્વરૂપ હોવું જોઇએ અને વહીવટી સત્તા લોકમુખને અનુસરે.

જો આ સિદ્ધાંતોને અનુસરશે તો માત્ર બ્રીટન અને હિંદનેજ નહિ, પણ સમસ્ત આલમની ભવિષ્યમાં શાંતિ સચવાશે.

આ બાબતમાં મુખ્ય વિચાર બ્રિટનેજ કરી લેવાનો છે, કે તેણે લોખંડી મુક્કો બતાવવો, તલવાર ખખડાવવી કે સાચા મિત્રભાવે વર્તવું ? પણ તેમ કરતાં તેમણે પોતાનો જુનો અનુભવ યાદ કરવાની ખાસ જરૂર છે કે લડાબાજીથી કદિ જય મેળવી શકાયો નથી.

કેનેડા અને ઓસ્ટ્રેલીયાએ શાંતિથી અને સ્નેહભાવે મિત્રતાથી સ્વતંત્રતા મેળવી છે. જ્યારે સાઉથ આફ્રિકા, અમેરિકા અને આયરલાંડે તલવારથી સ્વાતંત્રતા મેળવી, બ્રિટનનો લોખંડી મુક્કો બુઠ્ઠો કરી બતાવી આપ્યો છે.

હિંદુસ્થાન પાસે પ્રોત્સાહનને માટે છેલ્લોજ દાખલો આયર્લાંડનો મોજુદ છે.

છેવટે બ્રિટને જાણવું જોઇએ, કે હિંદ પોતાનો જન્માસિદ્ધ વારસો ને હક્ક મેળવવા માગે છે. તેમાં હિંદને બ્રિટન પ્રત્યે જરાપણ દ્વેષભાવ નથી કે બ્રિટનને નુકસાન કરવાની પણ જરાએ ઇચ્છા નથી. તે તો પોતાનું છે તે લેવાજ માગે છે, એમ વ્યવસ્થિત અને કાયદેસર સ્થપાએલી હિંદી નેશનલ કોંગ્રેસ—હિંદી પ્રજાકીય મહાસભા—કહે છે. અને તે માટે પ્રયત્નમાં નિઃશસ્ત્ર અહિંસક ધર્મયુદ્ધ આરંભ્યું છે. અંગ્રેજોએ અને ઇંગ્લંડે પોતાનું મેળવવા શું શું કર્યું હતું ?

કાયદાના સવિનયભંગની ચળવળ હિંદુસ્થાને કંઇ નવી ઉપાડી નથી. જગતનો ઇતિહાસ આવી લડાઇના દ્રષ્ટાંતોથી ઊભરાઇ રહ્યો છે. છતાં હિંદની આ લડાઇમાં એક નવિનતા તો છે જ કેઃ—

પૃથ્વીની ઉત્પત્તિથી આજ સુધી અહિંસક યુદ્ધ જો કોઇએ પણ

માંડયું હોય તો તે હિંદે જ ! અને એ નિઃશસ્ત્ર અહિંસક યુદ્ધની બાબતમાં એ પ્રથમ જ છે.

હિંસક યુધ્ધો માટે જગતનો ઈતિહાસ જોવાનો પડતો મૂકી ઇંગ્લાંડનોજ ઈતિહાસ જુઓ.

(૧) ખુદ ઇંગ્લાંડના રાજા ચાર્લ્સના વખતમાં 'હેમડને' વહાણ ઉપરનો અન્યાયી કર નહિ ભરવાની ચળવળ ઊપાડી હતી.

(૨) ઇંગ્લંડની પ્રજાએ રાજા જોન પાસે પ્રજાના હક્કનો જે દસ્તાવેજ કરાવી લીધો હતો, તેમાં પણ એજ ભાવના હતી.

(૩) ટયુડર અને સ્ટુઅર્ટ રાજાઓના વખતમાં રાજાના દૈવી હક સામે જે લડત ચલાવવામાં આવી હતી, તેમાં પણ એજ સિદ્ધાંત સમાયો હતો.

(૪) અંગ્રેજોના પૂર્વજોએ સ્વતંત્રતાને ખાતર કરભંગ અને કાયદાભંગની ચળવળદ્વારા બ્રિટનની હાલની સ્વતંત્રતા મેળવવામાં ફાળો આપ્યો હતો.

મહાસભાના પરમપ્રસિદ્ધ મળો અને તેનું સિંહાસન શોભાવનાર દેશોદ્ધારકોની મુબારક નામાવલિ.

અનુક્રમ નંબર	ઇ. સ.	માસ.	મહાસભા મળી તે ગામનું નામ.	અધ્યક્ષનું નામ
૧	૧૮૮૫	ડિસેમ્બરની આખરે.	કલકત્તા	બાબુ ડબલ્યુ. સી. બોનરજી.
૨	૧૮૮૬	,,	કલકત્તા	ડો. દાદાભાઇ નવરોજજી
૩	૧૮૮૭	ડિસેમ્બરમાં	મદ્રાસ	રા. બદરૂદીન તૈયબજી
૪	૧૮૮૮	,,	અલ્લાહાબાદ	મી. જ્યોર્જ યુલ.
૫	૧૮૮૯	,,	મુંબઇ	સર. વીલીયમ વેડરબર્ન
૬	૧૮૯૦	,,	કલકત્તા	સર ફીરોજશા મહેતા
૭	૧૮૯૧	,,	નાગપૂર	ઓ. મી. પી. આનંદાચાર્લુ.
૮	૧૮૯૨	,,	અલાહાબાદ	મી. ડબલ્યુ સી. બોનરજી (ફરીથી)
૯	૧૮૯૩	,,	લાહોર	ડો. દાદાભાઇ નવરોજજી (ફરીથી)
૧૦	૧૮૯૪	,,	મદ્રાસ	મી. આલફ્રેડ વેબ
૧૧	૧૮૯૫	,,	પુના	મી. સુરેંદ્રનાથ બેનરજી

અનુક્રમ નંબર	ઇ. સ.	માસ.	મહાસભા મળી તે ગામનું નામ	અધ્યક્ષનું નામ
૧૨	૧૮૯૬	,,	કલકત્તા	મી. રહીમતુલા મહમદ સયાની
૧૩	૧૮૯૭	,,	અમરાવતી (વરાડ)	સર. સી. શંકરન્ નાયર
૧૪	૧૮૯૮	,,	મદ્રાસ	મી. એ એમ. બોઝ
૧૫	૧૮૯૯	,,	લખનૌ	મી. રમેશચંદ્ર દત્ત
૧૬	૧૯૦૦	,,	લાહોર	સર નારાયણ ગણેશ ચંદાવરકર
૧૭	૧૯૦૧	,,	કલકત્તા	ઑા સર. દીનશા એદલજી વાચ્છા
૧૮	૧૯૦૨	,,	અમદાવાદ	બાબુ સુરેન્દ્રનાથ બેનરજી
૧૯	૧૯૦૩	,,		બાબુ લાલમોહન ઘોષ
૨૦	૧૯૦૪	,,	મુંબઇ	સર હેનરી કૉટન
૨૧	૧૯૦૫	,,	કાશી	ઑા. જી. કે. ગોખલે
૨૨	૧૯૦૬	,,	કલકત્તા	ડો. દાદાભાઇ
૨૩	૧૯૦૭	,,	સુરત	ડો. રાસબિહારી ઘોષ
	૧૯૦૮	,,	મદ્રાસ	,,
૨૪	૧૯૦૯	,,	લાહોર	પંડિત માલવીયાજી
૨૫	૧૯૧૦	,,	અલાહાબાદ	સર. વિલીયમ વેડરબર્ન

અનુક્રમ નંબર	ઇ. સ.	માસ.	મહાસભા મળી તે ગામનું નામ	અધ્યક્ષનું નામ
૨૬	૧૯૧૧	ડિસેમ્બરમાં	કલકત્તા ગયા.	પંડિત બિશન નારાયણ ધાર.
૨૭	૧૯૧૨	ડિસે	બાંકીપુર	મી. આર. એન મુધોલકર
૨૮	૧૯૧૩	ડિસેમ્બરમાં	કરાંચી (સિંધ)	નવાબ સૈયદ મહંમદ બહાદૂર
૨૯	૧૯૧૪	નવેમ્બરની ૨૮ થી ૩૦	મદ્રાસ	બાબુ ભુપેન્દ્ર બસુ
૩૦	૧૯૧૫	ડિસેમ્બરમાં	મુંબઇ	બાબુ સત્યેન્દ્ર પ્રસન્નસિંહ (લોર્ડસિંહા)
૩૧	૧૯૧૬	,,	લખનૌ	બાબુ અંબીકાચરણ મુઝુમદાર.
૩૨	૧૯૧૭	,,	કલકત્તા	ડો. એનીબીસેંટ
ખાસ કોંગ્રેસ	૧૯૧૮	૨૯ થી ૩૧ ઑગસ્ટ અને ૧ લી સપ્ટેમ્બર	મુંબઇ	સૈયદ હસન ઇમામ
૩૩	૧૯૧૮	,,	દિલ્હી	પંડિત માલવીયાજી
૩૪	૧૯૧૯	ડિસેમ્બરમાં	અમૃતસર	પંડિત મોતીલાલ નહેરૂ
ખાસ કોંગ્રેસ	૧૯૨૦	૪–૯–૨૦	કલકત્તા	લાલાલજપતરાય
૩૫	૧૯૨૧	૨૬–૧૨–૨૦	નાગપુર	વિજય રાઘવાચાર્યજી

અનુક્રમ નંબર	ઈ. સ.	માસ.	મહાસભા મળી તે ગામનું નામ	અધ્યક્ષનું નામ
૩૬	૧૯૨૧	ડિસેમ્બરમાં	અમદાવાદ	હકીમ અજમલખાન
૩૭	૧૯૨૨	„	ગયા	દેશબંધુ દાસ
૩૮	૧૯૨૩	„	કોકોનાડા	મૌ. મહમદઅલી
૩૯	૧૯૨૪	„	બેલગામ	મહાત્મા ગાંધીજી
૪૦	૧૯૨૫	„	કાનપુર	શ્રીમતી દેવી સરોજની નાઇડુ
૪૧	૧૯૨૬	„	ગૌહતી	શ્રીનિવાસ આયંગર
૪૨	૧૯૨૭	„	મદ્રાસ	ડૉ. અનસારી
૪૩	૧૯૨૮	„	કલકત્તા	પંડિત મોતીલાલ નહેરૂ
૪૪	૧૯૨૯	„	લાહોર	પંડિત જવાહરલાલ નહેરૂ

મહાસભાના પ્રમુખ મહોદયનું અપૂર્વ સન્માન

વ્યવસ્થિત અને કાયદેસર સ્થપાએલી કોંગ્રેસ–મહાસભા–પ્રત્યે હિંદીઓને અમાપ લાગણી છે. અને તેના અધ્યક્ષને પોતાના પ્રાણુથીએ અધીક પ્યારા ગણે છે. સાચા રાજા મહારાજા પ્રત્યે પ્રજાની જે ખરી લાગણી અને ભક્તિ હોવી જોઇએ, તેથી પણ અધીક લાગણીથી કોંગ્રેસના અધ્યક્ષને હિંદી પ્રજા સત્કારે છે. તેનો એકજ દાંખલો નીચે ટાંકયો છે. તે પરથી હિંદીઓનો કેટલો ભાવ અને કેટલો બધો પ્રેમ અધ્યક્ષ પ્રત્યે તથા કોંગ્રેસ પ્રત્યે છે, તે જણાઇ આવે છે.

અને ૧૯૨૮માં પંડિત મોતીલાલજી નહેરૂ કલકત્તામાં કોંગ્રેસના અધ્યક્ષ તરીકે જ્યારે ગયા, ત્યારે તેમને એક ચાંદીના રથમાં બેસાડયા. અને તે રથને તદ્દન શ્વેત દૂધ જેવાં ૩૪ અશ્વો જોડયા હતા. વળી તેમના આગમન સમયે ૧૭ની તોપના ધડાકાનું માન આપ્યું. હજારો સ્વયંવસેવકો લશ્કરી પોશાકમાં હાજર થયા, તથા સ્ત્રીસ્વયંસેવિકાઓ પણ લશ્કરમાં ભળી હતી. આવું અપૂર્વમાન, કોંગ્રેસના ૪૩ વર્ષમાંના સમયમાં જો કોઇને મળ્યું હોય, તો તે પ્રથમ મોતીલાલ નહેરૂજીનેજ મળ્યું છે. તે કોંગ્રેસમાં નહેરૂ કમિટિનો ઠરાવ પાસ થયો અને સાઇમન કમિશન તથા લોર્ડ બર્કનહેડને ખાત્રી કરી આપી કે હિંદીઓ સર્વ એકજ છે.

મહાસભા એ રાજદ્વારી બાબતોની ચર્ચા કરવાનું મંડળ છે. પરંતુ રાજ્ય અને સમાજને ઘણો નીકટ સંબંધ છે. અનેક ઘરો હોય તો ગામ બને અને ગામ બન્યા પછીજ ત્યાં રાજ્ય સ્થપાય. આ ઉદ્દેશ ધ્યાનમાં લઇને સંસાર સુધારકોએ થોડાક વર્ષોથી સંસાર સુધારા પરિષદો પણ, મહાસભાની સાથેજ અને એજ સ્થળે ભરવા માંડી. ધીમે ધીમે એ વૃક્ષ પણ વિવિધ પ્રકારે અનેકવિધ કૃતિમાં અકથ્ય રીતે કેટલું બધું વિસ્તૃત થયું છે, જે ૧૯૨૯ ની લાહોર મહાસભાનો કાર્યક્રમ લેવાથી તે વેળાએ કેટલી કેટલી જાતની પરિષદો મહાસભાની સાથેજ ભરાઇ હતી, તેની સહેજ ઝાંખી થશે.

સને ૧૯૨૯ ની લાહોર મહાસભાનો સાપ્તાહિક કાર્યક્રમ

સોમવાર તા. ૨૩ ડીસેમ્બરઃ સર. પી. સી. રાયનું ભાષણ. સ્વદેશી પ્રદર્શન પ્રસંગે. મંગળવાર તા. ૨૪ ગાંધીજીની પધરામણી. હિન્દુ સંમેલનના અધ્યક્ષ શ્રી. કેલકરનું આગમન. સર્વન્ટસ્ ઓફ પીપલ્સ સોસાયટીનો ઉત્સવ. ધર્મ પરિષદના સભાપતિ શ્રી. રામાનંદ ચેટરજીનું આગમન.બુધવાર તા. ૨૫ કોન્ગ્રેસના પ્રમુખની પધરામણી, હિન્દુ સંમેલન, વ્યાયામશાળા, સંસાર સુધારા સંમેલનની વિષય વિચારણી સભાની બેઠક. દયાલસિંગ કૉલેજમાં, સંસાર સુધારા પરિષદના અધ્યક્ષ શ્રી. હરવિલાસ સારદાની પધરામણી. ગુરુવાર તા. ૨૬ ધર્મપરિષદ. હિન્દુ પરિષદ. ભાટિયા પરિષદ. કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક, સંસાર સુધારા પરિષદ. નવજુવાન સભા સંમેલન, પુસ્તકાલય પરિષદ, રાષ્ટ્રભાષા પરિષદ, અન્ત્યજ પરિષદ, શિક્ષક સંમેલન, પુસ્તકાલય પ્રદર્શન બપોરે ૧ વાગે, શુક્રવાર તા. ૨૭ પંજાબ શિક્ષક સંમેલન, ધર્મ પરિષદ, ચિકિત્સક સંમેલન. (ટાઉનહોલ) હિન્દુ પરિષદ (વ્યાયામશાળા) ભાટીઆ પરિષદ (આરોરબેન્સ હોલ) કોન્ગ્રેસ વિષય વિચારિણી સમિતિ. સંસાર સુધારા પરિષદ, રાજબંદી પરિષદ, સંસ્થાન પ્રજા પરિષદ, હિન્દુસ્થાની સેવાદલ સંમેલન, નવજુવાન સભા સંમેલન. પુસ્તકાલય પરિષદ, કીર્તિ કિસાન પરિષદ, શનિવાર તા. ૨૮ ધર્મ પરિષદ, ચિકિ-

નાયક સંમેલન, (ટાઉનહોલ) હિન્દુ દંગલ (વ્યાયામશાળા) મેદાન ખીલાફત સમિતિની સભા, કોંગ્રેસ વિષયવિચારિણી સભા, મધ-પાન નિષેધક પરિષદ, સંસાર સુધારા પરિષદ સંસ્થાન પ્રજા પરિ-ષદ, છાત્ર સંમેલન કીર્તિ કીસાન પરિષદ. રાજબંધી પરિષદ જાતપાત તોડક સંમેલન, રવિવાર તા. ૨૯—ધર્મ પરિષદ, હિન્દી રાષ્ટ્રીય મહાસભા, અકાલી સંમેલન, સંસ્થાન પ્રજા પરિષદ, મહા-વીર દલ સંમેલન, ગૌરક્ષા સંમેલન, અંત્યજ પરિષદ. સોમવાર તા. ૩૦ ધર્મ સંમેલન, લજપતરાય નગર. ૧ વાગે. કોંગ્રેસ વિષય વિચારીણી સભા, હિન્દી ખ્રીસ્તી પરીષદ મંગળવાર તા. ૩૧ હિન્દી રાષ્ટ્રીય મહાસભા, હિન્દી ખ્રીસ્તી પરીષદ જાન્યુઆરી તા. ૧૯૩૦—રાષ્ટ્રીય મહાસભા, ખીલાફત સંમેલન.

સબરસ સંગ્રામનું દેવદાનવ યુદ્ધ.

સાગરને તીરે રૂડા સબરસ સંગ્રામ, રૂડા સબરસ સંગ્રામ
હાં........મોરચા મંડાયા ધર્મ યુધ્ધના—૧
દાનવને દેવતણાં યુધ્ધ ઠામ ઠામ, રૂડાં યુધ્ધ ઠામ ઠામ
હાં........મોરચા મંડાયા ધર્મ યુધ્ધના—૨
તલવાર તોપ લાઠી ધારી, દૈત્યો સંહારતા
સામનો કરે છે સત્ય વીર ધીર ધારતા
રાવણની સામે લડે રઘુવીર શ્રીરામ, જાણે રઘુવીર શ્રીરામ
હાં........મોરચા મંડાયા ધર્મ યુધ્ધના—૩

સાખી

મોહન મીઠા નામથી, ઉલટે માનવ જંગ
અહિંસા કેરા મંત્રથી, પલટે હૃદયના જંગ
કેસરીયા આજ કરે, દેશની દેવાંગના
હંફાવતી અસુરને, રણ જંગમાં વીરાંગના
વીર હાકથી ગજાવે મૈયા ભારતીના ધામ, મૈયા ભારતીના ધામ
હાં........મોરચા મંડાયા ધર્મ યુધ્ધના.

દાંડીના દરિયા કાંઠે મહાત્માજીએ સ્વરાજ્યની પીટેલી દાંડી

ગુજરાતમાં જ્યાં જુઓ ત્યાં મીઠું બનાવવાનો તથા વેચવાનો સત્યાગ્રહ.

અમદાવાદ, તા૦ ૪ થી એપ્રીલ.

સપ્તાહના આરંભના તા૦ ૬ ઠી એપ્રીલના રાષ્ટ્રીય શુભ દિવસે નીચે જણાવેલા મથકોએ મીઠા સત્યાગ્રહનો આરંભ કરવામાં આવ્યો હતો.

જીલ્લા	મથક	તપસીલ
અમદાવાદ	ધોલેરા	શ્રી. અમૃતલાલ શેઠની આગેવાની હેઠળ સત્યાગ્રહ સપ્તાહ દરમ્યાન દરરોજ મીઠાનો સત્યાગ્રહ કરવા એક એક ટુકડી જવાની હતી.
અમદાવાદ.	વીરમગામ.	શ્રી. મણિલાલ કોઠારીની આગેવાનીની ટુકડી. વીરમગામમાં કાયદાભંગ.
અમદાવાદ.	અમદાવાદ શહેર.	ગુજરાત પ્રાંતિક સમીતિના આશ્રા

	હેઠળ મીઠાવેરાનો ભંગ કરવામાં આવ્યો હતો.
ખેડા. બાદલપુર, (મહી નદી ઉપરનું), તાલુકે બોરસદ.	દરબાર શ્રી. ગોપાળદાસ દેસાઈની આગેવાની હેઠળ રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન મીઠું બનાવવા માટે દરરોજ ટુકડીઓ જવાની હતી.
ખેડા. લસુંદ્રા, તાલુકે કપડવંજ.	શ્રી. રવિશંકર વ્યાસની આગેવાની નીચે મીઠું બનાવવા સારૂં ટુકડી જતી.
ભરૂચ. વેચડનું બારૂં, તાલુકે જંબુસર.	ડૉ૦ ચંદુલાલની આગેવાની નીચે મીઠું બનાવવા સારૂં સ્વયંસેવકોની ટુકડી જતી.
ભરૂચ. ડોલીઆ ખાડી, તાલુકે જંબુસર.	ભરૂચ જીલ્લા સમીતિ તરફથી મીઠું બનાવવા સદરહુ સ્વયંસેવકોની ટુકડી મોકલવામાં આવતી.
ભરૂચ. દેહવાનું બારૂં,	,, ,,
ભરૂચ. બંટખાડી (હાસોટ મહાલ)	શ્રી. છોટાલાલ ગાંધીની આગેવાની હેઠળ મીઠું બનાવવા માટે સ્વયંસેવકોની ટુકડી મોકલવામાં આવતી.
સુરત. દાંડી.	ગાંધીજીની સેના મીઠું બનાવતી હતી. એજ કિનારા ઉપર કરાડી મટવાડ અને ચાંદ મુકામે મીઠું બનાવવા માટે

બારડોલી અને જલાલપુર તાલુકાના લગભગ ૨૫૦ સ્વયંસેવકો એકસામટા ઉતરી પડયા હતા.

સુરત. ભીમરાડ, સુરતથી ચાર માઇલ પર આવેલું છે. — શ્રી. રામદાસ ગાંધી અને શ્રી. કેશવભાઇ ગણેશજીની આગેવાની નીચે મીઠું બનાવવા સારૂં રોજ એક એક ટુકડી સુરતથી કુચ કરતી.

પ્રાર્થના અને સત્યાગ્રહ

દાંડી (જલાલપુર), ૬ ઠી એપ્રીલ.

અહિં લોકો ઘણી મોટી સંખ્યામાં નજદીકના અને દુરનાં ગામોમાંથી આવી પૂગેલા હોવાથી, સવારે ઘણો ઉત્સાહ ફેલાઇ રહ્યો હતો.

મહાત્માજીએ લોકોના મોટા સમુહ વચ્ચે સવારે ચાર વાગે પ્રાર્થના કરી હતી.

સમુદ્રસ્નાન કર્યા પછી તેમણે ધોતીઉં પહેરવાને બદલે લંગોટ વાળી પોતાને ઉતારે પાછા ફર્યા હતા.

તેમણે તે પછી પોતાના સ્વયંસેવકો સાથે 'મહાત્માજીકી જય, વંદેમાતરમ્' 'પૂર્ણ સ્વરાજ્યકી જય'ના મોટા ઘોષ વચ્ચે નજદીકના ખાડામાંથી મીઠું ઉંચક્યું હતું.

સત્યાગ્રહીઓ ઉપરાંત મહાત્માજી જોડે જે બીજાઓ પણ હતા, તેમણે પણ તે ખાડામાંથી મીઠું લીધું હતું.

છાપાના પ્રતિનીધિઓ અને ફોટોગ્રાફરો પણ સવારે મોટી સંખ્યામાં નજરે પડતા હતા.

મહાત્માજીની આજ્ઞા.

સવારના પ્રાર્થના વખતે મહાત્માજીએ જણાવ્યું હતું કે **અહિંસા અને સત્યમાં જેઓ માનતા હોય, તેમણે આ હીલચાલમાં જોડાવું અને જ્યાં સુધી મીઠાનો કાયદો નાબુદ થાય નહિ ત્યાં સુધી તેમણે પાછાં પગલાં કરવાનાં નથી.**

છેલ્લે તેમણે જણાવ્યું હતું કે જો હું પકડાઇશ તો મારા પછી ભાઇ અબ્બાસ તૈયબજી અને તેઓ પણ પકડાતાં, બ્હેન સરોજીની નાયડુ આ હીલચાલની આગેવાની લેશે. હું માનું છું કે સરકાર અમને પકડવાની હિંમત કરશે નહિ.

મીઠાને લગતો કાયદો તોડવાની ક્રિયાનો આ પહેલો દિવસ હતો. ક્રિયા બહુજ ગંભીરપણે કરવામાં આવી હતી. સઘળા સત્યાગ્રહીઓ આજે પાછલી રાત્રે ત્રણ કલાકે ઉઠયા હતા અને ચાર વાગતે પ્રાર્થના કરી હતી.

પ્રાર્થના પૂરી થઇ રહી કે મહાત્માજીએ આજનો પ્રોગ્રામ સત્યાગ્રહીઓને સમજાવ્યો હતો.

સૌથી પહેલાં તેઓએ અહિંસા ઉપર સૌથી ભારે વજન મૂકયું હતું. તેઓએ જણાવ્યું હતું કે અહિંસા ઉપર તમને સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ, અને ગમે તેવા સંજોગો ઉભા થાય, તો પણ અહિંસાત્મક રહેવાના નિશ્ચયને

તમારે વળગી રહેવુંજ જોઇશે. તેમજ વિચાર, વાણી અને કર્મ એ ત્રણેમાં તમોએ સ્વચ્છ રહેવું જોઇશે. સત્યાગ્રહીઓએ રોજ કેવો ખોરાક ખાવો તે વિષે તેઓએ સૂચના આપી હતી અને જલીયાનવાળા બાગની યાદનાં અઠવાડીયાંનો આ પહેલો દિવસ હોવાથી આજે બપોરે એકજ વખત ભોજન લેવા અને બાકીનો અર્ધો દિવસ અપવાસ કરવાના હુકમો આપ્યા હતા.

સૈનિકોનો ખોરાક

આહારના સંબંધમાં બોલતાં મહાત્માજીએ જણાવ્યું કે ખારેક, ચણા અને મમરા સિવાય બીજો ખોરાક મલશે નહિ પરંતુ જ્યાં સૂધી મળી શકે ત્યાં સુધી દૂધ અને લીંબુનો રસ લેવાની છુટ રહેશે.

એક ભવ્ય દેખાવ

સવારે પોણા ૭ વાગતે મહાત્માજી અને તેમના સૈનિકો દરિઆમાં સ્નાન કરવા ગયા હતા તે વેળાનો દેખાવ ખરેજ ભવ્ય હતો! ખાદીના પોષાક સાથેજ સેંકડો આસામીઓ દરિઆમાં નહાવા ઉતર્યાં હતા. સૈનિકો ઉપરાંત આશરે એક હજાર વીઝીટરો હતા, જેઓમાં કેટલીક બ્હેનો પણ હતી. મી. અબ્બાસ તૈયબજી પોતાનાં કુટુંબ સાથ તેમજ મીસીસ સરોજીની નાયડુ અને સુરત જીલ્લાના કોંગ્રેસમેનો હાજર હતા.

સ્નાન કીધા પછી મહાત્માજી અને સૈનિકો જ્યાં મીઠું કુદરતી રીતે પકાય છે તે જગ્યા તરફ ગયા હતા. આ જગ્યા ઉપર પાકેલાં

મીઠાનો જથ્થો બહુ નાનો હતો. મહાત્માજી બહુ ખુશ હતા અને સૈનિકોને પણ ટહુકાટુચકાથી હસ્તાજ રાખતા હતા.

ફોટોગ્રાફરોની હરિફાઈ

જે પળે ગાંધીજીએ મીઠાનો કાયદો તોડયો, તે વખતનો આબેહુબ ફોટોગ્રાફ લેવા માટે ફોટોગ્રાફરોએ બહુજ હરિફાઈ કરી હતી. સહવારે સાડાછ વાગતે પસંદ કરેલી જગ્યા ઉપરથી મહાત્માજીએ મીઠું ઉંચકી લીધું હતું. તરતજ સત્યાગ્રહીઓએ મીઠું ઉપાડવા માંડયું અને જેટલું મીઠું સુર્યનારાયણે પકાવી રાખ્યું હતું, તેટલું તેઓએ ઉંચકી લીધું હતું અને સૈનિકો હોવા ન છતાં મીઠાંના કાયદાનો ભંગ કર્યો હતો. જે વખતે મહાત્માજીએ મીઠું ઉચક્યું, તે વેળા વંદે માતરમના પોકારો થઇ રહ્યા હતા.

આ પ્રમાણે મીઠાંનો જે સંગ્રહ ભેગો થયો તે છાવણીમાં લઇ જવામાં આવ્યો હતો.

આજનો દિવસ મીઠાંના કાયદાના ભંગના મુહુર્ત સમાન હતો.

આ પ્રમાણે કાયદો તોડયા પછી મહાત્માજી શાંતિથી પોતાના ઉતારા ઉપર આવ્યા અને જાણે કાંઇ પણ બન્યું ન હોય તેમ હંમેશ મુજબ પોતાના પત્રવહેવારનાં કામકાજ ઉપર મંડી ગયા હતા.

સ્વયંસેવકોને હવે જ્યાંથી પણ મળે, ત્યાંથી મીઠું જમા કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત સ્વયંસેવકો દરિયાનું પાણી લાવીને ગરમીથી મીઠું પકાવતા હતા.

મીઠું પકાવવા માટે છાવણીમાં સઘળો બંદોબસ્ત કરી રાખવામાં આવ્યો હતો.

છાવણીમાં પાછા ફરતાં મહાત્માજીને આવકાર

જે વીઝીટરો અહિં આવ્યા છે, તેઓનાં મનમાં એવી ચિંતા હતી કે મહાત્માજી કાયદાનો જેવો ભંગ કરશે, કે તેઓને પકડવામાં આવશે. પણ જ્યારે મહાત્માજી કાયદો તોડીને ફતેહમંદ સરદારની માફક છાવણીમાં પાછા ફર્યા, ત્યારે લોકોની ખુશાલીનો પાર રહ્યો નહોતો !

મહાત્માજીએ પોતાના ઉતારાનાં મકાનમાં આજે નીમકનો કાયદો તોડયા પછી છાપાના પ્રતિનીધિઓને પોતાની મુલાકાત આપી હતી.

મીઠાના કર સામે આ લડાઇ રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન એટલે કે તા. ૧૩ મી એપ્રીલ સુધી ચાલુ રાખવી. જેઓ આ પવિત્ર કામમાં મચ્યા ન રહે, તેમણે પરદેશી કાપડના બહિષ્કારના કે ખાદી વાપરવાના જોસભર્યા પ્રચારકાર્યમાં લાગી જવું. પ્રજાએ ખાદી બનાવવા પણ પોતાનું બનતું કરવું જોઇએ.

આના સંબંધમાં તથા દારૂનિષેધના સંબંધમાં હિંદની સ્ત્રીઓ જોગ સંદેશો તૈયાર કરૂં છું. સ્ત્રીઓના સંબંધમાં મારી વધુ અને વધુ ખાતરી થતી જાય છે, કે સ્વતંત્રતાની સિદ્ધિમાં પુરુષો કરતાં તેઓ મોટો ફાળો આપી શકે તેમ છે.

દાંડીમાં સભા

સવિનય ભંગની મહાન લડતના આ પ્રસંગે ગાંધીજીએ દાંડી ખાતે સાંજે મળેલી એક સભા સનમુખ ઘણું અગત્યનું

ભાષણ કર્યું હતું. પ્રેક્ષકોની અને નજદીકના ગામડાઓના માછીમારો-ની એક મોટી સંખ્યા ત્યાં હાજર હતી. ગામડાંની બ્હેનોએ સુમધુર સ્વરે રાષ્ટ્રીય ગીતો ગાઇ, હાજર રહેલાઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

ગાંધીજીએ આ પછી દારૂનિષેધનું પ્રચારકાર્ય ઉપાડી લેવાની તાકીદ જરૂર હોવા પર ભાર મેલ્યો હતો. તે કાર્ય ઉપાડી લેનારાઓને પણ હું કહીશ કે આ દાખલામાં પણ તમારે હિંસાનો ઉપયોગ ન કરવો. આ પણ અહિંસાથી થાય તેમ છે, તે વિષે મને કશો પણ શક નથી.

લોકોને ઉદ્દેશીને તે પછી તેમણે કોઇએ તાડી પણ ન પીવી તે વિષેનો ઉપદેશ આપ્યો હતો.

જલાલપુરના ગામડીઆઓને ઉદ્દેશતાં તેમણે ભાર મેલીને જણાવ્યું હતું કે તમારી વચ્ચે એવો એક પણ શખ્સ હોવો ન જોઇએ કે જે વિદેશી કાપડ પહેરતો હોય.

છેલ્લે તેમણે જણાવ્યું કે આપણે સત્ય અને અહિંસાનાં શસ્ત્રોથી લડવાનું છે અને મારી ખાત્રી છે કે આપણે જીતીશું.

શ્રી કલ્યાણજીભાઇએ બાદ જણાવ્યું હતું કે જુદા જુદા શખસો તરફથી ગાંધીજીને અનેક ભેટો મળી છે.

શ્રી. મણીલાલ કોઠારી અને સેનાની ગીરફતારી

વીરમગામથી ટેલીફોનના એક સંદેશામાં જણાવવામાં આવ્યું છે કે શ્રીયુત મણીલાલ કોઠારી અને ૫૫ વોલંટીઅરો દરેક ૫ રતલ જેટલું નીમક લઇને વીરમગામ ખાતે આવી પૂગ્યા હતા.

જોરાવરનગરથી ઉપડયા ત્યારે આખા શહેરે તેમનું સ્વાગત કરી તેમને રૂ. ૧૦૧ ની ભેટ કરી હતી.

પાંચ પાંચની ટુકડી શ્રી. મણિલાલ કોઠારીની આગેવાની હેઠળ વઢવાણથી વીરમગામ જવા ઉપડી હતી.

તેઓ પોતા સાથે નીમક લઇને નીકળ્યા હતા. રસ્તામાં લોકોએ રૂપાનાણું, નાળિએર, સાકર અને મીઠાંના પડીકાં ભેટ કર્યાં હતાં. સ્ટેશન ઉપર હજારો લોક ભેગું થયું હતું. વઢવાણથી ભારે માન વચ્ચે તેઓ ઉપડી ગયા હતા. તેઓ વીરમગામ જઇ પૂગ્યા. જ્યાં નીમક ખાતાંના અમલદારો તેઓને મળ્યા હતા. શ્રી. કોઠારીને વીરમગામમાં પકડવામાં આવ્યા હતા.

શ્રી. મણીલાલ કોઠારી જેલમાં

નીમકના કાયદાનો ભંગ કરવા માટે શ્રી. મણિલાલ કોઠારીને વીરમગામના મેજીસ્ટ્રેટ સનમુખ ઉભા કરવામાં આવ્યા હતા.

મેજીસ્ટ્રેટે તેઓને ૫૦૦ રૂ. ના દંડ અને નહિ ભરે તો ૬ અઠવાડીઆના સાદા કેદની સજા કરી હતી.

શ્રી કોઠારીએ દંડ ભરવાની ના પાડી હતી. તેઓને સાબરમતી જેલમાં લઇ જવામાં આવ્યા હતા.

શ્રી. રામદાસ ગાંધીની ધરપકડ

બારડોલી અને ચોર્યાસીના બત્રીસ સત્યાગ્રહીઓ મહાત્મા ગાંધીજીના પુત્ર શ્રી. રામદાસ ગાંધીની સરદારી હેઠળ મીઠાંના કાયદાનો સવિનય ભંગ કરવા બહાર પડયા હતા. સુરતથી આશરે આઠ માઇલ

દુર આવેલાં બીમરાડના કિનારા ઉપર તેઓએ કુદરતી રીતે પાકેલું મીઠું ઉપાડવા માંડયું હતું. અને તેઓએ આશરે ૩૫ મણ મીઠું ભેગું કર્યું હતું.

શ્રી રામદાસ ગાંધીએ તુરતજ ખાજદના પટેલ મી. બીખાજી રૂસ્તમજી ઉપર એક પત્ર લખી કહાડયો અને તેમણે જણાવ્યું કે ૩૨ સ્વયંસેવકોએ તેમના જીલ્લામાં મીઠું પકાવ્યું છે.

બપોરે અગીઆર વાગતે ખાનબહાદુર કોઠાવાલા અને ઇનસ્પેક્ટર રોશમબેગની આગેવાની હેઠળ એક પોલિસ ટુકડી પાંચ હથીયારબંધ કોન્સ્ટેબલો સાથે આવી પુગી. તેઓની સાથે પોલિસના ૭ માણસો હતાં. તેઓના હાથમાં માત્ર લાકડીઓજ હતી અને તેઓએ તુરતજ નીચલા આસામીઓને પકડયા—

૧ રામદાસ ગાંધી
૨ કેશવભાઇ ગણેશજી પટેલ
૩ ચીમનલાલ પટેલ અને
૪ ભીમભાઇ બંસી.

આ સઘળાઓને પોલિસ તુરતજ સુરત લઇ ગઇ હતી.

બાકીના સત્યાગ્રહીઓ જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ મીઠું પકાવતા હતા.

સવારે બારડોલી અને સુરતના ૩૦૦ વોલંટીયરો સ્થાનિક સ્વરાજ આશ્રમમાંથી બહાર પડીને બીમરાડ ગયા હતા અને ત્યાં નીમક ભેગું કર્યું હતું.

ભારત મુકિતયજ્ઞ અને બત્રિસ લક્ષણોની આહુતિઓ

આખરે લડતની શરૂઆત થઇ ચૂકી. મહાત્મા ગાંધીજીએ પોતાના સ્વયંસેવકો સાથે સવારે બરાબર ૬ વાગે દાંડીના પવિત્ર ધામમાં પ્રથમ સમુદ્ર સ્નાન કરીને દરિઆ કિનારે કુદરતે બનાવેલાં નીમકમાંથી કેટલુંક નીમક ભેગું કર્યું હતું.

આ પ્રમાણે મહાત્માજીએ નીમકવેરાના કાયદાનો ભંગ કરવાની શરૂઆત કર્યા પછી, એક સ્ટેટમેન્ટ બહાર પાડી જ્યાં પણ નીમક બનાવવાની સગવડ હોય, ત્યાં ત્યાં નીમક બનાવવાની અને તેમ કરવાની આમ પ્રજાને સૂચના આપવાની કાર્યવાહકોને સલાહ આપી હતી.

પ્રજાકીય લડતના આ મહાન યાદગાર પ્રસંગે મહારાષ્ટ્રે પણ પોતાની ઐતિહાસિક કીર્તિને અનુસરીને દેશસેવાના યજ્ઞ કુંડમાં પોતાનો ફાળો આપવાની પહેલ કરી હતી. મુંબઇના પરાંઓમાં જુહૂ ખાતે મહારાષ્ટ્રીય સત્યાગ્રહીઓએ નીમક બનાવીને સવિનય કાયદા-ભંગનો આરંભ કર્યો હતો.

દેશના જુદા જુદા ભાગોમાંથી ફરી વળેલા સંદેશાઓ ઉપરથી જણાય છે, કે નીમકવેરા સામેની લડત દાંડી કે જુહૂ ખાતેજ નહિ

પણ દેશમાં ઠેકાણે ઠેકાણે એકી વખતે શરૂ કરવામાં આવી હતી.

ગુજરાતના કાર્યવાહકોમાંથી મહાત્માજીના પુત્ર શ્રીયુત રામદાસ ગાંધી, શ્રીયુત મણિલાલ કોઠારી, દરબારશ્રી ગોપાળદાસ, રાસના આગેવાન શ્રી. આશાભાઈ પટેલ, શ્રી. ગોકળદાસ તલાટી અને બીજા કેટલાક નેતાઓને નીમકવેરાના કાયદાનો ભંગ કરવા માટે પોલિસે પકડયા છે. શ્રીયુત મણિલાલ કોઠારીને તરતજ મેજીસ્ટ્રેટ સમક્ષ ઉભા કરવામાં આવ્યા હતા અને તેમને ૭ અઠવાડિયાંની જેલની સજા થવાથી તેવણ સરદાર વલ્લભભાઈનો સાથ કરવા સાબરમતી જેલમાં પધાર્યા હતા.

નીમકવેરાના કાયદાનો સવિનય ભંગ કરી, ભેગો કરવામાં આવેલો નીમકનો જથો, જુદે જુદે ઠેકાણે પોલિસે જપ્ત કર્યો છે. બંગાળામાં નીમક ખાતાના નોકરો એટલા ઉશ્કેરાઈ ગયા હતા, કે તેઓએ પ્રથમ સત્યાગ્રહીઓ જે વાસણોમાં નીમક બનાવતા હતા તે વાસણોને લાત મારી ઉરાડી દીધાં અને તે પછી સત્યાગ્રહીઓએ બનાવેલું નીમક જપ્ત કર્યું હતું.

સવિનય કાયદા ભંગ કરવાના વાંકસર ધોલેરા ખાતે સોરાષ્ટ્રના સિંહ શ્રી. અમૃતલાલ શેઠને પણ પકડવામાં આવ્યા હતા. આ પ્રમાણે ગુજરાતમાં જુદે જુદે ઠેકાણે મળીને લગભગ ૬૦ કાર્યવાહકોની પોલિસે ધરપકડ કરી હતી.

પોલિસની વિનચી વલણના વખાણ

દાંડીની છાવણી, તા. ૬ ઠી એપ્રીલ.

મહાત્મા ગાંધીજીને સુરત ખાતેથી સંદેશો મળ્યો છે, કે તેમના

સ્વરાજ સંગ્રામની કૂચ કરતાં પહેલાં સાબરમતી આશ્રમને આંગણે



પ્રાર્થનામાં તલ્લીન થએલા **મહાત્માજી.** કે જેમણે ૩૩ કોટી જનતામાં જાગૃતિનો જ્વાળામૂખી પ્રગટાવ્યો છે, છતાં તેમની શાંતિ અખંડ અને અજોડ છે!



કુરૂક્ષેત્ર દાંડીની છાવણી

પુત્ર રામદાસ ગાંધી જેઓએ બારડોલીના સત્યાગ્રહીઓની એક ટુકડીની સરદારી લીધી હતી, તેમને તથા બીજા ચાર જણાઓને સુરતથી લગભગ ચાર માઇલ દૂર આવેલા ભીમરાડ ખાતે, ગેરકાયદેસરનું મીઠું વેચવાના આરોપસર પકડવામાં આવ્યા હતા. વળી એમ પણ જણાવવામાં આવે છે કે પકડવામાં આવેલા શખ્સોએ પોતાના બીછાનામાં જે મીઠું લીધું હતું તે આપી દેવાની ના પાડી હતી. તદન શાંતિથી અને ખુશાથી આ સત્યાગ્રહી સ્વયંસેવકો પોલિસની કસ્ટડીમાં ગયા હતા. આ ધરપકડોના સંબંધમાં પોતાના સાંજના ભાષણમાં મહાત્માજીએ ભીમરાડ તથા સુરત ખાતે પોલિસ અમલદારોએ જે વિનયી વલણ અખત્યાર કરી હતી, તેના વખાણ કરતા. તેમણે જણાવ્યું કે અહિંસાનું કાર્યસાધકપણું આ સરકારી અમલદારોએ લીધેલાં પગલાં ઉપરથી દેખાઇ આવે છે. તેઓએ સ્વયંસેવકોને પોલિસની ગમે તેવી વર્તણુંક હોય, તો પણ વિનયી અને અહિંસાત્મક રહેવાનો આગ્રહ કર્યો હતો.

કેમ્પ દાંડી

કસોટીનો સમય આવી પહોંચ્યો છે!

તા. ૭ મી એપ્રીલ

મહાત્મા ગાંધીજીની મુલાકાત લેતાં "સમાચાર" અને " ક્રોનીકલ " માટે નીચેનો ખાસ સંદેશ આપ્યો હતોઃ—

અત્યાર સુધી મળેલી માહિતી પરથી હું જોઇ શકું છું, કે ગુજરાતમાં સંગીન સામુદાયિક સત્યાગ્રહથી સરકાર પર અસર થઇ છે અને તેણે સરદારોની ધરપકડ કરતા વાર લગાડી નથી. પણ સરકારે બીજા પ્રાંતોના કાર્યવાહકો પર આવાજ પ્રકારનું ધ્યાન આપ્યુ હશે. આપણે માટે આ બાબત અભિનંદનીય છે. જો સરકારે સત્યાગ્રહીઓને તેમને રસ્તે છુટા મૂકયા હોત તો નવાઇજ લાગત. જો સરકારે સત્યાગ્રહીઓપર હાથ ચલાવ્યો હોત, કે વગર દીવાનીએ તેમની મીલકતો જપ્ત કરી હોત તો તે જંગલીજ કહેવાત. સત્યાગ્રહીઓને જેલની કસોટીએ ચઢવું રહ્યું. જ્યારે સત્યાગ્રહી એ કસોટીમાંથી પસાર થશે, ત્યારે તેનો ઉદ્દેશ બર આવશે. નેતાને પકડવામાં આવે, ત્યારે કોઇએ નબળાઇ બતાવવી નહિ. દરેકને પોતાનો નેતા અને અનુયાયી બનવાનો **સમય હવે આવ્યો છે. જો આ ધરપકડ પછી સરકારી કે સરકારી મદદ લેતી શાળા કોલેજોમાંથી વિદ્યાથીઓ પોતાનો અભ્યાસ છોડી બહાર પડશે નહિ તો મને ભારે દુઃખ થશે."**

ન્યુઝ એજંસીના પ્રતિનિધિઓએ સંદેશો માગતાં, ઉપરનો સંદેશો ગાંધીજીએ તેમને પણ પુરો પાડવાનું જણાવ્યું હતું.

ગાંધીજીએ ગુજરાત અને કાઠિઆવાડ માટે સંદેશા આપ્યા હતા.

ગુજરાત કાઠિઆવાડને મહાત્માજીનો સંદેશો

દાંડી છાવણી, તા. ૭ મી એપ્રીલ.

મહાત્માજીએ શ્રી પ્રેસના પ્રતિનીધિને કાઠિઆવાડને માટે નીચેનો સંદેશો આપ્યો હતો.

મેં જે સાંભળ્યું છે એ ઉપરથી એમ લાગે છે કે સરકાર કાઠીઆવાડને ખાસ માન આપવા ચાહે છે. શ્રી. મણિલાલ કોઠારી અને શ્રી. અમૃતલાલ શેઠને તેઓના સ્વયંસેવકો સાથે પકડવામાં આવ્યા છે. કાઠિઆવાડને માટે આ આવકારદાયક છે. શ્રી. કોઠારીનાં પત્નીનું તો હમણાંજ અવસાન થયું છે. આ દશા શ્રી. કોઠારીની ધરપકડને શૌર્યનો ઓપ આપે છે. પોતાના વ્હાલાંનાં મૃત્યુ વડે ઘવાએલો માણસ રણક્ષેત્ર પર ઝઝુમવા લાગે છે, ત્યારે તેનું શૌર્ય ઓર દીપે છે. કાઠિઆવાડ આ શૌર્ય આ ભાવના સમજી જશે, એવી મને આશા છે. કાઠિઆવાડ આ માણસો પાછળ સત્યાગ્રહમાં જોડાશે તો વિજય પાસે આવશે.

ગુજરાતને સંદેશો

ગુજરાતે અવધી કરી છે. જંબુસરમાં પંડિત મોતીલાલે બતાવેલી આશાઓ ફળતી જાય છે. **આત્મશુદ્ધિના અઠવાડિઆનો પહેલો દિવસ શુભ મુહુર્તે ઉગ્યો લાગે છે.** રાણપુરથી સુરત સુધીમાંથી સારા સમાચારો મળતા રહ્યા છે. મણિલાલ કોઠારી અને

અંમૃતલાલ શેઠ ઉપરાંત દરબાર શ્રી. ગોપાળદાસ અને રેવાશંકર તથા તલાટી વગેરે પણ પકડાઇ ચૂકયા છે. આ બધા માણુસોએ દેશની આબરૂ વધારી છે. હું આશા રાખું છું કે સ્વયંસેવકો મોટી સંખ્યામાં ઉભરાવા લાગશે. વિદ્યાર્થીઓ વકીલો અને સરકારી નોકરોની કસોટીનો કાળ આવી લાગ્યો છે. જ્યારે કસાયલા સૈનિકો ઉપડતા જાય છે ત્યારે બીજાઓ બેસી રહેશે ?

ગાંધીજીનો મૌનવાર

દાંડી, તા. ૭ મી એપ્રીલ

આજે સોમવારનો દિવસ મહાત્મા ગાંધીજીનો મૌનવાર હોવાથી, તેઓ સવારે મીઠું એકઠું કરવા ગયા નહોતા. ગાંધીજીના સ્વયંસેવકોએ રવિવારની પેઠે આજે પણ મીઠું એકઠું કરવા બહાર પડયા હતા. ૭ વાગે તેઓ સમુદ્રમાં સ્નાન કરીને નાની નાની ટુકડીઓ વહેંચાઇ જઇ જુદી જુદી જગ્યાએથી મીઠું એકઠું કરવા માંડયું હતું. તેમાંના કેટલાકે દરિઆનું પાણી લાવી ઉકાળીને મીઠું પકવ્યું હતું.

દરેક ઘરમાં મીઠું

જલાલપુર તાલુકાના દરેકે દરેક ઘરમાં થોડા શેર પ્રતિબંધક મીઠું પહોંચાડવામાં આવ્યું છે. પોલિસ દરેક જગ્યાએથી પ્રતિબંધક મીઠાનો નાશ કરે છે, પણ તેણે હજી ગાંધીજીની છાવણીના એક પણ સત્યાગ્રહી પર હાથ લગાડયો નથી. જલાલપોર જીલ્લામાં પોલિસને માટે પગલાં ભરવાનું અશકય થઇ પડયું છે. સ્વયંસેવકો અને બીન સ્વયંસેવકો વચ્ચેનો ભેદ અદ્રશ્ય થતો જાય છે. દરેકે દરેક સ્ત્રીપુરુષ મીઠા વેરાના કાયદાનો ભંગ કરવા બહાર પડયાં છે. દરેક ક્ષણે મામલો અસાધારણ કટોકટીનો બનતો જાય છે.

મહાત્મા ગાંધીજીએ આંટ ખાતે ફરકાવેલો વિજય વાવટો

આટની છાવણી તા૦ ૭ મી એપ્રીલ

બારડોલીના સત્યાગ્રહીઓની બહાદુરીના વખાણ

આંટ ગામડા ખાતે બે સત્યાગ્રહીઓની ધરપકડ થવાની તથા બીજાઓને ઇજા થવાની ખબર મળતાં મહાત્મા ગાંધીજી શ્રીયુત અબ્બાસ તૈયબજી તથા મીસીસ સરોજની નાયડુની સાથે તે જગાએ દોડી ગયા હતા. પોલિસ તેટલા વખત દરમ્યાન અદ્રશ્ય થઇ ગઇ હતી. બધા સત્યાગ્રહીઓ મહાત્માજીને મળવાને છાવણીમાં ભેગા થઇ ગયા. મહાત્માજીનો આજે મૌનવાર હોવાથી તેઓ કંઇ બોલ્યા નહોતા. પણ તેઓ બહાદુર સત્યાગ્રહીઓનો દેખાવ જોઇને ખુબ હસી પડ્યા હતા. કેટલીક સ્ત્રીઓ જેઓ સત્યાગ્રહી સ્વયંસેવકો તરીકે નોંધાયલી નહોતી તેઓને પણ મીઠું ભેગું કરતી જોઇને તેઓ ખુશ થયા હતા. તેમણે એક સત્યાગ્રહીનો વાંસો થાબડયો હતો, કેમકે તેને પોતાનું મીઠું પોતાના હાથમાં પકડી રાખવા માટે કેટલીક ઇજા ખમવી પડી હતી. મહાત્માજીએ એક કાગળ ઉપર ટુંકુ ભાષણ લખી

કહાડયું હતું, જે વોલંટીયરોના કેપટને વાંચી સંભળાવ્યું હતું. ગાંધીજીએ તેઓ સઘળાઓનો તેમણે બતાવેલી અહિંસા માટે આભાર માન્યો હતો. અને બાનુઓએ બતાવેલી હિંમત માટે પોતાનો ભારે સંતોષ જાહેર કર્યો હતો. તેમણે ગમે તેવા સંજોગોમાં પણ પોતાના નિશ્ચયને વળગી રહેવાને સઘળાઓને આગ્રહ કર્યો હતો. તેમણે પોલિસને બળજબરીના પગલાંઓ લેવાને ઉત્તેજન મળે તેવું કંઇજ નહિ કરવાને જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું કે જે મીઠું ભેગું કર્યું હોય, તે છાતી સાથ મજબુત પકડી રાખવાનો સત્યગ્રાહીઓને હક્ક છે. તે કંઇ હિંસા નથી. તે મીઠું તો તેમને તેમનાં લોહી જેટલું વહાલું છે. તેમણે આશા દેખાડી કે તેઓની ધીરજ અને સહનશીલતાથી તેઓ પોલિસનાં હૃદયને પણ ફેરવી શકશે. મહાત્માજીએ વોલંટીયરોને જણાવ્યું હતું કે પોલિસની દખલગીરીની ઉપર ધ્યાન આપ્યા વગર તેમણે પોતાનું કાર્ય બજાવવું. તેમણે તેઓને વચન આપ્યું હતું કે આવતી કાલે સવારે સાડા ૭ વાગે હું આટ ખાતે પાછો આવીશ અને મીઠું ભેગુ કરવામાં તમારી સાથ જોડાઇશ. મામલો ઘણોજ બારીક થઇ પડયો હતો.

મહાત્મા ગાંધી અને તેમની સત્યાગ્રહી સેનાએ પ્રતિબંધક મીઠું એકઠું કરવાનું રાબેતાનું કાર્ય આજે શરૂ કર્યું હતું. હવે તો ગાંધીજી અને તેમની સેના માટે એવો ક્રમ થઇ પડયો છે, કે સવારના ૭ વાગે સાગર સ્નાન કરવું, અને ત્યાંથી સીધાજ મીઠું એકઠું કરવા જવું. સત્યાગ્રહીઓની એક ટુકડી દરિઆનું

પાણી લાવી, તેને ઉકાળી મીઠું પકવવાના કાર્યમાં રોકાઇ છે. પકવવામાં આવતું આવું મીઠું ખુલ્લી રીતે જાહેર પ્રજાને વેચવામાં આવતું હતું.

સરકારની બીન ડખલ

મહાત્મા ગાંધી સત્યાગ્રહી છાવણીને લાગેવળગે છે ત્યાં સુધી સરકારી અમલદારોએ બીન ડખલની રાજનીતિ અખત્યાર કરી છે. આજે રોજથી ગાંધીજીના ૮૪ સ્વયંસેવકો જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઇ ગયા હતા, અને તેમને તાલુકાના જુદા જુદા વિભાગમાં સત્યાગ્રહ માટે મોકલવામાં આવશે. એક ટુકડી દાંડી ખાતે રહી હતી.

પ્રાર્થના સમયે ગાંધીજીએ સ્વયંસેવકોએ સાદો ખોરાક લેવાની જરૂર પર ભાર મૂકયો હતો. મહાત્મા ગાંધીએ સત્યાગ્રહનું સ્થાન દાંડી બદલીને આટ રાખ્યું હતું. જ્યાં ભારે ઉત્સાહ ફેલાઇ રહ્યો હતો.

આટમાં સત્યાગ્રહ

અગાઉની ગોઠવણુ મુજબ બારડોલીના સત્યાગ્રહીઓ એક વીરાટ સરઘસના આકારમાં મીઠાના સ્થાન તરફ સત્યાગ્રહ માટે કુચ કરી ગયા હતા. સત્યાગ્રહીઓની સંખ્યા દોઢસોની હતી અને તેમની સાથે સ્ત્રીઓની એક મોટી સંખ્યા સાથે ત્રણ હજાર ગામડીઆઓ સામેલ થયા હતા. સત્યાગ્રહને માટે આસપાસના ગામલોકની એક મોટી સંખ્યા સત્યાગ્રહ માટે બહાર પડી હતી.

બરાબર સાત વાગે બારડોલીના સઘળું સત્યાગ્રહીઓ અને લોકોની

પ્રચંડ મેદનીએ દરિઆ કિનારા પરનું કુદરતી મીઠું એકઠું કરવાનું કામ શરૂ કર્યું હતું. સ્વયંસેવકોની અગવડ દૂર કરવા માટે તેમને ખાસ બનાવવામાં આવેલી ખાદીની કોથળી આપી હતી.

મટવાડના સત્યાગ્રહીઓ

થોડીક વાર પછી મટવાડના સ્વયંસેવકોની એક મોટી ટુકડી સરઘસના આકારમાં આટ આવી પહોંચી હતી અને સત્યાગ્રહમાં સામેલ થઇ હતી. સ્વયંસેવકો સત્યાગ્રહના આખા સમય દરમ્યાન લોકો મીઠાના કાયદાનો ભંગ કરી સ્વતંત્રતા સર કરવાને લગતા વીર ગીતો ગાયાજ કરતા હતા.

ગાંધીજી બહાર પડયા

બરાબર સાત વાગે મહાત્મા ગાંધી સત્યાગ્રહના સ્થાન પર આવી પહોંચતા તેમને "વંદેમાતરમ્" ના હર્ષનાદથી વધાવી લેવામાં આવ્યા હતા. ગાંધીજીની સાથે શ્રીમતી સરોજની નાયડુ, શ્રી. અબ્બાસ તૈયબજી અને ડો. સુમંત મહેતા વગેરે હતા. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહીઓની હાર વચ્ચેથી પસાર થઇને સત્યાગ્રહના સ્થાનની તપાસ લીધી હતી. ગામડાની સ્ત્રીઓએ મોટી સંખ્યામાં બહાર પડીને દેશની હાકલને જે સરસ જવાબ વાળ્યો હતો તે માટે ગાંધીજીએ પોતાનો સંતોષ પ્રગટ કર્યો હતો અને તેમનું મુખ પ્રફુલ્લીત લાગતું હતું. 'બાપુજી'ના દર્શન માટે લોકોનો જબર ધસારો પડયો હતો.

બ્હેનોના સાગર તટે, મહાન સંતના પુંજન

ગામડાની સાદી, ભલી, ભોળી સ્ત્રીઓએ મહાન સંતની ધાર્મિક

રીતથી પુજા કરી હતી. સંખ્યાબંધ સ્ત્રીઓએ ગાંધીજીને હાથે કાંતેલ સુતરના હાર પહેરાવ્યા હતા. મહાત્મા ગાંધીજીએ તે પછી સ્વયંસેવકો અને લોકમેદનીને ઉદ્દેશીને પ્રવચન કરતાં જણાવ્યું હતું, કે માથાપર ગમે તેવી આફત ઉતરી પડે, છતાં સૌએ પોતાની ફરજ અદા કરવી.

શાબાશ આંટ ગામ!

ગાંધીજીનું પ્રવચન

મહાત્મા ગાંધીજીએ આંટના ગામલોક સમક્ષ પ્રવચન કરતાં જણાવ્યું કે આંટનાં સ્ત્રી પુરુષોએ ભારે હિંમત બતાવી છે. આટનું નામ ઇતિહાસમાં અમર રહેશે. આટનું આ પહેલું "યુધ્ધ" છે પણ આ લડત અહિંસા અને બળીદાનની છે. તમારી પાસેના મીઠાને તમારે પોલીસને ખુંચવી લેવા દેવું ન જોઇએ. પછી ચાહે તો જિંદગી ફુલ થાય. જેવી રીતે એક માતા પોતાના બાળકને ખુંચવી લેવા દેતી નથી તેમ તમારે મીઠાને હૃદયસરસું ચાંપી રાખવું. મને શ્રદ્ધા છે કે હિંદુસ્તાન એક પણ સ્ત્રીનું અપમાન સહન કરશે નહિ. આટ ગામ કીલ્લા તેમ દારૂગોળા વગરનું આપણું રણક્ષેત્ર છે. પ્રભુનું નામ એજ આપણો દારૂગોળો છે. આટે જે કર્યુ છે તે આખું ગુજરાત અને આખું હિંદ કરશે એવી હું આશા રાખું છું. સરકાર તમને બધાને પકડી શકે તેમ નથી. હું અત્રે હઉં કે ના હઉં તો પણ તમારે તમારૂં કામ ચાલુ રાખવું. સરકાર ધારે છે કે તમારા નેતાઓ પકડાતા તમે ડરી જશો. હિંદના એકેએક સ્ત્રી, પુરુષ અને બાળકો પોતાના નેતાઓ વગર પોતાની ફરજ બજાવશે એ પુરવાર કરવાનું કામ તમારૂં છે. તમે એકઠું કરેલું મીઠું નાખી દેતા નહિ

પણ સાફ કરીને તેને ઉપયોગમાં લેજો અને સરકાર પાસેથી મીઠું ખરીદશો નહિ. તમે જે મીઠાને ગોદમાં લીધું છે તેને પવિત્ર માનજો. અને જો આખું જગત તમારી પાસેથી એ ખુંચવી લેવા આવે તો તેમને ખુંચવી લેવાનું કાર્ય કેટલું મુશ્કેલ છે તે બતાવી આપજો.

પ્રવચન પુરૂં થયા પછી મહાત્મા ગાંધીજી, સ્વયંસેવકો અને સમસ્ત જનમેદની પ્રતિબંધક મીઠું એકઠું કરી સત્યાગ્રહ કરવા બહાર પડી હતી. બળવાન પોલિસ ફોજ, જેણે ગયે દિવસે ધામધુમ કરી મૂકી હતી તે આજે તદન ગેરહાજર હતી. સત્યાગ્રહના સ્થાનની આસપાસ એક પણ યુનીફોર્મ પહેરેલો પોલિસ નજરે પડતો નહોતો સ્વયંસેવકો મરજી મુજબ કરવાને છુટા હતા.

મહાત્મા ગાંધીજીએ પોતાને પકડવાની ફેંકેલી ચેલેન્જ ન સ્વીકારતાં પોલીસ ગાંધીજી જ્યાં સુધી સત્યાગ્રહનાં સ્થાનપર હતા ત્યાં સુધી પોતાની છાવણીમાં ભરાઈ બેઠી હતી.

દમન સાથે લોકોના ઉત્સાહની ભરતી

આ જીલ્લામાં જુદી જુદી જગ્યાએથી મળેલા આંકડા મુજબ ફક્ત સુરત જીલ્લામાં ત્રણ હજાર સ્વયંસેવકો નોંધાયા છે, જેમાં ૩૪ સ્ત્રીઓ છે. સત્યાગ્રહની કેમ્પમાં પોતાને પહેલી તક મળે તે માટે સ્વયંસેવકોએ પડાવ નાંખ્યો છે. ગઇ કાલે સુરતે ખુલ્લી રીતે કાયદાનો ભંગ કરી શહેરના જુદા જુદા માર્ગમાં પ્રતિબંધક મીઠું વેચ્યું હતું. બે હજાર ઉપરાંત શહેરીઓએ તે ખરીદ્યુ હતું. દમનના સમાચાર જેમ જેમ ફેલાતા જાય છે તેમ તેમ લોકોમા ઉત્સાહની ભરતી હેલે ચઢતી જાય છે.

અદ્‌ભુત ઉત્સાહિત દેખાવ

સવારે આટ ગામ ખાતે અપૂર્વ ઉત્સાહના દેખાવો નજરે પડયા હતા. લોકો હજારોની સંખ્યામાં મીઠાવેરાના કાયદાનો ભંગ કરી પકડાવા બહાર પડયા હતા. વાતાવરણ વિજળીક અસરથી પરિપૂર્ણ હતું. દરિઆ કિનારો ખાદીના પોશાકમાં સજ્જ થયેલા માનવ મહાસાગરથી ખળભળી ઉઠયો હતો. આ અદ્વિતીય અપૂર્વ દેખાવના ફોટોગ્રાફ લેવા મોટી સંખ્યામાં ફોટોગ્રાફરો ઉતરી પડયા હતા. આજનો દેખાવ તો પ્રેક્ષકોના મનમાં ચીર સ્મરણીય રહેશે. લોકોના મનમાં અપાર દેશભક્તિ અને આત્મબલિદાનનો જુસ્સો હેલે ચઢયો હતો. નાનાં ભુલકાં, શાળામાં ભણતાં બાળકો, વૃદ્ધ તેમ યુવાન સ્ત્રી પુરુષો સર્વ આ મહાન રાષ્ટ્રીય મેળામાં ભેદભાવ વગર સામેલ થયાં. સર્વ કોઇએ ગાંધીજીની સાથે મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો. સાદા પોશાકમાં પોલિસે આ મહાન મેળાનું નીરિક્ષણ કર્યું હતું. પણ જે ચાલી રહ્યું હતું તેમાં સહેજે ડખલ કરી નહોતી.

મહાત્મા ગાંધીજી ફરકતે વાવટે દાંડીની છાવણીમાં પાછા ફર્યા હતા.

આ મહાન વિજયનું હાસ્ય એમના મુખ પર વીલસી રહ્યું હતું

આવતી કાલે સવારે મહાત્માજી બીમરાડ ખાતે જશે. જ્યાં થોડાક દિવસો અગાઉ શ્રી. રામદાસ ગાંધીની ધરપકડ થઇ હતી. ત્યાંથી તેઓ નવસારીને માર્ગે સુરત જશે. સુરતથી તેઓ બીમરાડ ખાતે જશે જ્યાં મહાત્માજી સાથે ૫૦૦ માણુસો નીમકના કાયદાનો સવિનય ભંગ કરશે.

મહાત્માજીને આવકાર આપવાની સુરતમાં મોટા પાયા ઉપર ધમાલ ચાલી રહી છે.

શ્રીમતી સરોજીની નાયડુ બપોરે મુંબઈ ઉપડી ગયાં હતાં.

શ્રીયુત અબ્બાસ તઇયબજી આજે રાત્રે નડીયાદ ખાતે ઉપડી જશે જ્યાં તેઓની ધરપકડ થવાની વકી રહેતી હતી.

પોતાના પ્રોગ્રામ સંબંધી શ્રી. અબ્બાસ તૈયબજીએ હસીને જણાવ્યું હતું, કે તેઓ કામ વગરના હોવાથી કંટાળી ગયા હતા. મહાત્માજીની આજ્ઞા હેઠળ તેઓ હતા, ત્યાંસુધી તેઓ કશુ ધરખમ કામ કરી શકનાર હતા નથી. વધુમાં જણાવતાં ઉમેર્યું હતું, કે તેઓએ બહાર પડવાની જરૂર હતી.

કાર્યક્રમ

મહાત્માજીનું પ્રોગ્રામ હવે નકી થયું છે. રાષ્ટ્રીય સપ્તાહની આખેરી સુધી, તેઓ કાંઇ પણ સંજોગો વચ્ચે દાંડીને પોતાનું વધુ મથક બનાવશે.

સવારે તેઓ ભીમરાડ ખાતે જશે અને બપોરે પાછા ફરશે.

હવે તેઓએ સુરત ખાતેના મથકોની મુલાકાત લેવાનું નક્કી કર્યું છે. જ્યાં ભારે ચળવળો અને ધરપકડો ચાલી રહી છે.

બપોરે મળેલી સભામાં મહાત્માજીએ પોતાનું પ્રોગ્રામ જાહેર કર્યું હતું કેઃ—તેઓ પોતાના વોલંટીઅરોને કેટલાક ભાગોમાં વહેંચી નાખીને ચળવળવાળા મથકો ઉપર મોકલી આપશે.

રાષ્ટ્રીય સપ્તાહ પછીની મહાત્માજીની હીલચાલ નકી થઇ નથી. તેનો આધાર હિંદ મધેના મામલા ઉપર રહેશે.

મહાત્માજીએ પોતાના ભાષણમાં રાસ ખાતેના બનાવો ઉપર બોલતાં જણાવ્યું હતું, કે બળજબરીથી પોલિસને નીમક છીનવી લેવાનો હક ન હતો. વોલંટીઅરોની રીતિમાં કશું ખોટું હતું નહિ.

મહાત્માજીની ટુકડીના ૩ આગેવાન વોલંટીઅરો મેસર્સ પુરાતન બુચ, સુંદરલાલજી અને હરિલાલ ગાંધી, ઓરપાડ જવા સાર ઉપડી જઇ જ્યાંથી તેઓ દરેક ૫૦ વોલંટીઅરોની ટુકડી સાથ જુદે જુદે મથકે ઉપડી જવાના હતા.

પોલિસની બળજબરી

કાઠિઆવાડની પ્રજાને ધોલેરાથી આવેલા સ્વયંસેવકો મારફતે મહાત્માજીએ નીચલો સંદેશો મોકલી આપ્યો છેઃ—

ધોલેરામાં જે બનાવો બની રહ્યા છે તે અસહ્ય છે. સત્યાગ્રહીઓના હાથમાંથી નીમક જબરીથી છીનવી લેવું તે હલકટપણું છે.

મહાત્માજીની સલાહ

ગમે તેવી ઇજા થાય તે છતાં અને વળતુ બળ વાપર્યા વગર સત્યાગ્રહીઓએ પોતાના હાથો માંહેલું નીમક છોડવું નહિ જોઇએ એવી મારી સલાહ છે.

હવે આસપાસના ગામડાંઓ અને ગરાસીઆઓ હાથ જોડીને બેસી રહી શકે નહિ.

શ્રી. મણિલાલ કોઠારી અને શ્રી. અમૃતલાલ શેઠ એ બંને વકીલો છે. તેઓ જેલમાં જવા બાદ કાઠિઆવાડના વકીલોએ પોતાની ફરજો બજાવવી જોઇએ.

પુલચંદભાઇ પકડાયા છે એવી હમણા જ મને ખબર મળી છે.

દાંડીમાં ગાંધીજીનું પ્રવચન

મરીએ ખરા પણ મારીએ નહિ !

દાંડી, તા. ૮ મી એપ્રીલ

કાર્યક્રમ મુજબ સાંજના ચાર વાગતાં દાંડી ખાતે જાહેર સભા મળતા મહાત્માજીએ નીચે મુજબ ભાષણ આપ્યું હતું:–

એવો પણ સંભવ હોય, કે આ સભા દાંડીમાં મારી છેલ્લીએ હોય, દરરોજ અહિ રહેવા કરતાં, આસપાસનાં ગામડામાં ભમવું એ ઠીક છે. આપણામાં હાલમાં એટલી બધી જાગૃતિ આવેલી જોઉં છું, કે બધાને બધી ખબરો જલ્દી મળે છે. લોકોની જાણવાની ઇચ્છા વધી છે, તેથી છાપાઓની કમાણી પણ વધી છે. શેઠ જમનાલાલજી, કીશોરલાલ મશરૂવાળા તથા ગોકળભાઇ ભટ્ટ વગેરે પકડાયાની ખબર તો હતી, પણ નરીમાન વિષે માનવા જેવી ખબર ગઇ કાલે મળી ન હતી: જોકે તે સમાચારની પણ મેં આશા તો રાખેલી.

ખેડા જીલ્લામાંથી ગોકળદાસ તલાટી, દરબાર ગોપળદાસ વગેરે પકડાયા. અને હમણાં ખબર આવી છે કે ફુલચંદને પણ પકડયા અને હવે અબ્બાસની માંગણી કરવામાં આવી છે. એ તો હવે જવાનાજ

છે. એ કાંઇ ઓછા અહિ હવા ખાવા આવ્યા છે? હવા ખાવા તો હું આવેલો છું પણ અમે બન્ને જુદા બેસી રહીએ તે કાંઇ ચાલે કે? એ તો આજે જવાના છે.

સરોજીની નાયડુ આજે મુંબઇ ગયાં છે અને તે હવે નરીમાનની જગ્યા લેશે. **તેમણે મને જણાવ્યું તો છેજ, કે હું પકડાઇશ ત્યારે તેઓ હાજરજ થવાના છે.** છાવણીમાંથી પણ હવે ધીમે ધીમે વીખરાઇ જવાના. પણ રાષ્ટ્રીય સપ્તાહ પછી મને અહિ રહેવાની તો જરા પણ ઇચ્છા નથી.

ધોલેરામાં અમૃતલાલ શેઠ પકડાયા. અને આંટમાં કર્યું તેમ કર્યું હશે. ત્યાં પણ મીઠું છીનવી લેવામાં આવતું હશે, પણ તેમ ના થાય. એ તો તમારા હાથમાં હિંદનું માન છે એ જવા ન દેવાય. તમારા હાથમાં વાવટા હોય, અને કોઇ લેવા આવે તો તે ન લેવા દઇએ. કાં તો હાથમાં વાવટો ઝાલીએજ નહિ. **હા, તેમાં આપણે મરીએ ખરા, પણ કોઇને મારીએ નહિ એટલું કરી લઇએ.** મને તો અત્યારે કોઇ જેલ જાય કે મરે તેનું કાંઇ લાગતું નથી. મારી છાતી તો પત્થર જેવી છે. આ બધું આપણે જેલ જવા માટે તો માંડેલું છે.

ધોલેરામાં પણ ખુબ ચાલે છે. જુવાનીવાના હાથ મરડાઇ ગયા. તેમાં જંગલીપણું કહેવાય. ગઇ કાલે જંગલીપણું થયું હતું, પરંતુ તે હદમાં થયું હતું. બ્રીટિશ રાજ્યમાં માણસનું શરીર પવિત્ર મનાયું

છે. તેથી હું તેનાપર મુગ્ધ થયો હતો. માણુસ ભાગવા બેસે. તો મારે પણુ અહી રહેવું નથી. પોલિસને કોઇપણુ માલ લેવાનો અધિકાર નથી પણુ અહિંયા ઉંધો ન્યાય છે. અહિ તો આવીને પકડે છે અને કહે છે, કે મીઠું લાવો. પણુ આપણે તો મીઠું આપવુંજ નથી. મેં એવું સાંભળ્યું હતું, કે એક છોકરાનો હાથ તૂટયો અને પછી મીઠું લેવાયું. હવે તો મારે કહેવું જોઇએ કે તમે મીઠું લેવા ના ગયા હો તો જજો, અને કોથળીને બદલે હાથમાં રાખજો. **તમે માનજો કે એ તો છ કરોડની મુઠી છે.** આ તો છ કરોડ બચાવવાનો સવાલ છે. આપણે તો વર્ષે છ કરોડ લઇ જાય છે તે બચાવવા છે. આતો શાહુકારીનું મીઠું છે અને મારે તો ભાઇ બ્હેનોના ખીસ્સામાંથી છ કરોડ ચાલ્યા જાય છે તે બચાવવાના છે.

હવે જાણીતા તો બધા જેલમાં ગયા. પણુ તમો શું કરશો ? તમે જાતે હવે મુખી થજો અને ગામડાઓમાં જઇને સમજાવજો. પછી જે મીઠું હાથમાં આવે તે ફેંકી દેશો નહિ. અને ગામડાઓમાં મીઠાનો સંદેશો સંભળાવજો.



મહાત્માજી ઉંટડીની ભૂમિને પાવન કરે છે !

મહાત્માજી તકલી કાંતે છે, અને



"સુતરને તાંતણે સ્વરાજ," તકલી કાંતી સિદ્ધ કરે છે!

ભીમરાડમાં

ભીમરાડ છાવણી, તા. ૯ મી એપ્રીલ.

જે મથક પર શ્રી. રામદાસ ગાંધી અને બીજા ચાર સ્વયંસેવકોને ગયા રવિવારે ગેરકાયદેસર મીઠું ઉપાડવા અને વેચવા માટે પકડવામાં આવ્યા હતા, તેજ જગા પર આજે સવારના મહાત્મા ગાંધીજી અને સુરત અને નજીકમાંના ગામોમાંથી આવેલાં દશ હજારથી વધુ માણસોએ નીમકના કાયદાનો ભંગ કર્યો હતો. નીમક એકઠું કરી અને વેચીને મહાત્માજીએ આ બીજી વખત પણ ચોરી જ કરી હતી. પરોઢીએથી શહેરમાંથી અને ગામડામાંથી લોકોનાં ટોળે ટોળાં આવતાં હતાં. ભીમરાડ અત્યારે જાત્રાનું સ્થાન બન્યું હતું. બારડોલી અને ચોર્યાસી ખાતેથી એકસો વોલંટીયરોનો બેચ સુરત ખાતે ઉતરી સવારના મેદાનપર જવા ઉપડી ગયો હતો. આ બેચની સાથે શ્રીયુત રામદાસ ગાંધીજીનો સો વોલંટીયરોને બેચ જે તેમની ધરપકડ પછી તેમના ભાઇ શ્રીયુત મણિલાલ ગાંધીની સરદારી નીચે હતા તે રવાનાં થયો હતો સેંકડો સ્ત્રીઓ પણ ભીમરાડ ખાતે આવી હતી. આ બાનુઓ માઇલો દુરથી નીમકના કાયદાનો ભંગ કરવા રણક્ષેત્ર પર આવી હતી.

કાયદા ભંગ માટે ઉલટેલો માનવ મહાસાગર

ગ્રામ્ય સ્ત્રીઓએ રાષ્ટ્રીય ગીતો ગાઇને એકઠા થયલાં લોકોનાં ટોળાને સરસ ઉત્સાહી બનાવતી હતી. જમા થયલાં ટોળાંમાં મરદો સ્ત્રીઓ અને બાળકો પણ નજરે પડતાં હતાં. જ્યારે ડો. સ્ત્રીઓએ લોકોનાં ટોળાને ખબર આપી, કે પડોશમાં ખાજોદ ગામના પોલિસ પટેલ આ સત્યાગ્રહમાં ભાગ લેતી સ્ત્રીઓના નામ નોંધી લેતો હતો. ત્યારે લોકોમાં જુસ્સો ઉભરાતો દેખાતો હતો. તેમણે ટોળામાં ઉભેલા પોલિસ પટેલને મરદો તરફ જોવા અરજ કરી, ત્યાર પછી કેટલાક સાંભળાઓનો જુસ્સો નરમ પડયો હતો.

આ ખાડીમાં શ્રીયુત રામદાસ ગાંધી અને તેમના વોલંટીઅરોએ રાષ્ટ્રીય સપ્તાહના પહેલે દિવસે મોટા જથામાં નીમક એકઠું કર્યું હતું. બીનાશવાળા પ્રદેશમાં માથા ઉપર વાદળ છવાયલા આકાશ નીચે, આ ખાઇઓમાં ખાદીના પોશાકમાં સજ થયેલા ટોળાંનો દેખાવ અદ્દભુત લાગતો હતો. મહાત્મા ગાંધીજીની મોટરને પંકચર પડવાથી તેઓ એક કલાક મોડા આવી પહોંચ્યા હતા. ગ્રામ્ય સ્ત્રીઓ રાષ્ટ્રીય ગીતો ગાતી હતી તેથી મહાત્માજીની રાહ જોવાથી કોઇને કંટાળો આવતો નહતો.

મહાત્માજી અને સરદાર વલ્લભભાઇ માટેનાં ગીતોથી લોકોનાં ટોળામાં ભારે ઉત્સાહ જોવામાં આવતો હતો.

પ્રચંડ મેદની સમક્ષ ગાંધીજીની ગર્જના

બરાબર ૯ વાગતાં મહાત્માજી રણક્ષેત્ર પર પધાર્યાં હતા અને તેમને દબદબાભર્યો ભાવભાવી આવકાર મળ્યો હતો. તેમના પર

હાર અને પુષ્પનો વરસાદ વરસ્યો હતો. અસાધારણ જુસ્સાભર્યા ભાષણમાં મહાત્માજીએ જણાવ્યું કે કેટલાક આપણા આગેવાનો પકડાયા છે તેથી દીલગીર થવાનું કંઇ કારણ નથી. સૌથી પહેલી વાત તો જેલમાં જવાની ધાસ્તી દુર કરવાની છે. એટલુંજ નહિ પણ ફાંસીને લાકડે લટકવાની ધાસ્તી દુર કરવાની છે. આપણે ઇશ્વરને એટલીજ પ્રાર્થના કરવાની છે કે અમને જેલમાં મોકલજે કે મોત આપજે, પણ ગુલામી આપતો નહિં. આપણે એટલું યાદ રાખવાનું છે કે રાવણના રાજમાં સારા લોકોને દુઃખ ખમવાનું છે. તેથી આપણે બધી મુશ્કેલીઓ માટે તૈયાર રહેવાનું છે. સરદાર વલ્લભભાઇને ત્રણ માસની સાદી સજા થઇ હતી, પણ ખરેખર તો તેમને ૩૦ વર્ષની સખત કેદની સજા કરવી જોઇતી હતી.

મરીએ પણ મુઠી ન ખોલીએ

આગળ ચાલતાં મહાત્માજીએ જણાવ્યું કે આપણને નીમક લેવાનો અને તેને જપ્ત થતું બચાવવા માટે મુઠીમાં દબાવી રાખવાનો દરેક હક્ક હતો. આ મુઠી પર ઘા પડે કે મારવામાં આવે અથવા તેના કકડા થઇ જાય તોપણ તે મુકી દેવું ન જોઇએ. આતો સિદ્ધાંતનો સવાલ છે. મને સંપુર્ણ વિશ્વાસ છે કે આપણી દ્રઢ ઇચ્છાને અમલમાં મૂકવાને ઇશ્વર બળ આપશે. આપણે ભૂલી જવું જોઇતું નથી, કે આપણે બાયલાઓ સાથે લડતા નથી, પણ બહાદુરો સાથે લડીએ છીએ, આપણે કબુલ કરવું જોઇએ, કે આપણા રાજકર્તાઓ બહાદુર છે અને તેઓ

બહાદુરી માટે માન ધરાવે છે. અને જ્યારે તેઓને એમ લાગશે કે હિંદીઓ પૂરતા બળવાન અને હિંમતવાન બન્યા છે ત્યારે તેઓ પોતાની રમત મુકી દેશે. તે પછી મહાત્માજીએ આખા દેશમાં મજબુત થતા વાતાવરણુ સંબંધી બોલતાં જણાવ્યું કે મેં વર્તમાન-પત્રમાં વાંચ્યું છે, કે કરનાટકવાળા ગંગાધરરાવ દેશપાંડેને પકડવામાં આવ્યા છે. વર્તમાનપત્રો જણાવે છે કે ગંગાધરરાવ મારો જમણો હાથ હતો. ગંગાધરરાવ મારો શિરતાજ છે. **મને ખાત્રી છે કે મારા બહાદુર સૈનિકો જીવમાં જીવ છે ત્યાં સુધી પોતાના દેશના લાભો સંભાળશે.** છેવટે મહાત્માજીએ સ્ત્રીઓને સ્વતંત્રતાની લડતમાં મોખરે આવી પોતાની ફરજ અદા કરવા અપીલ કરી હતી. ભાષણ પૂરૂં થયા પછી મહાત્માજી વોલંટીઅરો અને સ્ત્રીઓ સહિત હજારો એકઠાં થયલાં લોકોએ મીઠું એકઠું કરી જાહેર રીતે વેચીને નીમકના કાયદાનો ભંગ કર્યો હતો.

ભીમરાડના યાત્રા સ્થાને ગાંધીજીની ગર્જના

સુરત, તા. ૯ મી એપ્રીલ

બારડોલીના સત્યાગ્રહી સૈનિકોના સરદાર શ્રી રામદાસ ગાંધી અને તેમના સાથીઓને કાલે સજા થયા પછી રાત્રે ડક્કા ઓવારે મળેલી સભામાં શરૂઆતમાં રાષ્ટ્રીય ભજનો ગવાયાં હતાં.

ભીમરાડમાં ઉલટેલા શહેરીઓ

મહાત્મા ગાંધીજી આજે ભીમરાડ આવવાના હોવાની વાત રાતની સભામાં જાહેર થઇ હતી. જેથી શહેરમાંથી શહેરી ભાઇ બ્હેનો ઉત્સાહભેર પોતાને જેમ સગવડ મળી તેમ ભાડુતી મોટરબસો તથા ગાડીઓમાં, તેમ જેમની ગાડી હશે તેઓ પોતાની ગાડીઓમાં અને બાઇકલીસ્ટો સાયકલપર ભીમરાડ જવા નીકળી પડયા હતા. ત્યારે બીજા વર્ગ ચાલતા પણ નીકળી પડેલા હતા. અને તેઓ ભીમરાડ અને ખજોદ વચ્ચેના ખારપાટની ખાજણમાં આવી પહોંચ્યા હતા. લોક પાંચ સાત હજારની સંખ્યામાં હોય એમ કલ્પી શકાય. ગામ તેમજ શહેરમાંથી ગયેલી બ્હેનોએ મીઠું ભેગું કર્યું હતું અને તે મહાત્માજીના ચરણે ભેટ ધરાયું હતું.

ડો. ચીઆએ-ખજોદના પોલિસ પટેલે મીઠું એકઠું કરતી બ્હેનોમાં લખી લીધેલા નામ સંબંધીની વાતથી સભાજનોને વાકેફ કરી સરકારે શ્રી. જમનાલાલ બજાજ. શ્રી. દેશપાંડે વગેરેની ધરપકડની વાત કરી હતી અને તે પછી યુદ્ધગીતો લલકારવામાં આવ્યાં હતાં.

મહાત્માજીનું પ્રવચન

બાદ મહાત્માજી પધારતા રઘુપતી રાઘવ રાજારામની ધુન ભજનીક શ્રીમાન ભાઇ ઉમેદરામે લગાવી હતી. અને તે બાદ મહાત્માજીએ પોતાનું ભાષણ શરૂ કરતા એમ જણાવ્યું હતું કે, અહિંનો સત્યાગ્રહ છાવણી કે જ્યાંથી કેટલાકને સરકાર ઉપાડી ગઇ છે, પરંતુ તેથી **નાસીપાસ થયા હો અગર તો દુઃખ માનતા હો એવું નથી જોતો. પણ ઉજાણી અગર ઉત્સવ જેવો દેખાવ જોઇ રહ્યા છે.** તપ વિના ફળ નહિં મળે એમ જણાવતા જણાવ્યું હતું કે **આપણી માંગણી સ્વતંત્રતાની હોઇ તપ કરશો તોજ તે મળશે.** પાર્વતીજીએ પણ પતી મેળવવા મહાન તપ તપ્યાં; ત્યારે તેમને શંકર પતિ મળ્યા. આ રાજ્યમાં સારા માણસો માટે જેલ, ફાંસી, બેડી વગેરે છે એ મળેજ સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાશે.

સરકાર કસોટી કરે છે

સરકાર કસોટી કરે છે. ચોખો દાબી જુવે છે. ભલેને કસોટી કરે. તેમાં આપણે શું ? સરકાર કરતાં ઇશ્વર મોટી પરીક્ષા કરે છે.

સ્વતંત્રતા રૂપી ફળ માટે તો તપ જોઇએ !

એ સ્વતંત્રતા રૂપી ફળ કાંઇ ઝટ નથી આપી દેતો. એ માટે

તો તપશ્ચર્યા જરૂરી છે અને તે આદર્યેજ છુટકો.

બ્હેનોને પણ ધન્યવાદ છે, કે પોલિસ પટેલે નામ માંગતાં તે તરત કહી દીધાં. એ તપશ્ચર્યા માટે હું સામાન લાવ્યો છું. આપણે એ ઉજાણી માનીએ છીએ. અને તે છેવટ સુધી રહેવી જોઇએ. જો આપણામાં રામ હશે તો સરકારી પોલિસ કશું કરી શકવાની નથી.

હાથમાંથી મીઠું ન પડે

હાથ ઉખડી જાય, પીન ઘોંચે, ગમે તે કરે, પણ હાથમાંનું મીઠું નજ છુટે. સત્યનું બળ વિશેષ છે. સત્યનું બળ હશે તો ૭ કરોડ રૂપીઆ એજ મુઠીમાં છે, અને એ મુઠીમાં સ્વરાજ્યનો ભાર છે.

"અલમ બરદાર"

ઇસ્લામમાં છે, કે એક વાવટો પકડનાર, રણક્ષેત્રમાં "અલમ બરદાર" એ, બંદુકીયાથી પણ વધારે ઉચ્ચ દરજ્જાનો છે. એના હાથમાંનો વાવટો તો ગમે તે ભોગે ન જાય. એનો હાથ તુટે, ટાંટીઓ ભાગે પછીજ એ વાવટો જઇ શકે. આવી બીના એક વેળા બની પણ છે. આમાં તો સોળ વરસનો છોકરો માબાપની સંમતિ વગર નીકળી શકે છે. બાર વર્ષના છોકરાના માબાપ પણ જો હા કહે, તો તે ઉંમરે પણ નીકળી શકે છે. આપણે જે મીઠું લઇએ તે મીઠું તો ત્યારેજ જાય, કે જ્યારે આપણો હાથ તુટે! એ મીઠામાં સ્વમાન છે, એ નજ જાય! અનેક અનેક પ્રયત્નો કરે તો પણ ન ઉઘડે!

મ્હારી વીતક

હું કહું છું કે હજુ આવું મને વીત્યું નથી. તોપણ હું કાંઇ છેક અનુભવ વગરનો નથી રહ્યો. એક વેળા પહેલાં મ્હને પણ શૌકતઅલી કરતાં પણ વિશેષ બળવાળાએ મારા પર વીતાવેલી છે. મ્હને અમુક ઠેકાણે પગ પાસે બેસવા કહેવામાં આવ્યું. પણ તે તો કેમજ થાય? મ્હેં સળીઓ ઝાલ્યો. હાથ પર ખુબ પ્રહાર થયા પણ તે હાથ તો નજ છુંટયો. આખરે મારનાર પીગળ્યો કે લોકોએ પીગળાવ્યો કે શરમાયો. અને પ્રભુએ મારી લાજ રાખી. પરમાત્મા લાજ રાખે છે. સત્યને વ્હારે ચઢે છે અને તે જરૂર આપણી વ્હારે ચઢશેજ.

સ્વરાજ સંબંધી

એ મીઠાવાળી મુઠી ઉઘડતાં પહેલાં તો કેટલાંય લોહી લુહાણ થાય. કેટલાંય મડદાં રગદોળાય, કેટલાંય માંથાં ભાંગે અને અહિ આજ હું ફરીથી આવું ત્યારે પણ હમણાંના જેવોજ દેખાવ જોઉં. સર્વેને હસતાં નીહાળું તો જરૂર માની લઉં. કે સ્વરાજ્ય આપણી પાસે છે.

સરકાર બહાદુર છે

આ સરકાર પણ બહાદુર માણસોની છે. એ પણ એવી પરીક્ષામાંથી પસાર થઇ છે. એ મરદ છે એની સાથે લઢવું એ કાંઇ રમત નથી. પણ એનીજ સાથે લડત આપણે આદરીશું અને અંતે નમાવીશું. જો આપણામાં બળ હશે તો એજ નમતી આવશે અને આપણે કહીશું તેમ કરશે. જો આપણે સત્ય અહિંસા ન્યાયને માર્ગે ચાલ્યા જઇશું, તોજ તમારામાં કેટલાક તો મારા છોકરા થવાને લાયક છો.

આજે આપણી લડતનો ચોથો દીન છે. આપણે અત્યાર સુધી તો બાલ મોઢું રાખીએ છીએ. બાઇ ઉકાભાઇને લોહી નીકળ્યું ખુચા ખુચીમાં એ લોહીથી ૬ કરોડ રૂપીઆ તો બચ્યાજ મીઠાનો કર તો હવે સ્વપ્નવતજ રહેવાનો.

મીઠાનો કર ગયાથી કાંઇ છોકરાં ઘુઘરે નહીં રમે. પુરુષો તો જેલમાં જવાજ માંડયા છે. દરબાર ગયા, તેમની જગ્યાએ અબ્બાસ તૈયબજી મારી વિનંતિ થતાં તરત ઉપડયા. તેઓ પણ એક બે દિવસમાં જવાના. દેશપાંડે અને અબ્બાસ ભાઇ લગભગ એક સરખા છે, જો બંનેને દાઢી હોય તો તો ઓળખવા પણ મુશ્કેલ પડે. છાપા વાળા એને મારો જમણો હાથ કહે છે, અરે હું તો કહું છું કે એ તો મારો મુગટ છે. તે જેલમાં જાય છે તેથી મારો હરખ નથી માતો, બધા સાથી ચાલ્યા ગયા પરંતુ હું તો કહું છું કે દેશપાંડે અહિંઆ હતે તો પણ શું કરતે? તેઓ ચાલ્યા જાય તો ઉલટો માર્ગ સાફ થઇ જાય.

બ્હેનોને—

પરંતુ બ્હેનો જો તમારે પકડાવવું હોય તો પણ મારી પાસે સાધન છે. તેઓ દારૂના પીઠા આગળ જઇ કાર્ય કરી શકે છે. પુરુષોથી જે કાર્ય નહિ થાય તે બ્હેનો કરી શકશે. દારૂથી મનુષ્ય વ્યભીચારી બને છે. બધા દારૂ પીનારાઓ પણ મતદારો છે. પણ સ્વરાજ્ય તો એવા લોકો હોય ત્યાં સુધી ન ભોગવી શકાય કરોડો પાસે દારૂ છોડાવવો જરૂરી છે. દારૂ પીને તેઓ બાકટા બને છે. મા બ્હેન અને સ્ત્રીનો ભેદ ભુલે છે.

તમે આવા લોકોને તો કેમજ નીભાવી શકો ? દારૂની બદીનો નાશ કરો એટલે ૨૫ કરોડ રૂપીઆ તમારી પાસે આવી પડશે. જો વ્હેનો આ કરે તો ઘણુંજ સારૂં. બધી વ્હેનો મીઠું વ્હેન પીટીટનો ધડો લેય. પીઠા આગળ જતાં વ્હેનોએ પુરુષોને સમજાવી તેમ ન કરવા સમજાવવું જોઇએ. પુરુષો જાય તો વઢવેડ કરી એમ પણ કહે પરંતુ વ્હેનોનું તેઓ અપમાન નહિ કરી શકે એ ચોકખુંજ છે. વ્હેનોએ કહેવું કે હમો તમને દારૂ પીવા દેવા જઇને શું કરીએ ? તમો પછી તો હમને પણ સ્ત્રી તરીકે ગણી કાઢો અને તે અમારાથી કેમજ ખમાય ?

તકલીથી કાંતે—

આજે બધી વ્હેનો ખાદીમાં નથી આવી. હજુ વીલાયતી કપડાં દીલપર છે. વ્હેનોને ખાદી જાડી લાગે, તો પણ પહેરવીજ જોઇએ. જોઇએ તો તેનો કાછડો મારી, સહેજ બીજું કપડું દીલ પર ઓઢી લે તેમાં કાંઇ લાજ જવાની નથી. વ્હેનો તકલીથી કાંતે તકલીથી એક જંગમ સ્પીનીંગ એસોસીએશન સ્થપાશે. દરેક વ્હેન તકલી રાખે. મીલ મારફત પૂરો સહકાર આપણે ગરીબ વ્હેનો સાથે નહિ કરી શકીએ, દરેક ગરીબ પેટપુર ખાઇ શકે, એટલું ધન તો પ્રત્યેકને મળવુંજ જોઇએ, અને પરદેશી કાપડનો બહિષ્કાર કરતાં ૬૦ કરોડ રૂપીઆ એક સામટા આપણને મળી જાય, કર વગર આ સરકાર ધંધો નહિ કરી શકે તેનું તંત્ર નહિ નીભે !

ત્રણ કાર્યો

એટલે હવે ત્રણ કામો તમારી સમક્ષ છે. શરાબ છોડાવવાનું, પર-

દેશી કાપડનો બહીષ્કાર કરવાનું અને દરેક બ્હેને તકલી રાખી કાપડ વણ-વાનું. સ્ત્રીઓનું નામ તો સર્વત્ર પહેલું છે. દાખલા તરીકે રાધા કૃષ્ણ, સીતારામ વગેરે. એટલે બ્હેનોએ તો પોતાનું કામ દીપાવવું રહ્યું. જીસસ પણ વરજીન મેરીના પુત્રથી ઓળખાય છે અને તે ખરેખર એક ચમત્કારજ છે. સ્ત્રીઓનો હીસ્સો પુરુષો કરતાં વધારે છે. બધી બ્હેનો બી. એ. નહિ થાય, બધી બ્હેનો અંગ્રેજી નહિ ભણે, જ્યારે તેમ થશે ત્યારે તો ઘર આપોઆપ ફીટી જશે. બી. એ. થવાથી કાંઇ જ્ઞાની નહિ કહી શકાય. જ્ઞાની તો તેજ કે જે જ્ઞાનવાળું કાર્ય કરી શકે અને તેજ વિદુષી.

મોટા 'ઢ' ના સેનાપતી !

મણિલાલ સહુથી 'ઢ' છે મારા બધાજ પુત્રો 'ઢ' છે, તેમાં મણિલાલ તો 'ઢ' નો મુખી છે, મણિલાલ તમારો સેનાપતી છે, તેની પાસેથી તમો કાર્ય લઇ શકશો તે તમને તકલીથી કાંતતા શીખવી શકશે. રેંટીઓ તો તમને એના કરતાં પણ સરસ આવડે, મણિલાલ કામ દઇને શાંત થઇ શકે એમ છે. તે તો કહે છે કે આટલા બધા માણસોને સાચવવા તે તો મ્હારી શક્તિ બહારનું કાર્ય છે, 'ઢ' તો હું પણ છું.

તમે બધા અકળાયા છો, ચણા મમરાથી ચલાવી લેવું જોઇએ જો એ ન ભાવે તો અચ્છેર દહી લો અને ગોળનું પાણી લો તેનાથી તબીએત નહિ બગડે, ચણા મમરાની પ્રતિજ્ઞા તો મહાદેવે લેવડાવી અને હવે માત્ર ત્રણ ચાર દિવસ માટે તમે હારશો? તમે પ્રતિજ્ઞા લીધી છે એટલે તે પાળ્યેજ છુટકો ! ચણા મમરાથી તો ઉલટા દાંત

મજબુત થશે, થોડાક ચણા મમરા જોઇએ તો ખીસામાં ભરી લેવા અને જેમ કેટલાકને બીડીની તલપ થાય છે, તેમ તમારે પણ ચણા ખાઇ લેવા. તમને ઘી મળે છે. ઘીના જેવો ઉત્તમ પદાર્થજ કોઇ નથી. ઘી અને મીઠાનું પાણી તંદુરસ્તી ખુબ જાળવશે. ખુદ મીઠુ બ્હેન પણ ચણા ફાકે છે.

ખબર મળ્યા મુજબ તમારામાં કેટલાક ઘેર જઇને મોજ માણી આવ્યા, પણ તેમાં પાપ છે એનાથી સ્વરાજ્ય દુર જશે, કેટલાક કહે છે કે ચણા–મમરાની પ્રતિજ્ઞા વખતે હમે હાજર ન હતા. પરંતુ તેમ ન ચાલે. સંઘ પ્રતિજ્ઞાજ સર્વમાન્ય પ્રતિજ્ઞા ગણાય. સંઘના નામથીજ કામ થાય. પટેલો જેમણે રાજીનામાં આપ્યાં છે પણ હજુ છુટા નથી કર્યા તેમાં સરકારની જાળ છે. પણ તેમાં મુખીઓ ન ફસાય, પટેલો જઇને પોતાના દફતરો મામલતદારને પહોંચાડી શકે અથવા નોટીશ આપી લઇ જવાનું સુચવી દઇ શકે.

હું આશીર્વાદ લેવા આવ્યો છું મારા સૈનકોને આપવા આવ્યો છું, અરસપરસ આશીર્વાદથી કામ દીપાવી શકાશે.

જલાલપુર

ધરપકડની વહી ગયલી એક વધુ રાત !

તા. ૧૦ મી એપ્રીલ

આજે બપોરે મહાત્માજીએ ૫૦૦૦ લોકની એક જંગી સભામાં ભાષણ કર્યું હતું. હાજર રહેલી લગભગ ૩૦૦ સ્ત્રીઓએ મહાત્માજીને ખાદીના પુષ્પો અને નાણાની રકમો એનાયત કરી હતી.

એક અસરકારક ભાષણમાં મહાત્માજીએ જણાવ્યું હતું કે:—

મને જણાવવામાં આવ્યું હતું, કે ગઇ રાત્રે મને પકડવામાં આવશે. આથી રાત્રે ૧૧ કલાકે મેં મારો કેટલોક પત્ર વહેવાર પૂરો કરી નાંખ્યો હતો અને કાંઇક લખાણો કર્યાં હતાં.

રાત વહી ગઇ અને ધારેલું બન્યું નહિ. મેં આજે છાપાઓમાં વાંચ્યું છે કે મીઠાંના ભાવો અર્ધા અરધ કમી થયા છે. પણ મારૂં કહેવું એ છે કે નીમકના ભાવોજ શા માટે રહેવા જોઇએ!

નીમક, ખદ્દર અને દારૂબંધીની ઉત્સાહી ચળવળો સરદારને છોડવી શકશે કે જેના છુટકારા માટે લોક તલપી રહ્યું છે.

ટાઇમ્સના ખોટા રીપોર્ટો

કેટલાક છાપાઓમાં અને ખાસ કરીને ટાઇમ્સમાં પોતાના

આપણાના પ્રગટ થતા ખોટા રીપોર્ટો સંબંધી મહાત્માજીએ ટીકા કરી હતી કે આવા છાપાઓના રીપોર્ટરો દેશની ચોક્કસ ગેર સેવા બજાવતા હતા. અને તેઓને "ટાઈમ્સ" માં પ્રગટ થયલો રીપોર્ટ ખોટો જાહેર કરવો પડયો હતો. કે જેમાં તેઓના (મહાત્માજીના) વિચારો ઉલટાજ આકારમાં પ્રગટ કરવામાં આવ્યા હતા. સઘળા રીપોર્ટરો આવા હતા એવું કહેવું ખોટું હતું. પણ તેઓ કબુલતા હતા કે ઘણાકો તેવા હતા અથવા તો તેઓ ગુજરાતી વાતચીત સમજી શકતા હતા નહિ.

હું રીપોર્ટરોને બોલાવતો હતો નહિ. પણ જો છાપાઓ રીપોર્ટરો મોકલવા માંગતા હોય, તો તેઓએ એવા રીપોર્ટરો મોકલવા જોઈએ કે જેઓ મારી ભાષા સમજી શકતા હોય. અજ્ઞાન રીપોર્ટરો મને અને લડતને બંનેને નુકશાન કરતા હતા.

અહિંસાની મારી ક્રીડ કાંઈ આજની નથી. પણ ૧૫ વર્ષો થયાં હું તે ઉપર ભાર મેલતો આવ્યો છું.

કોઈએ એવું નહિં ધારવું. કે મારી વધતી જતી વયે, હું એટલી હદે અક્કલ ગુમાવી બેઠો છું, કે લોહીનો ભોગ આપીને હું જેલમાં જવાનું ઇચ્છું. જેલમાં જવા છતાં પણ હું કોઈનું બુરૂં પણ ઇચ્છી શકું નહિ.

મેં એવું જાહેર કર્યું હતું, કે ગંભીર ઇજાના ભોગે પણ મુઠી અંદરનું નીમક આપી દેવું નહિ. આથી અહિંસાનો ત્યાગ થતો હતો નહિ.

મને દિલ્હીથી તારનો સંદેશો મળ્યો હતો કે ૪ વોલંટીઅરોને એવો તો માર પડયો હતો, કે તેઓ બેશુદ્ધ થઇ ગયા હતા.

સરકારે એવી રમત દેખાડવા માંડી છે અને આ જો તેની શર-

વાત પણ હોય, તો તે છતાં આપણે આપણી ફરજો પરથી હાથ ઉઠાવવો જોઈએ નહિ.

સરકાર બાનુઓને પણ પકડતી હતી, તે શરમભર્યું હતું ! હું દુનિઆને દેખાડવા માગું છું કે આપણી લડત એવી હતી કે તેમાં સૌ કોઈ ભાગ લઈ શકતું હતું.

રાષ્ટ્રીય સપ્તાહ દરમ્યાન મહાત્માજીએ સહેજ પણ વિશ્રામ વગરની ઉપાડી લીધેલી ચાલુ જેહમતોની અસર તેઓની તંદુરસ્તી ઉપર દેખાવા લાગી છે.

મહાત્માજીની વય અને તે સાથ તેઓની જેહમત ધ્યાનમાં લેતાં, તેઓની દોડધામ એક મોજેજા સરીખી છે. આ સાથે દિવસમાં ખમી નહિ શકાય તેવો તડકો મુસાફરી મધેનો કમીમાં કમી ખોરાક અને બીજી મુશ્કેલીઓ ધ્યાનમાં લેવાની છે.

એક કે બે અપવાદો સિવાય મહાત્માજી પોતાની સંખ્યાબંધ રોકાણોમાં સેહેજ પણ નીષ્ફળ નીવડયા હતા નહિ. આ સઘળું મહાત્માજીના આત્મીક બળને આભારી છે.

હાલમાં મહાત્માજી લડતના આગેવાન મથકો ઉપર આવજાવ કરી રહ્યા છે.

આજે બપોરે તેઓએ અબ્રામા ખાતે એક જંગી સભામાં ભાષણ કર્યું હતું, તેઓએ સેંકડો સ્ત્રી પુરૂષો સાથ નીમકના કાયદાનો ભંગ કર્યો હતો. હાલમાં તેઓની મુલાકાત લેવાનું મુશ્કેલ તેમજ અશક્ય થઈ પડયું છે.

મહાત્માજીના ચેહેરા ઉપર ખુશાલીનો છાપ ખુલ્લો માલમ પડી આવે છે. જે દેખાડી આપે છે કે મહાત્માજીની ખાત્રી થઈ છે કે લડતની શરૂઆત સારી નીવડી છે.

આવતી કાલે મહાત્માજી મટવાડ ખાતે જશે જ્યાં હજારો સ્ત્રી પુરુષો સાથ તેઓ એક વેળા ફરીથી નીમકના કાયદાનો ભંગ કરશે.

ગાંધીજીની ઝડપી હીલચાલ અને સંદેશાઓ

જલાલપોરમાં મીઠાવેરો દફન

ગાંધીજીની ઝડપી હીલચાલ

દાંડી છાવણી, તા. ૯ મી એપ્રીલ

મહાત્મા ગાંધી સુરતથી આજે બપોરે ફ્રાસ્ટ ટ્રેનમાં નીકળી નવસારી ઉતરી, દાંડી આવી પહોંચ્યા હતા. ગાંધીજીની છાવણીના સત્યાગ્રહીઓને જુદા જુદા સત્યાગ્રહના સ્થાન પર મોકલવામાં આવ્યા છે. છેલ્લા બે દિવસથી બનેલા બનાવો પરથી માલમ પડે છે કે સરકારે ચુસ્ત બીનદખલની રાજનીતિ ગાંધીજીને લાગે વળગે છે ત્યાં સુધી અખત્યાર કરી છે. સરકાર ગમે તે કરે, છતાં સામુદાયીક સત્યાગ્રહની ચળવળ સઘળી ગણુતરીઓને કુદાવીને સજ્જડ પ્રસરી ગઇ છે. જલાલપોર તાલુકાને લાગેવળગે છે ત્યાં સુધી મીઠાવેરો દફન થયો છે.

આજે સવારે ઘણી સ્ત્રીઓ સાથે સત્યાગ્રહી ટુકડીનું સરઘસ જલાલપોરમાં રાષ્ટ્રીય ગીતો ગાતું પ્રતિબંધક મીઠું વેચવા નીકળ્યું હતું. નાનાં નાનાં બાળકોએ પણ સરઘસમાં ભાગ લીધો હતો.

ગાંધીજીનો નિશ્ચય

મહાત્માજીએ દરરોજ સત્યાગ્રહના એક યા બીજા સ્થાન પર

કાયદા ભંગ માટે બહાર પાડવાનું ઠરાવ્યું છે. ગાંધીજી રાષ્ટ્રીય સપ્તાહની પૂર્ણાહુતિ સુધી આ જીલ્લામાં રહેશે અને તે પછી પકડાતા સુધી પ્રાંતના બીજા મથકોએ ફરશે. મહાત્માજીની હીલચાલ એટલી ઝડપી છે, કે છાપાના પ્રતિનીધિને માટે તેમને અનુસરવાનું કાર્ય મુશ્કેલ છે.

બંગાળના વિદ્યાર્થીઓને ગાંધીજીનો સંદેશ

દાંડી છાવણી, તા. ૧૧ મી એપ્રીલ.

કલકત્તાની અખીલ બંગાળ વિદ્યાર્થી એસોસીએશન તરફથી મળેલા તારના જવાબમાં મહાત્માજીએ નીચેનો તારનો સંદેશો મોકલાવ્યો હતો:—

“ તમારો તાર મળ્યો. હડતાલ નીરૂપયોગી છે. શાળા કોલેજોની સ્વેચ્છીક ત્યાગની સલાહ અને જરૂર છે. કોઇને ફરજ પાડવી નહિ.

“ મને પકડાવાને વાર છે ”

મહાત્મા ગાંધી શુ કહે છે? સોમવારથી દારૂનિષેધ

દાંડી, તા. ૧૫ એપ્રીલ.

મહાત્માજી સ્વામી આનંદ જોગ પત્ર લખીને જણાવે છે કે:— આગેવાનોને ૨ વરસની સખ્ત જેલ મળી. તે હું પસંદ કરૂં છું. સખ્ત જેલમાં ઘણો અનુભવ મળે છે. અને સુધારા કરાવવાની તેથી તક મળશે. જેલના ચોક્કસ કાનુનોનો, ભંગ થવોજ જોઇએ. કેદીઓ એ રીતે અંદરનું સ્વરાજ મેળવી શકશે.

મુંબઈને મહાત્માજીની મુબારકબાદી

પ્રોગ્રામ માટેની કિંમતી સૂચનાઓ

જબાલપોર, તા. ૧૧ મી એપ્રીલ.

મુંબઇમાં થયલી છેલ્લી ધરપકડોની મહાત્માજીને ખબર આપતાં તેઓએ મુંબઇની પ્રાંતિક મહાસભા કમિટિ અને મુંબઇના શહેરીઓ જોગો નીચલો સંદેશો આપ્યો હતો.

શ્રી. આબીદઅલી. શ્રી. મહેરઅલી. અને શ્રી સાદીકની છેલ્લી ધરપકડો માટે હું મુંબઇને મુબારકબાદી આપું છું.

પકડાયેલાઓની જગ્યા તુરતાતુરત પૂરી નાખવી જોઇએ. આગેવાનો પકડાવાથી આપણે નિરાશ બનવું જોઇએ નહિ.

આપણી રીતિ ઘણી સાદી છે અને હું આશા રાખું છું, કે ધરપકડો છતાં મામલો હાલ મુજબજ ચાલુ રહેશે.

આપણે નીમક પકાવવુ જોઇએ અને પકાવેલુંજ નીમક વાપરવું જોઇએ.

આપણે પરદેશી કાપડનો બોયકોટ કરવો જોઇએ અને દારૂની બદી નાબુદ કરવી જોઇએ કે જે કામ હિંદના બાનુઓની ખાસ કે તકેદારી હેઠળ મેલાવું જોઇએ.

આ સાથ ખદરને પણ ભુલવી જોઇએ નહિ.

મહાત્માજીનો અબ્રામા ખાતે પડકાર

પ્રલ્હાદ આખ્યાનના બોધપાઠ

અબ્રામા, તા. ૧૦ મી એપ્રીલ.

મહાત્માજી આજ રોજ સવારના આઠ વાગે કાર્યક્રમ મુજબ કરાડી મટવાડ ખાતે ભાષણ આપનાર હતા. પરંતુ પહેલે દિવસે રાત્રે કામના ભારે બોજાને લીધે ઉંઘી નહિ શકવાથી અને અતિશય શ્રમીત થયેલા હોવાથી તે સભાનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો અને બપોરના ચાર વાગે સજોદથી બે માઈલ દૂર આવેલા અબ્રામા ગામમાં તેમનાં ભાષણનો ક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

સભાનો મંડપ ગામની ભાગોળના ભાગમાં ખુલ્લા મેદાનમાં ખાસ તૈયાર કરવામાં આવ્યો હતો. તેને આશોપાલવનાં પાન, વિવિધ મુદ્રાલેખ વગેરેથી શણગારવામાં આવ્યો હતો સભાનો સમય ચાર વાગ્યાનો હોવા છતાં, એક કલાક વહેલાં મંડપ ભરાવો શરૂ થયો

ગયો હતો, અને મહાત્માજી આવી પહોંચ્યા ત્યાં સુધી રાષ્ટ્રીય ગીતો ગવાડવામાં આવ્યાં હતાં.

બરોબર ચાર વાગે મહાત્માજી સભામાં મોટર મારફત મીઠુબ્હેન સાથે આવી પહોચતાં, તેમનો "મહાત્માજીની જય" ના પોકારો વચ્ચે સત્કાર થતાં, હાજર રહેલી બ્હેનોએ પુષ્પ તથા ચોખા નાખી તેમનો વધુ સત્કાર કર્યો હતો. અને લગભગ ૨૦૦ બ્હેનોએ હારતોરા તથા ફળફળાદીની ભેટ ચરણે ધરી હતી. અને રકમોની પણ મોટી ભેટ થઇ હતી.

રા. ઇશ્વરલાલ દેશાઇ

શરૂઆતમાં રા. ઇશ્વરલાલ દેશાઇએ ગામલોક વતી જણાવ્યું હતું, કે આપણે સૌ મહાત્માજીનો સંદેશો સાંભળવા આવ્યા છીએ અને આશા છે કે તે સંદેશો આપણે સમજીને અમલમાં મુકીશું. જેટલા પ્રમાણમાં આપણે મહાત્માજીને કામ આપીશું તેટલી વહેલી જાગૃતિ દેશમાં આવવાની છે અને મહાત્માજીને ખાત્રી આપું છું કે આખામા ગામ મહાત્માજીના સદેશને અનુસરવામાં જરા પણ પાછી પાની નહિ કરે, અને આંટ તથા દાંડીએ જે ઉત્સાહ અને વીરતા બતાવ્યાં છે તેજ વીરતા આ ગામ પણ બતાવશે.

મહાત્માજીનું પ્રવચન

મહાત્માજીએ ભાષણ કરતાં જણાવ્યું, કે મેં જ્યારથી કુચ શરૂ કરી ત્યારથી આ પહેલો દિવસ છે, કે જ્યારે આપણે વખત ચૂકયા છીએ. તે સારી નીશાની નથી. મિનિટ

મિનિટ આવવી તોજ દાંડી પહોંચી શક્યો અને અહિ બેસવાનો સમય પણ આવ્યો, નહિ તો આવી ના શકત. મેં અહિ જોયું કે લોકો તો આવેજ કરે છે, તેથી મેં કેટલુંક કામ હોવાથી ચલાવી લીધું, પણ હવે મને દરદ થાય છે કે મેં શું કર્યું !

ગઇ કાલે રાત્રે તો મને ડરાવીજ દેવામાં આવ્યો હતો કે મને તો પકડીજ જવાના છે. અગીયાર વાગે ઉઠાડાય ત્યારે જીવ કાંઇ ઓછો રહે છે ! એમ આખી રાત બરબાદ ગઇ, પણ વાઘ ન આવ્યો. એ વાઘથી તો બ્હેનો પણ નથી ડરતી તો મારે ડરવાનું શું હોય !

હવે તમારે શું કરવાનું છે ! અહિ આવેલી બ્હેનોના દીદાર જોઇને હું એમ ના કહી શકું, કે અબામા જરા પણ પાછી પાની કરે. નીમક તો આપણે એકઠું કરવાનુંજ છે. તે તમે અને તમારા ઢોરને ખવડાવજો અને દર વરસ માટે ત્રણ ચાર મણ તો ઘરમાં રાખીજ લેજો.

મીઠાનો ભાવ કેવો !

આજે છાપામાં વાંચ્યું કે મીઠાનો ભાવ અડધો થયો. પણ તેનો તો ભાવજ કેવો હતો ! એ તો જેમ દાતણની એક બે પાઇ આપવી પડે એ મુજબ મીઠું પણ મળવું જોઇએ. પણ એટલા કામથી કાંઇ સ્વરાજ્ય તો મળતુંજ નથી, તે માટે તમો બ્હેનોએ તો ખાદી પહેરતાં થઇ જવું જોઇએ. કાંતવા અને વણવાનું કામ ઘેરઘેર અને

ગામેગામ થઇ શકે અને તેમ થાય તો ગામમાં બરકત આવે.

પત્થરનાં ઘરેણાં પહેરતી બ્હેનો!

તમો કેટલીક બ્હેનોએ તો ઘરેણાં પૈસા વગેરે આપ્યાં પણ કેટલાંક એવાં ગામડાં પણ છે કે જ્યાં બ્હેનો પત્થરનાં ઘરેણાં પહેરે છે. આ સાથે તમે દારૂના બહિષ્કારનું કાર્ય પણ મીઠુ બ્હેન સાથે કરો. આ ત્રિવેણી સંગમ થાય તો, સરદારને તરત છોડાવી શકો. **પણ આજે એકલા સરદારનેજ ક્યાં છોડાવવાના છે? હવે ઘણા સરદારોને છોડાવવાના છે.**

અહિ તમારામાંના જે લોકો પાસે હોય, તેમણે પોતાના ખજુરાંઓના ઝાડોનો નાશ કરવો જોઇએ, **અને તે જગ્યાએ હિન્દને પોષક એવો પાક વાવે, એમાં તો બરકત રહેલીજ છે. જ્યારે ખજુરમાં તો ગમે તેટલા પૈસા મળતા હોય તો પણ તેમાં નાશ રહેલો છે.**

ખુરશીનો લોભ

હજી કેટલાક પટેલોએ રાજીનામાં આપ્યાં નથી તે કેમ છે? અત્યારે સરકાર કાંઇ પટેલોને કાઢવા તૈયાર નથી, આ ટાણે તો તમે સરકારને આકરા શબ્દો કહેશો તો પણ તે તમને ખુરશી આપવાના છે. તે ખુરશીનો લોભ હવે છોડી દો.

રીપોર્ટરો

મને આજે તો રીપોર્ટરો દેશના દ્રોહી થઇ પડ્યા લાગે છે. "ટાઇમ્સ" ના રીપોર્ટરે એવો રીપોર્ટ લખેલો કે મારે મઇ કાલે

રાત્રે લખાવવું પડયું અને તેણે તો અજમેરનું "આજ મરી ગયા" જેવું કરી નાંખ્યું, અને "ટોપલાનું ટપલું કર્યું." જો તમે દેશને વફાદાર થવા માગતા હો તો એવા રીપોર્ટ ના કરો.

રીપોર્ટરો બધા નાલાયક છે એમ કહેવું એ ખોટું તો ખરું. પણ કહેવું પડે છે, કે તેઓ ઘણા ખરા નાલાયક છે. અગર મારી ગામડીયા ભાષા સમજતા નથી. હું નથી માગતો કે તેઓ રીપોર્ટો મોકલે. મોકલે તો સમજીનેજ મોકલે. અંગ્રેજી પણ જેવું તેવું લખીને ગોટો વાળે તે કેમ પરવડે? હવે તો આખા દેશમાં એવી વાત ચાલી ગઇ કે ગાંધી લોહી કાઢવું એવી વાત કહે છે. એ વાત કેમ મારે મોઢે નીકળે? એ તો ઉલ્ટી વાત થઇ. અહિંસાનું જે કામ ૧૫ વર્ષ થયાં કરું છું તે કરતાં શું મારી બુદ્ધિ નાઠી! અને સાઠે બુદ્ધિ નાઠી એટલે હું ખુન કરીને પણ જેલમાં જવા માગું છું એમ કાંઇ નથી. મને જેલમાં જવાની પરવા પણ નથી. મને તો બહાર એઠું પાલવી શકે છે. જેલમાં જવાની ધગશ હોય, તો પણ ખુન કરીને તો નાજ જાઉં! જાઉં તોપણ મારું ખુન કરીનેજ જાઉં!

પ્રલ્હાદ આખ્યાનનો બોધપાઠ

મેં તો બ્હેનોને કહ્યું હતું કે તમારી મુઠી ઉપર ભલે માર પડે, લોહી નીકળે તોપણ ડગશો નહિ. ટીપાવા દેજો પણ મીઠું આપશો નહિ. એ શીક્ષા અહિંસા શાસ્ત્રમાંથી શીખ્યો છું. પ્રલ્હાદ આખ્યાનમાંથી શીખ્યો છું, આપણને ખાંડી નાંખે–મુઠી કચરી નાંખે–તોપણ આપણે એકના બે નથી થવાનું. જો કે એ વાતની શરૂઆત તો થઇ ચુકી છે. દિલ્હીથી તાર આવ્યો છે, કે ચાર માણસોને અમલ-

દારોએ એવો માર માર્યો કે તેઓ મુર્છિત થઇ ગયા.

હજી તો સરકાર રમત રમે છે, તેના મનમાં તો હશે કે હજી બરાબર સ્ત્રીઓને પુરુષોને સ્વાદ ચખાડીશું. ભલે તેઓ તેમ કરે પણ આપણે કાંઇ કહેવાનું નથી. આપણા છાપાઓમાં મેં વાંચ્યું કે કેટલીક બ્હેનોએ સીપાઇઓને “બાયલાઓ” અમને પકડતા કેમ નથી એમ કહેલું. આ શબ્દો ના જોઇએ. તેઓ બ્હેનોને પકડતા નથી એમાં તેમની શરમ છે. જો કે આજે દિલ્હીમાં બે બ્હેનોને પકડયાનું પણ સાંભળ્યું છે. હું તો અહિંસાનું પાલન કરીનેજ જેલ જવા માગું છું. બ્હેનોના મોંમાંથી “બાયલા” શબ્દ નીકળવા શોભે નહિ! ભલે એ અમલદારો જુલમ કરે, પણ તે છેવટે આપણા ભાઇઓ છે.

વીરાંગનાનું કામ લેવું છે

મારે તો તમારી પાસેથી વીરાંગનાનું કામ લેવું છે. તે મોંઢેથી કાંઇ ના બોલે. આપણાથી કાંઇપણ બેઅદબી ના થાય. તેથી આપણી લડત આગળ ન ચાલે. મારે તો જગતને બતાવવું છે કે આખો સમુદાય જે લડત લડી શકયો નથી, તે આજે બ્હેનો લડે છે. હજી તમારી તો તેમાં શરુઆત છે.

જેમ સરકારે મીઠાનો ઇજારો લીધો છે તેમ ભાષણ કરવાનો ઇજારો મેં લીધો છે. બીજાઓ તો મુંગે મોંઢે કામ કર્યાજ કરે આપણા હાથ મોં ગંદા થાય ત્યાં ઇશ્વર નથી. તમે એક પણ દિવસે

એવું કામ ના કરશો.

મુંબઇની પ્રજાને સંદેશ

મુંબઇના ભાઇઓ અહિં આવ્યા છે, તેમની મારફત પણ હું આ સંદેશો પહોંચાડવા માગું છું. ૧૯૨૧ માં પાસે બેઠેલાની કાળી ટોપી ઝુંટવી લઇને હોળી કરવાનો સમય હવે નથી રહ્યો. એ તો જેમ "ટાઇમ્સ ઓફ ઇન્ડીયાના" રીપોર્ટરે અજમેરનું આજ મરી ગયા જેવું કર્યું એવું થાય. પડખે બેઠેલો માણસ કોઇની વીલાયતી ટોપી લઇ નાંજ લે.

અત્યારે આપણે તો બતાવીએ છીએ કે આપણે દૂધ છીએ. તેમાં જરા એબ હશે તો તે તરત જણાઇ આવશે. પુર્વે કર્યું તેમ હવે હું નથી કરવાનો. હવે તો એક તરફથી લડત ચાલવાનીજ. જો લોકો પહેલાંના જેવા ગુન્હા કરશે, તો મારે તો તેના અંગારમાં બળી જવાનું હશે. જો લોકોની મારા દેહ પાસેથી સેવા લેવાની ઇચ્છા હોય તો તેઓ આમ ના કરે.

મારામાં તો સિંહની માફક ગર્જવાની શક્તિ પણ છે, પણ તે ક્યારે ? કે જ્યારે મેં જે પ્રમાણે કહ્યું, તેમ કરતા હોઇએ ત્યારે. મુંબઇના ભાઇઓને કહું છું, કે તમે સ્વદેશીના ઉપરાંત આ કામ પણ કરજો. આ તો ૧૯૨૧ ના કરતાં બેવડી લડાઇ છે.

લોકોએ ઉંચકેલું મીઠું

અંતમાં તેમણે બધાને ખાડીમાંથી મીઠું લેવા જણાવ્યું હતું, અને તે મુજબ તેમણે તથા બીજાઓએ મીઠું લીધું હતું. સભામાં આમ લોક તરફથી રૂ. ૨૦૧ ની ભેટ થવા ઉપરાંત બીજી કેટલીક રકમોની પણ ભેટ થઇ હતી.

ખજુરાંના ઝાડો

ગાંધીજીનો આદેશ

દાંડી છાવણી, તા. ૧૧ મી એપ્રીલ

મહાત્મા ગાંધીજી સવારે કાર્યક્રમ મુજબ કરાડી મટવાડ ખાતે જઇ પહોંચ્યા હતા. જ્યાં આશરે પાંચ હજાર માણસોની મેદની જામી હતી.

તેઓ સભામાં આવી પહોંચ્યા તે પહેલાં એક કલાક અગાઉ લોકોએ આવવાનું શરૂ કરી દીધું હતું. અને તેઓ આવી પહોંચ્યા તે વખતે તો લોકોની મેદની ચીકાર જામી ગઇ હતી. જેમાં સ્ત્રીઓએ ૩૦૦ ની સંખ્યામાં હાજરી આપી હતી.

મહાત્માજીએ ભાષણ કરતાં જણાવ્યું, કે મેં હમણાં સાંભળ્યું કે જેટલું મીઠું કુદરતની પાસે હતું તે તમે ખુટાડયું છે. અને તેને સારૂં હું તમને મુબારકબાદી આપું છું. વળી મીઠું સાફ કરવાની એક બે રીતો પણ તમો શોધી કાઢી છે, અને પૂર્વજોની રીતોનો પુનરૂધ્ધાર કર્યો છે, અને લોકો સારૂં મીઠું કેમ બનાવી શકે તે બતાવી આપ્યું છે.

ગઇ કાલે અને પરમ દિવસે અમને ફરતાં ફરતાં અચાનક ચોકખા મીઠાનો ઢગલો જણાયો અને સરકારનો બગાડવાનો અને આપણો સુધારવાનો ધંધો. એટલે સરકારે તે મીઠું બગાડયું પણ આપણે સુધારી શકીએ.

હવે તમને જેટલા ખજુરા કાઢવાની સત્તા મળી છે, તે હવે તમારે કાઢવાનાં અને મૂળમાંથી કાઢી નાખવાનાં છે. અને તે આપણો ધર્મ છે. સત્યાગ્રહી તો આ પોતાને સેવા મળી છે એમ માની લે.

બ્હેનો ખજુરા કાપવા નહિ જાઓ. પણ તમે તો બીજો ધંધો કરો છો. તે વાત મેં સાંભળેલી છે. અને તમારામાંનાં ઘણા તો મારા અસીલ હતા અને તેમણે કહેલી વાતોનું સ્મરણ થાય છે. તમે માથે તાડીનાં એડાં લઇને ના જાઓ. ભલે ઓછા પઇસા મળે તોપણ બીજો ધંધો આદરો. જો આ ધંધો બ્હેનો છોડી દેશો તો ઇશ્વર મદદ કરશે. અને તમારે બરકત આવવાની છે.

તમારે ખરેખરો ધંધો તો તકલી રેંટીયાનો કરવાનો છે. હવે તમારે તો ખાદીજ પહેરવી જોઇએ. અને દુકાનોમાંથી લુગડાં લઇ આવો તે નહિ પરવડે. ખાદી નહિ પહેરો તો જીત્યા છતાં હારી ગયા છીએ એમ માની લેજો. જેમ આપણે અત્યારે સરકારને કરીએ છીએ, તેમ બીજી પ્રજા તમારી તરફ રૂઠે ત્યારે તમે શું કરો ? શું ત્રીસ કરોડ લુગડાં વિનાના રહેશે ? તમે એવી દીન સ્થિતિમાં ના આવો, તે માટે કહી દઉં છું, કે પરદેશી કાપડની તો હોળીજ કરો. તા. ૧૩ મી એ તો બાળી નાખવાનો હુકમ પણ નીકળી ચૂકયો છે. ખાદી ના પહેરીએ તોપણ આપણે નાગા જેવાજ છીએ. જયારે મીઠું પકાવાનું ના હોય, ત્યારે તમારે એ કામ કરવાનું છે. જેમ બજારનાં કપડાં નહિ પહેરીએ તેમ બજારનું મીઠું પણ નહિ ખાઇએ એવો તમારે આગ્રહ કરી લેવાનો છે. જેમ રોજ રોટલો પકાવીએ, તેમ દરિઆ કિનારાઓ ઉપરથી દરરોજ વાડકામાં પાણી લાવીને મીઠું પકવીએ.

આપણે. કાંઇ મીઠું છાનું માનું નથી ખાવું. જ્યાંસુધી બીજે ચીજું પડયું હોય ત્યાં બજારમાં મીઠું છાનું લેવાનું હોય! આપણે આ ધંધો તો કયેંજ છુટકો છે. આપણે નવરા હોઇએ ત્યારે આપણા હાથ ચાલતાજ હોવાં જોઇએ. મીઠા કરતાં તકલીની કિંમત વધારે છે, એ તો તમે સમજીજ જજો. ધંધા તરીકે મીઠાની કિંમત કાંઇ નથી. હું તો હવે તમારી પાસેથી રોજ હિસાબ માંગવાનો છું અને પૂછીશ, કે તમો દેશને સારૂં કેટલું કામ કર્યું. સુતર વગેરે તમારા ઘરમાં રહેશે તોપણ તે તમે દેશને માટેજ કર્યું એ મારા અને બધાના માનવા પ્રમાણે ગણાશે.

હવેથી બ્હેનો વ્રત લો કે હવે અમે તાડી તો નહિજ લઇ જઇએ. જો તમારે સ્વરાજ્ય લેવું સહેલ કરવું હોય તો આ ચાર કામ કરવાના છે. (૧) પરદેશી કાપડની હોળી, (૨) ખાદી બનાવવાનું, (૩) દારૂ પીનારાઓને છોડાવવાનું, અને (૪) મીઠું બનાવતાં આપણે સરકારનો ગુન્હો કરતા હોઇશું તો પણ ઇશ્વરના દરબારમાં તો પૂણ્ય જમે થવાનું છે. તમારા પટેલને તમે પ્રેમથી જીતો. તે મુખીપદ ના છોડે તો તમારે તેની સામે રીસાવાનું ના હોય.

સ્વયંસેવકોએ તો જાણવું જોઇએ કે તેમણે પોતાનો ધર્મ છોડવાનો નથી અને રેંટીઓ કે તકલી પણ ચાલુ રાખવાનાં છે.

શું સરદાર અને દરબાર જેલમાં ગયા તેને જેલમાંજ રહેવા દેશું? તેમને જેલમાંથી વહેલા લાવવા હોય, તો પુરૂષાર્થ કયેંજ છુટકો છે.

સરકારનો ડર છોડી દેજો, એવું હવે મારે કહેવાનુંજ ના હોય. તમે તે છોડી દીધોજ છે. તમારે તો લવાય એટલું મીઠું ઘરમાં લાવીને વધાવી દેવું જોઇએ.

તમે તમારી સેવા કરનાર દરબારી જેઓ જેલમાં ગયા તેને માટે શું કરશો ? આ તમારા સેવકોને ઉપાડી જાય અને તમે બેસી રહો, એ તમે કેમ બેસી રહી શકો ? તે માણસો માટે તમે કાંઇ કાર્ય કરો તો વહેલા તેમને જેલમાંથી છોડાવીને લાવી શકો છો.

તા. ૧૩ મીએ તો આપણે અર્ધો ઉપવાસ છે. અને એ તો આત્મશ્રદ્ધાની વાત છે. તે તમારે તે દિવસે તો સ્નાન વગેરે કરીને બધાએ મીઠું પકાવવાનું છે. એક વાડકી પાણી લઇ આવીને, ચુલા ઉપર મૂકજો. એટલે તરત મીઠું થઇ જવાનું છે

દાંડીમાં તા. ૧૩ મીએ સ્ત્રીઓની પરિષદ થવાની છે. તમે બધી બ્હેનો આવો એમ ઇચ્છતો નથી. આપણે તો શું કરવું તેનો વિચાર કરવાનો છે. તમારામાંથી કેટલીક બ્હેનો પ્રતિનીધિ બનીને આવો. તેમાં ખાદીના મદ્યપાન નિષેધના અને તાડીના કામ સંબંધી વિચાર કરવાનો છે. તેમાં બ્હેનો પાસેથી પ્રતિજ્ઞા લેવડાવવાનો છું, કે અમે મરીશું તો પણ દારની બદી તો કહાડીશું જ ! રવિવારે આપણે આટાત્રણ વાગે મળવાનું છે. બ્હેનો તો સુરત અમદાવાદ વગેરેથી પણ આવનાર છે. ઇશ્વરની ઇચ્છા હશે, તો બ્હેનો પાસેથી આ કામ તો લેવાનોજ છું.

અંતમાં મહાત્માજીએ જણાવ્યું હતું, કે સુરત જીલ્લામાં એક પણ ખજુરો ના હોય, એવી સ્થિતિ જોવાનું થવું જોઇએ. બાદ

તેમની સુચનાથી ખજુરાનાં ઝાડના માલીકોનાં નામોની યાદી કરવામાં આવી હતી. અને મહાત્માજીએ જણાવ્યું હતું કે તમે લોકો તેમને આ ઝાડોનો નાશ કરવાનું સમજાવો. જો તેઓમાંના કોઇ અહિ હોય, તો તેમને હું તે માટે વિનંતિ કરવા તૈયાર છું.

બાદ મહાત્માજી સભામાંથી ગયા હતા અને તાડીઓના ઝાડોનાં માલીકોનાં નામોની યાદી તૈયાર કરવામાં આવી હતી. અને મિટિંગનું કામ પૂરૂં થયું હતું.

ખજુરાંનાં ઝાડ

સુરત જીલ્લામાં કાપવાની શરૂઆત

દાંડી, તા૦ ૧૧ મી એપ્રીલ

મહાત્મા ગાંધીજીએ કરેલી અપીલના પરિણામે, આજ સવારે કરાડી મટવાડ ખાતે લગભગ ત્રણસેં ખજુરાંનાં ઝાડો કાપવાનું જાહેર થયા બાદ, બીજાં પણ વધુ ઝાડો કાપવાની, તે ઝાડોના માલીકોએ પોતાની ઇચ્છા દર્શાવ્યાનું જણાયું છે. અને બોરી ફળીયામાં પણ કેટલાક ઝાડો કાપવાનું જાહેર થયું છે. આજેજ ત્રણ ઝાડો કાપવામાં આવ્યાં હતાં. જ્યારે બીજાં ઝાડો એકાદ દિવસમાં કાપી નાખવામાં આવશે. તે કામ માટે ખાસ સ્વયંસેવકો જનાર છે, એવી બીના બહાર આવી છે.

પીંજરત છાવણી

ખજુરાનાં ઝાડો સામે સુરતની જેહાદ

સુરત, તા. ૧૨ મી એપ્રીલ.

મહાત્મા ગાંધી આજે સવારે પરોઢીએ સુરતથી ૧૩ માઇલ દૂર આવેલા પીંજરત ગામે જવા દાંડીની છાવણી છોડી ગયા હતા. ગાંધીજી નવસારીથી ગાડીમાં બેસી સુરત આવ્યા હતા અને ત્યાંથી મોટરમાં પીંજરત ગયા હતા. ગાંધીજીનુ ભવ્ય સ્વાગત કરવા પીંજરતમાં હજારો માણસોની લોકમેદની ટોળે વળી હતી.

મીઠું ખુટી પડયું હતું !

જલાલપોર તાલુકાના સ્વયંસેવકોની હીલચાલ દરરોજ વધતી જાય છે. આટ અને બીજાં બે મથકો પર કુદરતી મીઠું ખુટી પડયું છે. અને નવી ભરતી આવે નહિ ત્યાં સુધી મીઠું એકઠું કરવાનું કાર્ય થંભ્યું છે આથી સ્વયંસેવકોએ ઉત્સાહથી બીજાં કાર્યો પાછળ રોકવામાં આવે છે. દરમીયાન સ્વયંસેવકોએ તાડીનાં ખજુરાંનાં ઝાડોને કાપવાનું કામ ઉપાડી લીધું છે. ગાંધીજીએ પોતાનાં પ્રવચનોમાં પણ આ કામ ઉપાડી લેવાનો આદેશ આપ્યો છે. આટ અને બીજાં સ્થાને પણ આવાં સેંકડો ઝાડો કાપી નાંખવામાં આવ્યાં છે. આ ચળવળ

વધતી જાય છે. જલાલપોર તાલુકાનાં સ્ત્રી બાળકોએ પ્રતિબંધક મીઠું ખુલ્લી રીતે વેચવાનું કાર્ય ઉપાડી લીધું છે.

સ્ત્રીઓ જંગે મયદાનમાં

ગુજરાતની સ્ત્રીઓને એકત્ર કરી, તેમને રાષ્ટ્રીય કાર્ય પાછળ લગાડવાના જોરદાર પ્રયાસ ચાલી રહ્યા છે. જલાલપોર તાલુકામાં સ્ત્રી સત્યાગ્રહીઓ ઘેર ઘેર ફરીને દારૂનિષેધ અને પરદેશી કાપડના બહિષ્કારની ચળવળ માટે ટેકા મેળવે છે. આવતી કાલથી એ ચળવળનાં મંડાણ થશે. સ્ત્રીઓમાં ઉત્સાહની ભરતી ચઢી છે. સ્ત્રી સ્વયંસેવિકાની ભરતીનું કામ ચાલુ છે. ગાંધીજીની ઇચ્છા છે કે સ્ત્રીઓએ દારૂનિષેધનું કાર્ય ઉપાડી લેવું જોઇએ. જલાલપોર તાલુકામાં પીકેટીંગની પૂરતી સગવડ છે. આ તાલુકાની સ્ત્રીઓ તેમની નીડરતા માટે જાણીતી છે. ગઇ કાલે કેટલીક યુવાન સ્ત્રીઓ નવસારીથી બસમાં આંટ ખાતે પાછી વળતી હતી, ત્યારે પોલીસે તેમને પૂછ્યું હતું. કે તમારી પાસે પ્રતિબંધક મીઠું છે કે ? બહાદુર સ્ત્રીઓએ ઉત્તર વાળ્યો હતો કે અમે દીલગીર છીએ કે હાલ અમારી પાસે નથી, પણ અમે ઇચ્છીએ છીએ, કે તે અમારી પાસે હોત ! આ જુસ્સો આખા ગુજરાતમાં પ્રસરી રહ્યો છે.

ગાંધીજી પીંજરતમાં

મહાત્મા ગાંધી સવારના ૯–૨૦ વાગે પીંજરતમાં આવી પહોંચ્યા હતા. આસપાસના ગામોમાંથી લોકોની એક મોટી મેદની બે કલાક અગાઉથી ત્યાં એકઠી થઇ હતી. મકાનને આસોપાલવથી શણગારીને ગાંધીજીને માટે બેઠક કરવામાં આવી હતી. ગાંધીજીએ લોકોની મેદની

સમક્ષ પ્રવચન કરતાં જણાવ્યું હતું, કે આપણે જરાયે કંટાળ્યા સિવાય અનેક દુઃખ ભોગવવાનાં છે. આપણે ઉપાડેલી આ લડતમાં આપણે અનેક સંકટોને નોતરવાનાં છે.

બ્હેનોને હાકલ

મહાત્મા ગાંધીએ આવતી કાલે દાંડીમાં મળનારી સ્ત્રી પરિષદ સંબંધમાં બોલતાં જણાવ્યું, કે સ્ત્રીઓ દારૂનિષેધ અને પરદેશી કાપડના બહિષ્કારનું કાર્ય ઉપાડી લે તેવું હું ઇચ્છુ છું. વળી સ્ત્રીઓએ સરકારી મીઠું નહિ વાપરવાની પ્રતિજ્ઞા લેવી જોઇએ.

બ્હેનોને સંબોધીને ગાંધીજીએ જણાવ્યું કે, તમારે પોલિસમેનોને 'બાયલા' કહેવા ન જોઇએ. તેઓ તમારા ભાઇઓ છે. તેથી તમે તેમને 'બાયલા' કેમ કહી શકો? તેઓ તમને અડકતા શરમાય છે. તેઓ તમારા પર હાથ ઉગામે તોપણ તમારે તેમનું ભલુ ચાહવું જોઇએ. તમારે જાણવું કે તેઓ હિંદ માતાના કપુત છે અને તમારે તેમને ખરે રસ્તે લાવવાના છે. જો ફક્ત એકજ તાલુકો તૈયાર હશે, તો આપણે ટુંક સમયમાં આપણું ધ્યેય પ્રાપ્ત કરીશું. ઇશ્વરને હું પ્રાર્થના કરૂં છું, કે તે આ તાલુકાને હિંદને દોરવવાની તાકાત આપે.

મહાત્મા ગાંધીજીએ વધુમાં જણાવ્યું કે, તમને તડકામાં તપતા જોઇને મને દુઃખ થાય છે, પણ બીજી દ્રષ્ટિએ તે ઠીક જ છે. કારણ કે સહન કર્યા વગર સ્વરાજ્ય મળવાનું નથી. સરકાર ધીમેથી ભલેને કરે કારણ કે તે કશું કરી શકવા અસમર્થ છે.

ગાંધીજી પાછા દાંડીમાં

દાંડી છાવણી, તા૦ ૧૨ મી એપ્રીલ.

મહાત્માજી બપોરે પીંજરતથી નીકળી ફાસ્ટ પેસેન્જરમાં નવસારી ઉતરી, સીધા દાંડી આવી પહોંચ્યા હતા.

મહાત્માજીનું પ્રોગ્રામ

તેઓ ગુજરાત છોડશે કે?

જલાલપુર, તા૦ મી એપ્રીલ.

રાષ્ટ્રીય સપ્તાહ પૂરૂં થતાં મહાત્માજી દાંડી છોડી જશે એ હવે ચોક્કસ છે.

તા. ૧૩ મી એપ્રીલના કાર્યક્રમ ઉપર વિચાર ચાલી રહ્યા છે તેઓ ગુજરાતની બહાર નીકલશે એવી ખબર ખરી નથી. લડત દરમ્યાન અને ખાસ કરીને સરદારની ગેરહાજરીમાં ગુજરાતે ઘણો ઉત્તમ જવાબ વાળ્યો હતો.

મહાત્માજીની મુંબઈના

લોકોને ગંભીર ચેતવણી.

જલાલપુર, તા. ૧૦ મી એપ્રીલ.

મહાત્માજીએ જાહેર કર્યું હતું, કે તેઓને મુંબઇ ખાતે બોલાવવામાં આવ્યા છે.

તેઓ મુંબઇ જશે, પણ જો ત્યાં ૧૯૨૧ ની માફક બીજાઓના માથા ઉપરની ટોપીઓથી હોળી કરવામાં આવશે તો તેથી તેઓને દુઃખ ઉપજશે.

હવે તેઓ વખત અટકાવી શકે નહિ, પણ લોક જુસ્સો કરવાનું ચાલુ રાખશે તો તેઓ અગ્નીમાં બળીને ખાખ થશે.

મુંબઈનું આમંત્રણ

મહાત્માજીનો જવાબ

મુંબઈની પ્રાંતિક મહાસભા કમિટિના પ્રમુખે મહાત્માજીને મુંબઈ પધારવા માટે કરેલા આમંત્રણનો નીચેનો જવાબ લખ્યો હતોઃ–

તમારા સંદેશાથી મને ઘણો આનંદ થયો છે.

મહાસભાના પ્રમુખની ગીરફતારીને મુંબઈના જુવાનો કેવો જવાબ વાળશે, તે માટે હું અજબ થાઉં છું.

દર કલાકે મારી ગુજરાતને જરૂર પડે છે. પણ મુંબઈને જ્યારે ઘણીજ જરૂર હશે ત્યારે હું આવીશ.

ગાંધીજી ગુજરાતમાંજ રહેશે

મુંબાઈથી વધુ દુર જવાની ના

જબાલપોર તા. ૧૧ મી એપ્રીલ.

મહાત્મા ગાંધીએ છાપા જોગી નીચેની યાદી બહાર પાડી છે.

હિંદના જુદા જુદા ભાગમાંથી મને સંખ્યાબંધ નીમંત્રણો મળ્યા છે. શક્ય હોય, ત્યાંસુધી હું ગુજરાતપર મારૂં ધ્યાન રોકવા માંગું છું. આવતે અઠવાડિએ તબીયત સારી હશે, તો હું ગુજરાતના જે ભાગોમાં મારી હાજરીની જરૂર હશે, ત્યાં જવા છુટો છું, હું ગુજરાતની બહાર મુંબાઈ સુધી જઈ શકું, પણ તેથી દુર નહિ.

દાંડીમાં સ્ત્રી પરિષદ

ગુર્જર વીરાંગનાઓને ધર્મયુદ્ધમાં નિમંત્રણ

દાંડી, તા. ૧૩ મી એપ્રીલ

ગુજરાત પ્રાંતની સ્ત્રીઓની પરિષદ અહિં મળી હતી. પ્રાંતના અનેક ભાગોમાંથી સ્ત્રીઓ ઠીક સંખ્યામાં હાજર થઇ હતી. મુંબઇ અને બીજા ભાગોમાંની અનેક આગેવાન સ્ત્રીઓ નજરે પડતી હતી.

સ્ત્રીઓનો ઉત્સાહ માતો ન હતો. આટ, મતવાડ, વેજલપુર, જલાલપુર વગેરે આસપાસના ગામડામાં વાહન માટેની સગવડ ઘણી ઓછી હોવાથી, સ્ત્રીઓ પગે ચાલીને આવી હતી.

પરિષદ મુખ્યત્વે સ્ત્રીઓની હોવા છતાં પુરુષોની એક મોટી સંખ્યાએ હાજરી આપી હતી.

પ્રાંતના જુદા જુદા ભાગોમાં હાજર રહેલી બાનુઓની સંખ્યા ૩૦૦ ની હતી. પરિષદ ભરવાની ખબર ટુંક વખતમાં મળવાથી અને વાહનોની સવડ નહિં હોવાથી ઘણી નાસીપાસી ફેલાઇ હતી. સખત તડકો વેઠી સ્ત્રીઓને આવતી જોવાનો દેખાવ હૃદયસ્પર્શી હતો. રાષ્ટ્રીય સેવાભાવના વિના તેઓ આ હાડમારીઓ ઉઠાવવાનો સંભવ નથી.

આગેવાન સ્ત્રી કાર્ય કરતાઓએ સ્ત્રીઓએ પરદેશી કાપડના બહિષ્કારનું તથા દારૂની બંધીનું કાર્ય કરવા છતાં તુરત કર્યું કાર્ય હાથ ધરવું તે વિષેની ચર્ચા મહાત્માજી સાથે ચલાવી હતી.

દારૂનું પીકેટીંગ પાકી રીતે ક્યાં ચાલે, તે વિષે વિચારોની આપ લે છુટથી થઈ હતી.

શ્રીમતી મીઠુ બ્હેન પીટીટ સુરત જીલ્લાની તરફેણમાં હતાં. તેમણે જણાવ્યું કે આ જીલ્લાનું જમીન મહેસુલ જ્યારે ૨૫ લાખથી વધુ નથી, ત્યારે તેની આબકારી મહેસુલ લગભગ ૪૦ લાખ જેટલી છે. તેથી આ જીલ્લો પીકેટીંગ માટે સારી તકો પૂરી પાડે છે. ઉપરાંત જીલ્લામાં પ્રચાર કાર્ય ઠીક થયું છે. મુંબઈનો વિસ્તાર મોટો હોવાથી તે જોઈતી તક પૂરી પાડે તેમ નથી.

મુંબઈના કાર્યકર્તાઓએ સુચવ્યું હતું, કે મુંબઈના પરાંઓનો વિસ્તાર મર્યાદિત હોવાથી પીકેટીંગ માટે તે સારી તક પૂરી પાડે તેમ છે.

છતાં સામાન્ય અભિપ્રાય એવો છે કે જ્યાં પીકેટીંગ કરવું હોય, ત્યાંનાજ સ્વયંસેવકો ઉભા કરવા, જેથી તેમને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાની મુશ્કેલી પડે નહિ. કાર્યક્રમ વિષે આમ એકમતી થઈ છે.

નજદીકના ભવિષ્યમાં બને તેટલા સ્ત્રી સ્વયંસેવિકાઓ ઉભા કરવા ચાલુ પ્રયત્નો કરવામાં આવશે.

એક મધ્યસ્થ કન્ટ્રોલીંગ બોર્ડ સ્થાપવાનો સવાલ પણ ચર્ચાયો હતો.

સભાનું કામ ભારે ઉત્સાહ વચ્ચે બપોરે ૩ા કલાકે પૂરું થયું હતું.

મહાત્માજીનું ભાષણ

પ્રજાકીય હીલચાલોમાં સ્ત્રીઓ કેવી રીતે ઉપયોગી થઇ પડે, તે સમજાવતાં મહાત્માજીએ ૧૯૨૧ ની અસહકારની ચળવળો ઉપર બોલતાં જણાવ્યું હતું, કે દારૂબંધીની ચળવળોનું કામ સ્ત્રીઓના કાબુ હેઠળ નહિ છોડીને, પુરુષોના કાબુ હેઠળ છોડવામાં તેઓએ ભૂલ કરી હતી. તે દિવસોમાં ઘણું બની શકે તેમ હતું નહિ. કારણ કે તે વેળાએ સ્ત્રીઓનો ઉત્સાહ અને ભોગની લાગણી જાહેરમાં લાવવામાં આવ્યા હતા નહિ. અને તેથીજ દારૂ અને પરદેશી કાપડની દુકાનો પર અહિંસાત્મક પીકેટીંગના નાજુક કામ માટે સ્ત્રીઓજ પુરુષો કરતાં વધુ યોગ્ય છે. અને જો ગુજરાતની સ્ત્રીઓ તરફથી યોગ્ય જવાબ મળશે તો તેમની અપીલ સમગ્ર ગુજરાતમાં, એટલુંજ નહિ પણ સમસ્ત હિંદી પ્રજાનાં અંતરને ઘાયલ કરશે. જો ગુજરાતની સ્ત્રીઓ આ બહિષ્કાર શાંત રીતે અને અહિંસાત્મક રીતે ઉપાડી લેશે, તો તે વિજળીની ઝડપે હિંદભરમાં પ્રસરી જશે. મારે એ બાબતપર ખાસ ભાર મૂકવો જોઇએ, કે મોટા પ્રમાણમાં ખાદી ઉપજાવ્યા વિના પરદેશી કાપડનો બહિષ્કાર શક્ય નથી. આથી પ્રજાએ ખાદી પહેરવા સાથે તે બનાવવાનું કાર્ય નિયમિત પ્રમાણમાં ઉપાડી લેવું જોઇએ. જો તેમ થયું તો બનાવટી કાપડનો ભય

રહેશે નહિ. પહેલાં તો સ્ત્રીઓએ પોતેજ ખાદી વાપરવાનો ઠરાવ કરવો જોઇએ અને પરદેશી કાપડ સમુળગુ બોયકોટ કરવું જોઇએ. પુરસદની વખતે તેઓએ તકલીપર કામ કરવું જોઇએ.

મહાત્માજીએ આગ્રહ કર્યો હતો કે સ્ત્રીઓએ તુરતાતુરત આ કામો ઉપાડી લેવાં જોઇએ. સભામાં હાજર રહેલી કેટલી સ્ત્રીઓ વોલંટીઅરો તરીકે બહાર પડવા ખુશી હતી, તે તેઓએ જણાવવા માગ્યું હતું.

જવાબમાં સઘળા હાથો ઉંચકાયા હતા,

આ વોલંટીઅરોના નામો સભામાંજ નોંધી લેવામાં આવ્યા હતા.

આ કામને લગતી ગોઠવણો થઇ રહેતાં મીઠુબ્હેન પીટીટની આગેવાની હેઠળ પીકેટીંગ શરૂ કરવાનું ઠર્યું હતું.

આ આઝાદીની દેવીઓ તરીકે સ્ત્રીઓ ભલે અમર નામના મેળવે

મહાત્માજીએ વધુમાં જણાવ્યું કે, ભાવિ ઐતિહાસકાર ભલે એ વસ્તુથી નોંધ લે, કે જો હિંદની સ્ત્રીઓએ આ બે વસ્તુઓ કરી ન હોત, તો હિંદ આઝાદ થયું ન હોત. એવું ભલે કહેવાય, કે હિંદની સ્ત્રીઓએજ દારૂની દુકાનો બંધ કરાવી, આ દેશને 'સુકો' બનાવ્યો હતો!

દારૂડીયા માટે તો શું કરવું?

પીકેટીંગ કરતી સ્ત્રીઓ પર દારૂડીયા હુમલો કરે તો શું કરવું? એના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું હતું, કે, આ જોખમ મારા

મગજમાં હતું જ પણ જો બ્હેનોને પોતાનામાં અને પોતાની લડતમાં સંપૂર્ણ શ્રદ્ધા હશે, તો દારૂડીઆ આ 'દયાની દેવીઓ' પર હુમલો કરવાની કદી હિંમત કરશે નહિ, ઉલટી બ્હેનોની અપીલની ઉંડી અસર તેના પર થશે. પણ એ વસ્તુ બતાવવાની જરૂર નથી, કે આવા હુમલા પહેલાં થયા હતા અને હાલની હીલચાલમાં આવા હુમલાઓ થાય, તો મને કશી નવાઇ લાગે નહિ. હું આશા રાખું છું, કે, તમારા પીકેટીંગમાં સરકાર દખલ કરશે નહિ. છતાં સરકાર શું કરશે તે કોઇપણ કહી શકે નહિ. જે સ્ત્રીઓ સ્વયંસેવિકાઓ તરીકે પોતાનાં નામ નોંધાવે, તે આ જોખમ ધ્યાનમાં રાખીને છતી આંખે નોંધાવે.

ધર્મયુદ્ધમાં હિંસા હરામ હોવી ઘટે

૧૯૨૧ નાં પાપ

મુંબઇને ગાંધીજીની ચેતવણી

મહાત્મા ગાંધીએ મુંબઇથી મળેલો પત્ર વાંચી સંભળાવતા જણાવ્યું હતું, કે ૧૯૨૧ નું પાપ ફરી શરૂ થયું છે. અતિ ઉત્સાહીઓએ રસ્તે ચાલનારાઓને માથા પરની ટોપીઓ બળજબરીથી ખુંચવવા માંડી છે. આ રીપોર્ટ ખરો છે કે ખોટો, તે હું જાણતો નથી. પણ જો આ રીપોર્ટ ખરો હોય, તો તે ઘણો આઘાત કરનારો છે! જ્યારે આપણે વિજયની લગભગ સમીપ હતા, ત્યારે આ કામોથી એ વિજય આપણી પાસેથી ખુંચાઇ ગયો હતો. આ આપ-

ભોગની લડત છે. આ રાષ્ટ્રીય કાર્યક્રમ દરેકે ઉપાડી લેવો જોઇએ. પણ તે કોઇએ બળજબરીથી બીજાના મન પર ઠસાવવો ન જોઇએ. જો આપણો આત્મા શુદ્ધ હોઇએ તો આપણે જેઓ ભુલો કરે છે, તેમની સામે સત્યાગ્રહ શરૂ કરી શકીએ. પણ તેમાં બળજબરીને અવકાશ હોવો ન જોઇએ.

લડત થંભાવવાનો પ્રશ્નજ નથી

મારે માટે તો આ લડત થંભાવવાનો પ્રશ્નજ નથી. મારા જીવનની આ છેલ્લી લડત છે. અને હું ગમે તે કરૂં તોપણ આ લડત ચાલુ રહેવીજ જોઇએ. જો લોકો હિંસાત્મક કામો કરશે તો તેઓ અને તેમની સામે સત્યાગ્રહ આદરતા અટકાવી શકવાના નથી. અહિંસાત્મક રહેવુંજ જોઇએ. હું કબુલ કરૂં છું, કે આ અહિંસાનો સવાલ મારી નબળી બાજુ છે. જેઓ ધ્યેયથી કે નીતિથી અહિંસાત્મક છે, તેમને હાથે હિંસાના કામો થયાનું સાંભળું છું, ત્યારે મારો આત્મા કકળી ઉઠે છે. પણ રામનામથી હું ઠંડો પડું છું, અને મગજની શાંતિ જાળવી રાખું છું મારા મગજની આ લાગણી ભરેલી જવાળા ક્યારે મને ઉપવાસ તરફ ધસડી જશે તે હું જાણતો નથી. મારી હાજરીવાળી સભાઓ કે જ્યાં ખાદી અને અહિંસાના ઠરાવો થયા છે, તેમાં હાજરી આપનાર પ્રજા વારંવાર હિંસાત્મક કામો કરશે, તો મારી લાગણીને આઘાત પહોંચશે. તે વખતે હું શું કરીશ તે હું અત્યારે કહી શકતો નથી. રાષ્ટ્રીય સપ્તાહના આ છેલ્લા દિને હું મારા દેશ બંધુઓને ચેતવણી આપું છું, કે તમારા પર મુકવામાં આવેલા વિશ્વાસનો ભંગ કરવો નહિ.

એ વિશ્વાસને આધારે તો હું મારા જીવનના આ છેલ્લા સંગ્રામમાં ઉતર્યો છું. જો કે હિંદ ઇચ્છે તો તેને હિંસા અખત્યાર કરવાનો હક્ક છે, છતાં હું હિંસા જોવા માગતો નથી. હિંસા એ હિંદનો માર્ગ નથી. અને હું આશા રાખું છું કે તે કદી થાઓ નહિ.

કોન્ફરંસના ત્રણ ઠરાવો

ત્યાર બાદ કોન્ફરંસે નીચલા ઠરાવો એકમતે પસાર કર્યા હતા.

(૧) દાંડી ખાતે મળેલી ગુજરાતની સ્ત્રીઓની આ કોન્ફરંસ મહાત્માજીને સાંભળવા બાદ ઠરાવે છે, કે સભામાં હાજર રહેલા બાનુઓ દારૂ અને તાડીની દુકાનોપર પીકેટીંગ કરશે અને કોન્ફરંસ દુકાનોના માલીકોને અરજ કરે છે, કે તેઓએ પોતાનો ધંધો બંધ કરી દેવા. અને દારૂ તાડી પીનારાઓએ પોતાના તે આફતકારક વ્યસનો છોડી દેવો.

(૨) આ મુજબ કોન્ફરંસ પરદેશી કાપડના વેપારીઓને પણ અરજ કરે છે, કે તેઓએ પરદેશી કાપડ વેચવું નહિ અને લોકોને અરજ કરે છે કે પરદેશી કાપડનો બોયકોટ કરવો.

(૩) વધુમાં કોન્ફરંસ માને છે, કે પરદેશી કાપડનો બોયકોટ ફક્ત ખદરથીજ થઇ શકશે. અને તેથી હાજર રહેલાં બાનુઓ ખદરને લગતું સઘળું કામ ઉપાડી લેવાનો ઠરાવ કરે છે.

કોન્ફરંસે મીસીસ તૈયબજી (ચેરમેન), મીઠુ બહેન પીટીટ, મીસ રોહીની કાનજીભાઇ, મણિબ્હેન વલભભાઇ પટેલ, અને ચાંદુ-

બ્હેનની એક કમિટિ નીમિ હતી. જેને સભાસદો વધારવાની સત્તા આપવામાં આવી હતી.

છેલ્લા ઠરાવમાં ગુજરાતની બ્હેનોના સહકારની માગણી કરવામાં આવી હતી. અને આશા જાહેર કરવામાં આવી હતી, કે મહાત્માજીએ જાહેર કરવા મુજબ આ હીલચાલ આખા દેશમાં ઉપાડી લેવામાં આવશે.

સ્ત્રીઓની લંબાણુ કૂચ

મહાત્માજીએ સુચના કરી હતી, કે નવસારી અને દાંડી વચ્ચે મોટરો દોડતી નહિ હોવાથી જો બાનુઓ પગે કૂચ કરતાં જાય, તો બહુ ઉત્તમ થઇ પડશે. રાતે તેઓએ આટ ખાતે વિસામો લેવો અને સવારે નવસારી જવા ઉપડી જવું.

ઘણી સ્ત્રીઓએ આ સુચના મુજબ અમલ કર્યો હતો.

પૂરતી ખબર ન આપવાની ફરયાદ

આવતી પરિષદ તા૦ ૧૬ મીએ

સભામાં એવી સામાન્ય લાગણી ફેલાઇ હતી કે જો પરિષદ મળવા સંબંધી વખતસરની નોટીસ અપાઇ હોત, અને તે માટેનું સ્થળ વધુ સગવડભર્યું પસંદ કરાયું હોત, તો ઠીક થઇ પડત. અને વધુ બાનુઓ તેમાં ભાગ લઇ શકત.

ગાંધીજીએ તે ઉપરથી તેવી પરિષદ તા૦ ૧૬ મીએ બોલાવવા ઠરાવ્યું હતું.

આજની પરિષદમાં આગેવાનીભર્યો ભાગ લેનારી બ્હેનોમાં શ્રીમતી મીઠુ બહેન પીટીટ, શ્રીમતી જમનાલાલ બજાજ, રાષ્ટ્રીય સ્ત્રી સભાના મુંબઈવાળા શ્રી. ગંગા બ્હેન પટેલ અને મીસીસ મઝારવાલા હતા.

મીસીસ અબાસ તૈયબજી આજે પાછલા પહોરે છાવણી છોડી ગયા હતાં અને આવતી પરિષદમાં હાજરી આપવા જણાવ્યું હતું.

બુધવારે બીજી પરિષદ

બુધવારે ગુજરાતની સ્ત્રીઓની બીજી પરિષદ વેજલપુરમાં મળશે જ્યારે શ્રીમતી સરલાદેવી અંબાલાલ લેડી રમણભાઈ, અનસુયા બ્હેન અને ગુજરાતની બીજી બ્હેનો હાજરી આપશે.

હુમલો થાય તો શું કરવું

સભાનું કામ પૂરૂં થતાં મહાત્માજીએ જણાવ્યું હતું કે જો કોઈએ પુછપરછ કરવી હોય, તો તેઓ આવકારદાયક લેખશે.

એક જવાન સ્ત્રીએ પૂછ્યું હતું, કે જો દારૂના પીઠાપરના પીકેટીંગ વેળાએ કોઈ તેઓ ઉપર હુમલો કરે તો શું કરવું ?

મહાત્માજીએ જણાવ્યું હતું કે તમોને એકલા જવાનું નથી, પણ ટોળકીઓમાં જવાનું છે. તે છતાં જો કોઈ બાનુ પીકેટરપર હુમલો કરશે તો યાદ રાખવું કે તે દિવસથી સઘળા દારૂના પીઠાં બંધ પડશે. અને બાનુ પીકેટરપર હુમલો કરનાર સખસને હંમેશનો દારૂ છોડવો પડશે.

પુરુષો સમક્ષ પ્રવચન

સ્ત્રીઓથી મીસ મેયોને જવાબ અપાશે

સ્ત્રી પરિષદ પૂરી થયા પછી, મહાત્મા ગાંધીએ પુરુષોની સભા સમક્ષ પ્રવચન કરતાં જણાવ્યું હતું, કે જો તમારે સ્ત્રીઓની આ પરિષદના કાર્યને સંપૂર્ણ સફળ બનાવવું હોય, તો તમારે આ બને બહિષ્કારના કાર્યમાંથી તદ્દન અલગ રહેવું જોઇએ, સ્ત્રીઓ પોતાની મેળે હીલચાલ ઉપાડી લેશે, તો આ હીલચાલનું ઘણું હિત થશે. પુરુષોએ ફકત યોગ્ય વાતાવરણ નીપજાવીને સ્ત્રીઓને સહાય કરવી. પુરુષોએ દારૂ અને પરદેશી કાપડના દુકાનોના માલીકને વ્યકિતગત મળવું જોઇએ. અને તેમને તેમાંથી હાથ ઉઠાવી લેવાની અપીલ કરવી. હું આશા રાખું છું, કે પરદેશી કાપડ અને દારૂની દુકાનોના માલીકો આ બ્હેનોની અપીલને માન આપે કે ન આપે, તોપણ દયાની આ દેવીઓ પ્રત્યે ઘટીત વિનયી વર્તણુંક રાખશે. જો સ્ત્રીઓ આ ચલવલને યોગ્ય રીતે ઉપાડી લેશે અને હિંદની જનતા તેને યોગ્ય જવાબ વાળશે તો મીસ મેયોએ કરેલી બદનક્ષીનો હિંદની સ્ત્રીઓ તરફનો યોગ્ય જવાબ થઇ પડશે.

મીઠા વેરાના કાયદાના સત્યાગ્રહ સંબંધમાં ગુજરાતે વાળેલા જવાબ પ્રત્યે સંપૂર્ણ સંતોષની લાગણી પ્રગટ કરતાં મહાત્માજીએ જણાવ્યું, કે જો આ વિરોધ અને અહિંસાત્મક વલણ ચાલુ રહેશે, તો મીઠા વેરા દફન થયો જ.

દાંડીમાં

આત્મશુદ્ધિ સપ્તાહનું છેલ્લું પ્રવચન

દાંડી, તા. ૧૩ મી એપ્રીલ

આત્મશુદ્ધિના છેલ્લા દિવસે તમે આટલી મોટી સંખ્યામાં પોતાની મેળે અત્રે આવ્યા છો તે મને ગમે છે, અને આ સમયે તમને કંઈ ન કહું એ તમને પણ નહિ ગમે.

હમણાં જ બ્હેનોની પરિષદ્ પૂરી થઈ, અને ત્યાં બ્હેનોને કહી આવ્યો તેમાં તમારૂં સ્થાન ક્યાં છે તે જણાવી દેવું આવશ્યક છે. બ્હેનોએ પરદેશી કાપડની દુકાનોની અને તે વાપરનારાઓની તથા દારૂતાડી વેચનારાઓની તથા પીનારાઓની ચોકી કરવાનો ઠરાવ કર્યો છે. આ કામમાં તમે પુરુષો વચમાં ન પડજો. એ બ્હેનોનો સ્વતંત્ર ઇલાકો થયો એમ માનજો.

આ કામની સફળતા પુરુષોના સંયમમાંજ રહેલી છે. આની પાછળ કલ્પના એ રહેલી છે કે પુરુષો પોતાનો ગુસ્સો ઝટઝટ નથી રોકી શકતા, અહિંસાનું પાલન સહેજે નથી કરી શકતા; જ્યારે સ્ત્રીઓ અહિંસાનું પાલન સહેજે કરી શકે છે, સ્ત્રીને ત્યાગ અને અહિંસા સહજ વસ્તુ છે. આ કલ્પનાથી પ્રેરાઈને મેં બ્હેનોને આ

વસ્તુ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. જો મારી આ કલ્પના ખોટી હોય તો આ મંડાણ એટલે અંશે ખોટું છે.

પુરુષોનો તો બ્હેનોના કામ માટે વાતાવરણ અનુકૂળ કરી દેવાનો ધર્મ છે. આપણે પુરુષોએ દારૂ અને પરદેશી કાપડની દુકાન રાખનારાઓને તથા વ્યક્તિગત જઈ સમજાવવું જોઈએ કે હવે હિંદુસ્તાનની બ્હેનો નીકળી પડે ત્યારે તેમણે દારૂ અને પરદેશી કાપડનો વેપાર છોડવો જોઈએ.

આ બ્હેનોનો સંઘ જોઈને તો પીઠાંવાળાઓ અને પરદેશી કાપડના વેપારીઓ પણ ચમકી જશે અને પોતાના વેપાર છોડશે. વેપાર છોડવો એ સહજ નથી એ હું જાણું છું, પણ જ્યારે સ્વદેશાભિમાન અને દેશભકિતનું વાતાવરણ ચારેકોર પથરાઈ ગયું હોય ત્યારે સહેજે પ્રજામાં ત્યાગશકિત પણ વધી જાય છે. આ સપ્તાહમાં જ પ્રજાની ત્યાગશકિત સોગણી વધી ગઈ છે. પણ તે હજારગણી વધવી જોઈએ.

પરદેશી કાપડના વેપારીઓ વેપાર છોડતા છોડતા હજી હિસાબ કરી રહ્યા છે. ત્રણ મહિનાની અને વરસની તે પ્રતિજ્ઞા કરે છે. એની પાછળ એવી માન્યતા છૂપીછૂપી રહેલી છે. કે વરસ પછી તો વિદેશી કાપડ લઈ શકાશે. સ્વરાજ્ય મેળવવા સારૂં જેટલો પ્રયત્ન કરવો જોઈએ તેટલો તેઓ કરતા નથી. કારણ કે તેમનામાં શ્રદ્ધા રહી નથી. પણ આ કામની પ્રગતિ થતી જશે તેમતેમ આ દારૂ અને પરદેશી કાપડનો વેપાર બંધ થયા વિના નહિ જ રહે.

જ્યારે દેશમાં લાખો માણસોએ પોતાનું સર્વસ્વ હોમી દીધું

હોય, ત્યારે આ અશ્રદ્ધાળુ વેપારીઓને પણ ત્યાગ કરવાની શક્તિ આવી જ જવાની.

બ્હેનોનું કામ ઉપાડયા પછી એ કામ ચલાવવા માટે પૈસા ખુટી જશે તો તમારી પાસે હાથ લંબાવીશ. જો કે આજ તો ઇશ્વર કૃપાએ જોઇએ એના કરતાં વધારે પૈસા મળી રહે છે. આજે જ બ્હેનોની સભામાં લગભગ હજારેક રૂપિયા થયા અને વગર માગે કઠોરના ગળિયારા કુટુંબની બ્હેને ચાર સોનાની બંગડીઓ આપી હતી.

આપણે પુરુષો જો નફટ નહિ થઇ જઇએ, અને આપણે આપણી મેળે કામ કરતા થઇ જઇશું એટલે કે પૂરતી ખાદીના અભાવે લંગોટી પહેરવાની જરૂર પડયે લંગોટી પહેરશું તો બ્હેનોનું કામ એટલે અંશે હળવું કર્યું ગણાશે.

ઘણામાં બ્હેનો પ્રત્યે કશી લાગણી નથી. તેમણે કેમ જાણે ગુલામગીરી કરવા જન્મ લીધો હોય તેમ મજૂરણની માફક તેમની પાસેથી આપણે કામ લઇએ છીએ. એવા આરોપો મિસ મેયોએ આપણા પર મૂકયા છે. જ્યારે બ્હેનો જાગૃત થઇને દારૂનિષેધ અને પરદેશી કાપડના બહિષ્કારનું કામ પાર પાડશે ત્યારે મિસ મેયોની વાત જૂઠી હતી એમ જગત પોતાની મેળે જાણી જશે.

આજે દેશમાં ખાદી ખુટવા આવી છે એટલે જ હું આજે બધાને કહી રહ્યો છું કે કાંતો અને ખાદી પહેરો. અને એનું પ્રદર્શન તકલી કાંતીને તમારી સમક્ષ રોજ કરી રહ્યો છું. જેમ કાચું અનાજ મળે તેને ઘેરઘેર આપણે દળીને રાંધી લઇએ છીએ, તેમ આ

હિંદુસ્થાનમાં પુષ્કળ કપાસ થાય છે તેમાંથી કાચુંપાકું સૂતર કાંતતાં અને કપડું વણાવીને પહેરતાં આપણે થઇ જવું જોઇએ. કાંતવાનો વેપાર દેશભરમાં સાર્વજનિક થઇ જશે ત્યારે ખચીત માનજો કે વિદેશી કાપડનો વેપાર બંધ થયો જ છે !

હિંદુસ્થાનને જોઇતું કાપડ કોઇ દિવસ મિલ પૂરું પાડી શકનાર જ નથી, અને હિંદુસ્થાનની ઘણીખરી મિલો પરદેશી કે અર્ધપરદેશી છે તેથી થોડી જ મિલોનાં કપડાં જરૂર જણાયે વાપરી શકાય.

આ પ્રવૃત્તિઓ ઉઠાવી લેવા માટે સારાસારા ઘરની બ્હેનો બહાર પડેલી છે. દીવાન શ્રી. મનુભાઇના પુત્રી શ્રીમતી હંસા મહેતા અને બીજી બ્હેનોએ મળીને હમણાં જ મુંબઇમાં દારૂનિષેધનું કામ ઉપાડી લેવા સરક્યુલર કાઢયો છે, એમ ગુજરાતની બ્હેનો બરાબર કામ કર્યા કરશે અને એમની પાછળ પુરુષો ઊભા રહી મદદ કર્યા કરશે તો આ પ્રવૃત્તિ આખા હિંદુસ્થાનભરમાં વ્યાપક થઇ જશે. આ ત્રણે વસ્તુ સહેલી છે. **આ ત્રણે વસ્તુ જ્યારે આપણે સાધી હશે ત્યારે છ કરોડ મીઠાના કરમાંથી, પચીસ કરોડ દારૂમાંથી અને સાઠ કરોડ પરદેશી કાપડના વેપારમાંથી એમ કુલે ૯૧ કરોડ બચાવી શકયા હઇશું. ત્યારે આપણે વધારે શુદ્ધ થયા હઇશું અને આપણી શકિત પણ વધી હશે, અને તે ઘડીએ સ્વરાજ મેળવવામાં વાર નહિ લાગે.**

છેવટે એટલું ધ્યાન રાખજો કે સાત દિવસમાં જે આપણે કમાયા છીએ તે ગુમાવી ન બેસીએ.

હમણાં જ ખબર મળ્યા છે કે કલકત્તામાં કેટલાક નવજુવાનો

બંધી કરેલા એટલે કે પ્રતિબંધક પુસ્તકમાંથી સભા ભરીને ફકરાઓ વાંચતા હતા ત્યારે તેમને વિખેરી નાંખવામાં આવ્યા હતા. પોલિસોનો આવો જુલમ જોઇને કલકત્તાના મેયર શ્રી. સેનગુપ્તા પણ એ મનાઇ કરેલા પુસ્તકમાંથી ફકરાઓ વાંચવા મંડયા. તરત જ તેમને પકડવામાં આવ્યા.

અભયાશ્રમના ખાદીના બાહોશ કાર્યકર્તા ડૉ. સુરેશચન્દ્ર બેનરજી જેઓ એક વખત સરકાર પાસેથી છસો રૂપિયા મહિને મેળવતા હતા તેમને મીઠાના કાયદાનો ભંગ કરવા માટે અઢી વરસની સખ્ત મજૂરીની જેલ મળી છે.

આવા જુલમ છતાં જેમ આપણે ગુજરાતમાં ડરી કે નમી નથી ગયા તેમ ત્યાં પણ કોઇ ડર્યાં નથી, એટલું જ નહિ પણ ઊલટી શક્તિ વધી છે. આપણા ઉપર ગમે તેટલો જુલમ થાય તોપણ આપણે કોઇના ઉપર બળાત્કાર કરવો નથી, કોઇને તુંકારવો નથી. મુંબઇમાં પરદેશી કાપડની હોળી કરતી વખતે બીજાના માથા ઉપ-રથી ટોપીઓ ઉપાડીને બળાત્કારે બાળવામાં આવી છે એમ એક ગૃહસ્થે મને જણાવ્યું છે. આ વસ્તુ કેટલે અંશે સાચી છે એ હું જાણતો નથી, પણ જો સાચી હોય તો ખચીત માનજો કે આ લડત નહિ ચાલે. જો બળાત્કાર થશે તો લોકો સહન નહિ કરે અને માંહેમાંહે લડાઇ ફાટશે અને સરકાર ફાવશે.

લોકોને પરદેશી કાપડના બહિષ્કાર માટે સ્વરાજ ન જોઇતું હોય તો આપણે પરાણે તેમની પાસે પૂરવ નહિ કરાવી શકીએ. એમના હૃદય પિગળાવવા માટે તો આપણે વધુ ત્યાગ કરી છૂટીએ. અને તેમના સામે સત્યાગ્રહ કરવો પડે તો એ પણ કરીએ.

જો મને ખાતરી થઇ જાય કે લોકો મને છેતરે છે, ખાદી માર-ફત જ પરદેશી કાપડનો બહિષ્કાર કરવાનો સંકલ્પ કરે, પ્રતિજ્ઞા લે અને પછી ન પાળે તો મારે ક્યાં જવું ?

હું શુદ્ધ થયો છું, મારામાં સંપૂર્ણ દયા આવી ગઇ છે, એમ મને લાગી જાય તો હું તો પ્રસંગ આવે સત્યાગ્રહ કરી અનશનવ્રત લઇને બેસી જાઉં. તમે રોજ હાથ ઉંચા કરો, ખાદીને અભાવે ખાદીની લંગોટી પહેરશું એમ કહો અને પછી એક બ્હેન પણ ન કાંતતી હોય તો મારે શું કરવું ? જે અમદાવાદના મિલમજૂરોની પ્રતિજ્ઞાનો ભંગ થતો જોઇને મારે કરવું પડયું, જે મારે મુંબઇના હુલ્લડ વખતે કરવું પડયું, તેજ આ ઉત્તરાવસ્થામાં પણ મારે કદાચ કરવું પડે. જ્યારે આપણે ઇશ્વરને રોજ છેતરીએ છીએ એવું મને ઉગે ત્યારે અનિચ્છાએ પણ આવું થાય. હું માનું છું કે ગુજરાતના માણસો મને કદી દગો નહિ દે.

આપણે શાંતિથી બેસવું છે અને શાંતિથી સ્વરાજ લેવું છે; હું દેશમાં અશાંતિ જોઇને જીવવા ઇચ્છતો નથી.

આ ઉપવાસને દિવસે તમે સહેજે આવેલા છો એટલે આટલું સહેજે કહેવાઇ ગયું છે. અહિ કે મુબઇમાં કોઇ પણ ઠેકાણે બળાત્કાર થતો હોય તો રોકજો. જ્યારે જ્યારે આપણા માણસોમાંથી કોઇએ કોઇને ગાળ દીધી છે, અવિનય કર્યો છે, કે બળાત્કાર કર્યો છે એવું હું સાંભળું છું, કે તરત જ મને સખત આઘાત પહોંચે છે, અને સાચે જ મારી છાતી થડકી જાય છે. તે વખતે જો કોઇ ડાકટર પણ તપાસે તો તે પણ એ ધબકારી જોઇ શકે. છતાં હું નભી શકું છું, કારણ કે આવે સમયે એ ક્ષણ આંખ મીંચી રામનામ લઇ લઉં છું. એમ ન કરૂં તો છાતી એમ ને એમ અટકી જાય. તમે બધા ભલે મહાત્મા કહો, પણ મારૂં કામ તો દુર્બળ માણસનું છે તેથી કોઇ પણ કાળે મને આ લડતમાં છેતરશો નહિં. ઘર ઝાલીને બેઠા રહેશો તે ચાલશે, પણ જો મેદાનમાં પડો તો સાચી રીતે પડજો.

મીઠા ઉપરનો વધુ તીવ્ર સવિનય ભંગ

મહાત્માજીનું સત્યાગ્રહીઓને ફરમાન

મહાત્માજી એક બે દિવસમાં દાંડીથી કરાડી મટવાડ ખાતે પોતાની છાવણી ખસેડશે. દાંડીથી કરાડી ૩ માઇલના છેટા ઉપર છે.

મહાત્માજીના વોલંટીઅરોએ આજે નીમક પકાવ્યું હતું.

ડેપ્યુટી પોલિસ કમીશ્નર મી. આંટીઆ બીજા બાર પોલિસમેનો સાથ ત્યાં આવી પૂગ્યા હતા. પણ વોલંટીઅરો ગોળ કુંડાળામાં ઉભા રહી જવાથી, તેઓ ચાલી ગયા હતા.

મહાત્માજીએ આજે સવારે ઉંમેરની મુલાકાત લીધી હતી. તેઓએ ત્યાંની સ્ત્રીઓને પૂછ્યું હતું, કે તમો જવાહીરને ઓળખો છો કે?

સ્ત્રીઓએ જવાબ વાળ્યો હતો કે "અમો કેમ ઓળખીએ?

મહાત્માજીએ વળીના જવાબમાં જણાવ્યું હતું કેઃ—

આમાં તમારો નહિ પણ અમો પુરુષોનો વાંક હતો. અત્યાર સુધી તમો પાસ ઘરનું કામ લેવામાં આવતું હતું. પણ હવે વધુ વાર તમો તે સ્થીતમાં રહેશો નહિ. આ

લડતની ફતેહ માટે તમોને પણ મરદો સરીખો મોટો ભાગ ભજવવો પડશે.

પંડિત જવાહીરલાલની સ્તુતિ

જેમ સરદાર વલ્લભભાઇ ગુજરાતને પ્રિય હતા, તેમજ જવાહીર અખીલ હિંદને પ્રિય હતા. પ્રજાની સેવામાં જવાહીર દેસાઇ ગયા હતા. તેઓને સજા થઇ હતી, કારણ કે તેઓ આપણા સધળાઓમાં મહાન હતા.

પકાવેલા નીમક માટે જીવનો પણ ભોગ આપો

મહાત્માજીએ આગળ બોલતા નીમકના કાયદાના સવિનય ભંગનું વધુ સખત પ્રોગ્રામ રજુ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કેઃ—

અત્યાર સુધી મેં તમોને જણાવ્યું હતું, કે જો તમોને લડતમાં શ્રદ્ધા હોય, તો તમારી મુઠી માહેલું મીઠું પોલિસના ગમે તેટલા સખત હુમલા છતાં બચાવજો. પણ હવે હું તમોને ફકત તમારી મુઠીઓ માહેલાં નીમકના રક્ષક તરીકેજ નહિ. પણ પકાવા માટેના વાસણો મધેના નીમકના પણ, હવેથી હું તમોને રક્ષકો તરીકે નીમું છું. જો તેના બચાવ માટે જીવનો ભોગ આપવો પડે તો તે પણ આપજો. પોલિસ આવા વાસણો પર હુમલો લાવે, ત્યારે તેની આસપાસ ફરી વળજો અને પોલિસ પોતાના હેવાનીયતભર્યા જોરથી તમોને મહાત કરે ત્યાંસુધી તેનું રક્ષણ કરજો.

સ્ત્રીઓએ આ કામમાં હાલ ભાગ લેવો નહિ જ્યારે સરકાર હદ ઓળંગી જશે, ત્યારે સ્ત્રીઓને પણ હુમલા ખમવાનો વખત આવી પૂગશે.

ઉંભેર છાવણી
ગાંધીજીનું પ્રવચન

તા. ૧૫ મી એપ્રીલ.

મહાત્મા ગાંધીજીએ ઉંભેરની આજની સભામાં પ્રવચન કરતાં જણાવ્યું, કે નિયમિત મીઠાના અગર એ સત્યાગ્રહની લડતમાં નવી વસ્તુ છે. શ્રી. મણિલાલ ગાંધીને આનો વિચાર આવ્યો હતો. અને આં ગામે અગર તૈયાર કર્યો છે. હવે જ્યારે તમે આ અગર બનાવ્યા છે, ત્યારે તમારી જિંદગીને ભોગે પણ સરકાર તેનો નાશ ન કરે તે જોવાની તમારી ફરજ છે. તમારી ગેરહાજરીમાં સરકાર ફાવે તે કરે પણ તમારી હાજરીમાં તેનો કોઇ નાશ ન કરે, તે જોવાની તમારી ફરજ છે. તમારે અગરની આસપાસ ઘેરો ઘાલવો, અને તેમને મારવામાં આવે, છતાં તમારે મીજાજ ખોવો નહિં હું આશા રાખું છું કે હવે ગુજરાત તેટલે દરજ્જે હિંમતવાળું બન્યું છે. ગુજરાતના બાળમાં મારું બળ રહેલું છે. તમારે તમામ દુઃખો સહન કરવા અને કોઇ પણ ભોગે શાંતિ જાળવી રાખવી. તેઓ ભલે અગરનો નાશ કરે, પણ તે તમને પકડયા કે માર્યા પછીથીજ. આ એક નવો પ્રયોગ છે અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં મીઠાના વધુ અગર બનાવવાનું કાર્ય હું તમારી પર છોડું છું.

સ્ત્રીઓ આગળ ન પડો

હું સ્ત્રીઓને અગરની રક્ષા માટે મૂકી, સરકારને મુંઝવણ ભરેલી સ્થિતિમાં મૂકવા નથી માગતો. સમય આવશે ત્યારે હું સ્ત્રીઓ અને પુરુષોને અગરનું રક્ષણ કરવાની સલાહ આપીશ, પણ તે સમય હજી નથી આવ્યો. સ્ત્રીઓએ હાલ તુરતતો પરદેશી કાપડ અને દારૂના બહિષ્કારનું કાર્ય ઉપાડી લેવું. અને કાંતવું. **સ્ત્રીઓએ હિંદની આઝાદીની શાળામાં બારાખડી શીખવાની છે. સ્વરાજ્ય જાણવા અને મેળવાનો પ્રયાસ કરવો, એ પ્રાથમિક કેળવણી છે, અને તે સ્વયંસેવકો થઇને તેમણે મેળવવાની છે.** તેમણે તમારા ખોરાકને લગતી ગોઠવણ કરવી અથવા જે રંધાય તે ખાઇ લેવું. સ્વાદ માટે જુદાં જુદાં રસોડાનું બને તેમ નથી. આ આત્મશુદ્ધિની લડત છે અને તમારે સઘળા સ્વાદ છોડી દેવા જોઇએ. તાલીમબદ્ધ રહેવું જોઇએ. જેઓ આ બધું સહન કરી શકે તેમ ન હોય, તેમણે શરૂઆતથીજ ખસી જવું. જો થોડા સાચા સ્વયંસેવકો રહેશે, તો લડત ચાલુ રહેશેજ. લડતની સારી શરૂઆત થઇ છે, અને તે માટે ગુજરાતને ધન્યવાદ ઘટે છે. પોતાની ભુલોને પરિણામે ગુજરાતે લડત ગુમાવી હતી એવું ન કહેવાય.

સ્વયંસેવકોની ધરપકડ અને છુટકો

ગાંધીજીએ જણાવ્યું હતું કે કેટલાક સ્વયંસેવકોને પોલિસ થાણા પર લઇ જઇને તેમની પાસેથી મીઠું ખુંચવી લીધા પછીથી છોડી

દેવામાં આવ્યા હતા. આ સંજોગોમાં હું સ્વયંસેવકોને જણાવીશ કે તેમણે ત્યાં બેસવું જોઇતું હતું અને મીઠું પાછું મલતા સુધી ત્યાંથી ખસવાની ના પાડવી જોઇતી હતી.

શ્રી. વામન મુકાદમ, ડૉ. માણેકલાલ અને ગોધરાના બીજા કાર્યકર્તાઓ અત્રે આવ્યા છે અને તેઓ પંચમહાલમાં સત્યાગ્રહની શરૂઆત સંબંધમાં ગાંધીજીને મળ્યા હતા. ગાંધીજીએ તેમને તા. ૨૧ મીથી પ્રતિબંધક મીઠું વેચીને સત્યાગ્રહ શરૂ કરવાની પરવાનગી આપી હતી. ગાંધીજીએ તેમને જણાવ્યું હતું કે જે છેલ્લી લડત આરંભે તે સૌથી મોખરે ફરકતે વાવટે બહાર આવવો જોઇએ. ગાંધીજી બપોરે દાંડી ખાતે પાછા ફર્યા હતા.

મહાત્માજી ગુજરાતમાં

ધરપકડોની ખબરો હસ્તે મુખે સાંભળે છે

રાષ્ટ્રપતિ જવાહીરલાલની ધરપકડ

નવસારી તા. ૧૫ મી એપ્રીલ.

પંડિત જવાહીરલાલની ધરપકડના સમાચાર મને ગઇ કાલે સુરત મલતાં હું બારોબાર સ્ટેશન પર જઇ ચઢી નવસારી જઇ પહોંચ્યો હતો. અને ત્યાંથી બારોબાર દાંડી જઇ પહોંચ્યો હતો. આ ધરપકડના સમાચાર દાંડી પહોંચ્યા ન હતા અને જ્યારે તે વાત મહાત્માજીએ સાંભળી, કે તુરત તેઓ ખુબ હસ્યા હતા અને હસ્તે વદને આ ધરપકડના સમાચાર સાંભળ્યા હતા,

અને

મહાત્મા ગાંધીએ રાષ્ટ્રપતિ જવાહીરની ધરપકડની સંબંધમાં રાષ્ટ્રજોગ નીચેનો સંદેશ બહાર પાડયો હતોઃ-

કલાકો થયા જેની હું વકી રાખતો હતો તે બન્યું છે. મહાસભાના યુવાન પ્રમુખને અને આદર્શ દેશભક્ત પુરુષને જુદી જવાનું કાર્ય સરકાર માટે અસહ્ય થઇ પડયું હતું. જો દેશ બીજા નેતાઓની

ધરપકડનો દશ ગણો જવાબ વાળે તો સરકારના આ મહાભારત કાર્ય માટે સો ગણો જવાબ વાળવો પડશે.

સરકારની હસ્તીનો પાયો જે અત્યાર સુધી હચમચી રહ્યો છે, તે આ ધરપકડથી તો હજાર ગણો વધુ હચમચી જવો જોઇએ. દેશના યુવાનો રાષ્ટ્રદેવે તેમના પર મૂકેલી આશાઓ સાચી પાડશે અને હવે કૉલેજો અને શાળાઓ છોડી દેશે અને સ્વંત્રતા પ્રાપ્તિ માટે કામ કરશે.

બેશક અખીલ હિંદમાં હડતાળ પડશે, પણ આ મહાભારત કાર્યના આ સમયમાં તે ઓછીજ કાર્યસાધક છે.

આજ સવારે ચાર વાગતાં મહાત્માજી દાંડીથી સચીન નજદીક આવેલા કિંબેર ગામે આજ સવારે પંડિત મોતીલાલે એક તાર મોકલાવ્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે પંડિત જવાહીરલાલે જેલમાંથી ફોન કરતાં આપને માટે "I have stolen a march over you love" એવો સંદેશ પાઠવ્યો છે.

મહાત્માજી કિંબેર ગયેલા હોવાથી તેમને આ સંદેશ મળ્યો ન હતો પણ જ્યારે તે શબ્દો મું. સ. ના પ્રતિનીધિએ તેમને બતાવ્યા ત્યારે તેઓ વાંચીને ખડખડાટ હસ્યા હતા અને વાહ! એમ બોલ્યા હતા.

કાંઇ યુક્તિ લાગે છે

તેમના દર્શન માટે દરેક સ્ટેશન પર ભારે માનવમેદની જામી હતી અને જ્યારે તેઓ નવસારી પાછા આવી પહોંચ્યા ત્યારે તેમને મળવા

ડૉ૦ સુમન્ત મહેતા પણ આવ્યા હતા. તેમણે મહાત્માજીને કહ્યું હતું કે હજી હું તો છુટો છું.

મહાત્માજી—(રમુજમાં) ત્યારે તો તમે કાંઇ યુકતિ કરી લાગે છે! (હાસ્ય).

બાદ મહાત્માજી મોટર મારફત દાંડી તરફ જવા ઉપડયા હતા.

દાંડીમાં કયારા

દાંડીમાં પાણી આવેલું હોવાથી આજુ બાજુના ભાગમાં સ્વયંસેવકોએ ત્રણેક કયારા બનાવી રાખ્યા છે. જે પોલિસ અમલદાર સવારે જોઇ ગયા હતા. આવતી કાલે મહાત્માજી વેજલપુર જશે અને હવે તેમનો કાયમનો મુકામ દાંડીને બદલે કરાડી-મટવાડ રહેશે. કેટલાક સ્વયંસેવકો સિવાય બીજા તેમની સાથે જશે. ટુંક સમયમાં મહાત્માજી ગુજરાતની મુસાફરી કરશે.

બાનુ વોલંટીઅરો ઉપર પોલિસ જુલમ કરે તો?

જલાલપુર, તા. ૧૬ મી એપ્રીલ

આજે ગુજરાતના ઘણાક જાણીતા બાનુઓ મહાત્માજીની મુલાકાતે આવ્યાં હતાં. તેઓએ મહાત્માજી સાથ બે કલાક સુધી મસલત ચલાવી હતી. જે દરમ્યાન કેટલાક મુશ્કેલ સવાલોનો તોડ કાઢવામાં આવ્યો હતો.

એક બાનુએ જણાવ્યું હતું, કે સ્વદેશી કાપડ પણ વપરાસમાં લેવા દેવું જોઇએ. મહાત્માજીએ જણાવ્યું હતું કે ખદ્દરથી જ બોયકોટ થવો જોઇએ.

મીઠું બ્હેને પીકેટીંગનો રજુ કરેલો અનુભવ

પીકેટીંગના પરિણામો જાહેર કરતાં મીઠુંબ્હેન પીટીટે જણાવ્યું હતું કે બાનુ વોલંટીઅરો દારૂડીઆઓને દારૂ તાડી તજી દેવા સમજાવવામાં ફતેહ પામ્યાં હતાં.

સભામાં લગભગ ૧૦૦૦ સ્ત્રીઓ હાજર હતાં.

શરૂઆતમાં મીઠુબ્હેન પીટીટે પીકેટીંગના અનુભવ ઉપર બોલતાં જણાવ્યું હતું, કે જો કેળવાયલાં બાનુઓ બહાર પડે તો ટુંક સમયમાં સારાં પરિણામો આવે.

મહાત્માજીની બ્હેનો પીકેટરોને સુચના

મહાત્માજીએ જણાવ્યું હતું, કે આ લડત સુલેહ માટેની હતી અને તેમાં મરદો કરતાં બાનુઓ વધુ કરી શકશે. દારૂની બદી કાયમની થઇ પડે તે પહેલાં તેને ઉખેડી નાંખવી જોઇએ.

મહાત્માજીએ ચરખા ઉપર બોલતાં જણાવ્યું હતું કે આપણા ઘરોમાં ચરખા હતા, ત્યાં સુધી થાપણ પણ હતી. પણ હાલમાં આપણે કરજમાં આવી પડયા છીએ. હાલમાં આપણે એવી સ્થિતિમાં મેલાયલા છીએ, કે પાછા ચરખા કેવી રીતે ઉપાડી લેવા તેના આપણે વિચારમાં પડયા છીએ. જો તેમ બની શકતું નહિ હોય, તો ખાદી સિવાય બીજા કશાથી બોયકોટ થઇ શકે નહિ, જો બાનુઓ ખાદી અને દારૂબંધીનું કામ ઉપાડી લે, તો દર મહિને ૮ કરોડ રૂપીઆનો ઉગારો થાય.

"તમો માહેલાં ઘણાંકો આળસાઇમાં વખત પસાર કરતા હશો. હવે વખત બદલાયો છે અને બાનુઓ પ્રજાકિય સેવાઓ બજાવવા તૈયાર થયાં છે, કારણ કે આ કામમાં પ્રભુનો હાથ છે."

પોલિસ જુલમ

પોલિસ જુલમ ઉપર બોલતાં મહાત્માજીએ જણાવ્યું હતું, કે હજી પોલિસે સ્ત્રીઓને તેઓની મુઠીઓ ઉઘાડી પાડવાની ફરજ પાડી નથી. પણ ધારો કે પોલિસ તેમ કરે તો તમો શું કરશો ?

તેઓ ઇચ્છે તેમ કરવા દેજો. પણ તે સાથે યાદ રાખજો કે તેઓ તમારા ભાઇ છે અને એકજ લોહીના છે. પોલિસને તેના કામોની યાદ આપજો અને તેઓ પણ જાણતા થશે કે તમો તેઓની બ્હેનો છો, અને તેઓ શરમાશે. ગુજરાતના બાનુઓના દાખલાની નકલ અખીલ હિંદની બાનુઓ કરશે.

ત્યાર બાદ દાંડીની સભામાં પસાર થયલા ઠરાવો સભાએ એક-મતે પસાર કર્યા હતા. વરકીંગ કમિટિના વાઇસ ચેરમેન તરીકે શ્રી. શારદા મહેતાને નેમવામાં આવ્યાં હતાં.

શ્રીમતી કસ્તુરબા પીકેટર તરીકે

જલાલપુરમાં શ્રીમતી કસ્તુરબા ૧૮ મી એપ્રીલે પીકેટીંગ શરૂ કરશે.

વકીલોની સામેલગીરી

અમદાવાદના ૧૮ વકીલોએ ખદર વાપરવાનો અને લડતમાં ભાગ લેવાનો ઠરાવ કર્યો હતો.

પ્રજાને અહિંસાત્મક રહેવાની ગાંધીજીની અપીલ

વેજલપુર, તા૦ ૧૭ મી એપ્રીલ

કરાંચી અને કલકત્તાનાં તુફાનો વિષે મુલાકાત લેવાતા મહાત્મા ગાંધીજીએ જણાવ્યુ હતું, કે કલકત્તા અને કરાંચીનાં કહેવાતા તોફાન વિષે અત્યારે કંઇ ચોકસ બોલવું મારે માટે કવખતનું છે. મારી નજર સમક્ષ બનતા બનાવોનો, મીઠું મરચું ભભરાવીને જે ભલતોજ પ્રચાર થાય છે, તે પરથી લોકોના કહેવાતા હિંસાત્મક કાર્યની કહાણીઓમાંથી હું મોટો ભાગ બાદ કરી નાખું છું. મને શક નથી કે આવાં કાર્યથી લડતને નુકશાન થાય છે. પણ તેજ સમયે વગર અંકુશે લડત તો ચાલુજ રહેશે. જો અહિંસાને સરકારની હિંસા ઉપરાંત. લોકોની હિંસા સાથે લડવાનું હોય, તો અહિંસાએ ગમે તે ભોગે એ કાર્યનો સામનો કર્યેજ છુટકો. હું તેમાંથી છટકવાનો કાંઇ રાહ જોતો નથી. લડતના આરંભ કરતાં પહેલાં મેં જણાવ્યું હતું, કે લોકોને ફાળે થોડાં હિંસાત્મક કાર્ય થવાની ઘણી સંભાવના છે. હવે એ સંભાવના ખરી જણાય છે, તેથી મને દુઃખ થાય છે! કારણ કે જે લડતને મેં જીવન મરણની બનાવી છે તેને નુકશાન પૂગે છે.

સરકાર જવાબદાર છે

પણ મારે કહેવુંજ જોઇએ, કે અહિંસાત્મક સભાઓને વીખેરી નાંખીને, અને સભાઓ અને સરઘસોની તદન મનાઇ કરીને સરકારે લોકોની હિંસાને છંછેડી છે. સરકારે અહિંસાપરાયણ અને જનતા પર અંકુશ રાખનારા નેતાઓને ઇરાદાપુર્વક પકડીને જેલમાં નાંખ્યા છે. લોકોના છુટાપણા સાથેનાં આ ચેડાંથી લોકલાગણી છંછેડાય એમાં કશી નવાઇ નથી.

ગુજરાતમાંજ જુઓ

ગુજરાતનોજ દાખલો લો. વીરમગામ નજીક અને ધોલેરામાં બચાવહિન રાષ્ટ્રીય કાર્યકર્તાઓ પર અકથ્ય અત્યાચાર ગુજારવામાં આવે છે. તેમનો ગુન્હો ફકત એટલોજ છે, કે તેઓ પોતાની મુઠીમાંનું પ્રતિબંધક મીઠું આપવાની ના પાડે છે.

હિંદની બહાર કોઈ સુધરેલા દેશમાં પોલિસને લોકોની પાસેથી ગમે તે વસ્તુ બળજબરીથી ખુંચવી લેવાની સત્તા આપવામાં આવી હોય, તે હું જાણતો નથી. મીઠાનો કાયદો આવી સત્તા આપતો નથી. કાયદા અને વ્યવસ્થાના રક્ષકો જંગલીપણાની હદ ઓળંગી ગયા છે. કોઇ પણ પ્રજા માટે શાંતિ જાળવવાનું કાર્ય મુશ્કેલજ નીવડે, છતાં સરકારને સુલેહ જોઇએ છે. મને ખબર પડી છે, કે શ્રીજયરામદાસને ગોળી લાગી છે. કોઇ અજાણ્યા માણુસ કરતાં શ્રી. જયરામદાસને ઇજા થઇ તેથી મને આનંદ

ડગલે ડગલે સ્વરાજ



ગાંધીજીને પગલે ગામડાંઓ પાવન થાય છે !

ભારતનો ભાગ્યવિધાતા



બાપુ ભોજન કરે છે.

થયો છે. શ્રી જયરામદાસ અખીલ હિંદના મહાન નેતાઓમાંના એક છે. જો તેઓ લોકોના ટોળામાં હતા તો તે લોકોને ઉશ્કેરવા નહિ પણ શાંતિ જાળવવાની સમજાવટ કરવા હતા.

પ્રજાને હૃદયસ્પર્શી અપીલ

આવું નિરદોષ લોહી રેડાવાથી તો લોકો લડતને મોટા પ્રમાણમાં ટેકો આપતા થશે. મારો આ સદેશો પહોંચે તેમને મારી એ અરજ છે, કે જો તેઓ પોતાના મન પર કાબુ રાખી ન શકે, તો તેમણે આ લડતમાં દખલકરતા નીવડવું નહિ. જો તેઓ તેમ કરશે તો તેઓ દેશની પ્રગતિને પાછી હઠાવશે. હું જાણું છું, કે મારો અવાજ લોકોની સમક્ષ પૂગતો ટુંક સમયમાં બંધ પડશે. લોકોને આપવાની બધી સુચનાઓ મેં આપી દીધી છે. લોકો મારી શ્રધ્ધાને ડગાવી શકે તેમ નથી. આવી સામુદાયિક ચળવળ મનુષ્યો નહિ પણ પ્રભુ દોરવે છે! ગુજરાતમાં જે બનતું જોઉં છું. તે હિંદના બીજા ગામોમાં પણ બની રહ્યું છે. લડત મોટે ભાગે ગ્વાશ્રયી છે. આથી મને દરેક આશા છે, કે કમનશીબ હિંસાના અકસ્માતો છતાં, લડત મોટે ભાગે અહિંસાત્મકજ રહેશે શહેરોમાં શું બનશે તેના પર નહિ પણ ગામડામાં શું બનશે તે હિંદનું ભાવી નક્કી કરશે.

મટવાડમાં છાવણી

મહાત્મા ગાંધીએ પોતાની છાવણી દાંડીથી મટવાડમાં ખસેડી છે. દાંડી ખાતેના સ્વયંસેવકો ગઇ કાલે ગાંધીજીની સાથે વેજલપુર આવ્યા છે. અને આજે સાંજે કરાડી મટવાડ જશે. સ્વયંસેવકોએ ૨૦ મણ મીઠું બનાવ્યું છે.

શનિવારે ગાંધીજી બારડોલીમાં ખેડુતોની જાહેર સભામાં પ્રવચન કરશે.

વેજલપુરમાં સ્વયંસેવક પરિષદ

પૂર્ણ સ્વરાજ્ય યા મૃત્યુ!

તા. ૧૭ મી એપ્રીલ

અત્રે જાહેર થયા મુજબ આજે બપોરે ચાર વાગતાં વેજલપુર ખાતે સુરત જીલ્લાના સ્વયંસેવકોની એક ખાસ સભા મળી હતી. જે સમયે લગભગ ૫૦૦ ઉપરાંત સૈનિકોએ હાજરી આપી હતી. આખો દિવસ મહાત્માજીના ઉતારા પાસે માનવ મેદની જામેલીજ રહી હતી. અમદાવાદથી પણ કેટલાક શહેરીઓ અત્રે આવી પહોંચ્યા હતા. જેમાં મ્યુ. ના એક કાઉન્સીલર મી. લક્ષ્મીચંદ જાડાવાળા પણ હતા. સભાનું કામકાજ બરાબર ચાર વાગતાં શરૂ થયું હતું.

સભાના કામકાજની શરૂઆત સંગીતાચાર્ય શ્રી. ખરેએ "રઘુ-પતી રાઘવ રાજારામ" ની ધુનથી શરૂ કરી "પ્રાણ જાય અરૂ વચન ન જાય" નું ગીત ગાયું હતું.

મહાત્માજીએ ત્યાર બાદ વિવેચન કરતાં જણાવ્યું હતું, કે આજે બીજા માણસો તો બેઠા છે છતાં આ સભા તો કેવળ કામ કરવાને સારૂ વિચારોની આપ લે કરવા સારૂ મળી છે. સુરત, ભરૂચ, કે ખેડા જીલ્લામાં વધારે જાગૃતિ છે એ કહેવું મુશ્કેલ છે. બાકીમાં તો માત્ર પંચમહાલ રહે છે, આમ ગુજરાતમાં પણ કામ ચાલી રહ્યું છે.

છાપાઓ ઉપરથી જોઈ શકીએ છીએ કે બહારગામ પણ સ્વયંસેવકોની ભરતી થાય છે, અને કામ ચાલે જ જાય છે. આપણે તો ધારતા હતા કે આપણે બીડું પકડીશું એટલે સરકાર પકડી લેશે. પણ સરકારે તો આપણી ધારણાથી જુદી રીતે વર્તન રાખ્યું, અને આપણી ચાવે તેમ કરવામાં તેણે તો ખોટજ ખાધી છે.

આપણું કાંડાં ભાંગે કે ખોપરી ભાંગે તો પણ આપણી પાસે એકજ ન્યાય છે. બધું સહન કરવાનું છે અને તેમાંથી એવી શકિત પેદા થશે, કે સરકારના બધા કાયદા તોડી પાડશે ! કાયદા તુટી ગયા પછી શું કરવાનું ?

હવે બીજા સ્વયંસેવકોનું શું કરવું તેનો વિચાર કરવાનો છે. હવે બધાએ છુટા છવાયા વહેંચાઈ જવું જોઈએ. છાવણીઓ ચલાવતાં ખોરાક, ખર્ચ વિગેરેના ઘણા પ્રશ્નો થાય છે. એટલે તે માટે શું કરવું તેનો વિચાર કરવા ભેગા થયા છીએ. આજે બે ખબરો આવેલી છે. કલકત્તામાં હુલ્લડ થયું અને માણસો ઘવાયા. આપણા માણસો ઘવાય એ તો સાધારણ છે. કરાંચીમાં પણ લોકોએ હુમલો કર્યો અને તેની સામે સિપાઈઓએ ગોળી મારી, અને તે જયરામદાસને વાગી. જયરામદાસ કોણ તે એક બે શબ્દમાં કહી દઉં. તેઓ એક જબરજસ્ત કાર્યકર્તા છે અને મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્ય છે. મારો તેમના વિષે અનુભવ એવો છે. કે તેમના જેવો સત્ય, સહનશીલ અને કાર્યપરાયણ માણસ મેં નથી જોયો. તેઓનું જીવન તો સુખી છે. મને તેમને ઘા વાગ્યો તેથી વધારે સારું લાગ્યું. આ લડાઈજ એવી છે કે તેમાં આવા માણસો ગોળીઓ ખાવામાં આવી

જાય તે આપણે માટે વધારે સારૂં છે. આપણે તો યજ્ઞમાં પવિત્રમાં પવિત્ર બલિદાન જોઇએ છે. આ વાત ને તમને આપણો ધર્મ શો છે, હું તમારી પાસે શું આશા રાખું છું અને સરદારની શી આશા હતી તે બતાવવા કરૂં છું.

તમાચો મારે તો ગોળી ખાવા તૈયાર થવું

અલબત આ બનાવોમાં લોકો તરફથી કાંઇ થયું હશે, અને મારે માટે તો તે દુઃખદ વાતજ છે! પણ આ વાત કાંઇ મારી કલ્પનાની બહાર ન હતી. હવે મને લાગે છે કે આવા બનાવોથી લડાઇ બંધ કરીને શાંતિનો પાઠ તુરત બધાને ન બતાવી શકું. આપણું કહ્યું ના કરે, એવા માણસો પણ નીકળે. આપણે તો આપણું કર્યેજ જઇએ. ગુજરાત તો આ વાતની પર ગયેલુંજ છે, એમ મને લાગે છે. આપણી ઉપર ગમે તે થાય તોપણ આપણે ગાંડાં નથી થવાનું. આપણને તમાચો મારે તો આપણે તો ગોળી માટે તૈયાર થવાનું હોય.

મહાત્માજી સ્વયંસેવકોને કાર્ય કરવા પ્રેરે છે

હવે સ્વયંસેવકો શું કરવા નીકળ્યા છે, તે જાણવા માગુ છું. આપણે શું સમજીને આવ્યા છીએ તે જાણવાની આપણને જીજ્ઞાસા હોઇ શકે. હવે હું એક એક મુદ્દાનો નીકાલ કરવા માગુ છું. જે સ્વયંસેવકો આ લડતમાંથી પોતાનું કામ ઘરના કારણસર કે બીજા કોઇપણ કારણસર કાઢી નાખવા માગતા હોય તે જણાવી દે. બીજાઓએ તો પૂર્ણ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે અંત સુધી લઢી લેવાનું છે.

અત્રે સભામાંથી નવ સ્વયંસેવકોએ પોતાનાં નામ ખેંચી લેવા જણાવ્યું હતું. મહાત્માજીએ તેમને સંબોધીને જણાવ્યું હતું, કે તમારે તમારા ગામમાં જઇને પણ કામ કરવાનું છે.

નવ જણા જાય તેમાં મને તો નવાઇ નથી. હું જે નિયમો સુચવવાનો છું, તે સુચવ્યા પછી તમારામાંના કેટલા તૈયાર હશે તે પણ જોવાનું છે. અત્યારે આપણે જે નિયમો ઘડશું તે બધાની સંમતિ લઇનેજ ઘડશું. ધોલેરામાં શું ચાલી રહ્યું છે તે જોવાનું છે. મરવાનું તો માનીજ લેવાનું છે. આપણે તો જ્યાંસુધી સ્વરાજ્ય ના મળે ત્યાંસુધી લડવાનું તો છેજ. અને તે તો પહેલો નિયમ છે, અને હવે તમે પાછા ભાગી શકો નહિ.

પહેલો નિયમ તો આપણે ખોરાકનો છે. સુચના તો એવી થાય છે કે પાંચ આનાથી વધારે ખર્ચ ના થઇ શકે. આપણે તો ગરીબ તરીકે રહેવાનું છે અને તેથી કાંઇ દુધપાક કે લાડુ ખાઇ ના શકાય. કોઇ કોઇના મિત્રને ત્યાં જાય એમાં મને વાંધો નથી. પણ આવું કામ કોઇ કરે તે મને પસંદ નથી. તે માટે તો તેણે રજા પણ લેવી જોઇશે. ખાવાના કલાકો પણ નિયમ પ્રમાણે સાચવવા જોઇશે. રસોઇનું તો હું ભલામણરૂપે કહેવા માગું છું, કે જો તમે સાજા થવા માગતા હો, તો સાદો ખોરાકજ પસંદ કરશો. લોકોની પાસેથી પણ પાંચ આનાની અંદરનોજ ખોરાક લેવાવો જોઇએ. મુખીઓ લોકોને પણ તે નિયમ સમજાવતા જાય. આ બધાં કામો તો મિઠાશ, ઉદારતા તથા વિનયથી બની શકે છે.

ઉપરનો નિયમ બધા સ્વયંસેવકોએ સર્વાનુમતે પસાર કર્યો હતો.

આગળ ચાલતા મહાત્માજીએ જણાવ્યું હતું, કે બીજો નિયમ મુખવાસનો છે. આપણે ગરીબ હિંદને માટે તેનો તો ત્યાગ કરવોજ ઘટે. પણ તે પણ સ્વયંસેવકો પોતાને ખર્ચેજ કરે. સિપાઈને તો મુખવાસ શા હોય? તે તો સ્વરાજ્ય મળ્યા પછી જ શોભે. તેઓ કોઈની પાસેથી દાન તો માગીજ ના શકે. આ સવાલો તો આશ્રમ સિવાયના બીજા સ્વયંસેવકોને માટેજ ખાસ કરીને છે.

હવે બીજો કઠણ સવાલ બીડીનો છે. દૂધ વિના ચલાવશું પણ બીડી વિના નહિ ચાલે એવું કહેનારા અગાઉના ઇતિહાસમાં મને મળ્યા છે. આપણે તેની પાછળ લાખો રૂપીયા ગુમાવતા રહ્યા છીએ. જો તમે નિયમ કરો કે સ્વરાજ મળ્યા પહેલાં બીડી ના પીવી તો તો સારૂંજ છે.

અત્રે મહાત્માજીએ બીડી પીધા વીના નહિ ચાલી શકે એવું માનનારાઓને બેધડક અને હિંમતપૂર્વક હાથ ઉંચા કરવાનું જણાવતા, ૩૬ હાથો ઉંચા થયા હતા. જ્યારે બાકીના બધાએ બીડી નહિ પીવાની સંમતી આપી હતી.

મારે પણ કેટલાક બીડી પીનારા મિત્રો છે. તેઓ તે સભ્યતાની દુર જઈનેજ પીએ છે. તેઓ સમજે છે કે આ વ્યસન સમાજને લાગુ પડવું ન જોઈએ, છતાં તેઓ પોતે તે છોડી શકતા નથી.

વીર સૈનિકોની ભીષ્મપ્રતિજ્ઞા

ત્યારબાદ ખાદી સિવાય બીજું કાંઇ સ્વયંસેવક પહેરીજ ના શકે એ નિયમ પણ સર્વાનુમતે પસાર થયો હતો. તે માટે મહાત્મા-

જીએ તેમને અભિનંદન આપતાં જણાવ્યું હતું, કે જો આપણે ધારીએ તો એક માસમાં આખા હિંદને કાપડ પૂરું પાડી શકીએ છીએ. અને જો તમારે વિદેશી માલના બહિષ્કારની ચળવળ ચલાવવી હોય, તો કાંતતાં થઇજ જવું જોઇએ. આપણો ધર્મ સુતર કાંતી અને ખાદી પહેરો એજ હોઇ શકે. ગઇ કાલે દાંડી કેમ્પમાં મને જણાવ્યું હતું કે ખાદી થઇ રહી છે. મેં તો તેમને સાફ ના કહી જણાવ્યું, કે તમે લંગોટી પહેરી લો. શહેરવાળાઓને તે જોઇએ તો પહેરવા દો. તમે તો રમત વાતમાં સો વાર કાંતી શકો છો. એ તો હું લાચાર છું, કે હજી આ વાત બધાના મનમાં ઘુસી નથી. બાકી આ તો ઇશ્વરનો બોલ છે. ખાદીમાં કોઇ શાસ્ત્ર પણ નથી શીખવાનું. ઇશ્વરને પ્રતાપે આપણે ત્યાં આટલું બધું રૂ પડયું હોય, ત્યાં કપડાં લેવા બહાર જવાનું શાનું હોય? જેમ આપણે ભાત કે દાળ વેચાતાં લેવા ના જોઇએ તેમ આ માટે પણ કરવું જોઇએ.

સ્વરાજ્યનું તંત્ર તો તમારેજ ચલાવવાનું હશે અને તે માટે ઉદ્યમી તો થઇજ જવું જોઇએ તમારે દિવસના ઓછામાં ઓછું સો વાર તો કાંતવું જ જોઇશે. બાદ આ નિયમ પણ પસાર થયો હતો.

જો તમે લીધેલા વચનનો ભંગ કરશો તો તો એક મોટી હિંસા થશે.

બીજું તમારે તો હવે ગામડાંઓમાં રહેવું પડશે, અને બ્હેનોને સમજાવવી પડશે. ત્યાં તમારા હાથ આંખ ગંદા ના થાય તેથી ચેતતા રહેજો. જો મારા જેવાથી એવું થાય, તો મારૂં

પ્રાયશ્ચિત પણ ના થઇ શકે. ભલે અપવાસો કરીને મરી જાઉં, તોપણ જો આવું કાંઇ પણ થશે તો જાણજો કે જગત આપણી ઉપર થુંકવાનું છે. આ તો તમારે નિયમો કરતાં પણ વધારે હોવું જોઇએ. જે નિયમો અહિ ચાય છે, તે તો આવતી કાલે આખા ગુજરાતના અને હિંદુસ્થાનના સ્વયંસેવકોને લાગુ પડવાના છે. હું તો તમને કહું છું કે તમે સાફ રહો અને ઉઘાડી છાતીએ સમય આવે તો ગોળીઓ ઝીલો. જે વખતે તમને લાગે કે આ નિયમોનું પાલન નથી થતું તે વખતે તમારી આંખો ફોડી નાંખજો!

હજામત વગેરેના ખર્ચ માટે પ્રશ્ન થતાં મહાત્માજીએ જણાવ્યું હતું કે હું તો ઇચ્છું કે ટુકડીમાંના ૨૦ માંથી એક જણ તે શીખી લે.

અંતમાં મહાત્માજીએ ફરીથી ચરચા કરી જણાવ્યું હતું, કે આ બધા નિયમોનો વિચાર કર્યા પછી જે ભાઇઓ પૂર્ણ સ્વરાજ્યની લડતમાં અંત સુધી રહેવા માગતા ના હોય, તે તુર્ત પોતાનાં નામો પાછા ખેંચી શકે છે, અને પોતાનાં ગામોમાં રહી મીઠાના કાયદાનો ભંગ કરી શકે છે. તેમજ બીજાં કામો પણ કરી શકે છે. બાદ એકંદર ૪૮ સ્વયંસેવકોએ પોતાના નામો પાછાં ખેંચ્યાં હતાં. અને તેમની માગણીથી મહાત્માજીએ તેમને માટે પણ કામ આપવામાં આવશે એમ જણાવ્યું હતું બાકીનાએ બીજી પ્રતિજ્ઞા સ્વીકારી હતી.

બાદ વંદેમાતરમ્ ગવાવા પછી સભાનુ કામ પૂરું થયું હતું.

જલાલપુરમાં અપૂર્વ ગાંધીરાજની સ્થાપના

ઉંટડી, તા. ૧૮ મી એપ્રીલ.

કાર્યક્રમ મુજબ મહાત્માજી આજ સવારે વેજલપુરથી ઉંટડી આવા ઉપડયા હતા. ત્યાં તેમના દર્શનાર્થે ગામલોક મોટી સંખ્યામાં ઉતરી પડયા હતા. આખા ગામને આસોપાલવના પાન વગેરેથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું અને લોકોનો ઉત્સાહ અનહદ હતો. સભાનું સ્થાન ડુંગરી સ્ટેશનથી ચારેક માઈલ દુર ખુલ્લા મેદાનમાં રાખવામાં આવ્યું હતું અને સભાનો સમય નવ વાગ્યાનો હોવા છતાં બે કલાક અગાઉ માનવ મેદની જામી ગઈ હતી. મહાત્માજીની બેઠક એક ઉંચા સુશોભીત સ્ટેજ ઉપર રાખવામાં આવી હતી. બરાબર નવ વાગે મહાત્માજી સભામાં આવી પહોંચતાં મહાત્માજીકી જયના ભારે ધ્વનીથી લોકોએ તેમનો સત્કાર કર્યો હતો.

મુખીઓનાં રાજીનામાંથી હચમચી રહેલું રાજતંત્ર

સભાનું કામ શરૂ થતાં જણાવવામાં આવ્યું હતું કે વલસાડ તાલુકાના ૬૫ પટેલોમાંથી ૨૩ પટેલોએ રાજીનામાં આપી દીધાં છે, અને બીજાં વધુ આપવાની વકી છે. ૨૦૦ ખજુરાનાં

ઝાડો પણુ ખોદાવવાના વચનો આપાર્યાં છે. જેમાં બે મુસલમાન ભાઇઓનો પણુ સમાવેશ થઇ જાય છે. અત્યાર સુધી આ ગામમાંથી રૂા. ૫૦ હજાર વિદેશી વસ્ત્ર પાછળ જતા હતા, પણુ હવે પ્રજામાં જાગૃતિ આવી છે.

સાબરમતીના સંતની વાણી

ત્યારબાદ મહાત્માજીએ ભાષણુ કરતાં જણુાવ્યું હતું, કે નિવેદન વંચાયું તે જોતાં આ તાલુકો સ્વરાજ્યની દ્રષ્ટિએ બહુ પછાત છે. નવસારીથી છોડી ને અહિ આવ્યો, ત્યાં સુધી મને કહેવાંમાં આવ્યું છે, કે હજી આ જગ્યાએ કોઇએ મીઠાનો કાયદો ભંગ કર્યો નથી. અને તે તો શરમની વાત ગણાય !

પંડિત જવાહીરલાલ એ તો હિંદુસ્થાનના સરદાર અને તે શા માટે જેલમાં જઇ બેઠા ? તેમણે મીઠાના કાયદાનો ભંગ કર્યો તે માટેજ. પણુ તેમના મીઠાના તો અમદાવાદમાં રૂ. ૨૩૦૦ ઉપજ્યા. તે વાત ક્યાં અને આ તમારી સાંભળું છું તે વાત ક્યાં ? તમારે દરરોજ મીઠું પકાવવું જોઇએ. સરકારી મીઠાનો તો તમારાથી સ્પર્શ પણુ ન થાય. તમે તે દરરોજ ખાણમાંથી મીઠું લઇ આવી શકો છો અને પાણી લાવીને પણુ ઘેર મીઠું પકાવી શકો છો. અને એ તો સુંદરમાં સુંદર મીઠું છે. પેલા જે મીઠાના પહાડ દેખાય છે તેના કરતાં તમારૂં આ મીઠું વધારે સારૂં છે. સરકાર તો કહે છે કે તે પહાડમાંનું તેણે તૈયાર કરેલું મીઠું સારૂં છે અને તમારૂં ખરાબ છે. પણુ હું તો તેને ઉલટું કહું છું. સરકારી મીઠામાં તો પાપ ભરેલું છે કારણુ કે તેની ઉપર તો સવા રૂપીઆનો અન્યાયી કર લેવાય છે

અને તે આપણી ઉપર રાજ્ય કરવા લેવાય છે. આપણે તો તે મીઠું ખાવું તે પણ હરામ છે. શાહુકારને અને ગરીબને સરખો કર આપવાનો હોય એ તો જુલ્મ છે.

એક મુસલમાન ભાઇએ મારી ઉપર કુરાનશરીફમાંથી થોડી આયાતો તેના તરજુમા સાથે મોકલી હતી. બીજા ભાઇએ પણ મોકલી હતી. તેમાં જણાવ્યું છે કે પાણી, મીઠું, ઘાસ અને અગ્નિ ઉપર કર લેવો તે જુલમ છે. જે બાદશાહ તે કર લે તે જાલીમ છે. આપણે તો આવો કર આપવો તે, અને સરકારે ઉઘરાવવો તે પાપ છે!

તમે બધી બ્હેનો આટલું કામ તો સ્હેજે કરી શકો. પકડી જાય તો ભલે પકડી જાય. જે જેલમાં સરદાર વલ્લભભાઇ જેવા બીરાજે છે, ત્યાં આપણે જઇએ તો તેમાં ખોટું શું? હમણાં ખબર આવ્યા છે કે અબ્બાસ સાહેબ જેઓ એક દેશના મોટા સેવક છે, તેમને ગોળી વાગી. તે તો શાંતિના ઉપાસક છે. વળી નિર્દોષને તો ગોળી કેમ સહન કરવી પડે! મેં તે સાંભળ્યું ત્યારે મને દુઃખ ના થયું. મને લાગ્યું કે એથી આપણી લડતનો નીકાલ વહેલો આવશે. આપણામાંના ચોકખા લોકો કુરબાની આપશે, તેમ તેમ આપણી લડતનો અંત પણ વહેલોજ આવવાનો છે, આવી રીતે જેલમાં જવાનું થાય કે ફાંસી આવે તેમાં કાંઇ ખોટું નથી. કુરબાની તો ચોર ડાકુ પણ કરે છે, પણ તે કુરબાની ઇશ્વરના દરબારમાં ખરા યજ્ઞ તરીકે ગણાતી નથી. દુઃખ સહન કરીને જે કુરબાની આપીએ, તેજ ખરી કુરબાની છે. આથી તમે બધા હિંમત કરીને મારી સાથે મિઠું લેવા આવજો.

સરકારની આજે બધાને કેદ કરવાની હિંમત નથી ચાલતી. મીઠું સરકાર તો નામર્દની માફક અંગુઠાઓ મરડે છે. માફક નામર્દની ચપ્પુ વતી ખુંટાવી લે છે. અને ડાકુની માફક કામ કરે છે. આ કાંઇ ન્યાય નથી. આ તો અંધાધુધીનું રાજ્ય ચાલે છે. આપખુદી બાદશાહમાં પણ આવું નહોતું થતું. અહિ તો વગર ઇન્સાફ મારપીટ ચાલે છે. મારા કહેવાથી બધા લોકો કામ કરે અને તેમને મારે અને મૂકી દે એ તે વળી કેવી વાત? જે ડાકુઓનો સરદાર હોય તેને તો મૂકી દેવાનો હોય! પણ આ તો અંધેરી નગરીનો ન્યાય આજે આ દેશમાં ચાલે છે સીધી વાત એ છે કે સહન થતું ના હોય તો શાહજોગ તપાસ ચલાવે અને કેદમાં લઇ જાય. પણ તેને બદલે આમ કાંઇ મીઠું છીનવી લેવાતું હશે? એની સામે થવું એ તો આપણો ધર્મ છે. જો તમારામાં સાચું જોર આવ્યું હોય, તો હવે બતાવી આપજો.

તમારે બીજાં કામો પણ કરવાનાં છે. ધોળી ટોપીઓથી હું છેતરાવાનો નથી. ખાદીના જેવું બીજું પણ ધોળું કાપડ હોય છે. જો એમ હોય તો મને તો એમજ લાગે, કે તમે મને છેતરવા આવ્યા છો. આ ગામમાંથી જતા ૫૦ હજાર રૂપિઆ તમે તમારા મારા હાથમાં છે તે તકલીથી પણ બચાવી શકો છો અને ગામમાં રાખી શકો છો. રેંટીયો હશે તો તે તેનાથી ચારગણું કામ આપશે. હું તો માનું જ છું અને તે સાવ સાચું છે, કે ખાદી વિના વિદેશી કાપડનો બહિષ્કાર ના થઇ શકે.

આ સ્વરાજ્યની લડત તમારે પોતાને શીખી લેવાની છે. મીઠુબેન જે કામ કરે છે, તે સાથે બ્હેનોએ જોડાવું જોઇએ.

આ ગામના પટેલે રાજીનામું આપ્યું છે તે માટે તેમને ધન્યવાદ આપું છું. પણ મારા જાણવામાં આવ્યું છે કે કેટલાકે રાજીનામાં આપ્યાં છે પણ દફતર સરકારને આપ્યાં નથી. જો પટેલો સાચા હોય, તો તેમણે દફતરો ફગવી દેવા જોઇએ. માલવીયાજીએ ધારાસભામાંથી રાજીનામું આપ્યું છે, અને હવે જો તેઓ પાછા જાય, તો તેઓ પ્રત્યે પૂજ્યભાવને બદલે ખરાબ ભાવ થાય. જ્યારે દેશમાં આવી જાગૃતિ આવી હોય, ત્યારે તે દરેક પટેલે રાજીનામું આપી દેવું જોઇએ.

અંતમાં મહાત્માજીએ હાજર રહેલા કોળીઓને દારૂ તાડીના વ્યસનનો ત્યાગ કરવા અને ખજુરાના માલીકોને ખજુરાઓનો નાશ કરવા જણાવ્યું હતું. ત્યાર બાદ મહાત્માજીને ગામલોક તરફથી કેટલીક ભેટો આપવામાં આવી હતી. જેમાં એક ચાંદીનો પ્યાલો આપવામાં આવ્યો હતો. અને તેની ત્રણ વખત હરાજી થતાં અનુક્રમે ૨૫, ૨૦, ૧૫ રૂપીઆ ઉપજ્યા હતા. બાદ મહાત્માજી જે સ્થળે મીઠું તૈયાર થયું હતું ત્યાં ગયા હતા અને તેમણે તથા હાજર રહેલા પ્રેક્ષક વર્ગે મીઠાના કાયદાનો "મહાત્મા ગાંધીજીની જય" ના પોકારો વચ્ચે ભંગ કર્યો હતો.

બાદ મહાત્માજી સ્ટેશન તરફ જવા મોટર મારફત ઉપડયા હતા અને તેમના દર્શન માટે ઠેર ઠેર માનવમેદની જામી હતી. તેઓ સ્ટેશનપર પહોંચ્યા ત્યારે લગભગ હજાર માણસો તેમની પાછળ દોડતા દોડતા આવી પહોંચ્યા હતા અને "મહાત્માજીની જય" ના પોકારો વચ્ચે ગાડી નવસારી તરફ જવા ઉપડી ગઇ હતી.

વલસાડમાં માનવમેદની

મહાત્માજીના આગમનના ખબર પડવાથી વલસાડ સ્ટેશન ઉપર લગભગ ત્રણ હજાર માણસોની મેદની જામી ગઇ હતી અને સ્ટેશનનું પ્લેટફોર્મ કીડીઓની માફક માણસોથી ઉભરાઇ ગયું હતું. લોકોનો અતિશય પ્રેમ અને આગ્રહને વશ થઇને નવસારી તરફની ટ્રેન આવવાને થોડીવાર હોવાથી મહાત્માજીએ સ્ટેશન બહાર પા કલાક એક ભાષણ આપ્યું હતું. પરંતુ ત્યાં માનવમેદની એવી જામી ગઇ હતી, કે તે સાંભળવું મુસ્કેલ થઇ પડયું હતું.

મહાત્માજી નવસારી તરફ

બાદ તેઓ નવસારી તરફ જવા ઉપડી ગયા હતા. ટ્રેન આવતાં થોડો સમય અગાઉ ભારે ગીરદીને લીધે તેઓને વેટીંગ રૂમમાં લઇ જવામાં આવ્યા હતા. અને ટ્રેન ઉપડી તે વખતે પણ ગગનભેદી અવાજો થયા હતા. બાદ મહાત્માજીએ લગભગ પોણો કલાક ત્રીજા વર્ગના ડબ્બામાં મુસાફરી કરતા ઉંઘ લીધી હતી. વચ્ચેના સ્ટેશનોએ માનવમેદની જામેલીજ હતી. પરંતુ તેઓ ઉંઘતા હોવાથી લોકો ચુપકીદીથી એક પછી એક તેમના દર્શન કરી જતા હતા. બાદ તેઓ નવસારી આવી પહોંચ્યા પછી તેમના મુકામે કરાડી-મટવાડ તરફ જવા ઉપડી ચૂકયા હતા.

મહાત્માજી સરદારના વહાલા વતનમાં

ધૂળમાંથી ધાન્ય પેદા કરતા અહિંસાધર્મની મહત્તા

બારડોલી. તા–૧૯–૪–૩૦

મહાત્માજી કાર્યક્રમ મુજબ આજે બપોરે પોતાના મુકામ કરાડી મટવાડથી નીકળી બારડોલી તરફ જવા ઉપડયા હતા. બારડોલીની પ્રજાનો ઉત્સાહ આજે અપૂર્વ હતો. અને તેમના સરદારના આ સરદારને સત્કારવા તાલુકાના ગામોની પ્રજા મોટી સંખ્યામાં સવારથીજ બારડોલી તરફ આવવા ઉપડી ચુકી હતી. સવારથી બપોર સુધી ગાડાના એક્કાઓની અવરજવર ચાલુજ રહી હતી. અને લગભગ ૩૦૦ એક્કાઓ આશ્રમની નજદીક કે જ્યાં મહાત્માજીનો ઉતારો રાખવામાં આવ્યો હતો ત્યાં ખડા કરવામાં આવ્યા હતા. આશ્રમ આજે એક તીર્થયાત્રાનું ધામ થઇ પડયું હતું. અને બપોર સુધીમાં તો ૨૫ હજાર માણસોની મેદની જામી ગઇ હતી.

સ્વરાજ્યની બંદુકો

આશ્રમમાં આજે રેંટીયાઓ બનાવવાનું કામ જોસભેર ચાલી

રહ્યું છે અને એક વિશાળ ઓરડામાં સુંદર રીતે ગોઠવવામાં આવેલા રેંટીયાઓનું દ્રશ્ય જાણે કે લાઇનબંધ સ્વરાજ્યની તોપો ગોઠવવામાં આવી ન હોય એવું જણાતુ હતું !

સભાનો સમય બે વાગ્યાનો હોવા છતાં બાર વાગ્યાથી આશ્રમ પાસેનું આંબાવાડીયું જ્યાં સભા ગોઠવવામાં આવનાર હતી તે સભા ચીકાર થઇ ગઇ હતી. અને મહાત્માજી સભામાં આવી પહોંચતાં લોકોએ તેમનો મહાત્માજીની જયના ગગનભેદી અવાજો વચ્ચે સત્કાર કર્યો હતો. સભામાં મુસ્લીમોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી એને નોંધવા જેવી બીના તો એ હતી કે સભામાં હાજર રહેલી ઘણીખરી સ્ત્રીઓએ ખાદીનાંજ વસ્ત્રો ધારણ કર્યાં હતાં.

ઘેર ઘેર મોરચો

સભાના કામની શરૂઆત "હવે નથી હારવું, કદી નથી હારવું" ના રણગીતથી થઇ હતી. શ્રી જુગતરામે ત્યાર બાદ વિવેચન કરતાં જણાવ્યું હતું, કે આ તાલુકામાંથી ૪૦૦ બ્હેનો તથા ભાઇઓને આ લડાઇમાં મોકલાવ્યા પછી બધાને એકઠા કરવાનો સમય અત્યાર સુધી આવ્યો ન હતો, તે હવે તો આવ્યો છે. અત્યાર સુધી તો આપણો મોરચો દરિઆ કિનારે હતો, પણ હવે તો તે ઘેર ઘેર અને છાપરે છાપરે દાખલ થાય છે.

લ્હેણું અદા કરવા

બાદ મહાત્માજીએ વિવેચન કરતાં જણાવ્યું હતું, કે હું તમારી પાસે ભાષણ કરવા નથી આવ્યો, પણ તમારી પાસે જે મારૂં લેણું છે, તે અદા કરવા આવ્યો છું, તે બારડોલી તાલુકાના ભાઇઓ અને

બ્હેનો પાસેથી લેવા આવ્યો છું. ૧૯૨૧ માં જે લડતનું મુહુર્ત માંડવામાં આવ્યું હતું અને જે લડત આપણા સદ્ભાગ્યે મુલતવી રહેલી તે લડતથી જે લહેણું ચઢતું આવ્યું છે તે તમારે વ્યાજ સાથે આપવાનું છે. તે વખતે સાબરમતીથી સારામાં સારા માણસોને અહિ લાવવામાં આવ્યા હતા અને રૂસ્તમજીએ જે ૪૦ હજાર રૂપીઆ આપેલા એ બધા પૈસાનો ઉપયોગ અહિ કરવામાં આવ્યો હતો. તે પૈસા ના હોત, તો કદાચ અત્યારે આ આશ્રમ અહિ છે તે ના હોત. આ કામ આપણે વધારતા ગયા છીએ અને સરદારને અહિ આહુતિ આપવી પડી છે. અને તમારે બળે એ સરદાર બન્યા. અને સરદાર બન્યા એટલે જેલ જવું પડ્યું. તેમને તો ત્રણ મહિનાની જેલ કાંઇ નથી. તેણે તો રાત દિવસ કામ કરી, પોતાની કાયા ઘસી નાખી હતી. અને જો આપણામાં દૈવત નહિ હોય, તો ત્રણ મહિના અને ત્રણ અઠવાડીયાં એમને આરામ મળશે, અને જો આપણામાં દૈવત હશે તો ત્રણ મહિના અને ત્રણ અઠવાડિયાં પહેલાં આપણે એને લઇ આવીશું. જે બારડોલીને માટે એણે પોતાનું લોહી રેડ્યું છે, તે બારડોલી હવે શું કરશે? જે બારડોલી આખા જગતમાં પ્રસિદ્ધ થયું છે એ બારડોલી શું કરશે? અત્યારે તો તમે આ લડતમાં ઠીક ઠીક ભાગ લીધો છે, પ્રથમ તો તમે વધારે સૈનિકો પણ આપ્યા છે. અને તેઓ દાંડી સુધી જવાના કામમાં પણ આવ્યા છે. બ્હેનોએ પણ ઠીક ઠીક ભાગ લીધો છે. આમ છતાં પણ સ્વરાજ્ય લેવા પૂરતું બારડોલીએ કર્યું છે એમ ન કહી શકું.

જે શબ્દો મેં ૧૯૨૧ માં બારડોલીને કહ્યા હતા, તે શબ્દો આજે પણ ફરી કહું છું. કેવળ બારડોલી સ્વરાજ્યના જેટલા અંગ છે તેટલા ખીલવી શકે તો હિંદને બારડોલી માર્-

ફક્ત સ્વરાજ મળી શકે મને તેમાં શંકા નથી. પણ હજી સમય નથી આવ્યો. તમારા ગાયનમાં હિંમત છે, ઉંચે સાદે તમે ગાઓ છો કે કદી નથી હારવું. એ અવાજ તો તમારા કંઠમાંથી નીકળે છે પણ તે હૃદયમાંથી કેટલે અંશે નીકળે છે તે હું નથી જાણતો.

પટેલો અને તલાટીઓ

પટેલો અને તલાટીઓ હજી ભયભીત છે. તેઓને એમ છે કે આપણે સરકાર પાસેથી પ્રતિષ્ઠા મેળવી શકીએ છીએ, સાહેબી મળે છે, અને એને નામે લુંટ પણ ચલાવી શકીએ છીએ, પટેલ પાસેથી રાજીનામું લેતાં બહિષ્કારરૂપી શસ્ત્ર તમારે ઉગામવું પડે છે. આપણે તેમને માટે સમજાવવાપણું કે બહિષ્કારરૂપી બોજો નાખવાપણું હોયજ ના શકે. એ તો એનેજ સ્ફુરવું જોઇએ, કે મારે આ ગંદી સત્તા નથી જોઇતી. હજી એના મનમાં એમ નથી થયું. જો આપણા મનમાં પૂરો વિશ્વાસ આવી ગયો હોય, તો આ ભાષણ કરવાપણું કે સમજાવવાપણું ના રહે. આપણે તો લોકોની હિંમત ઉપર ચણતર કરવું જોઇએ. અને બાકી રહેલા મુખીઓ અને તલાટીઓ રાજીનામું આપી દે અને જો આપે તો બરાબર આપે, નહિ તો તેણે પ્રજાને દગો આપ્યો છે. તેના કરતાં હિમતપૂર્વક કહી દે, કે મારે રાજીનામું નથી આપવું. બહિષ્કાર કરતા પહેલાં પણ નોટીસ આપવી જોઇએ. બહિષ્કાર કેવા પ્રકારનો જોઇએ તે હું 'નવજીવન'માં જણાવી ગયો છું અને તે તમે સમજો. તેનાથી આગળ જે માણસ બહિષ્કારનું પગલું લેશે, એ ગુન્હો કરશે અને સ્વરાજ્યની લડતને બગાડશે

સરકારી મીઠું ઘરમાં આવવુંજ ન જોઈએ

પરમ દિવસે ૫૦૦ સ્વયંસેવકો સાથે મેં વાત કરેલી અને તે વખતે જે ગેરસમજ થયેલી તે હવે ચાલી ગઇ છે. જે માણસ થોડું કામ કરવા ઇચ્છે તેને માટે ઘેર કરવાનું કામ પડેલુંજ છે. તેઓ ઘેર બેઠા બેઠા મીઠાના કાયદાનો ભંગ કરી શકે છે. જેમણે મીઠાનું પડીકું લીધું તેમણે પણ કાયદાનો ભંગ કર્યો છે અને હજી પણ જેઓ એ કાયદાનો ભંગ કરવામાં રહી ગયા હોય તે બધા જાણે. સરકારી મીઠું તો ઘરમાં આવવું જ ના જોઇએ. તેઓ કરાડીથી અને બીજેથી મીઠું લઇ જાય જ્યારે મીઠું ખુટે ત્યારે મને કહેજો અને એ બનાવવાનું કામ મારૂં છે. હું ના બનાવી શકું ત્યારે સરકારી મીઠું લેજો. અને ઘેર બેઠા મીઠાના કાયદાનો કેમ ભંગ થાય તે મેં તમને બતાવ્યું છે. પણ એથી તો મીઠાનો કર જશે. પણ આપણે તો સ્વરાજ્ય લેવું છે તે કેમ લેવાય?

તે માટે બીજું કામ પણ કરવું પડશે. જો આટલી બ્હેનો હિંમત કરીને બહાર નીકળી પડે અને વિદેશી કાપડના તથા દારૂની દુકાનવાળાઓને વિનયપૂર્વક વેપાર બંધ કરવા કહે અને દારૂ પીનારાઓ અને તેનો વેપાર કરનારાઓ પાસે પ્રાણ પાથરીને કહે ખજુરાવાળાઓને તે ઝાડોનો નાશ કરવા કહે તો સ્વરાજ્ય પાસે છે. આ કામ તો તમે બારડોલીમાં રહેતાં કરી શકો છો.

વિદેશીનો બહિષ્કાર

એક ત્રીજી વસ્તુ પણ તમારે કરવાની છે અને તે તમારા હાથમાં છે અને તે વિદેશી કાપડનો બહિષ્કારની છે. પુરુષો પ્રયત્ન કરી છ

કરોડ બચાવશો પણ તમે ધારો તો ૨૫ કરોડ દારૂના અને ૬૦ કરોડ વિદેશી વસ્ત્રોના બચાવી શકો. વિદેશી કાપડનો બહિષ્કાર તમને કઠણ પડે છે પણ મને તો તે સહેલામાં સહેલો લાગે છે. હું પોકારી પોકારીને કહું છું કે આ સરકાર અહિં કાપડના વેપાર અર્થેજ પડી રહી છે અને તેમ કહેવામાં અતિશયોકિત નથી. તેને મોટામાં મોટી આવક તો વિદેશી કાપડનીજ છે. અને તેની પાછળ કેટલો મોટો વેપાર ચાલે છે. તે વેપારનો કબજો લેવો, એ આપણું કામ છે. તે આપણે વિદેશી વસ્ત્રના બહિષ્કારથીજ કરવાનું છે. વિદેશી કાપડ આપણે બાળી તો નાખવુંજ જોઇએ. કરાડી મટવાડમાં તો જેટલાં વિદેશી કપડાં હતાં એ બધાં બાળી નાખ્યાં. અને બારડોલીમાંથી પણ તે ખુણે ખાંચરે પડયાં હોય, ત્યાંથી તમારે બાળી નાખવાં જોઇએ.

વિદેશી કપડાં બાળી તમે ખાદી બનાવી તે પહેરવાની પ્રતિજ્ઞા લો. તમે કાંતિને આપશો તો આશ્રમ તે વણાવી આપશે. બારડોલીને જોઇતી ખાદી બારડોલીજ પેદા કરી લે. આજે બારડોલીમાં ઘેર ઘેર રેંટીયો નથી તે વસાવાય. તે નહિ તો તકલી તો વસાવીજ શકો છો. આ તકલીનું કારખાનું તો તમારા ઝુપડામાં છે. એક સાંઠાનો કકડો અને ઠીકરાના કકડામાંથી તમે તે મફત બનાવી શકો છો તમે બધા એ તકલી ચલાવો તો કેટલુંએ સુતર પેદા કરી શકો. અને ખાદી પહેરવી એ તો તમારે મન રમત વાત હોય. બહારનાં વિદેશી કપડાં પહેરવાં એ પાપ છે અને ખાદીના પહેરવાં એ પૂણ્ય છે. તમે મહેસુલ ભરો છો તેના કરતાં પૈસા આમાંથી બચાવી શકો છો.

વિદેશી કપડાં બાળીને તમે નાગા રહેવા ઇચ્છો, અગર લંગોટ પહેરી રહેવા ઇચ્છો તો તેમ કરી શકો. પણ તમારે તો ટોપી અને ધોતીયાં પણ જોઇએ, સાડીએ જોઇએ, અને તે માટેની ખાદી પૂરતું તો તમારે કાંતવુંજ જોઇએ.

હિંસા ધર્મને બગાડી નાંખે છે

અહિંસા ધર્મમાંથી તો ધૂળમાંથી ધાન પેદા કરી શકાય છે. હિંસા ધર્મને બગાડી નાખે છે. એમ આપણું દ્વંદ યુદ્ધ ચાલે છે આપણે માટીમાંથી મીઠું કાઢીએ છીએ અને સામે મીઠામાં માટી નંખાય છે. તેની પાસે તોપ બંધુક બધુંએ છે અને આપણી પાસે તેમાનું કાઇ નથી, તેની પાસે મોટાં કારખાનાં છે, આપણાં કારખાનાં એ તો આપણાં ઝુંપડાં છે. અને આ ધર્મ પાળનારને આખા જગતમાં કોઇ હઠાવી શકે તેમ નથી.

સ્વરાજ્યની લડત એ વિશ્વાસની લડત છે અને જો તમારો વિશ્વાસ કાયમ કરે તો ડરવાનું કાંઇ નથી. જો તમારામાં વિશ્વાસ આવે, તો મેં બતાવેલી ત્રણે વસ્તુઓ એક અઠવાડીઆમાં થઇ શકે. આપણે ત્યાં રૂ હોય અને કપાસ હોય અને જો કપડાં બહારથી લેવા જાઇએ તે ના બની શકે. જો તેમ થાય તો તમારે મને બોલાવવોએ ના જોઇએ અને સરદારનું નામ પણ દેવું ના જોઇએ. જો આપણે આટલું કરીએ તો કહીશ કે સ્વરાજ્યને કાંઇ વાર નથી. સ્વરાજ્ય આવ્યા પછી પણ શું કરવું તેનો વિચાર કરવો જોઇશે ને ? જો આટલું કરો તો સરકાર કહે કે બારડોલીમાંથી મારી સલ્તનત ચાલી

ગઇ. ચાલી તો ગઇ છેજ. તમે મહેસુલ આપો છો એટલીજ છે. મહેસુલ ના આપીએ તો આપણું સ્વરાજ્ય જ છે.

"આ સલ્તનત એ એક જાળ છે"

આ સલ્તનત એ તો એક જાળ છે તેમાં આપણે ફસાઇ ગયા છીએ. સરકારી મીઠુ ના ખાઇએ એટલે મીઠાનો કર તો ભાંગીજ નાખ્યો છે. સત્યાગ્રહી મીઠા સિવાય આપણાથી બીજુ મીઠુ ખાઇજ ના શકાય. આ તાલુકાના એક પણ પટેલ કે તલાટી રાજીનામા આપ્યા વિનાના ના હોય, ખજુરાના ઝાડોનો નાશ થયો હોય, દારૂનો બહિષ્કાર થયો હોય, અને પછી મને કોઇ પૂછે કે સ્વરાજ્ય કયાં છે? તો હું તે બતાવી દઉં.

અંતમાં મહાત્માજીએ સભા પાસે એક ઠરાવ મૂકતાં પૂછ્યું હતું, કે તમે બધા પરદેશી કાપડનો બહિષ્કાર કરવા અને ખાદીજ પહેરવા માટે તૈયાર છો કે કેમ? વધુમાં તેમણે પૂછ્યું હતું કે તમારામાંનો દરેક માણસ તકલી ચલાવવા તૈયાર છે કે કેમ? ઉપરના સવાલોના લોકોએ હાથ ઉંચા કરીને હકારમાં જવાબ વાળ્યો હતો. ત્યારબાદ ઇબ્રાહીમ નામના એક મુસ્લીમ ભાઇએ પોતાના કસ્બા તરફથી આ લડતમાં સંપૂર્ણ મદદ આપવાની ખાત્રી આપી હતી. અને સભાનું કામ પૂરૂં થયું હતું.

"મારા આવવા માટે મુંબઈએ મદાર બાંધી બેસી રહેવું જોઈતું નથી"

કરાડી-મટવાડ, તા૦ ૨૦ મી એપ્રીલ

નવસારી સ્ટેશનેથી ૭ માઇલ દુર ગુજરાતમાં કરાડી-મટવાડ ગામડું આવેલું છે. અને મહાત્માજીએ ત્યાં પોતાની સ્વરાજસેના સાથે પડાવ નાખ્યો છે. તેમની હાજરી ગામડીઆઓ કે જેઓ બાપુજીના દર્શન અર્થે આશ્રમમાં આવતા રહ્યા છે તેઓમાં પ્રોત-સાહનરૂપ થઇ પડી છે.

રાષ્ટ્રીય સૈનિકો જેમનું મૂળ કામ ખાડીઓમાંથી મીઠું આણવાનું છે, તેમનો ઉતારો રાષ્ટ્રીય શાળામાં રાખવામાં આવ્યો છે. મહાત્માજીએ પોતાની ટુકડીને ત્રણ વિભાગમાં વહેંચી નાંખી છે, અને તે ત્રણેને જુદી જુદી ફરજો સોંપી છે. પહેલા વિભાગને બીનજગાતી મીઠું પકવવાનું તથા તેના વેચાણનું કામ સોંપવામાં આવ્યું છે. બીજા વિભાગને ખાદીના પ્રચાર અર્થે ગામડાઓમાં મોકલવાની છે, અને

ત્રીજો વિભાગ તાડ અને ખજુરાના ઝાડો કાપી નાંખવામાં રોકનાર છે.

મહાત્માજીનો સંદેશ

"સ્વરાજ આજે સ્થપાયું હોય તેમ રચનાત્મક કાર્ય ત્યાં ચાલવું જોઇએ"

અનેક મિત્રો આવતે અઠવાડીએ મને મુંબઇમાં જોવાની આશા રાખે છે. શ્રી. મુનશીના આગ્રહભર્યા આમંત્રણના જવાબમાં મેં જણાવ્યું હતું, કે વાતાવરણ ઠીક હશે, તો આવતે અઠવાડીએ હું મુંબઇ આવીશ. પણ હું જોઉં છું કે અહિની મારી હાજરી તાકીદની છે. અને મુંબઇના અનેક મિત્રોના મારી ઉપરના કાગળોમાં જણાવવામાં આવ્યું છે કે મુંબઇ વધુ તૈયાર થાય, ત્યાં સુધી મારે ગુજરાતમાંથી ખસવું નહિ. વર્તમાનપત્રો પરથી જણાય છે કે મુંબઇમાં ઉત્સાહની ખામી નથી. પણ તબીયત વિષે હું જાણતો નથી અત્યારે આપણને જરૂર સખ્તમાં સખ્ત નિયમનની છે. તે નિયમન લોહીની નદીઓ વહેવડાવનારા યુદ્ધ માટેના લશ્કર કરતાં પણ વધુ કડક હોવું જોઇએ. પસંદ કરેલા અને ફક્ત પસંદ કરાયલાજ કાયદાઓનો સખ્તમાં સખ્ત વિરોધ અહિંસા અને સત્યના સિદ્ધાંતને અનુસરીને થવો જોઇએ. આજે સ્વરાજ સ્થપાયું હોય, તેમ ચાલુ રચનાત્મક કાર્ય કરતા રહેવું જોઇએ. મુંબઇમાં આ ક્યાં સુધી થતું રહ્યું છે તે હું જાણતો નથી. મુંબઇમાંના મિત્રોને આથી મારી સલાહ છે, કે

અને મુંબઇ આવવાનું કહેવામાં ઉતાવળ કરવી નહિ. જો ગુજરાતનાં બાઇઓ અને બ્હેનો સમક્ષ મેલવામાં આવેલા કાર્યનો એકલું ગુજરાતજ યોગ્ય ઉત્તર વાળે, તો તે એક મોટી વસ્તુ બનશે અને સ્વરાજની દિશામાં એક લાંબુ પગલું ભર્યું ગણાશે. મુંબઇના મિત્રોને આથી મારે જણાવવાનું, કે મારા મુંબઇ આવવા ઉપર નજદીકનાં ભાવીના ઘડતર માટેનો આધાર ન રાખવો. પણ જેવો હું અહિંથી ગુજરાતમાંથી છુટો થઇ શકીશ અને મુંબઇ ખરેખરૂં તૈયાર થયું હશે ત્યારે હું ત્યાં ઘણી ખુશી સાથે જઇશ.

લડત હવે સામુદાયીક હીલચાલમાં ફેરવાતી જાય છે. આથી કોઇની પણ જરૂર અહિ અનિવાર્ય નથી. જે અતિ જરૂરી છે, તે હીલચાલ હાલના બહારના સ્વરૂપને કેવળ અહિંસકરૂપની બને, તેટલી બળવાન શકિતમાં ફેરવવાનું છે. દુનિઆને તા૦ ૧૨ મી માર્ચથી તેનું પૂરતું દર્શન થયું છે.

ચીતાગોંગ માટે મહાત્માજીનો અભિપ્રાય

નવસારી, તા. ૨૧ મી એપ્રીલ.

ચીતાગોંગના રમખાણુ સંબંધી મહાત્માજી તરફથી નીચેનો ખુલાસો બહાર પાડવામાં આવ્યો હતો.

ચીતાગોંગની ખબર, દીલગીરીમયું વાંચન પૂરું પાડે છે. તે દેખાડે છે, કે બંગાળમાં થોડાક કે ઘણા એવા શખસો છે કે જેઓ અહિંસામાં માનતા નથી. આખા હિંદમાં આવા શખસો હતા, તે હું જાણતો હતો, પણ આશા રાખતો હતો કે તેઓ અહિંસાની લડતને તક આપશે. ચીતાગોંગનું હુલ્લડ, જો એક અપવાદરૂપ બનાવ નહિ હોય કે જે મુજબ કલકત્તા અને કરાંચીના બનાવો હોવાનું હું માનું છું. અને તે એક ગંભીર બનાવ છે. છતાં મામલો ગમે તેવો ગંભીર બને તો પણ લડત અટકાવવામાં આવશે નહિ. પાછળ હઠવાનું બની શકે નહિ.

વાઇસરૉયે ચીતાગોંગના બનાવને પોતાની અસાધારણ સત્તાનો ઉપયોગ કરીને જવાબ વાળ્યો છે. બ્રિટિશોને એક નાખુશ પ્રજા પર જ્યારે પોતાની હકુમત જબરીથી ભૂલાવવા માટે આવું કરવા વગર છુટકો નથી.

આથી સત્યાગ્રહીઓને સરકારના ઝનુન તેમજ આપણા માંહેલા જેઓ અહિંસામાં માનતા નથી તેઓ બન્ને સામે લડવાનું છે. સત્યાગ્રહીઓ જો પોતાની કીડને સાચા રહેશે તો તેઓ આખરે ફતેહ પામશે અથવા તો ધંટીઓ હેઠળ તેઓના ચુરેચુરા થશે !

હિંદબારમાં પીઠાનો અવિનયભંગ અમલમાં મુકાયો છે. બાપુજી હવે પહેરો ભરવાની અને દારૂનાં પીઠાઓની ચોકી કરવાની ચળવળમાં ગુંથાયા છે, અને કાર્યકર્તાઓ સાથ ચાલુ મસલત ચલાવે છે. વડોદરા પ્રજામંડળવાળા ડૉ. સુમંત મહેતા જેઓ નવસારીમાં છે. તેઓ આવતે અઠવાડીયેથી વડોદરા રાજ્યની હદમાં નવસારીનાં પીઠાંઓપર પાહરો ભરવાનું કામ શરૂ કરનાર છે. તેઓની એવી દલીલ છે. કે જલાલપુરની બ્રિટિશ હદમાં પીઠાઓની સંપૂર્ણ ચોકી થાય, છતાં તેના નજીકમાંના નવસારીનાં પીઠાઓપર ચોકી નહિ મુકાય, તો ગામડાના લોકો દારૂ તાડી પીવાને નવસારી જશે એવો સંભવ છે. આ ચળવળથી નવસારી ખાતેના પારસી પીઠાંવાળાઓમાં ખળભળાટ જાગ્યો છે.

પીકેટીંગ અટકાવવું નહિ

કાનપુર, તા. ૨૧ મી એપ્રીલ

બાબુ પુરષોત્તમદાસે મહાત્માજી ઉપર તારનો એક સંદેશો મોકલીને જાણવા માગ્યું હતું, કે જે પરદેશી કાપડના દુકાનદારો માલવીયાજીની અપીલને પરિણામે એક વરસ સુધી નવો માલ નહિ મંગાવવાને કબુલ થયા હોય તેઓની દુકાનો પરનું પીકેટીંગ બંધ કરવું કે ?

મહાત્માજીએ જવાબમાં જણાવ્યું હતું કે:—

"મારો અભિપ્રાય છે કે પીકેટીંગ બંધ કરવું નહિ."

મહાત્માજીની સુરતની ઉડતી મુલાકાત

સ્ત્રીઓ અને પટેલોને મહાત્માજીની સલાહ

સુરત, તા. ૨૨ મી એપ્રીલ.

મહાત્માજીએ આજે બપોરે સુરતને એક ઉડતી મુલાકાત આપતાં તેઓને ભારે આવકાર મળ્યો હતો.

તેઓએ તાલુકાના ગામડાંઓના પટેલોની સભામાં ભાષણ કર્યું હતું. પટેલોએ મોટી સંખ્યામાં રાજીનામાં આપ્યાં હતાં.

સભામાં ભારે ખુશાલી વચ્ચે જાહેર કર્યું હતું કે સઘળા મળીને ૬૫ પટેલોમાંથી ૪૮ પટેલોએ રાજીનામાં આપ્યાં હતાં. અને મહાત્માજીની લડતમાં સામેલ થવાની કબુલાત આપી હતી.

એક મુસ્લીમ પટેલે સભામાં મહાત્માજીને પોતાનું લેખીત રાજીનામું સપુરદ કર્યું હતું.

પટેલોએ જણાવ્યું હતું, કે તેવો મહાત્માજીને સાંભળવા બાદ ઠરાવ ઉપર આવશે.

મહાત્માજી સાથ મીઠુબેન પીટીટ પણ હતાં.

મહાત્માજીએ પૂછ્યું હતું કે સઘળા પટેલોએ પોતાના હોદ્દાનો અખત્યાર સપુરદ કરી દીધો હતો કે?

એક પટેલે જણાવ્યું કે સરકારને ઓદ્ધાનો એખત્યાર તપાસી લેવા માટે ૨૪ કલાકની નોટીસ આપવામાં આવી હતી.

મહાત્માજીએ ભાષણમાં પટેલોને યાદ આપી હતી કે તેઓએ દેશને પોતાની સેવાઓ આપવાનું કબુલ્યું હતું. હવે સ્વરાજ માટે દીલ મૂકીને પટેલોએ કામ કરવાનું હતું. જો તમોએ કમને રાજીનામાં આપ્યાં હોય, તો તેમ કરવામાં તમોએ દેશની ભારે ગેરસેવા કરી છે. જો તમોને તમારામાં શ્રદ્ધા હોય અને સ્વરાજમાં શ્રદ્ધા હોય, તોજ હું તમોને આ લડતમાં સામેલ થવાનું આમંત્રણ કરૂં છું.

છેવટે મહાત્માજીએ પટેલોને આગ્રહ કર્યો હતો. કે કાર્યવાહક કામમાં આગેવાનીભર્યો ભાગ લે તો, તેમજ સરકારી મીઠુ કે પરદેશી કાપડ ખરીદશો નહિ, અને દારૂ તાડીને અડાસે જશો નહિ.

મહાત્માજીના વોલંટીઅરો કરાંચીમાં

પ્રોફેસર મુલકાનીની અરજને પરિણામે મહાત્માજીની ટોળકીના ૬ વોલંટીઅરોને સવિનય ભંગની લડત માટે કરાંચી મોકલી આપવામાં આવ્યા હતા.

જ્ઞાતિ પટેલોની સભા

ઉપલાજ ઠેકાણા ઉપર મહાત્માજીએ જ્ઞાતિ પટેલોની એક વધુ સભા ભરી હતી.

સ્ત્રીઓની સભા

માલવીવાડીમાં હજારો સ્ત્રીઓની ધમાલ પડી હતી.

કલાકો અગાઉથી તુટાતુટ પડેલી હોવાથી વાડી સ્ત્રીઓથી ભરાઇ

ગઇ હતી. અને તેથી વાડીના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા.

મહાત્માજીના દર્શન માટે હજારો સ્ત્રીઓ બહાર ઊભી હતી.

મહાત્માજીનો અવાજ આવી જંગી સભામાં સંભળાવાનું અશક્ય હોવાથી મહાત્માજીએ ઘણું ટુંક વિવેચન કર્યું હતું.

તેઓએ સ્ત્રીઓને કાંતવાનું કામ હાથ ધરવાનો અને પરદેશી કાપડ બોયકોટ કરવા આગ્રહ કર્યો હતો.

ગાંધીજી પનારમાં

મોતીલાલજી ઝંપલાવે ત્યાં કોણ દુર ઉભે ?

નવસારી, તા૦ ૨૫ મી એપ્રીલ.

મહાત્મા ગાંધીજી આજે સવારે જલાલપુરથી ૧૫ માઇલ દુર આવેલા પનાર ખાતે મોટરમાં ઉપડી ગયા હતા. તેઓ તે દરમ્યાન નાના નાના ગામડાંઓમાંથી પસાર થઇ ગયા હતા. જ્યાંના તમામ લોકો ગાંધીજીને આવકાર આપવા બાહર નીકળ્યા હતા.

પનારમાં આખા ગામના લોકો એક ખાસ ઉભા કરવામાં આવેલા મંડપમાં ભેગા થયા હતા. ને ત્યાં એક સભા ભરવામાં આવી હતી. પ્લેટફોર્મ પર ગેરકાયદેસર બનાવેલા નીમકના કોથળા દેખાડવામાં આવ્યા હતા. સ્ત્રીઓએ દેશભક્તિનાં ગાયનો ગાયાં હતાં. તેઓએ મહાત્મા ગાંધીજીને હાથે વણીને સુંતરના હારો ભેટ ધર્યા હતા. તે પછી ગાંધીજીને નાણાંની એક થેલી અર્પણ કરવામાં આવી હતી.

મહાત્મા ગાંધીએ તે બાદ શ્રીયુત મહાદેવ દેસાઇ તરફથી આવેલો પત્ર વાંચી સંભળાવ્યો હતો. જે મધ્યે મહાદેવ દેસાઇએ પોતાની

પકડાપકડનું વર્ણન આપ્યું હતું અને તેમની સાથે કેટલાક અંડર ગ્રેજ્યુએટો પણ જેલમાં જવાને કેવા તૈયાર હતા તેનો અહેવાલ આપ્યો હતો.

મહાત્મા ગાંધીએ તે બાદ જણાવ્યું કે તમો ગામડીયાઓએ જેલમાં જવાને તૈયાર રહેવું, પણ યાદ રાખવું કે તમારી લડત અહિંસકજ રહેવી જોઇએ. **પોલિસની સામે તમારે તમારી એક આંગળી પણ ઉંચકવી નહિં.** પંડિત મોતીલાલ અને તેમના પરણેતરે વયોવૃધ્ધ હોવા છતાં આ લડતમાં ઝંપલાવ્યું છે. તો તમે શા માટે પછાત રહો !

ગાંધીજીએ તે બાદ કેટલીક જગ્યાએ પોલિસે કરેલા અત્યાચાર બાબે ઇસારો કર્યો અને જણાવ્યું, કે પોલિસને જબરી વાપરવાનો કાંઇજ હક નથી. પોલિસની હેવાનીયતભરી વર્તણુક તેઓએ વખોડી કાઢી હતી, અને જણાવ્યું કે પોલિસનું કામ સહેજ પણ બચાવ કરવા લાયક નથી.

ગાંધીજીએ તે બાદ ગામડીયાઓને દરરોજ કમમાં કમ એકેક તોલા જેટલું સુતર કાંતવાનો આગ્રહ કર્યો હતો. અને જણાવ્યું હતું, કે તેમાંથીજ તમારે તમારા પહેરવાના કપડાં પણ કહાડવાં.

પરદેશી કાપડ દેશની હાલત ઘસડી જાય છે

ગામના પટેલે રાજીનામું આપ્યું છે કે નહિ તે વિષે ગાંધીજીએ

પૂછતાં એક સફેદ ખાદીની ટોપીવાળો ઉભો થયો, અને જણાવ્યું કે લાંબો વખત થયો.

ગાંધીજીએ તે બાદ માબાપોને વિનંતિ કરી, કે તમારા બાળકોને સરકારી સ્કૂલોમાંથી ઉઠાડી મેલવાં અને પ્રજાકીય સ્કૂલો ઉભી કરવી. બ્રિટિશ સરકાર સાથે હવે કાંઇ પણ વેહેવાર રાખવો નહિ.

અત્રે ગામના નાયકે જાહેર કર્યું કે ૫૦૦ ખજુરાંનાં ઝાડો કાપી નાંખવામાં આવ્યાં છે. અને આખા ગામનાં લોકોએ સરકારી અમલદારોનો બહિષ્કાર કર્યો છે.

મહાત્મા ગાંધીજીએ તે પછી જણાવ્યું કે તમારે પરદેશી કાપડનો ત્યાગ કરવો. સઘળાઓએ જણાવ્યું કે અમારી હા છે.

એવી રીતે સભાના કામકાજની સમાપ્તી ભારે ઉત્સાહ વચ્ચે થઇ હતી.

ગાંધીજી તે પછી કરાડી જવાને ઉપડી ગયા હતા.

ભારતમુક્તિના સરદાર



હાકલ કરે છે!

ભારતમાતાની મુક્તિ કાજે, બાપુજી



સર્વસ્વ તજી. આશ્રમ છોડી, પગપાળા નીકળી પડ્યા છે!

લંડનના ગોરા ખેરખાહોના મહાત્માજીપર સંદેશો

મજુર પક્ષના ૧૪ સભાસદોએ બની શકતી મદદની આપેલી ખાત્રી

લંડન, તા. ૧૨ મી એપ્રીલ.

મજુર પક્ષનો એક ભાગ મજુર સરકારની હિંદને લગતી રીતિ સાથે કેટલેક અંશે એકમત છે. તેની સાતવાર વિગતો મેળવવાનું મુશ્કેલ છે. તેનું કારણ એ છે કે હિંદી વજીર અને વાઇસરોય કશી કઢંગી સ્થિતિમાં આવી નહિ પડે, તે માટે સભ્યો બહુ આતુર છે. પણ હાલમાં લડતે સંગીનરૂપ લીધેલું હોવાથી અને તે સાથ દમનનીતિ ફાટી નીકળેલી હોવાથી મજુર પક્ષના ચોક્કસ સભાસદોએ હાલના મામલા પર પોતાના વિચારો જાહેર કરવાની જરૂરીઆત જોઇ છે. તેનો પૂરાવો નીચલો પત્ર પૂરો પાડે છે કે જેની ઉપર મજુર પક્ષના ૧૪ સભાસદોની સહી છે.

વહાલા મી. ગાંધી. અમો, તમો તરફ અમારી અંગત દીલસોજી જાહેર કરવાનું ઇચ્છીએ છીએ.

હિંદના સ્વતીયુંબના હકના નિયમ મુજબ હિંદી સવાલનો નીર્ણય લાવવાનું અમારાથી બની શકતું સઘળું કરીશું. અને તેટલી અમો તમોને અમારી મિત્રાઈની ખાત્રી આપીએ છીએ.

તમારા વીશ્વાસુ,

(સહી)

જેમ્સ મેક્ષટન.
ફેનર બ્રોકવે.
કેમ્પબેલ સ્ટીવન.
જીમ સીમન્સ.
દેવીડ કરકવુડ.
હોરેબીન.
જ્યોર્જ બુકેનન.
જોન કીનલી.
ઓલીવર બોલ્ડવીન
જોન બેકેટ.
મેક શેન કેલી.
સેંડહેમ.
વીલ્યમ બ્રાઉન.

પનારમાં ગાંધીજી

જલાલપોર, તા. ૨૫ મી એપ્રીલ.

મહાત્મા ગાંધીજીએ આજે સવારે કરાડીથી સાત માઈલ દુર

આવેલા પનાર ગામની મુલાકાત લીધી હતી. ગાંધીજીએ જણાવ્યું હતું કે, ગામડીઆઓએ આપેલા જવાબથી મને સંપૂર્ણ સંતોષ થયો નથી. તમે એકઠું કરેલું બીનજગાતી મીઠું મેં જોયું છે. મીઠાનો કાયદો તોડયો એટલે બહાદુરી કરી એવું અભીમાન લેવું નહિ. વીરમગામ ખાતે સ્વયંસેવકોને જેવો માર પડયો છે તેવો માર તમને પડયો નથી. પોલિસને મીઠાના કાયદા હેઠળની સત્તા આપવામાં આવી છે. પોલિસ મીઠાનો કબજો લઇ શકે છે, પણ માર મારવાની તેને સત્તા નથી. જો કે હું બેરીસ્ટર છું પણ જ્ઞાન કટાઇ ગયું છે. છતાં જો કાયદાની કોર્ટમાં હું લડું તો પકડાયેલા બધાઓને છોડાવી મૂકું.

ગાંધીજીએ આગળ બોલતાં જણાવ્યું, કે તમારે ખજુરાનાં બધાં ઝાડો ઉખેડી નાખવાં જોઇએ. એટલે દારૂ-તાડીના પીઠા પર પીકેટીંગ કરવાનો અવસર ઉભો રહેજ નહિ. તમારે દારૂ-તાડીને બદલે લીંબુ નીચોવેલું પાણી પીવું જોઇએ. તમારે કાંતવું જોઇએ. કરાડીના બાળકો તકલીપર કાંતે છે. જો તમે દારૂ અને પરદેશી કાપડનો બહિષ્કાર કરશો તો જમીન મહેસુલના જેટલીજ રકમ બચાવી શકશો, અને સુખી થશો. તમારે તમારા માથા પરની કાળી ટોપીઓ કાઢી નાખવી જોઇએ. લોકલ બોર્ડની શાળા બંધ થવી જોઇએ, અને રાષ્ટ્રીય શાળા ઉઘડવી જોઇએ. સરકારી કેળવણી તમને ગુલામ બનાવે છે, સરકારી નોકરોનો તમારે સામાજીક બહિષ્કાર કરવો જોઇએ.

અમલસાડના રેલ્વે સ્ટેશનપર ૧૦ સ્વયંસેવકો દરરોજ બીન-જકાતી મીઠું વેચવા જાય છે. આસપાસના ગામોમાંથી સંખ્યાબંધ

સ્ત્રીપુરુષો તેમને અનુસરે છે, એકસાઈઝ ખાતાના ત્રણ ચાર માણસો એ પીઠાનો નાશ કરવા ત્યાં જાય છે, પણ સ્વયંસેવકો તેની આસપાસ કોટ કરીને ઉભા રહે છે.

સુરત જીલ્લામાં દારૂનિષેધ

તા. ૧ લી મેથી એક પીઠું સદંતર બંધ

સુરત જીલ્લાના તાલુકાઓમાં મહાત્માજીની સુચનાનુસાર ખજુરાં કાપી નાંખવાનું અને દારૂનિષેધનું કાર્ય સારી રીતે ઉપાડી લેવામાં આવ્યું છે.

જલાલપુરના સાતેમ તથા બારડોલી કસ્બો તથા સરભણ ગામમાં ખજુરા કાપવાનું કાર્ય ચાલી રહ્યું છે. અને બારડોલીમાં તો શ્રી ઇબ્રાહીમ પટેલ સ્વયંસેવકોની સાથે રહેતા જણાવવામાં આવ્યું છે. ભીમરાડ અને પરથાણાના લોકોએ દારૂ-તાડીનો બહિષ્કાર કર્યો છે.

પીઠું બંધ

એ ગામના પીઠાવાળા પારસી શેઠ જમશેદજી કાનજીભાઇએ તા. ૧ લી મેથી પોતાનું પીઠું બંધ કરવા જણાવ્યું છે. ચોરા ભાવણીએથી તો પ્રોસેસન મારફતે શુંવાળીની ખાંજણમાં મીઠું લેવા ગામ લોકો ઉપડેલા, ત્યાં પારસી બાનુઓએ ઉજરાણું કરી આઠ રૂપિઆ એક આનો કરી આપ્યો હતો, જે તેમની લડત તરફની સહાનુભુતી બતાવે છે. મીરજાપોરમાં પણ ખજુરા કાપવાનું શરૂ થયું છે.

ઉગતનો ઠરાવ

ત્યારે ઉગતમાં તો ઉત્સાહીઓએ લડતમાં ફાળો આપવા, અને

મહાસભાના ફરમાનનું પાલન કરવા ઠરાવ્યું છે. ત્યારે ગામના દુબળા અસ્પૃશ્યો વગેરે તમામ દારૂ—તાડીનો બહિષ્કાર કરવા ઠરાવ્યું છે. અને તે સંબંધી ગ્રામ્ય પંચાયત સમિતિ પણ નીમી છે.

ત્યારે બારડોલી તાલુકાના આગચકના ભાઈઓએ દારૂ—તાડીનો ત્યાગ કરવા ઠરાવી પોતે પોતાના કુટુંબીઓ તથા પાડોસીઓ અને અન્ય સગાં સંબંધીઓ એ વસ્તુથી અલગ રહે તે માટે તનતોડ મહેનત કરવાની પ્રતિજ્ઞા લીધી છે!

સુરતની બ્હેનો

સુરતની બ્હેનો પણ પીઠાઓવાળા વિસ્તારમાં જઈ દારૂ—તાડીનો ત્યાગ કરવા ઉ-તેજીત કરનારાં ગીતો લલકારતાં રહ્યાં છે. અને તેને લઈને જુદી જુદી જ્ઞાતિનાઓ જેઓ એ દુર્વ્યસનમાં પડેલા તેઓની જ્ઞાતિ તરફના ઠરાવોથી પીઠાવાળાઓમાં વકરા બુજનાજ થતા રહ્યા છે.

સરકારી મીઠાના અગરપર ગાંધીજી

વલસાડ, તા. ૨૬ મી એપ્રીલ.

મહાત્મા ગાંધી આજે સવારે કરાડીની છાવણીમાંથી વલસાડ પાસેના છરવાડા ગામે ગયા હતા. ત્યાં મળેલી વીરાટ જાહેર સભામાં ભાષણ આપીને આજના રોકાણવાળા કાર્યક્રમની શરૂઆત કરી હતી. ગાંધીજી અત્રેની સરકારના મીઠાના અગરપર એકસાઇઝ પોલિસ પહેરો હતો. ગામડીઆઓએ "મીઠાના ચોરનો વિજય થાઓ" ના પોકારોથી ગાંધીજીને આવકાર આપ્યો હતો. મહાત્મા ગાંધીજીએ આનાપર ટીકા કરતાં જણાવ્યું હતું કે મને લોકો મહાત્મા કહે તેના કરતાં મીઠાનો ચોર કહે.

સરકારી અગરપર દરોડો

મહાત્માજીએ જણાવ્યું હતું કે હું સરકારી મીઠાના અગરપર દરોડો પાડીશ. હું મારી સાથે અહિંસાની પ્રતિજ્ઞા લીધેલા સ્વયં-સેવકોનેજ ફકત લઇશ. હું લોઠી રેડવામાં માનતો નથી. કલકત્તા અને ચીતાગોંગનાં તુફાનોએ દેશની લડતને નુકશાન કર્યું છે. તમે અહિંસામાં ઓતપ્રોત થશો, ત્યારે હું તમારા ગામમાં પાછો આવીશ. અને તમારામાંનો દરેક ખાદી પહેરેલો હશે, તો હું દરોડાની આગેવાની લઇશ.

ધરાસણાના ડીપોપર હલ્લો

છરવાડા, તા. ૨૬ મી એપ્રીલ.

ગાંધીજીએ અત્રે ભાષણ કરતાં પોતાના ભાવિ કાર્યક્રમની રૂપરેખા દોરી હતી. તેમણે જણાવ્યું હતું, કે હું થોડા દિવસની અંદર વલસાડ તાલુકાના ધરાસણા ગામના મીઠાના સરકારી વર્કસ પર દરોડો પાડી તેમાંના મીઠાનો કબજો લઇને હું મીઠાનો સાચો ચોર બનવા માગું છું.

ધરાસણાનું સરકારી વર્કસ છરવાડાથી થોડા ફર્લાંગ દૂર છે.

ગાંધીજી વલસાડમાં

"તમે મીઠાનો કાયદાના ભંગ કરીને સ્વરાજ્ય મેળવી શકશો નહિ. તમારે દરેક અન્યાયી કાયદાનો ભંગ કરવો પડશે." વલસાડ શહેરમાં મળેલી વીરાટ સભામાં મહાત્મા ગાંધીએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા. ગાંધીજીને સત્કારવા શહેરે તહેવારનું સ્વરૂપ સજ્યું હતું. ગાંધીજી છરવાડાથી મોટરમાં અત્રે આવી પૂગ્યા હતા. મહોલ્લાઓ અને મકાનો ધ્વજ અને આસોપાલવનાં તોરણોથી શણગારવામાં આવ્યા હતા. દસ હજાર ઉપરાંત લોક મેદનીએ જાહેર સભામાં હાજરી આપી હતી. સ્ત્રીઓએ ધાર્મિક ગીતોથી ગાંધીજીને આવકાર આપ્યો હતો.

સત્યાગ્રહ સમિતિના મંત્રીએ જાહેર કર્યું હતું, કે ૨૪ મુખીઓએ રાજીનામાં આપ્યાં છે અને દારૂનાં પીઠાના પીકેટીંગનું કાર્ય ઉપાડી લેવામાં આવ્યું હતું.

ગાંધીજીએ રમણીકલાલ મોદીને પગલે જેલમાં જવાની લોકોને હાકલ કરતાં જણાવ્યું હતું, કે હું જાણું છું કે આ પુરુષોને જેલમાં ભય રહ્યા નથી. જયરામની પેઠે છાતીમાં ગોળી ઝીલવા તમારે તૈયાર થવું જોઈએ. મીઠાના કાયદાનો ફક્ત ભંગ કરવાથી સ્વરાજ્ય આવવાનું નથી. મીઠા વેરો રદ થતાં સુધી સત્યાગ્રહ બંધ થવો ન જોઈએ. સરકારને એ વેરો રદ કરવોજ પડશે એમ કહેવામાં હું જરાયે અચકાતો નથી. સમય આવે લોકોને બધા અન્યાયી કાયદાનો ભંગ કરવોજ પડશે. આપણો માર્ગ ખુલ્લો છે. હિંસાથી આપણી લડતને નુકશાન થશે સરકારના અત્યાચાર સામે આપણે અહિંસાની દીવાલ ખડી કરવી જોઈએ.

મહાત્મા ગાંધીએ વધુમાં જણાવ્યું કે, આ ગુંડાશાહી સરકારનો અંત આણવા અને બધાં દુઃખ સહન કરવા તમારે તૈયાર થવું જોઈએ.

અંત્યજો સંબંધમાં બોલતાં ગાંધીજીએ જણાવ્યું કે આ શહેરમાં અંત્યજોને કુવેથી પાણી ભરવા દેવામાં આવતું નથી તે જાણીને મને દુઃખ થાય છે. પોતાના ભાઈઓ સાથે અમાનુષી વર્તન રાખીને તમે સ્વરાજ્ય કેમ મેળવી શકશો? એક અઠવાડીયાની અંદર તમારે તેમને કુવાની સગવડ કરી આપવી અને તેમને ભાઈઓ જેવા ગણવા.

લોકોએ એકી અવાજે તેમ કરવા કબુલ્યું હતું.

ગાંધીજીએ સ્ત્રીઓને દારૂની દુકાનોપર પીકેટીંગ કરવાની અરજ કરી હતી. તેને પરિણામે ઘણી બ્હેનોએ સ્વયંસેવિકા તરીકે પોતાના નામ નોંધાવ્યાં હતાં.

મહાત્માજીની અંજલી

ભાઇ વીઠ્ઠલદાસના માતુશ્રીને ધન્યવાદ

'દરેક માતાએ પોતાનો પુત્ર દેશને સમર્પવો જોઇએ'

બારડોલી, તા. તા. ૨૭ મી એપ્રીલ.

મહાત્માજી પ્રત્યેના પ્રજા પ્રેમ અને ભક્તિનો એક વધુ પૂરાવો તેઓ બારડોલી તાલુકામાં આંબેટી ખાતે જતાં આજે સવારે મળ્યો હતો. આસપાસના ગામડાંઓમાંથી ખેડુતોના ટોળે ટોળાં તેમને મળવા મેદાનમાં મળ્યા હતાં અને તેમના આવવાની તેઓ રાહ જોઇ રહ્યા હતા.

સ્ત્રીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને તેઓ તકલીપર કાંતતી રહી હતી.

મહાત્માજીએ પહેલે સ્વયંસેવક ભાઇ વિઠ્ઠલદાસ જેઓ ખજુરાનું ઝાડ કાપતા મરણ પામ્યા હતા, તેમના કુટુંબની મુલાકાત લીધી હતી તથા ત્યાં દિલાસો આપ્યો હતો, કે-

'ભલે મરણ આવે પણ દેશસેવા કરજો' ભાઇ વિઠ્ઠલદાસના માતા પાસે હું ખેદ પ્રદર્શીત કરવા આવ્યો નથી, પણ દેશની ખાતર માટે પોતાનો પુત્ર આપ્યા બદલ તેમને

ધન્યવાદ આપવા આવ્યો છું. દરેક માતાએ પોતાનો પુત્ર દેશસેવા માટે આપવો જોઇએ. ભાઇ વીઠ્ઠલદાસ ખરી રીતે મરણ પામ્યા નથી, પણ દેશની યાદમાં હંમેશ માટે જીવ્યા છે! હિંદને મુક્ત કરવા માટે ઘણાઓએ ભોગ આપવા જોઇશે. આપણે મોતનો ડર ત્યજી દઇશું, કે સ્વરાજ નજીકજ સમજવું. લોકોને મારી વિનંતિ છે, કે ગામડામાં દરેક ખજુરીના ઝાડને ઉખેડી નાખીને અને દારૂ પીવાનું છોડી દઇને ભાઇ વિઠ્ઠલદાસનું અધુરૂં રહી ગયેલું કામ આગળ ચલાવવું.

મહાત્માજીનો પત્ર

મહાત્મા ગાંધીજીએ શ્રીમતી સરોજની નાયડુપર પત્ર લખીને એવી મતલબની સૂચના કરી હતી, કે પુરુષોએ નીમકના કાયદાના ભંગની ચળવળમાં જોડાઇ તે કાર્ય આગળ ચલાવવું અને બ્હેનોએ વિદેશી કાપડના બહિષ્કારનું કાર્ય અને દારૂનિષેધની ચળવળનું કાર્ય કરવું.

વાઈસરૉય ઉપર ગુજરાતના બાનુઓનો પત્ર

નવી યોજના

વલસાડ ખાતે ભાષણ કરતા મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહની નવી યોજના વિષે ઇશારો કર્યો હતો.

મહાત્માજી કાંઇ નવી યોજના રચી રહ્યા છે એ વિષે કશો શક નથી, એ નવી યોજના શું છે તેની સંપૂર્ણ વિગતો હજી સુધી મળી નથી. પણ રવિવારના "નવજીવન" માં સત્યાગ્રહની લડતની રોજનીશી પ્રગટ થાય છે તેમાં મહાત્માજી શું કરવા માંગે છે તેનો કાંઈક ખ્યાલ આપવામાં આવ્યો છે. "નવજીવન" માં "જ" ની સહી હેઠળ રોજનીશી પ્રગટ થાય તે જણાવે છે:–

આ પક્ષમાં ગાંધીજી અમારી પાસે બહુ ઓછા રહ્યા છે. એમનો ઘણો વખત પ્રવાસમાંજ ગયો છે. છતાં પ્રાર્થનામાં કરેલા કેટલાક પ્રવચનોથી એમનું હૃદયમંથન જાણી શકાય છે. આશ્રમમાંથી નીકળ્યા ત્યારે તો એવી આશા હતી કે સરકાર તરત ઝડપી લેશે અને આખા આશ્રમનું બલિદાન આપવાની ઇચ્છા પૂરી ન થઇ. પીલેરા અને વીરમગામમાં પોલિસે સ્વયંસેવકો ઉપર પશુનેય લજાવનારા

અત્યાચાર કર્યા. ભરૂચમાં ને બીહારમાં ઘોડા દોડાવ્યા, કરાંચીમાં ગોળીબાર કર્યા. તેમાં જયરામદાસ ઘવાયા ને બે સૈનિકો મરણ પામ્યા. આમ આશ્રમને બદલે બીજાઓનું બલિદાન લેવાતું જોઇ ગાંધીજી કોઇ એવી યોજના વિચારી રહ્યા છે. જેથી અત્યાર સુધીનો બધોય ખંગ વળી જાય. ગઇ કાલ સવારે અચાનક તેમણે આ ઉદ્‌ગાર કાઢયા. “પરમ દિવસથી હું એક નવો વિચાર કરી રહ્યો છું. વળી કહેવાય છે કે સરકાર મીઠામાં ને ખાડીના પાણીમાં ઝેર નાંખી આપણને ડરાવવા માગે છે પણ આપણે એમ કેમ હારીએ? અને એટલા માટેજ હું કંઇક નવો જ વિચાર કરી રહ્યો છું. જેથી સરકારને કાંતો લાઠીના ઘા અથવા ગોળીબાર કરવા પડે. સાબરમતીથી કુચ કરી, ત્યારે પણ અમુક હદ સુધી પહોંચેલાજ સાથે આવી શકે એવો નિયમ કર્યો હતો. આપણી કુચથી જે કંઇ જાગૃતિ આવી છે તે આપણી આત્મશુદ્ધિને આભારી છે; હવે હું એક બીજી કુચ કરવાનો વિચાર કરી રહ્યો છું. એમાં જરા વધુ સખત નિયમ કરવા માગું છું તમે કહેશો, કે સાબરમતીથી નીકળ્યા ત્યારે આવું કંઇ કરવાનું તમે કહ્યું નહોતું સાચી વાત. પણ તે વખતે કયાં આવી પરિસ્થિતિ હતી? અને કયે વખતે કોને લેવા કે ન લેવા એનો વિચાર કરવાની તો મને સ્વતંત્રતા હોવી જોઇએ ને? સંખ્યા ઘટશે તો એનો મને ડર નથી. કોઇ સાથે નહિ હોય તે હું એકલો જઇશ, ને ગોળી ખાવી પડશે તો ખાઇશ. મારી સાથે હવે આવવું હોય તો, પીંજતાં, તકલી બનાવતાં અને કાંતતાં બરાબર શીખી લેજો. પહેલાંની જેમ આ કુચ કરતાં પહેલાં પણ, હું સરકારને ચેતવણી તો આપવાનોજ છું. કદાચ એ અઠવાડીયાની પણ હોય, ને કદાચ એનાથી ઓછી પણ હોય.”

હૃદયમંથનના આ ઉદ્ગારોથી અમારામાંના જેઓ સરકારે કદર ન કરી હોવાથી કંઇક નીરાશ થયા હતા. તે ફરી ઉત્સાહીત થયા અને ગાંધીજી જે નિયમ કરે તે માટે ચડાવવાની તાલીમ સૌ લઇ રહ્યા છે; અને નવો મોરચો કેવી રીતેનો મંડાય છે એની આતુર હૃદયે રાહ જોઇ રહ્યા છે.

વાઇસરોય ઉપર પત્ર

નવસારી, તા. ૨૭ મી એપ્રીલ.

મહાત્માજી ટુંક વખતમાં ના. વાઇસરૉય ઉપર એક બીજો પત્ર મોકલનાર છે.

બાનુઓનો પત્ર

અનુસુયા બ્હેન, મીસીસ મહાદેવ દેસાઇ, મીસીસ શારદા મહેતા અને ગુજરાતના બીજા કેટલાક બાનુઓની સહી સાથનો નીચલો પત્ર વાઇસરૉય ઉપર મોકલી આપવામાં આવ્યો હતો.

ગુજરાતના બાનુઓનો પત્ર

હાલની મહાન પ્રજાકીય હીલચાલોમાંથી અમો અલગ રહી શકીએ નહિ. નીમકના સવિનય ભંગની લડત તરફ અમારી સંપૂર્ણ દીલસોજી છે.

ગામડાઓ મધેની સ્ત્રીઓએ અત્યાર અગાઉનું નીમક પકાવ્યું પણ અમો અમારા માટે ખાસ વધારાની હીલચાલો ઉપાડી લેવા માગીએ છીએ દારૂનિષેધ અને પરદેશી કાપડના બોયકોટની હીલચાલ

માટે અમો લાયક છીએ એવી મહાત્માજીની સૂચના સાથ અમો એકમત છીએ.

આ ફીલચાલ ઉપાડી લેવાનો અમો ઇરાદો રાખતાં હોવાથી તમો નામદારને અમો જણાવીએ છીએ કે દારૂની બંદી અને પરદેશી કાપડની આયાત અટકાવવાનું કામ સરકારનું છે.

વર્તમાન પત્રોપર અંકુશ

બીલીમોરા, તા. ૨૯ મી એપ્રીલ.

મરણ પામેલા ધારવામાં આવતા પ્રેસ એક્ટને ઓડીનન્સની રૂએ સજીવન કરવામાં આવશે, એવી વકી રહેતી હતી. અને ઓડીનન્સની રૂએ આખો કાયદો વધુ કાતીલ બનાવવામાં આવ્યો હતો એવું મહાત્માજીએ વાતચીત દરમીયાન જાહેર કર્યું હતું.

મહાત્માજીએ જણાવ્યું હતું કે આપણે સમજી શકીએ કે નહિ, પણ છેલ્લા થોડા દિવસો થયા આપણે લશ્કરી કાયદા હેઠળ જીવતા હતા અને કમાન્ડીંગ ઓફીસીઅલની મરજી તે સિવાય લશ્કરી કાયદો બીજું શું હોય શકે?

હાલમાં તો ઉપલો અમલદાર વાઇસરૉય છે. અને જ્યારે પણ તેઓ ઇચ્છવાજોગ ધારે ત્યારે તેઓ કાયદા ઉપર સત્તા ધારણ કરે છે. અને સામા થવાને બળુી અશક્ત પ્રજા ઉપર તે ઓડીનન્સ ફેલાવે છે.

હું ધારું છું કે બ્રિટિશ રાજકર્તાઓને ચુપચુપ શરણ થવાનો વખત હવે હમેશનો ગયો છે. છાપાવાળાઓ જો જાહેર પ્રજાના લાયક પ્રતિનીધિઓ હોય, તો તેઓ ઓડીનન્સથી ડરી જશે નહિ.

આથી હું પ્રેસમેન અને પત્રકારોને અરજ કરું છું, કે જામીનગીરી આપવાની ના પાડવી. અને જો તેઓને જામીનગીરી આપવાની ફરજ પાડવામાં આવે તો છાપાંઓ પ્રગટ કરવાનું બંધ પાડવું અથવા તો સત્તાવાળાઓ ચાહે તો તેઓને જપ્ત કરવા દેવું.

હવે છુટાપણું લગભગ નજીક આવી પુગ્યું છે અને હજારોએ દુઃખો સહન કર્યાં છે ત્યારે પ્રેસમેન માટે એવું કહેવાનું નહિ જોઈએ કે તેઓ જરૂર વેળાએ પોતાની ફરજોમાં પછાત પડયા હતા!

ભલે સત્તાવાળાઓ ટાઈપ અને યંત્રો જપ્ત કરે પણ તેઓ કલમ અને મોઢેનાં ભાષણો તો જપ્ત કરી શકશે નહિ. કદાચ છેલ્લા એ ચીજો પણ તેઓ જપ્ત કરે પણ ખરેખરી અગત્યની વસ્તુ પ્રજાના વિચારો છે જે તેઓ કદી પણ જપ્ત કરી શકશે નહિ. અને હાલમાં ભાગ્યેજ કોઈ એવો પુરુષ કે સ્ત્રી હશે, કે જે સરકારની હાલની રીતિથી અસંતોષી બન્યું નહિ હોય!

મહાત્માજીએ વધુમાં જણાવ્યું હતું કે થોરોની ડહાપણભરી વાત આપણે યાદ રાખવી જોઈએ કે જાપતાની રાજનીતિ દરમ્યાન પ્રમાણિક માણસોએ તાલેવંત થવાનું અશક્ય હતું. જો આપણે કાંઈ પણ ફફડાટ વિના આપણા શરીરો સત્તાવાળાઓને સુપ્રદ કરવાનું ઠરાવીએ તો આપણે આપણો આત્મા વેચવાને બદલે આપણી અસકયામતો પણ સત્તાવાળાને સુપ્રદ કરી દેવા તૈયાર થવું જોઈએ.

મહાત્મા ગાંધીજીએ 'નવજીવન' પ્રેસના મેનેજરને સૂચના કરી કે જો નવા પ્રેસ એકટ આડીનન્સ મુજબ જામીનગીરી માગવામાં આવે, તો જામીનગીરી આપવી નહિ અને પ્રેસ ભલે જપ્ત થાય.

શ્રીયુત વીઠલભાઈ પટેલને મહાત્માજી તરફની મુબારકબાદી

મહાત્માજીએ જણાવ્યુ હતું કે ૧૯૨૧ ના અસહકારક દિવસો દરમ્યાન પણ રાજીનામું નહિ આપનાર પ્રજાના સૌથી જુના સેવક માલવીયાજીએ હાલમાં રાજીનામું આપવા બાદ ઓ. પટેલ જરૂર રાજીનામું આપશે એવી તેઓ વકી રાખતા હતા અને તે માટે દેશે તેઓને આપેલી મુબારકબાદીમા તેઓ (મહાત્માજી) પણ સામેલ હતા એવું તેઓને કહેવાની જરૂર હતી નહિ.

બીલીમોરા, તા. ૨૯ મી એપ્રીલ.

ધરસાણાના મીઠાના અગર સરકારી મીલકત નથી પણ મીઠું પકવનારાઓની મીલકત છે. એવી સરકારે આજે સવારે બહાર પાડેલી યાદી મહાત્મા ગાંધીજીને બતાવવામાં આવી ત્યારે તેઓ ખડખડાટ હસી પડ્યા હતા.

ગાંધીજીએ હસતાં હસતાં જણાવ્યું હતું કે આનો કંઇ અર્થ નથી. સરકાર મીઠાના અગરને રક્ષણ આપવા બંધાયેલી છે. પોલિસ તેનું રક્ષણ કરશે. સરકારી મીઠાની ડીપો પરનો દરોડો અનિવાર્ય છે.

સુરત જીલ્લામાં મદ્યનિષેધ

સુરત, તા. ૨૯ મી એપ્રીલ.

સુરત શહેરની જેમ, જીલ્લાના તાલુકાઓમાં પણ એ કાર્યને સારા પ્રમાણમાં વેગ મળતો રહ્યો હતો. બારડોલીના દરેક જ્ઞાતિનાઓએ બે દિવસમાં ૨૫૦૦ ખજુરાં ભાઇ ઇબ્રાહીમ પટેલની આગેવાની હેઠળ કાપ્યાં. કે જે કાર્ય કરવામાં સ્વયંસેવકો તથા ગ્રામ્યજન તા મળી ત્રણસો જણાઓએ ભાગ લીધો હતો.

બારડોલી તાલુકામાં કપાયલાં ખજુરાંઓ ઉપરાંત ૪૪૩૫ ખજુરાં કાપવા માટેનાં વચનો મળ્યાં હતાં.

પુણીમાં પણ એક જરથોસ્તી ભાઇ સિવાય બીજાં કોઇનાં ખજુરાં બાકી રહ્યાં નથી.

વિઠ્ઠલભાઇ સ્મારક ફાળો

ખજુરી કાપતાં સ્વર્ગવાસી થએલ સદ્‌ગત્ સ્વયંસેવક ભાઇ વિઠ્ઠલભાઇના સ્મારક માટે અંભેટીમાં રૂ. ૧૦૦ એકઠા કરાયા છે.

ચીખલીના વણકરોની જાગ્રતી

ચીખલીના ખત્રીઓની પંચે દારૂ તાડી નહિ વાપરવા ઠરાવ્યું છે. વળી ત્યાં પણ ખજુરા ખોદી નાખવા માટેનાં વચનો આપના-

રાની સંખ્યામાં વધારો થતો જાય છે.

અમલસાડમાં ૧૧ ખજુરાં ગ્રામ્ય જનતાની મદદથી સ્વયંસેવકોએ કાપ્યા હતાં ને બીજાં ૮૦ કાપવા વચન અપાયાં હતાં.

સીસોદરામાં ૬૦ બ્હેનો પીકેટીંગ માટે સેજ બે કલાક તૈયાર છે, જ્યારે છાવણીમાં રહેવા પાંચ બ્હેનોએ તૈયારી બતાવી છે.

ભીમરાડમાં કાંતણ પીંજણ વર્ગ

સુરત શહેરમાં શ્રીમતી ગુણવંત બેન ઘીઆ તથા ગંગા સ્વરૂપ અશ્વીન બ્હેન દવેની દેખરેખ હેઠળ આમલીરાનમાં કાંતવા પીંજવાનો વર્ગ ઉઘાડવામાં આવ્યો હતો. ત્યારે ભીમરાડમાં પડાવ નાંખી રહેલા સ્વયંસેવક ભાઈઓ તરફથી કાંતણ પીંજણનો વર્ગ કાઢી શીખવવામાં આવતું રહ્યું હતું અને રૂંઢ મગદલ્લાની ૭૮ બ્હેનો અને ભાઈઓએ કાંતવા તથા પીંજવાના નામો નોંધાવી ખાદી પહેરવા ઠરાવ્યું હતું.

ઉંબેર ગામના ન્યાતવાર ઠરાવોને અનુસરી દારૂ તાડી બંધ થયાં છે. છતાં છાની રીતે પીનારને પકડી જાહેર કરવા યુવકો દેખરેખ રાખી રહ્યા હતા.

સેના નદીમાંથી મીઠું ઉપાડયું

ઓરપાડ તાલુકાના મીરજાપોર છાવણીના સૈનિકો સેના નદીમાં મીઠું લેવા તા. ૨૭ મીએ ઉપડેલા, જ્યાં સરસકુવાદ, કુદીઆણા, વેલુક, ઓરપા, આડપોર વગેરે ગામોમાં લોકો પણ ઠીક સંખ્યામાં ગયેલા અને બધા મળી આશરે બસેંક જન મીઠું લઈ ગયા હતા.

જેમાં બ્હેનોએ પણ ભાગ લીધો હતો. એ રીતે એ ખાડીમાંથી ૪૦૦ મણ મીઠું ઉપાડવાનું જણાવવામાં આવ્યું હતું.

બ્હેનોનું કાર્ય

છાવણીમાં રહેતી કેટલીક બ્હેનો પીંજણનું કાર્ય શીખે છે, અને પંદર બ્હેનોએ ૧૨૮૦ વાર સુતર કાંત્યું છે. ઓરપાડમાં બ્હેનોનાં કાર્યથી જુદી જુદી કોમોનાં લોકોનાં હૃદય પીગળતાં જણાય છે. ઓરપાડમાંના ખાલપા, ઢેડા, દુબળા, તથા કોળીઓના લત્તામાં બ્હેનોના પ્રચારકાર્યથી તેમના પંચો દારૂ તાડીનો ત્યાગ કરવા વિચાર કરી રહ્યા છે. મહમદપુરામાં થએલી સભામાં દારૂ નહિ પીનારાઓને દૂધ આપવા રૂ. પોણાનેર અપાયા હતા. દુબળાઓએ દારૂ તાડીનો ત્યાગ કર્યો છે. આ રીતે દારૂનિષેધ અને ખાદી પ્રચારનું કાર્ય ઉલટભેર ચાલી રહ્યું છે.

પટેલાઇનું રાજીનામું

શાહવા અને ભાટારના મતાદાર પોલિસ પટેલ ભાઇ ઠાકોરભાઇ ગુલાબભાઇએ પોતાની પટેલાઇનું રાજીનામું આપતાં પોતાની જગ્યા માટે ડી. ડે. કલેક્ટરને ડેપ્યુટી નીમવા વિનંતિ કરેલી. જેનો જવાબ આપતાં ડી. ડે. કલેક્ટર તરફથી તેમને પોતાની પટેલાઇનો અખિત્યાર જાતે ચાલુ રાખવા જણાવી હુકમનો ભંગ કરતાં મતાદાર એક્ટની કલમ ૩૧ મુજબ સજા કરવા જણાવાયલું તે જવાબ ઉપરથી ભાઇ ઠાકોરભાઇએ રાજીનામું મોકલતાં એક લંબાણ પત્ર લખી પોતાનું

રાજીનામું ખરું કરવા રૂબરૂ ન બોલાવતાં તાકીદે છુટો કરવામાં આવે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી

જબલપુર, તા. ૩૦ મી એપ્રીલ.

ગુજરાતના જુદા જુદા ભાગોમાં દારૂનિષેધની ચળવળો જોસભેર આગળ વધતી જાય છે.

તાડીના ઝાડોના માલેકો મહાત્માજી ઉપર પત્રો લખીને પોતાના ઝાડો કાપી નાખવાની ઇચ્છા જાહેર કરતા રહ્યા હતા. ઝાડોવાળી ઘણીક જગ્યાઓ હવે ઉજજડ થઇ પડી છે. ખાસ કરીને કરાડી મટવાડ ખાતે સેંકડો ઝાડો કાપી નાખવામાં આવ્યાં છે.

બીજા હાથપર શ્રીમતી કસ્તુરબા દારૂનિષેધની ચળવળો ચલાવતાં રહ્યાં હતા. તેઓએ લગભગ દજનેક ગામડાઓની મુલાકાત લીધી હતી અને ત્યાંથી સારૂં ઉત્તેજન મળ્યું હતું.

સાંજે શ્રીમતી કસ્તુરબાએ મનસાદ ખાતે ૨ સભાઓમાં ભાષણ કર્યાં હતાં. ઘણાક સ્ત્રીપુરુષોએ દારૂ નહિ પીવાની કબુલાત આપી હતી.

આઝાદીની લડતમાં દેશી રાજ્યોને ખાદી પ્રચાર અને દારૂનિષેધનું કાર્ય ઉપાડી લેવાની સલાહ

બીલીમોરા તા. ૨૯ મી એપ્રીલ

"હું તમને મીઠાના કાયદાનો ભંગ કરવાનું કહેતો નથી. પણ ખચીત હું તમને ખાદી અપનાવવાની અને દારૂ નિષેધની ચળવળ જોરથી ઉપાડી લેવાની અપીલ કરૂં છું"—આ શબ્દોમાં બીલીમોરાની ગાયકવાડી રાજ્યની પ્રજાને મહાત્મા ગાંધીએ પોતાનો સંદેશો આપ્યો હતો.

મહાત્મા ગાંધીજી સવારે બીલીમોરા આવી પહોંચતાં તેમનો ભવ્ય સત્કાર થયો હતો. ગાંધીજીને સરઘસના આકારમાં શહેરના મહોલ્લાઓમાં થઈને મચકડી મેદાનમાં મળેલી જાહેર સભામાં લઈ જવામાં આવ્યા હતા. આ જાહેર સભા બ્રિટિશ હદમાં મળી હતી.

રાજાઓ ફકત રમકડાં

મહાત્મા ગાંધીએ પ્રવચન કરતાં જણાવ્યું, કે રાજદ્વારી ચળવળમાંથી હું દેશી રાજ્યોને બાદ રાખીશ. કારણ કે હું જાણું છું કે હિંદના દેશી રાજાઓ બ્રિટિશોના હાથમાંના રમકડાં જેવાં છે. હું દેશી રાજ્યની પ્રજાને આ રાષ્ટ્રીય લડતમાં ખાદી પ્રચાર અને દારૂનિષેધ પુરતું કાર્ય ઉપાડી લેવાની અપીલ કરું છું.

બ્હેનોને અપીલ

બ્હેનોની સભામાં ગાંધીજીએ પ્રવચન કરતા સ્ત્રીઓને દારૂના પીઠા ઉપરના પીકેટીંગનું કાર્ય ઉપાડી લેવાની અપીલ કરી હતી.

હું ભાષણો કરીને કે મીઠાના કાયદાનો ભંગ કરીને દેશી રાજ્યોને કઢંગી હાલતમાં મૂકવા માંગતો નથી. પહેલાં આપણે સાથે નીકાલ કરી લઇએ અને દેશી રાજ્યો સંબંધમાં કરવાનું પાછળથી થશે. દેશી રાજ્યોની પ્રજા પોતાના રાજ્યની હદમાં મીઠાના કાયદાનો ભંગ કરે એવું હું માગતો નથી. પણ તેઓ પરદેશી કાપડ અને દારૂની દુકાનોના બહિષ્કારમાં ભાગ લે. દારૂના વેપારે આપણા મજુરોનું સત્યાનાશ કાઢ્યું છે! અને બ્રિટિશ કે દેશી રાજ્યના દરેક શહેરીની ફરજ તેમને આ બદીમાંથી બચાવવાની છે. સ્ત્રીઓજ પીકેટીંગનું કાર્ય ઉપાડીને દારૂડીઆઓમાં હદયપલટો કરાવી શકશે.

પારસીઓ

ચોક્કસ મંડળોમાં એવી અફવા છે, કે હું દારૂના પીઠાના પારસી માલીકોની દુકાનો પૂરતુંજ પીકેટીંગ કરાવું છું. પણ આ વાત ખરી નથી. પીકેટીંગ દારૂના પીઠાના બધા માલેકો હિંદુ, મુસલીમ, શીખ અને બીજા વિરૂધ કરવાનું છે. પારસીઓ મારા ભાઇઓ છે. હું તો અંગ્રેજની માલીકોની દારૂની દુકાનો પર પીકેટીંગ ઇચ્છું, પણ હાલ તુરત તેમ કરતાં હું ખંચાઉં છું. તેઓ આપણા ભાઇ બનવા માગતા નથી, પણ આપણા માલીક તરીકે રહેવાનું પસંદ કરે છે.

જો આપણે દારૂ છોડી દઇશું નહિં તો આપણે અહિંસાથી સ્વરાજ્ય મેળવી શકવાના નથી. આપણે સ્વરાજ્યની અંદર એક દારૂડીયાને પ્રમુખ તરીકે કે મતદાર તરીકે માગતા નથી. આપણે જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાંથી સેતાનના એ પ્યાલાનો નાશ કરવો જોઇએ.

ગાંધીજીએ ઉપસંહારમાં લોકોને પોતાના ઝઘડાનો નીકાલ લવાદીથી કરી લેવાનું જણાવ્યું હતું.

સભાને અંતે ગાંધીજીને ચાંદીની તકલી ભેટ કરવામાં આવી હતી.

શ્રી. બી. એફ. ભરૂચા ગાંધીજીને મળવા અત્રે આવ્યા હતા.

પ્રેસ ઓરડીનન્સ

આજથી લાગુ પાડવામાં આવેલા પ્રેસના "કાળા કાયદા" સંબંધમાં અગ્રલેખ લખતા, બારડોલી સત્યાગ્રહ પત્રિકા જણાવે છે, કે

અમે પ્રેસ એકટને ઓરડીનન્સદ્વારા સજીવન કરવામાં આવ્યાથી જામીનગીરી તરીકે સરકારને એક પાઇ પણ આપવા માગતા નથી. આ કુચો મારનારા ફરમાનને તાબે થવા કરતાં અમે સત્યાગ્રહ પત્રિકા હસ્તલીખીત પત્રમાં કાઢીશું.

ચરખાની અનહદ માગણી

ખાદી પ્રચારક શ્રી લક્ષ્મીદાસે આ જગ્યાના સુતારોજોગ એક અપીલ બહાર પાડી જણાવ્યું હતું, કે દેશમાં ચરખાની અસાધારણ માંગણી વધી પડી છે, માટે બધા સુતારોને બારડોલી આશ્રમમાં રેંટીયા બનાવવાનું કાર્ય ઉપાડી લેવાની મારી વિનંતિ છે. એવું કહેવાવું ન જોઇએ કે સુતારોના સહકારને અભાવે પૂરતી ખાદી ઉત્પન્ન કરી શકાઇ નહોતી, અને તેને લઇને સ્વરાજ્ય ઢીલમાં પડયું હતું.

મહાત્માજીને મુંબઈનું આમંત્રણ

જલાલપુર, તા૦ ૩૦ મી એપ્રીલ.

મુંબઈની પ્રાંતિક કોંગ્રેસ કમિટિના સેક્રેટરી કેટલાક સભ્યો સાથે આજે સવારે અત્રે આવ્યા હતા. તેમણે મુંબઈના ભવિષ્યના કાર્યક્રમ સંબંધી મહાત્માજી સાથે ચર્ચા ચલાવી હતી. એમ સમજાય છે, કે મહાત્માજીને મુંબઈ પધારવાનું આમંત્રણ કરવામાં આવ્યું છે. મહાત્માજીએ ઉતરમાં જણાવ્યું છે કે અમુક શરતો પાળવામાં આવે તો હું મુંબઈ આવવાને તૈયાર છું. આ શરતો ઘણી કડક જણાય છે. આ શરતો શી છે તે હજુ જણાયું નથી. મહાત્માજીએ એમ સુચવેલું સંભળાય છે કે મુંબઈમાં મને સંપૂર્ણ તાલીમબદ્ધ અને અહિંસક ઓછામાં ઓછા એક લાખ માણસો મળવા જોઈયે. આ માણસો કાંતતા હોવા જોઈયે.

મહાત્માજી મીઠાના અગર પર દરોરો પાડવાની ભવિષ્યની લડતનો આરંભ કરે એવો સંભવ છે.

મહાત્માજીએ પણ આશા જાહેર કરી હતી, કે અત્યાર સુધીમાં મુંબઈએ બજવેલા ભાગથી નજીક આવી પૂગેલા કટોકટ મામલામાં પણ મુંબઈ સારો દેખાવ કરી શકશે. અને મહાત્માજીએ સંપૂર્ણ અહિંસા, ખદ્દર અને દારૂનિષેધ ઉપર ખાસ ભાર મેલ્યો હતો.

પીકેટીંગમાં ખાસ બાનુઓએ બહાર પડવું એવો આગ્રહ કરતા

મહાત્માજીએ આશા જાહેર કરી હતી કે ચાલુ લડતમાં સ્ત્રીઓ પોતાનો લાયક હિસ્સો આપવામાં પછાત પડશે નહિ. વધુમાં તેઓએ એવી ઇચ્છા જાહેર કરી હતી, કે પૈસાથી ખદરનું વેચાણ કરવું નહિ પણ તે હાથે વણેલાં સુતરના બદલામાં આપવી.

મુંબઇના ડેપ્યુટેશનના સભાસદોએ મહાત્માજીના વોલંટીઅરો સાથે મલીને તાડીના ઝાડો તોડવામાં મદદ કરી હતી.

મેસર્સ પદમ્બીદાસ, જોહરી, પુપાલા અને કૃષ્ણાનાયરનું બનેલું મુંબઇ કોંગ્રેસ કમીટીની સંગ્રામ સમિતિનું ડેપ્યુટેશન અત્રે આવ્યું હતું અને તેણે મુંબઇના કાર્યક્રમ સંબંધમાં એક કલાક સુધી મસલત ચલાવી હતી.

મી૦ રેનોલ્ડસને સલાહ

મી૦ રેજીનોલ્ડ રેનોલ્ડસ પોતે શું કરવું તે વિષે મહાત્માજીની આજ્ઞા લેવા આવ્યા હતા તેમને મહાત્માજીએ અત્યારની લડતમાં સક્રિય ભાગ ન લેતાં તેનું નીરીક્ષણ કરવાની સલાહ આપી જણાવ્યું હતું કે જો તમારે ઇંગ્લંડ જવું પડે, તો જઇ ત્યાંની પ્રજાને હિંદની ખરી સ્થિતિની માહિતી આપવી.

મુંબઇનું પ્રતિનીધિ મંડળ અને મી. રેનોલ્ડસ રાત્રે અત્રેથી ઉપડી ગયા હતા.

મહાત્મા ગાંધીના અંગ્રેજ ચેલા મી૦ રેજીનાલ્ડ રેનોલ્ડ સાબરમતીથી કરાડીની છાવણીમાં આવી પહોંચ્યા હતા. તેમણે ગાંધીજીની મુલાકાત લઇ સત્યાગ્રહની લડતમાં પોતાને ભાગ લેવા દેવાનું "બાપુજી" પર દબાણ કર્યું હતું. ગાંધીજીએ તેમને હમણાં અનામત સૈનિક તરીકે રહેવા જણાવ્યું હતું.

જલાલપુર

તા. ૨ જી મે.

તા. ૨-૫-૩૦ મુંબઇ આવીને સત્યાગ્રહની લડતની આગેવાની લેવા મહાત્માજીને અરજ કરવા ગએલા મુંબઇ સત્યાગ્રહ સંગ્રામ સમિતિના પ્રતિનિધિઓને ગાંધીજીએ આપેલો જવાબ હવે પ્રગટ કરવામાં આવ્યો છે મુંબઇ આવી લડતની આગેવાની લેવા ગાંધીજીએ પોતાની ખુશી દેખાડી છે. પણ તે માટે ચોક્સ શરતો કરી છે જેમાંની મુખ્ય એ છે કે મુંબઇએ તદન અહિંસાનું વ્રત પાળનારા એક લાખ સ્વયંસેવક નોંધાવવા. ગાંધીજી આજે કરાડીમાં આરામ લેશે.

મહાત્માજીનો કોળીઓને દારૂ તાડી છોડવાનો આગ્રહ

મહાત્માજી આજ સાંજે માછવાડ ખાતે આવી પુગ્યા હતા. આ એક નાનું ગામ છે. અને તેમાં મોટે ભાગે કોળીઓની વસ્તી છે. અત્રે ખજુરાંના ૪૦૦૦ ઝાડ છે.

મહાત્માજીએ લોકોને દારૂ તાડીનું વ્યસન તજી દેવાનો આગ્રહ કરતા જણાવ્યું હતું, કે આવા સંજોગો વચ્ચે લોક સ્વરાજ મેળવી શકે નહિ. લોકોએ ઉદ્યોગી રહેવું જોઇએ અને ખાસ્તીરીકર તજી દઇને હિંમતવાન બનવું જોઇએ. કોઇપણ સંજોગ વચ્ચે કરો પણ જુલમ ન ખમવો જોઇએ. કારણ કે બાપના જુલમને પણ નહિ નમી જવાનો દિકરાને હક છે.

વધુમાં મહાત્માજીએ લોકોને ગામડામાં પ્રજાકીયશાળા ઉભી કરવા જણાવ્યું હતું, સભા પુરી થતાં કેટલાંક લોકોએ આ બાબદમાં મહાત્માજીની જોઇતી વધુ સલાહ લીધી હતી.

દારૂનીષેધ વિષે ગાંધીજી

સુરત તા. ૪ થી મે.

સુરત શહેરની જ્ઞાતિ પંચાયતો-જેમણે મદ્યપાન નિષેધનો ઠરાવ થોડા વખત ઉપર પસાર કર્યો હતો. તેમની સાથે ગાંધીજીએ આજે બપોરે વાર્તાલાપ કર્યો હતો. લગભગ ૧૮ પંચાયતોએ દારૂનિષેધનો ઠરાવ પસાર કર્યો હતો. એમ અંદાજ કાઢવામાં આવે છે, કે જો આ ઠરાવનું અક્ષરશઃ પાલન કરવામાં આવે તો ૧૧૭૦૦૦ ની કુલ વસ્તીમાંથી લગભગ ૪૦૦૦૦ લોકોએ મદ્યપાનનિષેધ કર્યો કહી શકાય. આ વખતે લગભગ દરેક જ્ઞાતિ પંચાયતના પ્રતિનિધિઓ હાજર હતા.

ગાંધીજીએ તેમની સમક્ષ ભાષણ કરતા જણાવ્યું હતું, કે "લોકો લીધેલી પ્રતિજ્ઞા બુદ્ધિબળને પ્રતાપેજ પાળી શકે છે એમ તો નથીજ. એમાં તો અંદર હૃદયપલટાની જરૂર અને ઇશ્વરમાં શ્રદ્ધાની જરૂર છે. જેનાથીજ જરૂરી શક્તિ મળે છે. મને લાગે છે કે માણસો મદ્યપાનનિષેધની પ્રવૃતિમાં નિષ્ફળ ગયા છે. તેથી મેં એ પ્રવૃતિમાં સ્ત્રીઓની સહાય શોધી છે. સ્ત્રીઓજ દારૂડીયાઓનાં હૃદય પીગળાવી શકે એમ છે. મેં આબકારી ખાતાના પ્રધાનોને

અનેકવાર દારૂનિષેધનો અમલ કરવાની અરજ કરી છે. તેઓનો હમેશનો જવાબ એ છે કે મારે તેમને આવકના બીજા માર્ગો બતાવવા. મેં તેમને બાલકોને કેલવણી આપવાનું બંધ કરવાનું જણાવ્યું, છતાં તેઓ તે સૂચનાનો સ્વીકાર કરતા નથી. જો સ્વરાજ હેઠળ પણ દારૂનો ધંધો ચાલશે, તો આપણા પ્રમુખશ્રીને એવાજ પ્રશ્નોનો ઉકેલ શોધવાની ફરજ પડશે. આપણે અમેરીકનો જેટલા પણ સાહસીક નથી. તેઓ અમેરીકાને સુકુસટ બનાવી રહ્યા છે. આપણે આજે નીરવીર્ય બની ગયા છીએ. તેથી હું તમને આ પ્રશ્નોનો પ્રથમ ઉકેલ કરવાની વિનંતિ કરું છું."

આગળ બોલતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે "અત્યારના શુકન ઘણાજ સારા છે. હું તમને આજીજીપૂર્વક લીધેલી પ્રતિજ્ઞા પાળવાની અરજ કરું છું, મને ના છેતરશો. જો તમે દારૂનો ત્યાગ કરી શકતા નહી હો તો સાફ સાફ તેમ કહી દો. તેમ કરશો તો હું તમને ધન્યવાદ આપીશ. મારો પોતાનો છોકરો સાફ સાફ મને કહી દે છે, કે હું દારૂ પીવાનું છોડી શકું એમ નથી. તેથી હું તેને તેની સત્યપરાયણતા માટે ધન્યવાદ આપું છું. તેની માફક તમારે પણ સત્યપ્રિય બનવું જોઇએ, કે જેથી ખોટી ગણત્રી નહિ કરું. મારો પુત્ર અને તમે જેઓ દારૂનો ત્યાગ કરી ન શકતા હો, તેમને ઇશ્વરજ એકલો ઉગારી શકે. મને છેતરવામાં તમે તમારી કોમને અને દેશ આખાને છેતરો છો!"

સ્ત્રીઓના અપમાનનો સવાલ

કેટલીક જગ્યાએ સ્ત્રી સ્વયંસેવિકાના સબંધમાં અપમાન સબંધી બોલતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે જો તેઓ સ્ત્રીઓને પુરુષો માટે વહીતરૂ કરતાં હલકાં પ્રાણી તરીકે, અને પુરુષની વિષયવાસના તૃપ્ત કરવાના સાધન તરીકે ગણાતાં હોય, તો કોઇ પણ સ્ત્રી સામે આંગળી ઉંચકવાની પણ તાકાત ન બતાવે. પરંતુ અત્યારે તો તેમના પર પત્થરા પડશે, તોપણ તેઓ તેમનો ચોકીપહેરો ચાલુ રાખશે. પુસીફુટ જોનસને અમેરીકામાં દારૂનિષેધના પ્રચારમાં એક આંખ ગુમાવી. પરંતુ તેથી તેણે તેનો પ્રચાર છોડી દીધો નહિ. સ્ત્રીઓના એકેએક અપમાન માટે હિંદને જવાબ આપવો પડશે. આ તો મારો છેલ્લો પાસો છે અને મારૂં સર્વસ્વ હારી જવા હું કટીબધ્ધ થયો છું. પરંતુ આ બધું હું હિંદની આઝાદી માટે કરી રહ્યો છું. જો એકજ જીલ્લો તૈયાર હોય તો સ્વરાજ તો હાથમાંજ છે. તમારે પવિત્ર થવું જોઇએ, ઉદ્યમી બનવું જોઇએ, સ્વરાજ માટે બીજો કોઇ માર્ગ નથી.”

સ્ત્રીઓને બોધ

જ્ઞાતિ પંચાયતોની સભામાંથી પરવારીને તરતજ ગાંધીજીએ સ્ત્રીઓની સભામાં હાજરી આપી હતી, અને તેમની સમક્ષ ભાષણ કર્યું હતું. ગાંધીજીએ સ્ત્રીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું. કે “ મારે

તમારા પૈસા નથી જોઇતા. પૈસાથી સ્વરાજ મળી જતું નથી. રેંટીઆથી સ્વરાજ મળશે." ગાંધીજીએ આગળ બોલતાં જણાવ્યું હતું કે "સ્ત્રીઓએ તો સીતા જેવા થવું જોઇએ. અત્યારે તો લડાઇ છે. તે વખતે લગ્નોત્સવોમાં તમે ભાગ લઇ ન શકો. સ્વરાજ મળ્યા પછી તમે લગ્નોની મોજ માણી શકો.

તેમણે સ્ત્રીઓને દારૂનિષેધ અને પીકેટીંગના કાર્યમાં રસ લેવાનું જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે એવી નામના કાઢો કે સુરતની સ્ત્રીઓએ સુરતમાંથી દારૂનું નીકંદન કાઢયું. આ બધું ફાજલ સમયની અંદર થઇ શકે છે. તમારો ફાજલ સમય હિંદની આઝાદીના કાર્યમાં વાપરો. **સ્ત્રીઓએ મારી સભામાં તકલી વગર ભવિષ્યમાં આવવું નહિ. તેઓ તકલીથી પણું સારૂં કાંતી શકે છે. સુરતની સ્ત્રીઓએ સુરત બંદરમાંથી પરદેશી કાપડને આવવા દેવા માટે પશ્ચાતાપ કરવો જોઇએ!**

અમલદારોને પજવો નહિ

નવસારી. ૪ થી મે.

આજના "નવજીવન'માં ગાંધીજી લખે છે કે ગુજરાતમાં અત્યારે ખેડા જીલ્લો લડાઇનું કેંદ્ર બની ગયો છે. લોકોએ શાંતિ જાળવી છે, પણ સરકારી અમલદારોના તીવ્ર બહિષ્કારમાં ક્રોધ અને દ્વેષ છે, તેથી હિંસા થાય છે. તેઓ અમલદારોને ઝીણી રીતે પજવે છે, તેમને નીંદે છે આમ તેઓ જીતવાના નથી. ખેડા જીલ્લાના લોકોએ ચેતવણી લઇ અમલદારોના અમલ પ્રત્યેજ મર્યાદામાં રહી બહિષ્કાર કરવો. તેઓના હુકમને માન ન આપવું પણ તેઓનો ખોરાક અટકાવવો જોઇએ નહિં. તેઓને ઘરમાંથી કાઢી મૂકવા જોઇએ નહિં.

જો આપણે તેમ નહિ કરી શકીએ તો આપણે બહિષ્કાર પડતો મૂકવો જોઇએ.

ગાંધીજીનો પંડિતજીને તાર

જલાલપુર, તા. ૪ થી મે.

મહાસભાની કાર્યવાહક સમિતિની બાબતમાં ગાંધીજીએ પંડિત મોતીલાલને તાર કરતા જણાવ્યું છે કે તા. ૧૨ મી એ મારો મૌનવાર સોમવાર છે. તેથી હું ૧૦ મી કે ૧૩ મી તારીખ સુચવું છું. સમિતિ વહેલી મળે તે વધારે સારૂં છે, ને જલાલપુર મુકામે મળે એમ સુચવું છું.

જલાલપુર છાવણી, તા. ૩ જી મે.

કેટલાક હથીયારબંધ પોલિસ કોનસ્ટેબલો અને કેટલાક મીઠા-ખાતાના હથીયારબંધ કોનસ્ટેબલોને બે ઓફીસરો હેઠળ ધરાસણા મોકલવામાં આવ્યા છે. જ્યાં સરકારી મીઠાનાં કારખાનાં છે. એમ જણાય છે કે કોનસ્ટેબલોને મીઠાના ઢગલાનું અને અગરોનું રક્ષણ કરવા મોકલવામાં આવ્યા છે. અગરો ખાનગી માલીકીના છે, પણ તેનું રક્ષણ સરકાર કરે છે. આવતી કાલથી દાંડીનું પોલિસ ફોર્સ સ્ટેશન ઉઠાવી લેવાનું નક્કી થયું છે.

તામીલ નાઇડુને મહાત્માજીનો સંદેશો.


જલાલપુર. ૪ થી મે.

મહાત્માજીએ શ્રી. એ. સુંદરમને કોઇમબટુર જીલ્લામાં તામીલ નાઇડુ ચલવળોની દોરવણી કરવા માટે મોકલી આપ્યા છે. શ્રી. સુંદરમ અગાઉ હિંદુ યુનીવરસીટીમાં હતા અને તેઓ માલવીયાજીની પરવાનગી મેળવીને સાબરમતી આશ્રમમાં જોડાયા હતા.

મહાત્માજીએ શ્રી. સુંદરમ્ મારફતે તામીલ નાઇડુ ઉપર નીચલો સંદેશો મોકલયો હતો,

" ધણું જીવો તકલી. "

ભરૂચમાં મહાત્માજીનાં દર્શનાર્થે



માનવસાગર ઉભરાયો!

ધર્મધામ ધમસાણના વયોવૃદ્ધ સેનાપતિ



[illegible]

ધરાસણાના અગર પર ધાડ
લઈ જવા માટેનો
મહાત્માજીનો વાયસરૉય પરનો પત્ર
નં. ૨

નવસારી, તા. ૫ મી મે.

પોતાની ધરપકડને આગલે દિવસે મહાત્માજીએ વાઇસરૉયનો પોતાનો બીજો પત્ર પૂરો કર્યો હતો. એ આખો પત્ર નીચે આપવામાં આવ્યો છે:—

વ્હાલા મિત્ર,

ઇશ્વરની ઇચ્છા હશે તો આવતી તા...... ......ના રોજ મારા સાથીઓની સાથે ધારાસણા પહોંચવાને હું નીકળવાનો છું. ત્યાં જઇને મીઠાના અગરોનો હું કબજો માગવાનો છું. પ્રજાને એમ કહેવામાં આવ્યું છે, કે ધરાસણાના અગરો ખાનગી મીલ્કત છે. આ ચોકખે ચોકખી બનાવટ છે. જેટલે અંશે વાઇસરોયની મહેલાત સરકારના કબજામાં છે એટલેજ અંશે આ અગરો સરકારના તાબામાં છે.

તેમાંથી એક ચપટી જેટલું મીઠું પણ સત્તાવાળાઓની પરવાનગી

સિવાય કોઇથી ઉઠાવાય એમ નથી. મારા આ કાર્યને મજાકમાં 'ધાડ' તરીકે વર્ણવવામાં આવ્યું છે. આ ધાડ આપ ઇચ્છો તો નીચેની ત્રણ રીતે અટકાવી શકો છો.

(૧) મીઠાનો કર રદ કરીને.

(૨) મને, મારા સાથીઓને અને અમારી પછી આવનારાઓને પકડી લઇને.

(૩) નરી ગુંડાશાહી વાપરીને—જો કે એમાં પણ હું તો એમજ માનું છું કે એક ભાંગેલાં માથાંની જગ્યાએ બીજું શરીર આવીજ ઉભશે.

ગંભીર પગલું

આ પગલું લેતાં મને સ્વભાવિક રીતેજ આંચકો થાય છે. મેં એવી આશા રાખી હતી કે સરકાર સત્યાગ્રહીઓ સાથે ચાલુ કાયદાની રીતે સરકારે જો કામ લીધું હતે, તો મારે કશું પણ કહેવાનું નહોતું. પણ અહિ તો બધા આગેવાનોને પકડી લીધા, પછી સ્વયંસેવકો પર જંગલી અને કોઇક કેસોમાં અમાનુષી હુમલાઓ કરવામાં આવ્યા છે.

આવા દાખલાઓ જો છુટાછવાયા બન્યા હોત, તો તેના તરફ જોયું ન જોયું કરી શકાત. પણ બંગાળ, બીહાર, ઉત્કલ, યુકત-પ્રાંતો, દિલ્હી અને મુંબઇમાંથી જે દાખલાઓ મારા ધ્યાન પર ચઢ્યા છે એ બધા, ગુજરાતમાંના જે ત્રાસનો મારી પાસે પુષ્કળ પુરાવો પડ્યો છે, એનો વધુ સાથ પુરાવનારા છે.

ગોળી બાર

કરાંચી, પેશાવર અને મદ્રાસમાં જે ગોળીબારો કરવામાં આવ્યા છે, એ નીરર્થક લાગે છે. સ્વયંસેવકોના હાથમાંનું જે મીઠું સરકારને મન મામુલી છે અને સ્વયંસેવકોને મન તે મોંઘામુલું છે અને એ મીઠું છોડવી લેવાને કારણે દાડકાંઓ ભાંગવામાં આવ્યાં છે અને ગુપ્ત ભાગો દાબવામાં આવ્યાં છે.

મથુરામાં આસીસ્ટન્ટ માજીસ્ટ્રેટે એક દશવરસના બાળકના હાથમાંથી રાષ્ટ્રીય ધ્વજ છીનવી લીધો કહેવાય છે. ટોળાંયે આમ ગેર કાયદેસર ઝુંટવી લેવાયલો ધ્વજ પાછો માગ્યો હતો, એ ટોળાંને ઘાતકી માર મારવામાં આવ્યો હતો. પાછળથી જ્યારે એ વાવટો ઝુંટવી લેનારનું હૃદય ડંખવા લાગ્યું, ત્યારે એ વાવટો પાછો અપાયો.

બંગાળમાં મીઠાંને કારણે પ્રમાણમાં ઓછા મુકરદમાઓ ચલાવવામાં આવ્યા છે. પણ સ્વયંસેવકોના હાથમાંથી વાવટાઓ છીનવી લેવામાં ન માની શકાય એવા ઘાતકીપણાઓ ગુજારવામાં આવ્યા છે. ચોખાના ખેતરો બાળી મુકવામાં આવ્યાનું કહેવાય છેઃ ખાવાની વસ્તુઓ પરાણે ઝુંટવી લેવાયલી છે. ગુજરાતમાં શાક મારકીટ ઉપર ધાડ પાડવામાં આવી છે. આ ધાડનું કારણ એવું જણાવવામાં આવે છે કે શાકવાળાઓએ અધિકારીઓને શાક વેચવાની ના સુણાવી હતી.

આ બધાં કામો માનવીઓનાં ટોળાઓની વચ્ચેજ કરવામાં આવ્યાં છે. આ ટોળાંઓ આ બધું જોતાં છતાં પણ મહાસભાના આદેશને

માન આપીને શાંત રહ્યા છે. જે માણસોએ સત્ય જાળવવાની પ્રતિજ્ઞાઓ લીધી છે એ માણસોની આ બધી વાતો માની લેવાની હું આપને વિનંતિ કરૂં છું. બારડોલીમાં મોટા અધિકારીઓ ખોટી જાહેર કરેલી વાતો આખરે સાચીજ નીવડી હતી, એની આપને હું યાદ આપું છું. મને આપને જણાવતા દીલગીરી થાય છે, છતાં પણ મારે આપને કહેવુંજ પડે છે, કે અધિકારીઓએ તો આ છેલ્લાં ચાર પાંચ અઠવાડીયાંઓ દરમીયાન પણ જુઠાણાંઓ ઉચ્ચારવામાં પાછી પાની કરેલી નથી. ગુજરાતના કલેકટરની ઑફીસમાંથી કઢાયેલી આ નીચલી નોટીસો હું આપની સમક્ષ દાખલા તરીકે ટાંકી બતાવું છું.

(૧) "ઉમ્મર લાયક માણસો દર વરસે પાંચ શેર મીઠું વાપરે છે. આમ છે એટલે તે આ દર વરસે કરના ત્રણ આના આપે છે, સરકાર જો આ કર કાઢી નાખે તો પ્રજાને મીઠાની વધુ કિંમત આપવી પડે. અને એ ઉપરાંત મીઠાનો કર રદ જવાથી સરકારને પડની ખાદ બીજી રીતે આપવી પડે."

"જે મીઠું તમે દરિઆ કાંઠા પરથી લ્યો છો એ ખાવા લાયક નથી. એટલેજ સરકાર તેનો નાશ કરે છે."

(૨) "મી૦ ગાંધી કહે છે, કે સરકારે આ દેશમાંથી હાથવણાટનો નાશ કર્યો છે. સો જાણે છે, કે આ સાચું નથી. દેશભરમાં એક પણ ગામડું એવું નથી જ્યાં હાથવણાટનો ઉદ્યોગ ચાલતો ન હોય. આ ઉપરાંત દરેક કરેક પ્રાંતમાં વણકરોને વણવાના સારાં સાધનો અને વણાટને લગતી બીજી સગવડો પૂરી પાડવામાં આવી છે."

(૩) 'સરકારે કરેલા પાંચ રૂપીયાના કરજ દીઠ ચાર રૂપીયા પ્રજાના ફાયદાને માટે વાપરવામાં આવ્યા છે,"

આ ઉતારાઓ મેં ત્રણ જુદી પત્રિકાઓમાંથી કરેલા છે. હું આપને એમ કહેવા ઇચ્છું છું, કે આ કથનો ખુલી રીતેજ ખોટાં લાગે છે. દરેક ઉંમરલાયક માણસને કલેકટરની પત્રિકામાં બતાવ્યા કરતાં ત્રણ ગણું વધુ મીઠું ખપે છે. એ ન્યાયે દરેક માણસને મીઠાના કર રૂપે નવ આના આપવા પડે છે. **એટલું વધારામાં છે કે આ કર પુરુષો, સ્રીઓ, બાળકો અને પ્રાણીઓ સુદ્ધાં પાસેથી, કશાયે ભેદભાવ વગર લેવામાં આવે છે.**

દરેકે દરેક ગામમાં ચરખાઓ છે અને હાથ વણાટને સરકાર કલેકટર કહે છે એ રીતે ઊત્તેજન આપે છે એમ કહેવું એ દુષ્ટ જુઠાણું છે. અને સરકારી કરજના પાંચમાંથી ચાર રૂપીઆ જનતાના લાભાર્થે વપરાય છે એ જુઠાણાનો જવાબ તો કોઇ પણ નાણાશાસ્રી આપી શકે છે. પણ સરકાર સાથે સંબંધમાં આવનાર આજનો દરેકે દરેક માણસ જાણી રહ્યા છે કે આવા જુઠાણાઓ રોજની ઘટના જેવાજ બની બેઠા છે. થોડાજ દિવસ ઊપર એક ગુજરાતી કવિ જે ખરો વીર છે, તેને અમલદારોએ જુઠા ઉભા કરેલા પુરાવાને બળે સજા કરવામાં આવી. જો કે તેણે આગ્રહ પૂર્વક જણાવ્યું કે જે સમયે તેણે ગુન્હો કર્યાનું કહેવાય છે, તે સમયે તો તે બીજેજ સ્થળે ઘસઘસાટ ઉંઘતો હતો.

હવે થોડુંક અધિકારીઓના કેટલીક નીષ્ક્રિયતાઓના સંબંધમાં દાખલા આપીશ.

દારૂનાં પીઠાઓની સામે ચોકી કરનારા જે સ્વયંસેવકોને અધિકારી ઓએ શાંત ગણ્યા છે. એ સ્વયંસેવકોપર પીઠાવાળાઓએ હુમલા કર્યા છે. ધારાધોરણોની વિરૂદ્ધ જઇને પણ તેઓએ દારૂનું વેચાણ કર્યું છે અધિકારીઓએ આવાં કામો તરફ આંખ મીંચી છે.

આ બધાની ઉપર આપે હવે દેશને માથે છાપખાનાનો કાયદો જડ્યો છે. આના જેવો કાયદો હિંદે કોઇ વેળાએ જોયેલો નથી. ભગતસિંહ વગેરેના મુકદમાઓ પણ તમે તમારી ખાસ સત્તાની રૂએ ટુંકા કર્યા છે. આ બધી વસ્તુઓ ધ્યાનમાં લીધા પછી હું આજના વહીવટને પાતળાં આચ્છાદન તળેના લશ્કરી અમલની ઉપમા આપું તો શું ખોટું છે? એ પણ આપ ન ભુલો કે આતો હજુ લડતનું પાંચમુંજ અઠવાડીયું ચાલે છે.

આજની આપની આ ત્રાસનીતિ હિંદને હજુ પણ વધુ મોટા પ્રમાણમાં ઘેરી વળે, તે પહેલાં હું આપનો ગુસ્સો બીજી દિશામાં વાળવા ઇચ્છું છું.

મેં જે વાતનું આપની સમક્ષ વર્ણન કર્યું છે એ વાતો આપ આજે તો કદાચ જાણતા પણ નહિ હો. હું કહું છું કે તે કદાચ આજે તો માનવાને માટે પણ તમે તૈયાર ન હો. પણ મારે તો આ બધી બાબતો તરફ આપનું ધ્યાન ખેંચવુંજ રહ્યું છે.

જે નીતિનો આપે આજ કાલ આશરો લીધો છે એ નીતિ દમનનો એ સિંહપંજો હજુ પણ વધુ ઉગામવાનું

આપને હું નીમંત્રણ ન આપું તો હું હીચકારો ગણાઉં. જે માણુસો આજે સરકારી ત્રાસ વેઠી રહ્યા છે, એ માણુસો માટે એમ કહેવામાં વખત નજ આવે, કે છેલ્લામાં છેલ્લી કોટીનો સત્યાગ્રહ કરતા હું અચકાયો હતો !

સત્યાગ્રહનું શસ્ત્ર એવું છે કે અધિકાર જેમ જેમ જુલ્મકાંડો વધુને વધુ પ્રમાણુમાં કરી રહે તેમ તેમ સત્યાગ્રહીયે વધુને વધુ જુલમો વેઠીને નવા જુલમો માગવા રહ્યા છે. વધુમાં વધુ જુલમો સ્વેચ્છાએ સહન કરવામાં અમારી સફળતાની ચાવી વસી છે.

જે રીત મેં ધારણુ કરી છે, તેના જોખમો હું જાણું છું કે મારી વાત સાંભળીને પ્રજા ભુલાવામાં પડવાનો સંભવ નથી. વરસો થયાં હિંદમાં અને બહાર હું પોકારતો રહ્યો છું અને આજે ફરીવાર પોકાર કરૂં છું કે હિંસાને જીતવાનો માત્ર પંથ અહિંસાનો છે હું તો એમ પણ કહી રહ્યો છું, કે હિંસાનો વિચાર સરખો પણ મારી લડતની આડે આવે છે. આટઆટલી ચેતવણી છતાં પણ પ્રજા જો હિંસા કરશે તો તેની જવાબદારી મારા પર એટલાં પ્રમાણુમાંજ વસી રહેશે, જેટલાં પ્રમાણુમાં દરેકે દરેક માનવીના કૃત્યને માટે બીજો માનવી અથવા તો સૌ કોઇ જવાબદાર હોય.

પણ જવાબદારીનો વિચાર બાજુએ રાખીએ તો પણ જગતના જે ઋષિમુનિઓએ અહિંસાના મંત્રને બળવાન ગણ્યો છે, એ મંત્ર જો ખરેખરી રીતે બળવાનજ હોય અને હું માનું છું કે છે–તો

મારાથી આજે જે પગલું લેવાને હું તત્પર થયો છું એ પગલું મુલતવી રખાયજ નહિ.

આમ છે એટલે હું જે કરને આપના ઘણાક પ્રખ્યાત દેશ બાંધવોએ વખોડી કાઢયો છે એ કર વહેલામાં વહેલી તકે નાબુદ કરવાની આપને સુચના કરૂં છું.

સત્યાગ્રહનો તમે ફાવે તેટલો તીરસ્કાર કરો. પણ સત્યાગ્રહને બદલે હિંસક બળવો તમને પસંદ પડશે કે ?

આપે કહ્યું છે, કે સત્યાગ્રહનું પરિણામ, હિંસામાં આવવાનું છે. **તો ઇતિહાસ એમ કહેશે કે સત્યાગ્રહ સમજવામાં નિષ્ફળ નીવડેલી બ્રિટિશ સરકારે પ્રજાને હિંસા તરફ વાળી દીધી** —જે તત્વ તે વધુ પ્રમાણમાં સમજી શકે છે, ને જેની સાથે તે વધુ પ્રમાણમાં કામ પાડી શકે છે.

પણ આ જાતની સનામણી છતાં, પણ હું ઇશ્વરમાં આસ્થા રાખું છું, અને ઇચ્છું છું કે **હિંદની જનતા ચાહે તેવી ઉશ્કેરણીઓની સામે પણ મક્કમ રહેશે—હિંસા તરફ નહિ ઢળે.**

આપ જો મીઠાપરનો કર હવે પછી રદ નહિ કરો અને ખાનગી રીતે મીઠુ પકાવવા સામેનો પ્રતિબંધ દૂર નહિ કરો તો આ પત્રની શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે મારે ન છુટકે ધરાસણાના અગરો પર કુચ આરંભવી પડશે.

આપનો સાચો મિત્ર હું છું

મોહનદાસ કરમચંદ ગાંધી.

ભારત મુક્તિયજ્ઞમાં જગતવંદ્ય મહાત્મા ગાંધીજીનું બલિદાન

બાપુને કેવી રીતે ઉપાડી ગયા?

મહાત્માજીને કરાડીથી યરવડાની જેલમાં લઇ જવાનો હૃદયભેદક ઐતિહાસિક બનાવ

[ભાઇશ્રી સિધરાણી જેઓને મહાત્માજીની ધરપકડ થઇ તે વેળા તેમની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું તેમણે પોતે જોયેલું અને સાંભળેલું તે ધન્ય ઘડીનું બ્યાન નીચે આપ્યું છે.]

૫ : ૫ : ૧૯૩૦
કરાડી–મટવાડ
રાતનો દોઢ.

હવે નિદ્રા શાની? જે નિદ્રામાંથી અમે જાગ્યા છીએ તે નિદ્રાએ હવે હંમેશને માટે વિદાય લઇ લીધી. હવે તો દિવસ કે રાત! આઝાદીની પ્રથમ રાત સુધી હવે તો જાગવાનું!

અમારા–આખા રાષ્ટ્રના પ્રાણને હમણાં જ વળાવીને લખવા બેઠો છું. અત્યારે દોઢ વાગ્યો છે. મધરાત છે, પણ જાણે ધોળો દિવસ ઊગી નીકળ્યો હોય તેવો ભાસ થાય છે!

પોણા વાગે બે મોટી મોટરબસ આવીને બારણે ઊભી રહી. ક્ષણવારમાં તો એક પછી એક ૨૫–૩૦ સિપાઇઓ કૂદી પડયા. સુરતના પેલા ગોરા ન્યાયમૂર્તિ (!) સૌથી આગળ દોડયા. પાછળ પોલિસ સુપરી અને આંટિયા. અને તેમની પાછળ ૨૫ પોલિસો બંદુકના કુંદા ઝાલી દોડયા. જાણે ધાડ પાડવા આવ્યા હોય! બારણા આગળ સૂતેલ રાઘવન જાગી ઉઠયો અને 'Who are you?' (કોણ છે એ?) કરતોકને પેલા ગોરા ન્યાયમૂર્તિ સામે આવીને ખડો થઇ ગયો.

'Shut up,' (ચૂપ રહો) ગોરાએ જવાબ આપ્યો. 'Who are you?' (તમે કોણ છો?) રાઘવન ફરી તાડુકયો. 'Shut up,' (ચૂપ) પેલાએ રૂવાબી છાંટી. રાઘવને ત્રીજીવાર એ જ પૂછયું અને પેલો જવાબ પણ દેવા ન થોભતાં બાપુજીની કુટિર તરફ દોડી ગયો.

પહેલાં તો સિપાઇઓએ અમને સૌને ઘેરી લીધા હતા. મેં ધાર્યું કે અમને પણ પકડશે એટલે બિસ્તરો સંકેલવો શરૂ કર્યો. પણ ત્યાં તો જોયું કે એ લોકો બાપુજીની કુટિર તરફ ધસી રહ્યા છે; એટલે મેં પણ દોટ મૂકી. સિપાઇઓના જોડાના અવાજથી અને રાઘવનની બૂમથી સૌ જાગી ગયા હતા. ક્ષણ બે ક્ષણમાં તો સૌ બાપુજી પાસે દોડી ગયા અને આસપાસ વીંટળાઇ વળ્યા.

અવાજથી જાગી ગયેલાં કમળાબહેન ખુલ્લા આકાશની અનંત આંખોની ચોકી નીચે સૂતેલા બાપુ પાસે દોડી ગયાં અને ભેટી પડયાં. બાપુ પણ જાગતા જ હતા.

'બાપુ, તમને લઇ જવા આવ્યા લાગે છે.'

'હા, કેમ જશું ને?' બાપુએ માથું પંપાળ્યું. કમળાબહેને 'હા' એવો જવાબ આપ્યો.

'તારે આવવું છે મારી સાથે?' 'હા' બોલ્યાં ત્યાં તો કમળાબહેનની આંખમાં પાણી આવ્યાં.

'અરે, ગાંડી, ગાંડી.' બાપુએ વાંસામાં બે ધબ્બા માર્યા.

એટલામાં તો ન્યાયમૂર્તિ અને આંટિયા આવી પહોંચ્યા. એક જંગલીની માફક બાપુ ઉપર ટોર્ચ ફેંકી. બાપુએ મોં ફેરવ્યું.

'I arrest you.' (હું 'ઍરેસ્ટ' કરું છું) ગોરો બોલ્યો બાપુ હસ્યા. જીવનમાં આ બીજી વાર મૌન તોડ્યું.

'Do you want me?' (મારું જ કામ છે ના?) બાપુજી બોલ્યા.

'Yes Sir' (જી, હા.) ગોરાએ જવાબ આપ્યો.

'તમારું નામ મોહનદાસ કરમચંદ ગાંધી?'

'હા' બાપુએ જવાબ આપ્યો. ત્યાં તો સિપાઈઓ આવીને ફરી વળ્યા. હુકમ મળ્યો, કે મોઢું બહારની બાજુ રાખો.

'જો તમારે કશો વાંધો ન હોય તો હું દાતણ કરી લઉં?' બાપુએ પૂછ્યું.

'ખુશીથી' જવાબ મળ્યો. બાપુએ દાતણ મંગાવ્યું. જાણે કાંઈજ ન બન્યું હોય—જાણે હમેશની માફક ચાર વાગ્યાની પ્રાતરોપાસના માટે તૈયાર થતા હોય તેમ સ્વસ્થતાથી દાતણ કરવા લાગ્યા.

'કાન્તિ,' બાપુ બોલ્યા: 'મારાં કપડાં તૈયાર કર.' બાપુ તો દાંતણ કરતા જાય અને કહેતા જાય, 'વાલજી' *Young India*

(યંગ ઇંડિયા) માટે અધુરું લખેલું પડયું છે. સંભાળી લેજો, અને મોકલી દેજો.' બાપુજી તો દાતણ કરતા જાય અને કહેતા જાય. સામે અમલદારો સ્તબ્ધ ઉભેલા.

'મિ. મૅજીસ્ટ્રેટ' મને જણાવશો કે મને કયા સેકશન નીચે પકડવામાં આવે છે?' બાપુજીએ ન્યાયમૂર્તિને પૂછ્યું.

ન્યાયમૂર્તિએ ધ્રુજતા ધ્રુજતા આખુ વોરંટ વાંચ્યું સાર આ હતોઃ—

'૧૮૨૭ ના ૨૫ મા રેગ્યુલેશન પ્રમાણે.'

ત્યાં તો આનંદ પત્રોની ફાઇલ લઇને આવી પહોંચ્યો. બાપુ એક એક પત્ર લેતા જાય અને સમજ પાડતા જાય. ત્યાં તો એક પત્ર આવ્યો 'આ છાપી નાખજો' બાપુ બોલ્યા. એ કયો પત્ર હશે! જે પત્રમાં લોડ ઇરવીનને બાપુએ કેટલીક એવી વાતો કહી છે કે જે તેઓ આખા જીવનમાં પણ ન જાણી શકત,

'વખત છે ને?' બાપુએ પૂછ્યું. 'ના જી' આંટિયાએ જવાબ આપ્યોઃ 'આપને એક વાગ્યા પહેલાં પકડી લેવાના છે.'

'ત્યારે પાંચ મિનિટ વધારે. એક ભજન ગાઇ લઇએ. પંડિતજી છે કે?' મહાવીર દોડયો અને એકતારો લઇ આવ્યો.

બાપુજી ઊઠયા. સૌ એક ધ્યાન થયા. પંડિતજીએ શરૂ કર્યું.

'વૈષ્ણવ જન તો તેને કહીએ.....' વચમાં આદર્શ વૈષ્ણવ-જન નીચે વદને અંતર્મુખ ઊભા હતા; અને આસપાસ

સત્યાગ્રહીઓ ગાતા ગાતા '–તેનું દર્શન કરતા કુળ એકોતેર–' તારતા હતા.

ગામલોક આવી પહોંચ્યું. પાછલી વાડમાંથી પ્રવેશ કરે ત્યાં તો પોલિસો ગોઠવાઇ ગયા અને તેમને અંદર આવતા અટકાવ્યા. ત્યાં તો ગામની સ્ત્રીઓ આવી અને ગાવા લાગી; 'દાતણ કરતા જાવ રે ગાંધીજી......'

ભજન ખલાસ થયું અને એક પછી એક સૌ એ પતિતપાવનના પગોમાં પડવા લાગ્યા. બાપુ હસતા જાય અને થાબડતા જાય.

'ચાલો, હવે ઉતાવળ કરો. મને જવા દો.' બાપુએ છેલ્લા નમસ્કાર કર્યાં. ધીમેધીમે સૌ ખસ્યા. આંટિયાએ હાથ આપ્યો. જાણે ઉલટ આવી હોય એમ બાપુજી ઝપાટાભેર ચાલવા લાગ્યા. સૌ મોટરો આસપાસ ગોઠવાઇ ગયા. એક ક્ષણમાં તો બાપુજી ખટારામાં ચઢી બેઠા, અને એક પછી એક અમલદારો અને સિપાઇઓ ખડકાયા. બહાર પણ કેટલાક ટીંગાયા અને ખરરર......મોટરો ઉપડી ગઇ. ગામ સ્ત્રીઓ ગાવા લાગી,

'બાપુને શરણે આવજો રે,
અવસર છે છેલ્લો......'
'બાપુ ચરણે આવજો રે,
અવસર છે છેલ્લો......'

એનું ચરણ તો નિત્ય રહેવાનું; પણ ચરણ તો હમણાં છેકાંજ રપકાંવાના !

રાષ્ટ્રપ્રાણને વળાવી સૌ પાછા ફર્યા. બાપુની ખાલી કુટિર ઉપર આંબામાં ટહુકતી કોયલ, અને ખાલી પડેલી પથારી જોઇ જોઇને સૌ પ્રાર્થનામાં વળ્યા. પંડિતજીએ ગાયું, 'નિર્બલ કે બલરામ.'

ગામલોક રડે છે કે અમારા ગામને કલંક ચોટયું. પણ રડવાનું તો આખા રાષ્ટ્રને છે !

ભજન ચાલતું હતું તે વખતે આંટિયાનો હૃદયપલટો થયો હોત ! લોહીમાંથી નિપજતા પૈસાને લાત મારી બોલી ઉઠયા હોત, 'મને ય ગાંધીજી સાથે પકડી લો. આ ગુંડારાજની નોકરી મારાથી ન થાય !' **પણ દેશનાં એ ભાગ્ય કયાંથી ?**

નવસારી સ્ટેશને અંધારૂ

નવસારી સ્ટેશનથી બે માઇલ દૂર એક સરસ સલૂન ઊભું રાખવામાં આવ્યું હતું. કોઇને જાણ ન થાય માટે તેમાં બત્તી પણ નહોતી કરવામાં આવી. બાપુને લાવીને તેમાં બેસાડી દેવામાં આવ્યા.

તારો કરવા માટે છાવણીમાંથી ઘોડો દોડાવવામાં આવ્યો. રસ્તામાં તેને રોકવામાં આવ્યો. દરેક રસ્તે ૨૫ ૨૫ પોલિસો ગોઠવી દેવામાં આવ્યા હતા.

સ્ટેશન, જલાલપુર અને નવસારીની તાર ઓફિસનો ૧૨ વાગ્યાથી કબજો લઇ લેવામાં આવ્યો હતો.

સરકારના આ સર્વશ્રેષ્ઠ પરાક્રમનો દેશ શો બદલો આપશે ?

બોરીવલી સ્ટેશન જતાં

['પ્રસ્થાન'માં 'અમેરીકાના પત્રો'વાળા શ્રી નંદલાલ શાહ લેખ લખે છે, કે:—]

બીજે દિવસે 'બોસ્ટન ગ્લોબ'ના ખાસ ખબરપત્રી નેગલી ફાર્સન (Negley Farson) નો તાર પ્રસિદ્ધ થયો. એમાં એ ખબરપત્રી અને યુદ્ધ વેળાનો બ્રિટીશ ખબરપત્રી બાર્ટલેટ ખાનગી ખબરને આધારે મોટર લઇ સવારના બોરીવલી જઇ પહોંચ્યા હતા. ત્યાં શું બન્યું એ ખબરપત્રીના શબ્દોમાંજ જણાવું છું.

"બોરીવલી સ્ટેશનથી દૂર આવેલા ક્રોસિંગ પાસે ટ્રેઇન આવીને ઉભી રહી અને તુરતજ એક જાતની અપૂર્વ શાન્તિ પથરાઇ ગઇ. પછી ધીરે રહીને એક ડબ્બાનું બારણું ઉઘડ્યું અને એક યુવાન અંગ્રેજે શાન્તિથી પોતાના હાથમાંની ખાદીની બગલથેલી આગળ ધરી. તે પછી તેણે માનપૂર્વક પોતાની પાછળ ઉભેલી વ્યક્તિને નમન કર્યું (nodded politely) અને માર્ગમાંથી કોરે ખસી ગયો—અને મહાત્મા ('holy man') નું નાનું પણ પ્રતિભાશાળી શરીર નજરે પડ્યું, ગાડીમાં બેઠેલા ૫૦૦ હિન્દુ મુસલમાનોને જાણે વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તેઓ મ્હોં પહોળું કરીને નાની ગરદન પરના દિવ્ય મુખને જોઇ રહ્યા. ગાંધીજી સહેજ હસ્યા

અને અંગ્રેજ ઓફિસરે તેમને મદદ કરવા જે હાથ લંબાવ્યો હતો તે પકડીને નીચે ઉતરી પડયા, અંગ્રેજોના લાગણી શૂન્ય મુખપર મહાત્માજીની આ ક્ષત્રિયોચિત (sportsman) રીતભાતથી આદરનું એક સ્મિત ફરી વળ્યું, પણ તે થોડીજવારને માટે. હજુ તેમને પૂના પહોંચાડવાના હતા અને પ્રભુ જાણે રસ્તામાં શું શું બને?

"તૈયાર છો ગાંધીજી?" "હા, તૈયાર છું."

એક અંગ્રેજ ઓફિસરે ડીટ્રોઇકરનું બારણું ઝાલી રાખ્યું અને ગાંધીજી કારમાં દાખલ થયા. સાથે મેડિકલ ઓફિસર ગોઠવાઇ ગયો અને જાણે નવવધુનો રથ ન હોય એમ કાર પર પડદા પડયા (pathetio little bridal party). અને કારની આગળ સાદા પોષાકમાં બેઠેલા ડ્રાઇવરે કારને હાંકી મૂકી.

અને આ આખો અદ્ભુત પ્રસંગ કાંઇપણ ઘટના વિના પૂરો થયો.

આ પ્રસંગની અદ્ભુતતા બ્રિટિશોએ આ આખા પ્રસંગને જે ઠંડે કલેજે અને ચપળતાથી ઉકેલ્યો તેમાં છે તેના કરતાંયે મહાત્માજીએ જે અલૌકિક ગૌરવથી (magnificent dignity) તેમના કાર્યમાં સહાય આપી તેમાં વિશેષ છે. જે પ્રસંગને લીધે હજારોનાં લોહી રેડાત તે પ્રસંગ જાણે કે મહાત્માજીને બ્રિટીશ ઓફિસરો નાસ્તો કરવા માટે ન લઇ જતા હોય એટલી શાન્તિથી પૂરો થયો.

આ ખબરપત્રી પોતાને ગાંધીજી સાથે જે વાતચીત થઇ તે નીચે પ્રમાણે જણાવે છે.

"ગાંધીજીએ એમનો નાનકડો, મજબૂત હાથ લાંબો કર્યો અને મારી સાથે હસ્તધુનન કર્યું."

"તમારે કોઈ છેવટનો સંદેશો આપવાનો છે, ગાંધીજી?"

'હું અત્યારેજ કહું કે પછી?'

'અત્યારેજ કહો તો સારું.'

'તો અમેરિકાના લોકોને એટલું કહેજો કે આ યુદ્ધમાં સમાયેલા મુદ્દાઓનો નિષ્પક્ષપાત દૃષ્ટિએ અભ્યાસ કરે અને તે પ્રમાણે નિર્ણય કરે.'

'કોઈની સામે તમારા મનમાં કચવાટ કે રોષ નથી?'

'ના જરાય નહિ. ઘણા વખતથી હું પકડાવાની રાહ જોતો હતો.'

'તમને લાગે છે કે તમારા પકડાવાથી હિન્દુસ્તાનમાં ખુબજ તોફાન થશે?'

'હું નથી ધારતો કે એમ થાય, હું પોતે એટલું કહી શકું કે એ તોફાનો અટકાવવા માટે હું મારાથી બનતું તમામ કરી ચૂકયો છું.

'તો તોફાનો થશે એમ તમે નથી માનતા?'

'તોફાનો અટકાવવા મેં મારું બનતું કર્યું છે.'

"૨૦૦ વર્ષ પછી ઓરડા પાસે બેઠેલી માતાઓ પોતાના ખોળામાં બેઠેલા બાળકને બ્રિટિશોએ મહાત્માજીને કેવી રીતે પકડયા તેની આ અદ્ભુત વાર્તા કહેશે ત્યારે મહાત્માજી દેવોની કોટિમાં બિરાજ્યા હશે."

પ્રજા જોગો પુજય બાનો સંદેશો

[ગાંધીજીના પકડાયા પછી પૂ. કસ્તુરબાએ નીચેનો પ્રજાજોગો સંદેશો આપ્યો છે.]

આજે સવારે ચાર વાગે હું પ્રાર્થના કરતી હતી ત્યારેજ મને ગાંધીજીનું ચિંતવન થયું હતું. રાત્રે અમારી છાવણી પાસે થઇને મોટરોની દોડાદોડી બહુ સંભળાતી હતી એટલે મનમાં કંઇક શંકા તો પડી હતીજ. પ્રાર્થના પછી તરત નવસારી છાવણીમાંથી ખબર આવી કે ગાંધીજીને મધરાતે લઇ ગયા!

મને કે અમારી છાવણીની કોઇ બ્હેનને આ ખબર સાંભળી નવાઇ જરાયે ન લાગી. જેનાં નગારાં કેટલાય દિવસથી વાગી રહ્યાં હતાં એ ખબર સાંભળતાં નવાઇ શાની થાય?

સવારે કરાડી છાવણીએ હું જઇ આવી. આશ્રમવાસીઓને મળી. તેમની પાસેથી સાંભળ્યું કે બે મોટરો ભરીને હથિયારબંધ સિપાઇઓ સાથે આ કામ કરવા અમલદારો આવ્યા હતા. ગાંધીજીને ફરતા સિપાઇઓનો ઘેરો મૂકી દીધો. અને થોડી વાર તો કોઇ આશ્રમવાસીને એમની પાસે પણ જવા ન દીધા. કરાડી ગામના લોકોને જાણ થતાં તેઓ દોડી આવ્યા. પણ કહે છે કે સિપાઇઓએ એમને

છાવણીમાં દાખલ થવા ન દીધા. આ બધી વાતો સાંભળી મને બહુ ખેદ થયો! સરકારના ગાંડપણુ ઉપર મને હસવું આવ્યું. ગાંધીજીને પકડવા આવવાનું એ તો મધરાતે ધાડ પાડે એમ કરવાનું હોય? એમને પકડવા એમાં આટલાં લાવલશ્કર શાં! લોકોને રોકવા શા? એ તો એના સ્વભાવ પ્રમાણેજ કરે ને? હવે ગાંધીજી તો ગયા. આટલા મોડા એમને લીધા, એજ સરકારની મહેરબાની. આટલાં પાંચ અઠવાડિયાંમાં ગાંધીજીએ આપણુને જેટલું કહેવું હતું તેટલું કહી દીધું છે, આપણો રસ્તો બરાબર આંકી દીધો છે. ભાઇઓને એમનું કામ બતાવી દીધું છે, તેમ બ્હેનોને પણુ પોતાનું કામ બતાવી દીધું છે. ગાંધીજીએ સોંપેલું કામ પાર ઉતારવું એ હવે બ્હેનો અને ભાઇઓનો ધર્મ થઇ પડયો. આજ સુધી લડતની જવાબદારી ગાંધીજીના ઉપર હતી, દેશની લાજ એમના હાથમાં હતી, હવે આ લડત અને ભારતમાતાની લાજ બધાં બ્હેનો ને ભાઇઓના ઉપર છે.

આ બનાવથી દેશમાં કોઇ જગ્યાએ અશાન્તિ ન થાઓ એવી હું ઇશ્વર પાસે પ્રાર્થના કરૂં છું! લોકોને પણુ પ્રાર્થના કરૂં છું કે તમારી લાગણી અને તમારી ભક્તિમાં કોઇ ગાંડા ન થશો, પણુ લડત વધારે મરણિયા થઇને ચલાવવા મંડજો!

જેઓ અત્યાર સુધી આ લડતમાં ભળવાની આનાકાની કરતા હતા એ બધા હવે તરત જોડાઇ જાય. વકીલો અને બારિસ્ટરો અત્યાર સુધી એમના ધંધાને વળગી રહ્યા છે તેઓ હવે તે છોડી દે અને દેશની લડતમાં ભળે. સરકારી નોકરી કરનારા ભાઇઓ, તમે

પણ હવે ક્યાં સુધી નોકરીને બાઝી રહેશો ? તમે કોરટમાં બેસીને નિર્દોષ દેશસેવકોને સજાઓ કરો ને પછી ઘેર જઇને અફસોસ કરો. એમાં શું વળે ? સિપાઇઓ પોતાના દેશી ભાઇઓ ઉપર લાઠીઓ ચલાવે ને ગોળીઓ છોડે છે એ તેમનો જીવ કેમ ચાલે છે ? ભાઇઓ હિંમત કરો; ભગવાન તમને કોઇને ભૂખ્યા નહિ રાખે. નિર્દોષ અને દેશભક્તિથી ઉભરાતા છોકરાઓને મારવા અને પછી ઘેર જઇ આંખમાં પાણી લાવી નિસાસા મૂકવા એમાં શું વળે ? પરમેશ્વરનું નામ લઇને અને દેશનું નામ લઇને હિંમત કરો, ને નોકરી છોડો.

આથી બીજો સંદેશો આજે મારે શો આપવાનો હોય ? પરમાત્મા આપણને સૌને શક્તિ આપો.

મહાત્મા ગાંધીજીનો સંદેશો

[તા. ૯-૪-'૩૦ ને રોજ એવી સખત અફવા ઉડેલી કે ગાંધીજી પકડાવાના છે, અને એ ખબર સાંભળીને સુરતથી કલ્યાણજીભાઈએ જઈને ગાંધીજીને રાતના બાર વાગે જગાડયા અને સંદેશો માગ્યો. ગાંધીજીએ તે વખતે જ પોતાનો નીચેનો સંદેશો લખાવ્યો, પણ તે દિવસે પકડાયા નહિ એટલે એનો ઉપયોગ ન થયો. પણ ગાંધીજીએ કહ્યું હતું કે હવે પકડાઉં ત્યારે બીજો સંદેશો આપવાનો નથી. આખરે સરકારે તેમને પકડયા એટલે તે સંદેશ નીચે પ્રમાણે 'નવજીવન' માં પ્રગટ થએલો અત્રે આપેલો છે.]

છેવટે વાઘ આવ્યો જણાય છે. મધરાતે સાથીઓ મને સુખે સૂતેલાને જગાડીને સંદેશો માગે છે, એટલે જરાયે ઇચ્છા થયા વિના આ સંદેશો લખાવી રહ્યો છું.

સંદેશા તો ઘણાયે આપ્યા. એટલામાંથી જો કાંઈ ન ઝીલી શકાયું હોય તો હવે આ સંદેશાથી શું વળવાનું છે? પણ આજની મધરાત લગી આવેલી ખબરો ઉપરથી જોઉં કે સંદેશો ઝિલાયો છે.

ગુજરાતે જાળવેલી શાંતિની મહાત્માજીએ કરેલી પ્રસંશા

ગુજરાતનાં સ્ત્રીપુરુષો ઉભરાઈ ઊઠયાં જણાય છે. આટ અને બીમરાડમાં સ્ત્રીપુરુષોને નિર્ભયતાથી સવિનય ભંગ કરતાં મેં

નજરે આવ્યાં. તેઓ હજારોની સંખ્યામાં હોવા છતાં કંઇપણ તોફાનના અવિનયનાં ચિન્હ જોવામાં નથી આવ્યાં.

સરકારી અમલદારોએ મર્યાદા મૂકી છે. એમ છતાં લોકોએ લવલેશ પણ શાંતિભંગ નથી કર્યો. આ લખાવતી વખતે મારા હાથમાં દિલ્હીથી આવેલો તાર મૂકવામાં આવ્યો છે. તેમાં દેવદાસ ગાંધી જણાવે છે: "ગઇ કાલે ચાર સ્વયંસેવકોને સખત માર પડયો. તેઓ બેહોશ થયા. આ બધું બકેટ ઉપર હતું." તોયે લોકો તરફથી શાંતિભંગ નથી થયો.

અહિં ગુજરાતમાં એક પછી એક કસાયેલા, લોકોને પ્રિય થઇ પડેલા લોકસેવકો પકડાયા છે. એમ છતાં લોકોએ પરમ શાંતિ જાળવી છે; ગભરાયા નથી. અને પકડાપકડી વધતી જતી સંખ્યામાં સ્ત્રીપુરુષોએ સવિનય ભંગ કરીને ઉલટભેર ઉજવી છે. આનું નામ સદેશો ઝીલ્યો એમ માનું છું.

આ આવો શુભ આરંભ અંત લગી જળવાશે તો સંપૂર્ણ સ્વરાજ છે જ. અને હિંદુસ્તાનને શોભે એવો પદાર્થપાઠ હિંદુસ્તાને આખા જગતને આપ્યો ગણાશે.

બલિદાન વિના સ્વરાજ ટકવાનું નથી.

કુરબાની વિના મળેલું સ્વરાજ કદી ટકે નહિ. એટલે લોકોને ભલે પેટ ભરીને કુરબાની કરવી પડે. સાચી કુરબાનીમાં એક તરફથી જ કષ્ટ સહન કરવાનું હોય છે. એટલે કે કોઇને માર્યા વિના

પોતે મરીને જીવવાનો મંત્ર શીખવાનો હોય છે. એ મંત્ર હિંદુસ્તાને શીખ્યો. અત્યારે તો મૂઠીભર મીઠામાં હિંદુસ્તાનનું સ્વમાન અને સર્વસ્વ છુપાયેલાં છે. એ મૂઠી ભલે ભાંગી જાય પણ કદી ઊઘડવી ન જોઇએ.

સરકારને સભ્યતાપૂર્વક લડાઇ લડવી હોય તો મીઠાની મૂઠી ભરનારને જેલમાં લઇ જાય. ત્યાં લોકો સુખેથી જેમ પોતાના શરીરને સરકારને હવાલે કરશે તેમ મૂઠીમાંનું મીઠું પણ હવાલે કરે. પણ ગરીબ નિર્દોષ સત્યાગ્રહીના હાથમાંથી મીઠું ઝુંટવી લેવું એ અસભ્યતા છે, અને હિંદુસ્તાનનું અપમાન છે. એ અપમાન તો મૂઠી ભાંગી જવા દઇને સહન થાય.

એમ કરતાંયે જેની મૂઠી ભાંગે તે અથવા તો બીજા ગુસ્સો ન કરે. અસભ્યતાનો જવાબ અસભ્યતાથી ન વાળે, પણ શાંત રહી ઇશ્વરને નામે બધું દુઃખ સહન કરી સભ્યતાથી વાળે.

આ લડત હું નહિ પણ ઇશ્વર ચલાવે છે

હું પકડાઇ જાઉં એટલે સાથીઓએ કે લોકોએ ગભરાવાનું મુદ્દલ કારણ નથી. આ લડતને ચલાવનારો હું નથી, પણ ઇશ્વર છે. એ બધાંનાં હૃદયમાં વાસ કરે છે. એ જો આપણામાં શ્રદ્ધા હશે તો દોરશે જ.

જાહેર પ્રજાને રચનાત્મક કાર્ય ઉપાડી લેવાની અપીલ

માર્ગ અંકાઇ ગયેલો છે. મીઠું ઉપાડવા કે બનાવવાને ગામનાં ગામ ઉલટી પડે, મદ્યપાનનાં અને અફીણનાં પીઠાને અને વિદેશી વસ્ત્રની દુકાનોને બ્હેનો ઘેરે અને કાર્ય સિદ્ધ કરે. ઘેર ઘેર નાનાં મોટાં બધાં તકલી ચલવતાં થઇ જાય, અને ઢગલાબંધ સુતર રોજ કંતાય ને વણાય, વિદેશી વસ્ત્રની હોળી થાય. હિંદુ કોઇને અસ્પૃશ્ય ન ગણે, હિંદુ, મુસલમાન, શીખ, પારસી, ખ્રિસ્તી બધા હૃદયથી ભેટે. નાની કોમોનું પેટ ભરાતાં જે મળે તેથી મોટી કોમ સંતોષ પામે. નિશાળીયાઓ સરકારી નિશાળ છોડે, અને સરકારી નોકરો જેમણે રાજીનામાં આપ્યાં છે એવા બહાદુર પટેલતલાટીની જેમ રાજીનામાં આપી, લોકસેવામાં રોકાઇ જાય. એટલે ઘેર બેઠે આપણને પૂર્ણ સ્વરાજ મળશે !

દાંડી

૯–૪–'૩૦ રાતના બાર

ધરાસણાની સરકારી ડીપોપર કુચ

૭૬ વર્ષના સેનાપતિનો સંકલ્પ

જલાલપોર, તા. ૭ મી મે.

મહાત્માજીની ધરપકડ બાદ આજે પહેલી વેળાયે સત્યાગ્રહી વોલંટીઅરોના આગેવાન તરીકે શ્રીયુત અબ્બાસ તૈયબજીએ મહાત્માજીનું સ્થાન લઇ જાહેર ભાષણ કર્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે હું મહાત્માજીને પગલે ચાલીશ: એવું માનવાનું નથી કે મહાત્માજીની ધરપકડને પરિણામે લડત નરમ પડી જશે અને ધરાસણા ખાતેના સરકારી મીઠાના અગર પર હલ્લો લઇ જવાનુ માંડી વાળવામાં આવશે.

મહાત્માજીનું અધુરૂં રહેલું કામ પૂરૂં કરીશ

શ્રીયુત અબ્બાસ તૈયબજીએ આગળ ચાલતાં જાહેર કર્યું હતું કે વોલંટીઅરોની સાથે ધરાસણા જઇ મહાત્માજીનું અધુરૂં રહેલું કામ પુરૂં કરવાનો મેં સંકલ્પ કર્યો છે.

આ ૭૬ વર્ષના વૃદ્ધ સરદારે વધુમાં જણાવ્યું હતું કે–

અમો ધરાસણાના સરકારી નીમકના અગર પર દરોડો લઇ જઇશું અને ગોળીઓની સામે ધસીશું. અમારી રીતિ અહિંસક

રહેશે. અમે અમારી પાસ એક લાકડી પણ રાખીશું નહિ. અમે ત્યાં જરૂરજ જઇશું અને પરિણામ પ્રભુ ઉપર છોડીશું.

લડતમાં મરીશું તોજ હિંદ સ્વતંત્ર થશે

જો અમે મરણ પામીએ તો ખાત્રી રાખજો કે હિંદ મુકત થશે અને સ્વતંત્રતા મેળવશે.

છેવટે શ્રીયુત અબ્બાસ તૈયબજીએ લોકોને આગ્રહ કર્યો હતો, કે ખાદી પહેરો, કાંતો, દારૂનો ત્યાગ કરો, અને ત્યારબાદ છેવટની લડત માટે તૈયાર થાઓ. મારી પણ આ છેલ્લીજ લડત છે.

મહાત્માની છાવણીના સેનાપતી શ્રી. અબ્બાસ સાહેબનું ફરમાન

સુરત, તા. ૮ મી મે.

મીઠાના કાયદા સામે સત્યાગ્રહની લડત શુદ્ધ શાંતિ અને અહિંસાને રસ્તે આજ સુધી ચાલી હોવા છતાં સત્તાવાળાઓ કાયદાને બંદોબસ્તના બહાના હેઠળ કોઇ પણ સુધરેલા રાજ્યને ન છાજે એ રીતે વરત્યા છે. સત્યાગ્રહીઓ ઉપર હેવાનીયત ભરેલા અને બીભત્સ ઇલાજો લેતાં પણ પાછુ વાળીને જોયું નથી. તેથી ગાંધીજી એવું પગલું લેવાનો ઇરાદો ધરાવતા હતા કે જેથી સરકારને કાંતો પોતાની રીત બદલી સત્યાગ્રહીઓ સાથે સભ્યતા અને નીતિથી વર્તવું પડે, અગર તેમના ઉપર લાઠી કે ગોળી ચલાવવી પડે.

આ હેતુ પાર પાડવા ખાતર મહાત્માજીએ વાઇસરોય ઉપર નોટીસ

નો કાગળ ધડી મૂકયો હતો. જે પાછળથી મેં રવાના કર્યો છે. કાગળમાં તેમણે ધરાસણાના મીઠાના અગર પર 'દરોડો' પાડવાનો ઇરાદો જાહેર કર્યો છે.

આમ હોવાથી હવે તેમની ધડેલી યોજના અમલમાં ઉતારવાની ફરજ આપણી ઉપર આવી પડી છે. એટલા માટે હું મહાત્મા ગાંધીજીની પહેલી સત્યાગ્રહી ટુકડી સહીત કરાડી છાવણીથી તા. ૧૨ મી મેની સવારે પેદલ કુચ કરવા ધારૂં છું. અમારી ટુકડી તા. ૧૪ મીની સાંજે ધરાસણા પહોંચશે અને તા. ૧૫ મીની સવારે સાડા છ વાગે સરકારી અગરનો કબજો લેવા માટે જશે.

અબ્બાસ તૈયબજી

કુચનો કાર્યક્રમ

આ ટુકડી વાટમાં નીચે મુજબ પડાવ નાખશે.

તા. ૧૨ મી સોમવાર.

કરાડીથી પ્રસ્થાન સવારે ૬ વાગે.

આટ–બપોરનો મુકામ–અબ્રામાં–સાંજનો મુકામ.

તા. ૧૩ મી મંગળવાર.

અમલસાડ–બપોરનો મુકામ–ગણદેવી–સાંજનો મુકામ.

તા. ૧૪ મી બુધવાર.

ઉંડાચ–બપોરનો મુકામ–ઉંટડી–સાંજનો મુકામ.

તા. ૧૫ મી ગુરૂવારે.

ધરાસણા–સવારે ૬॥ વાગે.

ધરાસણાની 'ધાડ'

શ્રી. નાયડુ આગેવાની લેશે

સુરત, તા. ૧૧ મી મે

મહાત્મા ગાંધીએ ગઇ તા. ૬ ઠી અપ્રીલે દાંડી ખાતે મીઠાના કાયદાનો ભંગ કર્યો ત્યારે એવું ઠરાવવામાં આવ્યું હતું, કે તેમની ગેરહાજરીમાં શ્રી. અબ્બાસ સાહેબ આગેવાની લે અને તેઓ પકડાતાં શ્રી. સરોજીની નાયડુ આગેવાની લે.

શ્રી. અબ્બાસ સાહેબે શ્રીમતી નાયડુને ધરાસણાના દરોડાની ખબર આપી આગેવાની લેવા તૈયાર રહેવાનું લખી જણાવતાં તેઓ ગઇ કાલે નવસારી આવ્યાં હતાં. તેમણે શ્રી. અબ્બાસ સાહેબને તેમના નીર્ણય માટે અભીનંદન આપ્યું હતું અને પ્રસંગ ઉભો થતાં સરદારી લેવાની પોતાની ઇચ્છા પ્રદર્શીત કરી હતી. તે પછી તૈયારી કરવા અને પોતાની સાથે મુંબાઇથી સ્વયંસેવકોની મોટી સેના લઇ આવવા શ્રીમતી નાયડુ મુંબઇ ખાતે પાછા ફર્યા હતા.

ધરપકડ પહેલાંની ખબર

જલાલપોર તા. ૧૧ મી મે.

મી. આંટીયા અને ખા. બ. કોઠાવાલાએ આજે સુરતના જીલ્લા માજીસ્ટ્રેટ મી. એચ. વી. બ્રેહામની સહીનો નીચેનો પત્ર કરાડી ખાતે શ્રી. અબ્બાસ તૈયબજીને સુપરત કર્યો હતોઃ—

"તમે ધરાસણાના મીઠાના અગર પર માણસોની ટુકડી સાથે દરોડો પાડવાનો તમારો વિચાર જાહેર કર્યો છે અને તમારો આ ઇરાદો

અમલમાં મૂકાય તો તેમાં ફોજદારી ગુન્હો અને વધારેમાં જાનમાલનું નુકશાન થવાનો સંભવ છે."

"આથી હું ઘણું મોડું થઇ જાય તે પહેલાં તમે ભરવા ધારેલા પગલાંનું ગંભીર સ્વરૂપ અને તેના પરિણામો પર વિચાર ચલાવવાનો તમને વિનંતિ કરું છું અને ચેતવું છું કે સરકારે બધા જરૂરી પગલાંથી આ દરોડો અટકાવવાનો નિશ્ચય કર્યો છે."

સેનાપતિનો જવાબ

શ્રી. અબ્બાસ સાહેબે ઉપરના પત્રમાં જીલ્લા માજીસ્ટ્રેટનો તેમણે બતાવેલા વિવેક માટે આભાર માનતા જણાવ્યું છે. કે હું હવે મારા કાર્યક્રમમાં ફેરફાર કરી શકું તેમ નથી.

ધરાસણાની કુચ "ધાડ" નથી

સેનાપતિ શું કહે છે?

નવસારી, તા. ૧૨ મી મે.

ગઇ કાલે "ફ્રી પ્રેસ" ના પ્રતિનિધિ સાથેની વાતચીતમાંથી અબ્બાસ તૈયબજીએ જણાવ્યું હતું કે "ધરાસણાની કુચ કાંઇ "ધાડ" નથી" અમે જે કંઇ કરવા માંગીએ છીએ તે રાષ્ટ્રીય મીલકતનો કબજો લેવા માંગીએ છીએ. અમે મીઠું પકવનારાઓને તેમના મીઠાની કિંમત આપીશું. અમે ફક્ત સરકારને મીઠાનો કર આપવાની ના પાડીએ છીએ. અમે જે કરવા માગીએ છીએ તે આજ છે.

આખી રાત જાગરણ

નવસારી તા. ૧૨ મી મે.

શ્રી. અબ્બાસ તૈયબજી અને તેમના ૫૯ સ્વયંસેવકોએ આજે સવારે રાબેતાની પ્રાર્થના પછી કરાડીથી ધરાસણાની પોતાની ઐતિહાસિક કુચ શરૂ કરી હતી. આસપાસના ગામોના લોકો રાતે તપાસ રાખવા કરાડીની છાવણીમાં એકઠા થયા હતા. લોકો ધારતા હતા કે પોલિસ રાતે આવશે પણ પોલિસ રાતે આવી નહોતી. વહેલી સવારે જીલ્લા માજીસ્ટ્રેટ અને પોલિસ સુપ્રી. ૩૦૦ હથીયારબંધ પોલિસ અને સાત મોટરબસો સાથે કરાડી નજીક આવી પહોંચ્યા હતા અને શ્રી. અબ્બાસ તૈયબજી અને તેમની સેનાની આગમનની રાહ જોતા ઉભા હતા.

દરમ્યાન શ્રી. અબ્બાસ સાહેબ અને તેમના સ્વયંસેવકો કુચ માટે તૈયાર થયા હતા. મહાત્મા ગાંધીજીનું અતિપ્રીય ગીત "વૈષ્ણુવ જન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે' ગવાયું હતું.

બાના આશીર્વાદ અને કેસરના ચાંદલે વિદાય

શ્રી. કસ્તુરબા ગાંધી અને અને બીજી સ્ત્રીઓએ શ્રી. અબ્બાસ સાહેબ અને બધા સ્વયંસેવકોના કપાળમાં કેસરના તીલક કરી આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે સરકાર સામેની લડતમાં પ્રભુ તમને બળ આપે. બરાબર ૬--૧૫ વાગે શ્રી. અબ્બાસ સાહેબે શ્રી. કસ્તુરબા અને તેમની સેના સાથે કુચ કરી હતી તેમની પુઠે ગામલોક સંચર્યું હતું.

ધરાસણાના યાત્રાળુઓની ધરપકડ

મુંબઇ, તા. ૧૨ મી મે.

શ્રી અબ્બાસ તૈયબજી અને તેમની સ્વયંસેવક સેનાની ધરપકડ સંબંધી "ફ્રી-પ્રેસ" ના ખાસ પ્રતિનીધિ સુરતથી ટેલીફોનમાં નીચેના સમાચાર આપે છેઃ-

બરાબર ૭ વાગે શ્રી અબ્બાસ તૈયબજી અને મહાત્મા ગાંધીના ૫૯ સ્વયંસેવકોએ કરાડીથી ધરાસણાની સરકારી મીઠાની ડીપોપર પોતાની ઐતિહાસિક કુચ શરૂ કરી હતી. કુચ શરૂ થતાં પહેલા રામે-તાની પ્રાર્થના થઇ હતી. સ્વયંસેવકો ખુશમીજાજી અને પૂર્ણ ઉત્સાહી હતા. ખેતરોમાં થઇને શ્રી અબ્બાસ સાહેબની સેનાએ ભાગ્યેજ બે ફર્લાંગ મુસાફરી કરી હશે તેટલામાં જીલ્લા માજીસ્ટ્રેટ મી. ગ્રેહામ અને પોલિસ સુપ્રી. મી. આંટીયા ૩૦ હથિઆર બંધ પોલિસ ટુકડી સાથે આવી પહોંચ્યા હતા. મી. ગ્રેહામે શ્રી અબ્બાસ સાહેબની ટુકડીને થોભવાનું અને તેને ગેરકાયદેશરની મંડળી જાહેર કરી વીખેરાઇ જવાનું જણાવ્યું હતું. મી. ગ્રેહામે વધુમાં જણાવ્યું હતું કે જેઓ હજી પણ પાછા હઠી જવા માગતા હોય તેઓ પરિણામનો ડર રાખ્યા વિના તેમ કરી શકે છે. ગ્રેહામને શ્રી. અબ્બાસ સાહેબની સેનાએ "ના" નો ભારપૂર્વક અને સંયુક્ત જવાબ આપતાં જણાવ્યું હતું કે, "અમે આગળ કુચ કરીશુંજ."


શ્રી. અબ્બાસ તૈયબજીએ જીલ્લા મેજીસ્ટ્રેટને જણાવ્યું કે તમે અમોને જોઇએ તો પકડો અને જોઇએ તો તમારી લાઠીઓ ચલાવો.

કુરૂક્ષેત્ર ધરાસણાના સેનાપતિ



મુસ્લીમ વીર
શ્રીયુત ઇમામ સાહેબ!

ધરાસણા સમરાંગણે, માતા ભારતની
મુક્તિ અર્થે તપ આદરી,



કારાવાસ સેવનાર, હિંદનું બુલબુલ શ્રીમતી સરોજની નાયડુ !

ધરાસણા સમરાંગણે જવા સેનાપતિ સરોજીની નાયડુ ઉપડે છે

અલ્હાબાદ તા. ૧૩ મી મે

શ્રીમતી સરોજીની નાયડુ. જેઓ મહાસભાની કાર્યવાહી સમિતિની બેઠક સંબંધમાં અત્રે આવ્યાં હતાં, તેઓ શ્રી. અબ્બાસ તૈયબજીની ધરપકડના સમાચાર સાંભળીને ઓચીંતા આજે સવારે મેલ મારફતે મુંબઈ જવા ઉપડી ગયાં છે.

શ્રીમતી નાયડુ મુંબઈથી બીજે દિવસે નવસારી ઉપડી ગયા હતાં, અને ધરાસણા જઈ સત્યાગ્રહની ચળવળની આગેવાની લીધી હતી.

'હું ગુજરાતની સરદારી લઈશ'

શ્રીમતી સરોજીની નાયડુ ઘણાં આનંદી હતાં. રેલ્વે સ્ટેશન પર ભાવિ કાર્યક્રમ વિષે "ફ્રી પ્રેસ"ના પ્રતિનિધિએ પૂછેલા સવાલના જવાબમાં શ્રીમતી નાયડુએ જણાવ્યું હતું, કે મીઠાની ડીપોપરના દરોડા સાથે ગુજરાતમાં ચાલતી ચળવળની દરેક ચીજની હું આગેવાની લઈશ.

ધરાસણાનું ધર્મક્ષેત્ર
અને
સમરાંગણે ચઢતાં દેવી સરોજીનીનો સંદેશો

શ્રી સરોજીની દેવી, જેઓ બુધવારે સવારે મુંબઇમાં આવી પહોંચ્યા હતાં તેમણે છાપાજોગો નીચલો સંદેશો બહાર પાડયો હતો:–

મહાસભાની કાર્યવાહી સમિતિએ ધરાસણાને હિંદવ્યાપી સવાલ બનાવવાનો નિશ્ચય કર્યો છે. સ્વયંસેવકોની ટુકડીઓ એક પછી એક ત્યાં મોકલવામાં આવશે.

શ્રી. સરોજીની નાયડુએ વધુમાં જણાવ્યું હતું, કે ધરાસણા મેં જોયેલું ન હોવાથી મારો કાર્યક્રમ શું હશે તેનો મેં વિચાર કર્યો નથી. શ્રી. અબ્બાસ તૈયબજીની પછી સરમુખત્યાર તરીકે મારી નીમણુંક થયેલી હોવાથી બધી જવાબદારી અને ફરજ હું માથે લઇશ.

અલાહાબાદ ખાતે ભેગા મળેલા અગ્રેસરોનું એવું ધારવું હતું કે આ કામ મારે ઉપાડી લેવાનું બીનજરૂરી છે. કારણ કે કોમી ઐકયતા અને એવાં બીજા કામોમાં મારી આગેવાનગીરીની જરૂર હતી પણ મહાત્માજીને મેં આપેલો કોલ હવે હું તોડી શકું નહિ.

એક હિંદવ્યાપી સવાલ

હવે વખત આવી પુગ્યો છે કે જ્યારે જાતિના બહાના હેઠળ હિંદી સ્ત્રીઓ પોતાની જોખમદારીઓનો ઇન્કાર કરી શકે નહિ. પણ દેશના છુટાપણા માટે તેઓએ પોતાના બંધુઓ સાથ દરેક પ્રકારના ભોગો આપવા બહાર પડવું જોઇએ.

ધરપકડની અફવા

લોકોનું આખી રાતનું જાગરણ

ધરાસણા તા. ૧૫ મી મે

ગુરુવારે સાંજ પડતાં શ્રીમતી સરોજની નાઇડુ અને સ્વયંસેવકોએ પ્રાર્થના કરી હતી. શ્રીમતી નાયડુ ખુરસી પરથી ઉતરીને જમીન પર બેઠા હતાં અને ધુન લેવડાવી હતી. વંદે માતરમનું રાષ્ટ્રગીત ગવાયું ત્યારે આસપાસ ઉભેલું લોકોનું ટોળું ગીતમાં સામેલ થયું હતું.

એવી અફવા હતી કે શ્રીમતી નાયડુ અને તેમની સેનાને રાતના આઠ વાગે પકડવામાં આવશે. આથી લોકોનું ટોળું આખી રાત જાગતું બેસી રહ્યું હતું.

બહાર પડેલી ત્રણ ટુકડીઓ

ગઇ રાતે શ્રી. મણિલાલ ગાંધી અને સ્થાનીક નેતાઓની કોન્ફરંસ મળી હતી. જેમણે આજે સવારે ત્રણ ટુકડીઓ સત્યાગ્રહ માટે

મોકલવાનું ઠરાવ્યું હતું તે મુજબ રાષ્ટ્રધ્વજ વંદન પછી સવારના ૭–૩૦ વાગે ૫૦–૫૦ ની એક એવી સ્વયંસેવકોની ત્રણ ટુકડીઓ બહાર પડી હતી.

બાનો આશીર્વાદ

પૂજ્ય કસ્તુરબાએ તેમને આશીર્વાદ આપતા જણાવ્યું હતું, કે સાચા સત્યાગ્રહીઓ તો મોત કે ભુખમરાથી જરાયે ડરે નહિં. પણ આ ત્રણ ટુકડીઓએ ત્રણ દિશાએથી ધરાસણાના અગર તરફ કુચ કરી હતી. પોલિસ પણ તેમની શોધમાં ફરતી હતી, અને તેણે કુચને અટકાવી હતી.

કુચ કરતા પહેલાં શરૂઆતમાં રાષ્ટ્રગીત પૂરૂં થયા પછી શ્રીમતી નાયડુએ સ્વયંસેવકો સમક્ષ પ્રવચન કરતા જણાવ્યું હતું, કે તમે **મહાત્મા ગાંધીએ શરૂ કરેલી લડત વહન કરો છો. તમારે અહિંસાના જુસ્સાને લડત દરમીયાન ચુસ્ત વળગી રહેવું પડશે. ગૌરવભરી રીતે મને અનુસરો. વિચાર વાણી અને વર્તનમાં અહિંસાત્મક રહો અને આ ધાર્મિક યુદ્ધમાં ફત્તેહ મેળવો.**

પ્રાર્થના પછી શ્રીમતી સરોજીનીના અવાજથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. સવારના ૬–૩૫ વાગે શ્રીમતી સરોજીની નાયડુએ કૂચનો આરંભ કર્યો, ત્યારે છાવણીમાં ભેગા મળેલા હજારો ગામડીઆએ તેમને હર્ષનાદથી વધાવી લીધા હતા.

શ્રીમતી નાયડુએ ૫૦ સત્યાગ્રહીઓની સેના સાથે ઉંટડીની સત્યાગ્રહી છાવણીમાંથી કૂચ શરૂ કરી હતી. પાંચ ફર્લાંગ પહોંચતાં

ટુકડીને ૦ાા કલાક લાગ્યો હતો. શ્રીમતી સરોજીની નાયડુ અને તેમના સ્વયંસેવકો મુખ્ય રસ્તા પરના કસ્ટમ્સ હાઉસ પધારૂ ફરી ગયા કે તરતજ સુરતના પોલિસ સુપ્રી. મી. રોબીનસન, ૫૦ પોલિસ-મેનો સાથે મોટર લોરીમાં આવ્યા હતા. બધાના હાથમાં લાકડીઓ હતી. આ પોલિસ ફોજે રસ્તાપર કોર્ડન કરી હતી. મી. રોબીનસને શ્રીમતી નાયડુને જણાવ્યું હતું કે તમે આગળ વધી શકશો નહિ. શ્રીમતી નાયડુએ જણાવ્યું હતું, કે ત્યારે અમે ઉભા રહીશું પણ પાછા ફરીશું નહિ.

મી. રોબીનસને જણાવ્યું હતું, કે "તમે જ્યાં સુધી અત્રે ઉભા રહેશો, ત્યાં સુધી અમે પણ ઉભા રહીને તમારી સામે સત્યાગ્રહ કરીશું."

તે પછી જીલ્લા માજીસ્ટ્રેટ મી. ગ્રેહામ આવી પહોંચ્યા હતા. અને તેમણે મી. રોબીસનની સાથે ચર્ચા ચલાવી હતી.

શ્રીમતી નાયડુ તે પછી પાસેના ઘરમાંથી મંગાવેલી ખુરસી પર બેસી ગયા હતાં અને તેમણે ૫૦ સ્વયંસેવકોને રસ્તા પર જમાવ કરવાની સૂચના કરી હતી. તેઓ તે પછી હૈદ્રાબાદ દખણમાં રહેતી પોતાની દીકરી પર પત્ર લખવાના કાર્યમાં પરોવાયા હતાં.

પોતાની પુત્રી પરનો પત્ર પૂરો કરીને શ્રીમતી સરોજીની નાયડુ એક બે મિત્રો સાથે ખુશખુશાલ વાતો કરતા બેઠા હતાં. સ્વયંસેવકો તકલી પર કાંતતા બેઠા હતા. જ્યારે મી. ગ્રેહામે અને મી. રોબીનસને કસ્ટમ્સ હાઉસમાં ધામા નાખ્યા હતા.

કયામતના દિન સુધી

શ્રીમતી સરોજીની નાયડુ તદ્દન સેનાપતિ જેવા ગૌરવવંતા દેખાતા હતાં અને તેમણે છાપાના પ્રતિનિધિને જણાવ્યું હતું કે, " ગમે **તે થાય તોપણ હું અહિંથી ખસવાની નથી. પોલિસ ભલે સત્યાગ્રહ કરે અને અમે પણ સત્યાગ્રહ કરીશું. અમે કયામતના દિન સુધી અત્રે બેસીશું !**

પકડવા કે નહી ?

જીલ્લા માજીસ્ટ્રેટ મી. ગ્રેહામે શ્રીમતી નાયડુને જણાવ્યું હતું કે, તમે પોલિસની કોર્ડન બળથી તોડવા સિવાય આગળ વધી શકો તેમ નથી. શ્રીમતી નાયડુએ જણાવ્યું હતું, કે " અમે કયામતના દિવસ સુધી થોભીશું." એક માયાળુ ગામડીઆએ શ્રીમતી નાયડુને બેસવા ખુરસી આપી હતી. પોલિસ અને સ્વયંસેવકો સામસામા બેસી રહ્યા છે.

શ્રીમતી નાયડુને પકડવા કે નહિ તે વિષે સત્તાવાળાઓ ગુંચવાડામાં પડયા છે અને ચોક્કસ નિર્ણય પર આવી શકયા નથી.

ગુરુવારનો અહેવાલ

ધરાસણા, તા. ૧૫ મી મે.

સત્યાગ્રહીઓએ કુચ દરમીયાન આખે રસ્તે ભજન ગાયા હતા. તેઓ ધરાસણાની હદમાં દાખલ થતાં આબકારી ખાતાના અમલદાર મી. ગુલામહુસેને તેમને અટકાવી વડા અમલદારની પરવાનગી આવતાં

સુધી થોભી જવા જણાવ્યું હતું. મીસીસ નાયડુ ઉભા રહ્યા અને થોડી મિનિટ રાહ જોઇ કહ્યું કે "તમારા અમલદારોની વધુ વખત અમે રાહ જોઇશું નહિ." એટલામાં પોલિસ રાઇફલ અને લાઠી સાથે આવી પહોંચી અને સત્યાગ્રહીઓની આસપાસ તેમને રોકી ઉભી રહી. થોડી ઘોડેસ્વાર પોલિસ પણ હતી.

પોલીસનો સત્યાગ્રહ

જીલ્લા મેજીસ્ટ્રેટ મી. ગ્રેહામ, જીલ્લા પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ મી. રોબીન્સન અને પોલિસ ઇન્સ્પેકટર, મીસીસ નાયડુની પાસે ગયા અને પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટે કહ્યું કે અમે 'સત્યાગ્રહ કરવાના છીયે.' અને તમે ઉભા રહેશો ત્યાં સુધી અમો પણ ઉભા રહીશું."

સત્યાગ્રહીઓને ચેતવણી

શ્રીમતી સરોજીની નાયડુએ કહ્યું "ભલે." તેમણે તે પછી પોતાના સાથીઓને પાછળ ઉભા રહેવા જણાવ્યું. જીલ્લા પોલિસ સુપીન્ટેન્ડેન્ટ મી. રોબીન્સને પોલિસના માણસોને રસ્તાપર શાંત કોર્ડન ભરી લેવા જણાવ્યું અને સત્યાગ્રહીઓને ચેતવણી આપી કે "જો કોર્ડન ઓળંગવાનો પ્રયત્ન કરશો તો બળ વપરાશે."

ખાટલો લઇ જવા દેવાની ના

તે પછી થોડીવારે કોઇ મીસીસ નાયડુને બેસવા માટે ખાટલો લાવ્યું પણ પોલિસે તે કોર્ડનની અંદર લઇ જવા દેવાની ના પાડી. તે પછી ખુરશી લાવવામાં આવી જે અંદર લઇ જવા દેવાઇ. અર્ધા કલાક પછી મીસીસ નાયડુએ સ્વયંસેવકોને બેસી જવાનું કહ્યું.

પોલિસ પણ તે પછી બેઠી અને સત્યાગ્રહીઓ અને મીસીસ નાયડુએ પણ અજાહ અનુભવી.

કોર્ડનમાં જવાની મનાઇ

શ્રી. વૈકુંઠ દેશાઇ જેઓ મુંબઇથી મીસીસ નાયડુની જોડે આવ્યા છે. તેઓ તેમને માટે ચાહ અને ચોપાનીયું લાવ્યા પણ પોલિસે તે કોર્ડનની અંદર જવા દેવાની ના પાડી. આથી સત્યાગ્રહીઓને ખોરાક પણ આપવા દેવામાં નહિ આવે કે? એવું પૂછાતા જીલ્લા માજીસ્ત્રેટ કંઇ આનાકાનીભર્યો જવાબ આપતા સંભળાયા હતા. પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટે આમ છતાં જણાવ્યું કે પોલિસના કોર્ડનની અંદર કોઇને પણ જવા નહિ દેવાનો અમને હુકમ છે.

એક સત્યાગ્રહી લઘુશંકા કરવા માટે ગયો હતો. પાછો ફરતા તેને અંદર જવા દેવામાં આવ્યો ન હતો.

ડેપ્યુટી પોલિસ સુપરીન્ટેન્ડેન્ટ મી. આંટીયા અને સર કારકુન પ્રુવ પણ આવી પહોંચ્યા છે.

છાપાંના પ્રતિનીધિઓ પર પણ અંકુશ

વર્તમાનપત્રોનાં પ્રતિનીધિઓને સત્યાગ્રહીઓની નજદીકમાં રહેવા દેવામાં આવ્યા હતા. પોલિસ સુપરીન્ટેન્ડેન્ટે તેમને ઉદ્દેશીને જણાવ્યું કે "તમે કંઇ ખબર મોકલવા માંગતા હો, તો મોકલજો પણ જાહેર પ્રજાના જે માણસો મુશ્કેલીમાં મૂકાવા ન માંગતા હોય તેમણે ચાલી જવું." પણ ૧૦ વાગે વર્તમાનપત્રોના પ્રતિનીધિઓને પણ ગેરકાયદેની મંડળીમાંથી ચાલી જવાનું કહેવામાં આવ્યું.

મનાઈ હુકમ છતાં હજારો લોકોની મેદની

પોલિસના સત્યાગ્રહ પછી શ્રીમતી સરોજીની છત્રી ઓઢી ખુરસીપર બેઠા હતાં. સહવારે ૯ વાગે તેમણે વર્તમાનપત્રના પ્રતિનીધિને જણાવ્યું કે 'આ પ્રતિયોગી સત્યાગ્રહ છે.' તેમની પાછળ ૫૦ સત્યાગ્રહીઓ તકલી ફેરવી રહ્યા હતા. આ વીસ્તારમાં ૪ કરતાં વધુ માણસોને ભેગા થવાની મનાઈ હોવા છતાં હજારો માણસો શું થાય છે તે જોવા માટે ભેગા મળ્યા હતા. પોલિસે તેમને વીખેરી નાખવાના પ્રયત્ન કરવા છતાં લોકો વીખેરાયા નહોતા.

સત્યાગ્રહીઓ માટે પાણી પણ નહિ

શ્રીમતી સરોજીની નાયડુ કહે છે કે "ગમે તે થાય, પણ આ ખુરસી પરથી ઉઠીશ નહિ. હું ચોપાનીયા વાંચીશ, પત્ર લખીશ, મોઢું ધોઈશ, ખાઈશ, અને રાતે આરામ લઈશ અને કાલે પાછી ફરીશ," જીલ્લા માજીસ્ટ્રેટ અને પોલિસ સુપરીન્ટેન્ડેન્ટ થોડાક પોલિસના સિપાઈ આમતેમ ગોઠવી આંટા મારીજ કરતા હતા સુરતથી સત્યાગ્રહીઓની સારવાર કરવા માટેની નર્સને પાણી લાવવા દેવાની ના પાડવામાં આવી હતી.

ડેપ્યુટી પોલિસ સુપરીન્ટેન્ડેન્ટ મી. સબાવાળાએ કહ્યું કે "સત્યાગ્રહીઓની પાસે કોઈને પણ જવા નહિ દેવાનો મને હુકમ છે."

ઘેરો તોડવાની કોશીસ

સ્ત્રીઓ અને ગામડાના લોકોની લાગણી

કેમ્પ ધરાસણા, તા. ૧૫ મી મે.
સાંજે ૫–૩૦ કલાકે

મે માસનો સખત તડકો અને બીજી અનેક મુશ્કેલીઓ છતાં

પોતાના વચનને વળગી રહેવાની શ્રીમતી સરોજીની અને તેઓના સૈનિકોની દ્રઢતાથી ગામડીઆઓ ઉપર અને ખાસ કરીને સ્ત્રીઓ ઉપર એટલી તો અસર થઇ હતી, કે તેઓએ પોલિસ ઘેરો તોડી પાડવાની અનેક કોશેસો કરી હતી અને તેથી પોલિસને ચાલુ દોડ-ધામમાં રહેવું પડયું હતું.

જ્યાં પણ પોલિસ ફોજ નબળી માલમ પડતી ત્યાં ઉપલી સ્ત્રીએ હુમલો કરતી રહી હતી અને તેથી ત્યાં સામી બાજુના પોલિસને દોડી આવવું પડતું હતું.

ઉશ્કેરાઇ ગયેલી સ્ત્રીઓ

સરોજીની દેવીને સ્ત્રીઓ પાણી પૂરૂં પાડવા માટે એટલી હદે તો આતુર હતી કે પોલિસને શારીરિક બળ વાપરવું પડતે પણ કેટલાક આગેવાનોની સમજાવટથી ઉપલી સ્ત્રીઓ ઠંડી પડી હતી.

સરોજીની દેવી અને વોલંટીઅરોને શામાટે પાણી નહિ પૂરૂં પાડવા દેવામાં આવે એવી પૂછપરછના જવાબમાં પોલિસે એવી દલીલ રજુ કરતી હતી કે-

આ એક ગેરકાયદેસરનું મંડળ છે. તેઓ મનાઇ કરવામાં આવેલાં વીસ્તારમાંથી હઠી જાય, તો અમને વાંધો હતો નથી અને બહાર જઇને ગમે તે ખોરાક પાણી લે.

શ્રીમતી સરોજીની દેવીએ ઉપલી માંગણી ધીક્કાર સાથ તુચ્છકારી કાઢી હતી. અને જણાવ્યું હતું કે તેઓને ઇજા કરીને બળજબરીથી પાછા હઠાવવામાં આવે અથવા તો પોલિસ ગીરફતાર કરે ત્યાં સુધી તેઓ પોતાની જગ્યા

ઉપરથી નીકળશે નહિ અને આગળજ વધવાની કોશેસ કરશે.

સરોજીની દેવી કે કોઇપણ વોલંટીઅર સેહેજ પણ નાસીપાસ કે કંટાળેલા હોય એવું દેખાયું નથી.

ગુજરાતના સ્વયંસેવકો ધરાસણા તરફ

વલસાડ, તા. ૧૫ મી મે. મોડો મળેલો.

ગુજરાતના જુદા જુદા ભાગમાંથી વધુ સ્વયંસેવકો ધરાસણાની મીઠાની ડીપો પર 'ધાડ' પાડવા મોકલવામાં આવ્યા હતા ઉંટડીની છાવણીના બધા સ્વયંસેવકોને આવતી કાલે સવારે ચાર વાગે તૈયાર રહેવાની સૂચના અપાઇ છે.

પાણીની મનાઇ અને શ્રી સરોજીનીનો સત્યાગ્રહ

ધરાસણા તા. ૧૫ મી મે.

બપોરે એક સ્ત્રીએ પાણી સાથે પોલિસની આડ તોડીને માર્ગ કર્યો હતો, પણ તેને કોઇપણ સત્યાગ્રહીને પાણી આપતા અટકાવવામાં આવી હતી. બાઇએ આથી પાણીનો લોટો પોલિસ અમલદારને આપતા જણાવ્યું હતું, કે જોઇએ તો તમે પાણી પી જાઓ. આ અમલદારે તેણીને જણાવ્યું હતું, કે કોઇપણ સત્યાગ્રહી પાણી પીવા પોલિસ કાર્ડનમાંથી બહાર જઇ શકે છે. તે અમલદારે તેણીને શ્રીમતી નાયડુને એવું પૂછવાની પરવાનગી આપી હતી, કે તમે બહાર જવા માંગો છો કે કેમ ? શ્રીમતી નાયડુએ તેમ કરવાની ચોકખી ના પાડતાં જણાવ્યું, કે જોઇએ તો અહિં પાણી આપે.

તે સિવાય મારે પાણી પીવું નથી. સત્યાગ્રહીઓની આખી ટુકડી પાછા નહિ ફરવાના નિશ્ચયવાળા છે અને ગમે તે બને છતાં તેમણે ત્યાં રાત દિવસ ભૂખ્યા તરસ્યા બેસી રહેવાનો ઠરાવ કર્યો છે. સત્યાગ્રહીઓને આંતરી ઉભેલા પોલિસ સિવાય બાકીના પોલિસોએ પાસેની રાવઠીમાં આશરો લીધો છે. હમણાં બપોરના ચાર વાગ્યા છે છતાં સત્યાગ્રહીઓ રસ્તા પર પાણીના ટીપાં કે ખોરાક વિના મક્કમ બેઠા છે.

ગાંધીજીનો કાર્યક્રમ

ધરાસણાની મીઠાની ડીપો તરફ જનારા જાહેર રસ્તા પર સખ્ત તાપમાં તપતા બેઠેલાં શ્રીમતી સરોજીની નાયડુએ પોતાનો સંદેશો આપતા જણાવ્યું હતું, કે

ગમે તે બને છતાં મહાત્મા ગાંધીનો કાર્યક્રમ સંપૂર્ણ પાર ઉતારવો જોઇએ. ભારેમાં ભારે ઉશ્કેરણી વચ્ચે પણ આપણે સંપૂર્ણ અહિંસાત્મક રહેવુ જોઇએ.

સંપૂર્ણ અટકાયત!

સત્યાગ્રહનો મામલો ફેરફાર વગરનો રહ્યો છે. શ્રીમતી નાયડુ અને તેમના સૈનિકો રસ્તાની વચ્ચે સખ્ત તાપમાં તપતા બેઠા છે. પાણીના લોટા ભરીને આવેલી સ્ત્રીઓને પોલિસે પાછી કાઢી છે. લોકોની એક મોટી સંખ્યા આ હ્રદયભેદક દ્રશ્ય જોવા ટોળે મળી છે. સત્યાગ્રહીઓને સંપૂર્ણ અટકાયતમાં લેવામાં આવ્યા છે. એટલે સુધી કે તેમની સાથે વાતચીત કે સંદેશા

ચલાવવાનું શકય નથી. પોલિસે વારા ફરતી જઇને ખોરાક લીધો છે.

'સત્યાગ્રહીઓ લાયકજ છે.'

સ્ત્રીને સરદાર તરીકે કેમ લાવ્યા ?

એક પોલિસ અમલદારે એવી ટીકા કર્યાનું જણાવાય છે, કે સત્યાગ્રહીઓ આજ દાવના છે. કારણકે તેઓ એક સ્ત્રીની સરદારી હેઠળ બહાર પડયા છે. સ્ત્રીઓ આવી વર્તણુકથી ઉકળી ગઇ હતી. પણ શ્રી. નરહરી પરીખે તેમને સમજાવી શાંત પાડી હતી.

સરકારી અમલદારોની પાણીની ના

ગઇ કાલે સાંજે કટોકટીનો મામલો પેદા થયો હતો. સ્ત્રીઓની ટુકડી સત્યાગ્રહીઓને પાણી પાવા આગળ વધી હતી પણ પોલિસે તેમને પાછી વાળી હતી. કેટલીક સ્ત્રીઓએ પોલિસનું કુંડાળું ભેદીને પાણી પાવાનો નીર્ધાર કર્યો હતો, પણ શ્રી. મણીલાલ ગાંધીની અપીલથી તેમણે પોતાનો નીર્ધાર અમલમાં મૂકવાનું છોડી દીધું હતું. સત્યાગ્રહીઓને પાણી સરખું આપવાની પોલિસની 'ના' થી ગામડીયાઓમાં તીવ્ર વિરોધની લાગણી પ્રગટી નીકળી હતી.

રાતે એક વાગે પાણીની રજા

વલસાડ, તા. ૧૬ મી મે

સવારના ૧૦॥ કલાક—ધરાસણા છાવણી.

આજે (શુક્રવાર) સવારે ધરાસણા ખાતે સત્યાગ્રહની લડતે વધુ જોર પકડયું છે.

૫૦ સત્યાગ્રહીઓની ત્રણ ટુકડીઓ ઉંટડીથી આજે સવારે પરોઢીયું થતાંજ કુચ કરવા નીકળી પડી હતી. તેઓએ નીમકના ડીપો તરફ ત્રણ જુદીજુદી દિશાએથી કુચ કરી હતી. પરંતુ દરેક દિશાએથી પોલિસની ટુકડીઓએ તેઓનો માર્ગ બંધ કરી દીધો હતો.

સઘળા સત્યાગ્રહીઓ સુરજના સખ્ત તડકામાં તપતા બેઠા હતા.

ગામડાના હજારો લોકો ઉભા રહીને આ હૃદયભેદક દ્રશ્ય નીહાળી રહ્યા હતા.

આખો દિવસ પાણી વીના ટળવળ્યા પછી રાત્રે એક વાગતે શ્રીમતી સરોજીનીને માત્ર પીવાનું પાણી પૂરૂં પાડવાની રજા આપવામાં આવી હતી.

પથારીની રજા

પોલિસે રાત્રે બે વાગે શ્રીમતી નાયડુ અને તેમની સેનાને ખોરાક પાણી આપવાની રજા આપી હતી. એવું જણાય છે, કે ઉંટડીની છાવણીના સ્વયંસેવકોએ શ્રીમતી નાયડુને પથારી આપવાનો વારંવાર પ્રયાસ કર્યો હતો. પોલિસે રાતના એક વાગે શ્રી નાયડુને પથારી આપવાની રજા આપી હતી અને તે પછી ખોરાક અને પાણીની રજા આપી હતી. આથી આખી રાત બહાર બેસી રહેલા લોકો પોતાને ઘેર ગયા હતા અને દૂધ, રોટલા વગેરે લઇ આવ્યા હતા. જ્યારે સ્વયંસેવકોએ શ્રીમતી નાયડુને ખોરાક આપ્યો, ત્યારે તેણીએ ટીકા કરી

હતી કે, "જે શ્રી તાજમહાલ હોટલમાં રહે છે તેને આવી જગ્યાએ રહેવાની તમે વકકી રાખી શકો છો?" એક સ્વયંસેવકે જવાબ આપ્યો હતો, કે તાજમહાલ કરતાંયે આ વધુ સારી જગ્યા છે."

શ્રીમતી નાયડુ છેવટ સુધી ટકી રહેવાના નિશ્ચયવાળા છે, અને રાતે તેઓ સારી પેઠે ઉંઘ્યા હતા.

આખરે પોલિસ નમી

સત્યાગ્રહીઓને અપાયેલો નાસ્તો

ધરાસણા, તા. ૧૬ મી મે.

સત્યાગ્રહની ગઇ કાલની કહાણી ફરી ટાંકવા યોગ્ય છે. શ્રીમતી નાયડુ અને તેમના સ્વયંસેવકો સાંજ સુધી સખ્ત તડકામાં તપતા બેઠા હતા. ૧૮ કલાકના ભુખમરાથી તેમના પર અસર થઇ નહોતી.

સૈનિકોની ધરપકડથી સત્યાગ્રહે પકડેલું બમણું જોર

—:o:—

ધરાસણામાં ખેડાના ૫૦૦ સૈનિકોનું આગમન

અમદાવાદ અને મુંબઇથી આવી પૂગેલા વોલંટીઅરો

ઉંટડી કેમ્પ, તા ૧૭ મી માર્ચ.

આજે પરોઢીયામાં ૫૦ વોલંટીઅરો અમદાવાદથી આવી પૂગ્યા

હતા અને વધુ ૭૫ તુરતાતુરત આવી પૂગવાની વકી છે.

આજે સવારે મુંબઇથી, પણ ૧૦૦ વોલંટીયરો આવી પૂગ્યા હતા.

૧૦ હજાર સ્વયંસેવકોની ભરતી

ખેડા અને અમદાવાદનો ફાળો

અત્રે એવી ખબર મળી છે, કે ખેડા અને અમદાવાદ એકલાએ દશ હજાર સ્વયંસેવકોની ભરતી કરી છે જેમાંના ૫૦૦૦ હજાર સ્વયંસેવકોને ૧૦૦-૧૦૦ ની ટુકડીમાં જરૂર પડે તેમ તેમ ધરાસણા રવાને કરવામાં આવશે.

આજે નીચે મુજબ સૈનિકો અત્રે આવ્યા છે:-

નડીયાદ	૧૫૦
બોરસદ	૫૭
આણંદ	૫૦
અમદાવાદ	૨૦૦
મુંબઇ	૧૦૦
	૫૫૭

બોરસદ તાલુકામાં કર ન ભરવાની ચળવળ ખાસ જોર પકડતી જાય છે. ૧૮ ગામોએ જમીન મહેસુલ નહિ ભરવાનો ઠરાવ કર્યો છે. આ ગામોના જમીનદારોએ પોતાની જંગમ મીલ્કત દેશી રાજ્યોમાં ખસેડી છે.

શ્રી મણિલાલ ગાંધી જણાવે છે કે સત્યાગ્રહની ચળવળ ધાર્યા કરતાં પણ ખીલવણી પામી છે.

પોલિસનો બહિષ્કાર

વલસાડ તા. ૧૬ મી મે.

ઉત્તર વિભાગના કમીશનર મી. ગેરેટ ધરાસણા ખાતે આવી પૂગ્યા છે. ધરાસણાની પ્રજાએ પોલિસ અને સરકારી નોકરોને ખાદ્ય-ખોરાકીની બધી ચીજો આપવાનું બંધ કરવાનો ઠરાવ કર્યો છે.

સત્તાવીશ કલાક પછી ફકત ત્રણ મિનિટમાં પતાવટ

ધરપકડ અને છુટકારાની કહાણી

વલસાડ તા. ૧૬ મી મે.

પોતે લથડી પડે અથવા તો સત્તાવાળા તેને બળપૂર્વક ખસેડે નહિ, ત્યાં સુધી શ્રીમતી નાયડુ અને તેમના સ્વયંસેવકોએ ખસવાની ના પાડવાથી સત્તાવાળાઓએ તેમની નામની ધરપકડ કરીને ખસેડ-વાનું ઠરાવ્યું હતું. **શ્રીમતી નાયડુ અને તેમના સ્વયંસેવકોને સરકારી હદમાંથી બહાર કાઢીને છોડી મૂકવામાં આવ્યા હતા. આમ કરતા ફકત ત્રણજ મિનિટ લાગી હતી.** ગઇ **કાલે મધરાત સુધી ખોરાક પાણી લેવાની રજા ન આપવા** સિવાય સત્તાવાળાઓએ મીસીસ નાયડુ અને તેમના સૈનિકો પ્રત્યે માયાળુ વર્તણુક અખત્યાર કરી હતી.

શ્રીમતી નાયડુ અને તેમના સ્વયંસેવકો ૨૭ કલાકની જહેમત ભોગવી ઉંટડીની છાવણીમાં પાછા ફર્યા હતાં. સ્વયંસેવકો આવતી કાલે ધરાસણા પાછા કુચ કરશે. શ્રીમતી નાયડુ બનતા બનાવો પર દેખરેખ રાખવા અને આગેવાની આપવા છાવણીમાં રહેશે. જો સર-કારને પક્ષે હિંસાત્મક વલણ અખત્યાર થશે તો તેઓ ટુકડીની તાત્કાલિક આગેવાની લેશે.

ભારત માતાને પરદેશીની ગુલામીમાંથી છોડવવા, દેવી સરોજીની નાયડુ કારાગ્રહમાં સીધાવે છે!

વલસાડ, તા૦ ૧૮ મી મે.

ધરાસણા ખાતેના મામલાને કટોકટી પર આણી દેવા શ્રીમતી નાયડુની આગેવાની હેઠળ શ્રી. મણિલાલ ગાંધી, શ્રી. નરહરી પરિખ અને શ્રી. ઇમામ સાહેબે આવતી કાલે સામુદાયીક ધસારો લઇ જવા વિચાર કરી રહ્યા છે.

સત્યાગ્રહી સૈનિકોના અપવાસ ચાલુ છે

"મુંબઇ સમાચારના પ્રતિનીધિએ લીધેલા ઇન્ટરવ્યુ દરમ્યાન સરોજીની દેવીએ નીચે મુજબ ખુલાસો કર્યો હતો:--

ધરાસણાની ધાડને લગતો છેવટનો નિર્ણય લાવવા માટે મોટા પાયા ઉપર તૈયારીઓ ચાલી રહી છે. અત્રે એવી હદે મામલો આવી પૂગ્યો છે કે થોડાક કલાકો સુધી પણ મારાથી ધારસાણા છોડી શકાય નહિ. ટુંક વખતમાં મોટા પાયા ઉપર ધસારો લઇ જવામાં આવશે. સઘળી ચળવળોની દોરવણી માટે અત્રે મારી હાજરીની જરૂર છે.

અત્રેની લડતની હું આગેવાની છોડી દેનાર છું એવી સઘળી અફવાઓ સદંતર ખોટી છે. આવી એક લડતની આગેવાની એક સ્ત્રીના કાબુ હેઠળ મેલવા માટે સ્થાનીક સતાવાળાઓમાં ભારે અજાયબી અને ખીજવાટ ફેલાયો છે. પણ હું તેઓને કહીશ કે હું અત્રે સ્ત્રી તરીકે નથી પણ જનરલ (સરદાર) તરીકે છું.

વોલંટીઅરોની સઘળી ટુકડીઓએ સંતોષકારક સેવા બજાવી છે. વોલંટીઅરો તરીકે ઘણાકો ગરીબ ખેતીકારો છે તેમાંના કેટલાકો તાલેવંત અને શીખેલા ભણેલાઓ પણ છે, જે સઘળાઓ મામલાને એકસરખી રીતે પુગી વળી શકયા છે. આ સઘળું ખુલેખુલું દેખાડી આપે છે કે આ લડતથી લોકોના જુદા જુદા વર્ગો વચ્ચે ભાઇચારાની અજબ લાગણી ઉભરાઇ છે.

ધરાસણા સત્યાગ્રહ

સરકારની દ્રષ્ટીએ

મુંબઇ સરકારના ખબર ખાતાના ડીરેકટરે ધરાસણાના સત્યાગ્રહ સંબંધમાં બહાર પાડેલી યાદીમાં જણાવવામાં આવે છે કે:—

તા૦ ૧૫ મી મે પછી ધરાસણાની મીઠાની ડીપોપર ધસારો વઇ જવાનો પ્રયાસ વત્તાઓછા પ્રમાણમાં ચાલુ રહ્યો હતો. પણ ગઇ કાલે મામલો ગંભીર બન્યો હતો. સ્થાનીક સત્તાવાલાઓએ એવી રાજનીતિ

અખત્યાર કરી હતી, કે ધસારો કરનારાઓને મીઠાના વર્કસ આગળ જવા દેવા અને તેમને પાછા હઠાવવા અને જ્યાં બની શકે તેમ ન હોય ત્યાં ધરપકડ કરવી. સ્વયંસેવકોની ટુકડીને પકડયા પછી અને તેમને હદની બહાર કાઢવા પછી છોડી દેવામાં આવતા હતા. ૨૨૫ જણને પરહેજીમાં રાખવામાં આવ્યા હતા.

સામુદાયીક હુમલો

ગઇ કાલનો હુમલો મોટા પ્રમાણમાં હતો અને જે બન્યું છે તેનો હેવાલ નીચે મુજબ છે.

ધરાસણાના મીઠાને અગરમાંથી એકઠું કરી 'જીલ્લા'થી ઓળખાતા સ્ટોરમાં મૂકવામાં આવ્યું છે અને રક્ષણ કરવા કાંટાવાળા તારની વાડો કરવામાં આવી છે અને તેને પોલિસના રક્ષણ હેઠળ મૂકવામાં આવી છે. રાખવામાં આવેલી પોલિસની કુલ સંખ્યા ૪૦૦ ની છે, જેમાંનો અડધો ભાગ મીઠાના ખાતાનો છે. આજે સવારે ૨૬૦૦ સ્વયંસેવકોએ છ વાગે સામુદાયીક હુમલો કર્યો હતો. આ સ્વયંસેવકો ગુજરાતના બધા ભાગના અને કેટલાક મુંબઇના હતા. સ્વયંસેવકો પાસે હથીયાર નહોતાં પણ દોરડા હતા. કેટલીક પોલિસને લાઠી સાથે બહાર ઉભી રાખવામાં આવી હતી અને બીજી બધી પોલિસ અંદરની બાજુમાં હતી. સ્વયંસેવકો વાડની આગળ બહાર ઉભા રાખવામાં આવેલા પોલિસોની હાર સુધી આવ્યા હતા. આ પોલિસ લાઇને લોકોપર ધસારો કર્યો નહોતો પણ આગળ વધવાના હુકમની રાહ જોતી ખડી હતી. આ તબકકે હુમલો વહેંચાઇ ગયો હતો. ૮૦૦ સ્વયંસેવકો મુખ્ય ટુકડીમાંથી નીકળીને ઓફિસ

અને બીજા 'ઝીલા' તરફ આગળ વધ્યા હતા. માજીસ્ટ્રેટોએ પોલિસને સ્વયંસેવકોને વિખેરી નાંખવાના હુકમો આપ્યા હતા, પણ સ્વયંસેવકોએ આ હુકમોની અવગણના કરી હતી. ત્યારે સ્વયંસેવકોએ આગળ વધીને તારની વાડને નમાવવાના પ્રયાસ કર્યા હતા જ્યારે પોલિસે તેમને લાઠી વડે માર્યા હતા અને તેમના હાથમાંથી દોરડા અને વાયર કટર ખુંચવી લેવામાં આવ્યા હતા. ઝીલામાંથી વધુ પોલિસ આવી પહોંચી હતી અને તેણે સ્વયંસેવકોને પાછળ હઠાવ્યા હતા. મોટા ભાગના સ્વયંસેવકો પાછા હઠી ગયા હતા. પણ કેટલીક ટુકડીઓએ પાછા હઠવાની ના પાડી હતી અને તેમને વાડ આગળથી ખેંચી જવામાં આવ્યા હતા. વધુ સ્વયંસેવકો આવી પહોંચ્યા હતા અને દોઢ કલાક સુધી ઝપાઝપી ચાલી હતી અને તે દરમીયાન સ્વયંસેવકોને તેમની અસલ જગ્યાએ મારી હઠાવવામાં આવ્યા હતા. તેમાંના કેટલાક સાંજ સુધી ઓફીસ પાસે રહ્યા હતા.

કોંગ્રેસનાં સાધનોના અડસટા પ્રમાણે ૧૭૦ જણને ઇજા થઇ છે. સ્વયંસેવકોએ ત્રણ જગ્યાએ તાર તોડી નાંખ્યા હતા. મીઠાના અગરમાંના મીઠાને અડકવા પ્રયાસ થયો નહતો. આખો દિવસ હુમલો શાંત પડયો હતો પણ સાંજે ૭ વાગે ફરીથી હુમલો કરવામાં આવ્યો હતો. દરમીયાન ૧૯ મી હૈદ્રાબાદ રેજીમેન્ટની ત્રીજી બેટેલીઅન આવી પહોંચી હતી. અને પોલિસ તેમને હઠાવીને તેની છાવણી આગળ કાઢયા ત્યાં સુધી લોકો ઝીલા પાસેની ખુલ્લી જગ્યાપર ઉભું રહ્યું હતું. ગોળીબાર કરવામાં આવ્યો નથી. ફકત લાઠીઓનોજ ઉપયોગ કરવામાં આવ્યો છે.

શ્રીમતી નાયડુ, શ્રી. ઇમામ સાહેબ, શ્રી. મણિલાલ ગાંધી અને બીજા ચાર નેતાઓ અને બીજા ચાર સ્વયંસેવકોને પકડવામાં આવ્યા છે.

ધરાસણાનો અહિંસાત્મક જંગ

ધારાસણા, તા. ૧૫ મી મે.

ઇમામ સાહેબ બાવાઝીરે નીચેની અપીલ બહાર પાડી છે:—

તમને આ સંદેશો મળ્યા પહેલા આપણા ૫૦ બહાદુર સાથીઓ ખુદાના પવિત્ર નામે અહિંસાત્મક આપભોગની લડત શરૂ કરશે. તેઓ જાણે છે કે તેમને માટે જેલ, લાઠીના પ્રહારો અને મોત સુદ્ધાં તેમની રાહ જોઇ રહ્યું છે! પણ તેમની શ્રદ્ધા છે, કે તેમણે જે કાર્ય ઉપાડ્યું છે તે પવિત્ર છે. એ ખુદાનું પોતાનું કાર્ય છે, અને તેથી તેઓ ખુદાને કાજે મોતને ભેટશે તો તેમાં શું થયું? એક બાજુ ૪૦૦ થી ૫૦૦ હથીયારબંધ પોલિસ છે, જેની પાછળ જગત પરની મહાન શહેનશાહતનું પશુબળ છે. બીજી બાજુ ૫૦ બીન હથીયારબંધ સ્વયંસેવકોની નાની ટુકડી છે. આ કંઇ પશુબળ, પશુબળ વચ્ચેની લડત નથી આ તો પશુબળ સામે ધર્મની લડત છે. જગતના ઇતિહસમાં આ એક અદ્વીતીય લડત છે.

જે ૫૦ વીરો આજે બલિદાન માટે બહાર પાડયા છે તેમને એવી શ્રદ્ધા છે કે, તેમની જગ્યા લેવા ૫૦ લાખ બહાર પડશે. આજ શ્રધ્ધાપર જગતવંદ્ય ગાંધીજીએ આ મહાન લડતનો આરંભ કર્યો છે. આજ શ્રધ્ધાથી તેઓ

જેલની પાછળ કાળ નીર્ગમન કરી રહ્યા છે. આજ શ્રધ્ધાથી ૭૬ વરસના વૃધ્ધ અબ્બાસ તૈયબજી જેલમાં ગયા છે. આપણે શું તેમને અધવચ છોડી દઇશું કે તેમની પુઠે પરવરશું?

મુસલીમ બંધુઓને—

અને મારા મુસ્લીમ બંધુઓ હું તમને શું કહુ? હઝરત મહમદ પેગંબર જગતને આઝાદીનો સંદેશ આપ્યો હતો. સાચો મુસલમાન તો ગુલામી કરતાં નર્ક વધુ પસંદ કરે. જેઓ ગુલામીમાંથી બહાર નીકળવા મથી રહ્યા છે તેમને જો આપણે હાથ આપશું નહિ તો ખુદાનો શ્રાપ આપણા પર ઉતરશે. હું આશા રાખુ છું, કે આઝાદીની લડત ચાલુ છે ત્યારે એક-પણ સાચો મુસલમાન ઘરમાં ભરાઇ બેસસે નહિ.

દરેક ગામને છાવણીમાં પલટી નાંખો

હું આશા રાખું છું કે દરેક ગામ સત્યાગ્રહની છાવણીમાં ફેરવાઇ જશે અને સંદેશ મળતાં ધરાસણા કુચ કરશે. આપણા બધાનો એવો નિશ્ચય થાઓ, કે આપણે મીઠાના કાયદાનો અંત આણીશું અથવા આપણે જાતે નાશ પામીશું. પણ આપણે એક ક્ષણભર પણ ગુલામી સહન કરીશું નહિ.

ધરાસણાનું પોલિસ રાજ

શ્રી, પટેલ સાથેનો તુચ્છ વર્તાવ

ઉંટડી, તા. ૨૧ મી મે.

શ્રી વીઠલભાઇ પટેલ આજે સવારે નડીઆદથી લોકલ ટ્રેનમાં

અહિં આવી પહોંચ્યા હતા. ઉંટડી કેંપમાં શ્રી. પટેલે આંબાના ઝાડની નીચે સારવાર પામતા ઘાયલ થયલા શ્રી. નરહરિ પરીખની મુલાકાત લીધી હતી. શ્રી. પછી કેંપ હોસ્પીટલની મુલાકાત લીધી હતી જ્યાં ૩૦૦ ઘાયલ થયેલાં સ્વયંસેવકોની ૧૫ ડાકટરો સારવાર કરી રહ્યા હતા. કેટલાક સ્વયંસેવકો અર્ધા ભાનમાં હતા. કેટલાક બેભાન હતા. ત્યાર પછી શ્રી. પટેલ કાચી જેલમાં શ્રી નાયડુની મુલાકાત લેવા ગયા હતા પણ એક પોલિસ કોનસ્ટેબલે તેમની ગાડી અટકાવી હતી.. એક યુરોપીયન ઇન્સ્પેક્ટર થોડે દુર ઉભો હતો. મી. દાદુભાઇ દેશાઇએ તેને જણાવ્યું હતું કે શ્રી. પટેલ શ્રીમતી નાયડુને મળવા માગતા હતા.

ઇન્સ્પેક્ટરે એણુ જણાવ્યું હતું કે તેને પોતાને તો ખબર પણ નહોતી કે નાયડુ પકડાયાં છે. તેણે શ્રી. પટેલને જણાવ્યું કે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટની પરવાનગી સિવાય આ રસ્તે કોઇને પણ આગળ વધવા દેવામાં આવશે નહિ

'ભયંકર !'

સ્વયંસેવકોને પડેલા મારનું વર્ણન

વલસાડ, તા. ૨૧ મી મે

'ભયંકર'—શ્રી. પટેલે ફ્રી પ્રેસના પ્રતિનિધીને ધરાસણાની પોલિસના સ્વયંસેવકો પરના ફટકાઓના સંબંધમાં પૂછતાં આ જવાબ આપ્યો હતો.

શ્રી. પટેલે આજે સવારે ડીસ્ટ્રીકટ માજીસ્ટ્રેટને કહ્યું કે મારે સ્વયંસેવકોપર ગુજરતો ત્રાસ જોવો છે. માજી ? રે જણાવ્યું હતું કે

મેં મારી આંખે ૩૦૦ ઘાયલ થયેલા સ્વયંસેવકોને જોયા છે. ડીસ્ટ્રી-કટ માજીસ્ટ્રેટે જણાવ્યું હતું કે હવે એ બંધ કરવામાં આવ્યું છે કારણ કે એમ ન હોય તો હું તમારી સાથે વાત કરવાને શી રીતે નવરો થાઉં ?

ધરાસણાના ધર્મયુદ્ધમાં

શ્રી વિઠ્ઠલભાઇ પટેલે શું જોયું ?

મુંબઇ ,તા. ૨૨ મી મે.

શ્રી. વિઠ્ઠલભાઇ પટેલ, જેઓ ગઇ કાલે ધરાસણાની મુલાકાત લઇ અત્રે પાછા ફર્યા છે તેણે છાપાના પ્રતિનીધિની મુલાકાતમાં જણાવ્યું હતું કેઃ–

"હું ગઇ તા. ૨૦ મીની સવારે નડીઆદ પહોંચ્યા હતો અને ત્યાં ગુજરાતના કાર્યકર્તાઓ સાથે ભાવિ કાર્યક્રમ વિષે મેં ચર્ચા ચલાવી હતી. સાંજે જાહેર સભામાં ભાષણ આપ્યા પછી હું રાતે ધરાસણા જવા નડીયાદથી ઉપડયો હતો. મારી ટ્રેન બીલીમોરા પ્હોંચી ત્યારે એક રેલ્વે અમલદારે મારી પાસે આવીને જણાવ્યું હતું કે, અમને ડુંગરીના સ્ટેશને નહિ થોભાવવાનો હુકમ મળ્યો છે. મેં તેમને જણાવ્યું હતું કે, હું પહેલા વર્ગનો ઉતારૂ છું. અને મારી ટિકિટ ડુંગરીની હોવાથી રેલ્વે કંપની ડુંગરી પહોચાડવાને બંધાયેલી છે. રેલ્વે અમલદારે જવાબ વાળ્યો હતો કે, મારે તો મારા ઉપરીનો હુકમ અમલમાં મૂકવો જોઇએ અને હું તમારી અરજ ન સ્વીકારી શકવા માટે દીલગીર છું.

સાંકળ ખેંચી

મારી ટ્રેન ડુંગરી આગળથી પાસ થતાં મેં સાંકળ ખેંચી હતી, પણ મને જણાયું હતું, કે રેલ્વે અમલદારોએ સાંકળનો વહેવાર તોડી નાંખ્યો હતો. ટ્રેન વલસાડ થોભતાં હું ત્યાં ઉતરી પડયો હતો અને લાંબે માર્ગે થઇને ધરાસણા પહોંચ્યો હતો. વલસાડના એક મિત્રે મને તેની મોટર પૂરી પાડી હતી. ત્યાં હુ સવારના નવ વાગે પહોંચ્યો હતો. આંબાના ઝાડ નીચે આવેલી સત્યાગ્રહની છાવણીમાં મેં શ્રી નરહરી પરીખને સખ્ત ઘવાયેલા ખાટલામાં પડેલા જોયા હતા. કેટલીક બ્હેનો તેમની સારવાર કરતી હતી. તેમણે મને પોતાને અને સ્વયંસેવકોને નિર્દય માર પડયો તેની વિગતો જણાવી હતી. તેમણે મને ખાત્રી આપી હતી કે ધાડમાં ભાગ લેનાર દરેક સ્વયંસેવક તદ્દન અહિંસાત્મક હતો. તેમણે મને નજીકમાંની સત્યાગ્રહ હોસ્પીટલમાં જઇને ઘવાયેલાઓની મુલાકાત લેવાની અરજ કરી હતી. હું ત્યાં ગયો હતો અને મને માલમ પડયું હતું કે, લાઠીના ઘાથી ઘવાયેલા ૩૦૦ સ્વયંસેવકો ત્યાં પડયા હતા. આશરે ૧૫ દાકતરો તેમની સારવાર કરતા હતા. દેખાવ ઘણો ત્રાસજનક અને હૃદયભેદક હતો !

અમેરીકન ગ્રહસ્થ પર અસર

એક અમેરીકન ગ્રહસ્થ જેઓ ત્યાં હાજર હતા તેમના પર આ દેખાવથી ભારે અસર થઇ હતી. તેમણે ટીકા કરી હતી કે કોઇપણ સુધરેલી સરકાર હેઠળ આવી વસ્તુ બનવી શકય

છે, એ જો મેં નજરે જોયું ન હોત તો તે હું કદી માનત નહિં !

મને જણાવવામાં આવ્યું હતુ કે, મારા ધરાસણા પહોંચતાં પહેલાં શ્રીમતી સરોજીની નાયડુ શ્રી. ઇમામ સાહેબ, અને શ્રી મણિલાલ ગાંધીને પકડવામાં આવ્યા હતા.

હું શ્રીમતી નાયડુને મળવા સ્વાભાવિક રીતેજ આતુર હતો. આથી હું જીલ્લા માજીસ્ટ્રેટને મળીને શ્રીમતી નાયડુને મળવાની પરવાનગી લેવા મોટરમાં શ્રી. દાદુભાઇ દેશાઇ સાથે ગયો હતો. જીલ્લા માજીસ્ટ્રેટની છાવણી એક માઇલ દુર હતી તેવામાં એક પોલિસમેને મોટર અટકાવી હતી. તેણે જણાવ્યું હતું કે, ગાડીને અહિંથી વધુ આગળ જવાનો હુકમ નથી. એક યુરોપીયન સાર્જન્ટે જીલ્લા માજીસ્ટ્રેટને મળવા માગીએ છીએ તે જણાવ્યું હતુ. સારજંટે જવાબ વાળ્યો હતો કે શ્રીમતી નાયડુને પકડવામાં આવ્યા છે કે કેમ તેની મને ખબર નથી. પોલિસ સુપ્રીટેન્ડેન્ટ તે રસ્તેથી પસાર થતા હતા તેમને અમે અમારો હેતુ કહી સંભળાવ્યો હતો, તેમણે અમને પાસેના બંગલા આગળ થોભવાનું અને અમારે વિષે માજીસ્ટ્રેટને જણાવી સંદેશો મોકલવાનું વચન આપ્યું હતું. પંદર મિનિટમાં સંદેશો લઇને માણસ પાછો ફર્યો હતો. અને જણાવ્યું હતું, કે જીલ્લા માજીસ્ટ્રેટ પાછળ આવે છે. એક કલાક પછી જીલ્લા માજીસ્ટ્રેટ અને પોલિસ સુપરિ. આવ્યા હતા. મેં શ્રીમતી નાયડુને મળવાની ઇચ્છા દર્શાવતા તેમણે મને જણાવ્યું હતું કે તેઓ પકડાએલા હોવાથી હું તમને મળવા દઇ શકું નહિ. આ જવાબથી મને નવાઇ

લાગી હતી. મેં તેમને જણાવ્યું હતું કે શ્રીમતી નાયડુ પકડાયેલાં હોવા છતાં પોલિસની હાજરીમાં જરૂર પડે બીજાને મળવામાં કશો બાધ નથી. જીલ્લા માજીસ્ટ્રેટ મને થોભવાનું કહી ઓરડાની અંદર ગયા હતા અને વાટાઘાટ કર્યા પછી મને જણાવ્યું હતું કે હું તમને શ્રીમતી નાયડુને મળવા દેવા તૈયાર નથી. મેં લેખીત જવાબની માગણી કરી હતી. પરંતુ તેમણે જણાવ્યું હતું કે તમારી અરજ મોંઢાની હોવાથી લેખીત જવાબની કંઇ જરૂર નથી. અત્રે શ્રી. દાદુભાઇ દેશાઇએ મને કાગળ આપ્યો હતો અને મેં જણાવ્યું હતું, કે હું લેખીત અરજ આપું છું. માજીસ્ટ્રેટે મને જણાવ્યું હતું કે હું લેખીત જવાબ આપવા તૈયાર નથી. તેઓ મોટરમાં બેસવા ગયા હતા. પાછળ જઇને મેં સત્યાગ્રહવાળી જગ્યાની મુલાકાત માટેની રજા માગી હતી. માજીસ્ટ્રેટે સ્વયંસેવકોને મારવાની વાતનો ઇન્કાર કર્યો હતો પણ મેં તેમને જણાવ્યું હતું, કે પોલિસના લાઠીના ઘાથી ઘવાયેલા ૩૦૦ સ્વયંસેવકો હોસ્પીટલમાં પડેલા મેં મારી નજરે જોયા છે. ત્યારે હવે કંઇ ચાલતું નથી અને જોવા જેવું કંઈ નથી એમ કહીને તેમણે ચાલતી પકડી હતી. અમે છાવણીમાં પાછા ફર્યા હતા અને શું બન્યું હતું તે શ્રી નરહરી પરીખ અને બીજાઓને કહ્યું હતું.

લવણ સંગ્રામમાં ધરાસણાની ધર્મયાત્રા ચોમાસાના કારણે મુલત્વી રહી

મહાત્માજીએ શરૂ કરવા ધારેલી 'ધરાસણાના અગરો પરની ધાડ, શ્રીયુત અબ્બાસ તૈયબજીએ આરંભી હતી, તે અટકાવવા માટે સરકારે તનતોડ પ્રયત્ન કરી, સેંકડો સ્વયંસેવકો અને ગામો ગામના નેતાઓને લાઠીથી ખુબ ઝુડીને ખોખરા કર્યા અને જેલો ભરી દીધી. છતાં ધર્મયુધ્ધે ચઢેલું મહાત્માજીનું સૈન્ય નજ હઠયું, તે નજ હઠયું ! આખરે સરદાર વલ્લભભાઇની વીર પુત્રી કુમારી મણિબ્હેન પટેલ સેનાપતિ પદે આવ્યાં અને નિયમિત રીતે ધાડ પડાવતા રહ્યાં !


આ સમયે ભારત મુકિત માટે શૂરા સૈનિકો કે જે માંહેલા કેટલાક વીરો તો પીઠીભર્યા હતા, મોંઢે મુછનો દોરો પણ ફુટયો નહોતો તેવા આબાલવૃધ્ધ સર્વેએ પોતાના શરીરપર જે લાઠી પ્રહારો ઝીલ્યા છે, તથા તડોતડ માથાની ખોપરી ફોડાવી છે, તેનો હૃદયભેદક હેવાલ આલેખતા છાતી ફાટી જાય છે ! મનુષ્યની

કલમથી વર્ણવી શકાય તેમ નથી, તે તો પ્રભુના દરબારમાંજ લખાઇ રહયો છે ।

આવા ભયંકર સ્થળમાં કે જ્યાં બીજા ગામોના માણસોને આવવાની અટકાયત, ખાધા ખોરાકી અને વાસણો વારંવાર જપ્તીમાં ઉઠાવી જાય, છાવણીના મકાનો તોડી ફોડી જમીન દોસ્ત કરે, દરરોજ સેંકડો નિઃશસ્ત્ર સૈનિકો ઉપર લાઠી પ્રહારો થાય, ખોપરીઓ ફુટવાના તડોતડ અવાજ દુર સુધી સંભળાય, સેંકડો સૈનિકોના દર્દની કારમી ચીસો હૃદય ભેદી નાંખે, સ્વયંસેવકોને શુદ્ધિમાં આણવાના પ્રયત્નો કરવા પડે, તેમને દૂર દૂર સ્થળે વાહનો વગર દવાખાનામાં પહોંચાડવા પડે એ કાર્ય કંઇ રમતનું નહોતું ! છતાં તે કાર્ય થયું અને ચોમાસુ આવ્યું ત્યારેજ નિરૂપાયે અટકયું. લોહીની ધારાઓથી રંગાએલી ભૂમિપર નિર્જન સ્થાનમાં આવું ભીષણ દ્રષ્ય જોનાર તથા દુનિયામાં અખુટ અસ્ત્રશસ્ત્ર ધરાવતી બળવાન બ્રિટિશ સરકાર સાથે, રણક્ષેત્રમાં સામી છાતીએ નિઃશસ્ત્ર યુદ્ધ કરનાર હિંદી નારી જાતિનું ગૌરવ વધારનાર ખરી ક્ષત્રિયાણી કુ. મણિબેન પટેલને ધન્ય છે !

જે ભુમિમાં જાન કુરબાન કરનાર આવાં સંતાનો છે, તે ભુમિ શી રીતે પરતંત્ર રહી શકશે ?

ધરાસણાની ધાડના બહાદુર સેનાપતિ



સરદાર વલ્લભભાઇનાં પુત્રી

કુમારી મણિબેન પટેલ.

યુરોપે મુક્તિ માટે ગાંધીજીને ચરણે બેસવું ઘટે

“એશિઆના ભાગ્ય વિધાતા”ને અમેરિકન પત્રકારની અંજલી.

કરાંચી છાવણી ૩ જી મે

અપટન કલોઝ નામના અમેરીકન પત્રકાર મહાત્મા ગાંધી સંબંધમાં લખે છે કે ‘મહાત્મા ગાંધી એશીઆના ભાગ્યવિધાતાઓમાં સૌથી મહાન છે. કારણ કે તેઓ હિંસાનું એક કામ કરવા કરતાં આઝાદીની પ્રજાની આશાનો ભોગ આપવાનું પસંદ કરે છે. ગાંધીજી જગતના અદ્વિતીય નેતા છે, તેઓ પ્રેમધર્મના જીવંત પયગંબર છે. જેમનામાં બુદ્ધ, ખ્રીસ્ત, એસીસીના સેંટ-ફ્રાંસીસ અને ટાલ્સટાયનો ધાર્મીક જુસ્સો સંમીલીત છે. આવા પુરુષ માનવજાતીને ખળભળાવી મુકે એમાં કશી નવાઇ નથી. ગાંધી વીસમી સદીના હિંદની નવપ્રજાના જયોર્જ વોશીંગટન અને પણ લાંબા સમયને અંતે અશોકની શહેનશાહતની પેઠે આ વાત માનવ સ્મરણમાંથી ખસી જશે પણ તેઓ લોકોના હ્રદયમાં ખ્રીસ્ત તરીકે જીવં-

૧જ રહેશે ? મેડમ ક્લોડ પારીસ યુનીવરસીટીનાં માજી પ્રોફેસર છે,

તે ફ્રેન્ચ બાનુને ગાંધીજીની સલાહ.

નવસારી તા. ૩ જી મે,

મેડમ ક્લોડ રીવેરા નામના ફ્રેન્ચ બાનુ જેઓ હિંદમાં છેલ્લા બે માસથી રાજકીય મામલાનું અવલોકન કરવા હિંદમાં પ્રવાસે ફરે છે તેમણે આજે સવારે ગાંધીજીની મુલાકાત લીધી હતી. તેણીએ ચળવળમાં જોડાવાની ઇચ્છા પ્રદર્શીત કરી હતી. પણ ગાંધીજીએ તેમને સત્યાગ્રહાશ્રમમાં જઇને મીસ સ્લેડ (મીરાંબાઇ)ને મળીને પરિસ્થિતિ જાણી લેવાની સલાહ આપી હતી.

પાછળથી મેડમ ક્લોડે પૂજ્ય કસ્તુરબાની મુલાકાત લીધી હતી.

મહાત્માજીને ફ્રેન્ચ સન્નારીની શ્રદ્ધાંજલી

મેડમ ક્લોડે જણાવ્યું હતું કે, હું મહાત્મા ગાંધીની શિષ્યા–અનુયાયી–બનવા આતુર છું. પરંતુ હાલ તુરત હું ગાંધીજીની હીલચાલ વિષે ફ્રેંચ પત્રોમાં સાચી માહિતી આપનારા લેખો લખીને મદદ કરવા માગું છું. ગાંધીજીની ચળવળ પ્રત્યે મારી ઉંડી સહાનુભુતિ છે. અને તેવીજ ફ્રેંચ પ્રજાની છે. ફ્રેન્ચ પ્રજા ગાંધીજીની હીલચાલમાં અજબ રસ લે છે. ફ્રાંસે હંમેશાં સ્વતંત્રતા ઝંખતી પ્રજાઓને સહાય કરી છે અને અમારામાં ઘણા આ નવી હીલચાલ-જે કેટલેક દરજજે રાજકીય અને કેટલેક દરજજે ધાર્મિક છે-તેમાં રસ લઇ રહ્યા છે.

મહાન ધાર્મિક આગેવાન

મેડમ ક્લોડ રીવેરીએ જણાવ્યું, કે હું મહાત્મા ગાંધીને મહાન ધાર્મિક નેતા ગણું છું. તેઓ જે હીલચાલની દોરવણી કરી રહ્યા છે તે જગત ચળવળનો એક ભાગ છે. યુરોપીય સુધારો જે વધુને વધુ જડવાદ તરફ ઢળતો જાય છે, તેને પોતાની મુક્તિ માટે ગાંધીજી તરફ મીટ માંડવી જોઇએ છે.

બનારસ હિંદુ યુનીવરસીટીવાળા પ્રો. સુંદરમ્ જેઓ ગાંધીજીની સ્વરાજ્ય સેનામાં જોડાવા અત્રે આવ્યા હતા. તેમને મહાત્માજીએ તામીલ નાડુ સત્યાગ્રહની આગેવાની લેવા મોકલ્યા છે.

લંડન ડેલી હેરલ્ડના પ્રતિનીધિ સ્લોકામ્બે સાથે પાંચ કલાક વિષ્ટી સંદેશા

કારાવાસમાંથી મહાત્માજીનો પયગામ

લંડનમાં "ડેલી હેરલ્ડ" પત્રનો ખાસ પ્રતિનીધિ આજ થોડા દિવસ થયા મુંબઇ આવ્યો છે. લંડનના છાપાઓને હિંદુસ્થાનના હાલના રાજદ્વારી મામલા વિષે બરોબર ખબરો મળતી નહિ હોવાથી "ડેલી મેલ" જે મજુરપક્ષનું વાજીંત્ર છે અને હાલની સરકાર મજુર પક્ષની હોવાથી એ પણ હાલની સરકારનું પણ વાજીંત્ર લેખાતું હોવાથી એ પત્રે મી. જ્યોર્જ સ્લોકામ્બે નામના એક ઇંગ્રેજને પોતાના પ્રતિનીધિ તરીકે હિંદુસ્થાન મોકલ્યો છે. આ પ્રતિનીધિએ ગઇ તા. ૨૦ મીએ યરોડાની જેલમાં મહાત્મા ગાંધીજીની મુલાકાત લીધી હતી.

મહાત્માજીની મુલાકાત માટે કોઇને પણ પરવાનગી આપવામાં આવતી નથી અને લંડનના એક પત્રના ખબરપત્રીને જેલમાં મહા-

તેમને મળવાની રજા આપવામાં આવી છે અને એ મુલાકાતનો અહેવાલ પ્રસિદ્ધ કરવા દેવામાં આવ્યો છે એ બીના બહુ અર્થસૂચક છે.

એના સંબંધમાં એવું અનુમાન કરવામાં આવે છે કે આ ખાસ પ્રતિનીધિ વડા પ્રધાન તરફથી હિંદના રાજદ્વારી મામલાની બાબતની તપાસ કરવા આવ્યો છે. મી. જ્યોર્જ સ્લોકોમ્બે મહાત્માજીની મુલાકાતનો અહેવાલ પોતાના પત્ર ઉપર તારદ્વારા મોકલી આપ્યો છે અને તે ગુરુવારના "ડેલી હેરલ્ડ" માં પ્રગટ થયો છે.

મી૦ સ્લોકોમ્બનો પત્ર

પુના, તા. ૨૦ મી મે

જેલમાં મી. ગાંધીની મેં બે વાર મુલાકાત લીધી છે. પુનાથી કેટલાક માઈલ દુર યરોડાની જેલ આવેલી છે અને એ જેલ હિંદની પુરાણી જેલોમાંની એક છે. આ જેલમાં મી. ગાંધીને સરકારના એક રાજદ્વારી કેદી તરીકે રાખેલા છે. મી. ગાંધી માટે આ જેલમાં ખાસ ઓરડીઓ રાખવામાં આવી છે અને બીજા સાધારણ કેદીઓને જે હકો નહિ મળે તે મી. ગાંધીને આપવામાં આવ્યા છે. મારી મુલાકાત થઇ તે અગાઉ મી. ગાંધી જેલની બહારના કોઇ પણ આસામીને મળ્યા નહોતા.

જેલમાં રેંટીયો

મી. ગાંધી સાથે મને વાતચીત થઇ ત્યારે ત્રણ બ્રિટિશ અમલદારો ત્યાં હાજર હતા. જેલોના ઇનસ્પેકટર જનરલ મેજર ડોઇલ, યરોડાની જેલના સુપરીન્ટેન્ડંટ મેજર માર્ટીન અને જીલ્લા માજીસ્ટ્રેટ મી. ગુલ્ડ હાજર હતા. આ ત્રણે અમલદારો સાથે મી. ગાંધી ઘણા મળતાવડા હતા. મી. ગાંધીની ઓરડીમાં સૌથી અગત્યનો ભાગ તેમનો રેંટીયો

છે. અને તેમના બીજાના ઉપર જે પુસ્તકો પડેલાં હતાં તેમાં "પ્રીલગ્રીમ્સ પ્રોગ્રેસ" હતું કે જેનો કર્તા પણ જેલમાં ગયો હતો.

સંત તરીકે પૂજાય છે

આ ઠંડકવાળી પણ અંધારી ઓરડીમાં મી. ગાંધી પોતાનો રેંટીયો ચલાવવામાં અને દેશનો ઉદ્ધાર કેમ થાય તે માટે ગંભીર વિચાર કરવામાં પોતાનો વખત ગુજારે છે. આ પુરુષ જેને હિંદુસ્થાનના કરોડો લોકો સંત તરીકે પૂજે છે તે હસતે ચેહરે મને મળવા ઓરડીમાંથી વરંડા ઉપર આવ્યા.

જંગલના એકાંતવાસી

મારી મી. ગાંધી સાથ એ વખત તેમની ઓરડીની બહાર ઓટલા ઉપર મુલાકાત થઇ હતી. મહાત્મા હંમેશાં આસન માંડીને જમીન ઉપર બેસે છે. પણ આજે તેઓ ખુરસી ઉપર, પગ ઉપર પગ ચઢાવીને બેઠા હતા. આખી દુનિઆ જાણે છે તેમ, ફક્ત એક લંગોટી શિવાય તેઓ આખા શરીરે ઉઘાડા હતા. તેઓ જંગલમાં એકાંતવાસમાં વસતા સંત કે સાધુ જેવાજ લાગે છે. પરંતુ તેઓ દેખીતી રીતે ખુશ મીજાજ ધરાવે છે. તેઓનો હસ્તો ચેહરો, બોખા દાંત અને બાળકના જેવું નિર્દોષપણું આ સઘળી વસ્તુ ઉપરથી તેઓ એક મનુષ્યજ છે એમ સાફ દેખાઇ આવતું હતું.

ધિક્કાર અને પ્રેમ

મારી સાથે બધી મળીને પાંચ કલાક સુધી વાતચીત થઇ હતી. તે ઉપરથી જે એક વસ્તુએ મારી ખાતરી કરી આપી તે એ

છે કે તેઓમાં અગ્નીની માફક ધગધગતો પ્રેમ છે અને જેટલો પ્રેમ છે તેટલોજ તેઓમાં ધિક્કાર છે. જેમ તમામ મનુષ્યજાત ઉપર પ્રેમ છે તેવોજ તેમનો પ્રેમ તેમની માતૃભૂમિ ઉપર છે. જેવી રીતે તેઓ દુષ્ટપણાને ધિક્કારે છે તેવી રીતે તેઓ હિંદ ઉપરના બ્રિટિશ દોરને ધિક્કારે છે. તેઓની માન્યતા એવી છે, કે હિંદમાં બ્રિટિશો જુલમગાર રાજકર્તા તરીકે આવ્યા છે અને હિંદુસ્તાનની પ્રજાના સઘળા દુઃખોનું કારણ બ્રિટિશો છે. તે છતાં એક પણ બ્રિટિશ સામે અથવા કોઇ પણ સામે અંગત રીતે તેઓને સહેજ પણ દ્વેષ નથી વાઇસરોય માટે તેઓને બહુજ લાગણી છે. ઇંગ્લાંડમાં તેઓના ઘણા માનીતા મિત્રો છે. બ્રિટિશ ઇતિહાસમાં બ્રિટિશ ચરિત્રમાં અને બ્રિટિશ સામ્રાજ્યમાં એવું ઘણું છે કે જેના તેઓ વખાણ કરે છે.

મહાત્મા ગાંધી બ્રિટનનો શ્રેષ્ઠ મિત્ર બનશે

એક વાર હિંદુસ્તાન આઝાદ થશે, ભારત પોતાનું છુટાપણું મેળવશે—કે તેજ પળે બ્રિટનને મી. ગાંધી કરતાં વધુ શ્રેષ્ઠ મિત્ર બીજો કોઇ જડશે નહિ. બ્રિટિશ સામ્રાજ્યમાં હિંદુસ્તાનને છુટાપણું ભોગવતા એક સ્વતંત્ર દેશ તરીકે ધણો અને તે દિવસથી બ્રિટિશો મી. ગાંધીને એક મહાન માણસ તરીકે લેખશે કે જેવી રીતે આજે કરોડો હિંદીઓ તેમને મહાત્મા તરીકે પૂજે છે.

સ્વતંત્ર હિંદ એટલે શું?

અમારી વાતચીતની શરૂઆતમાં બ્રિટિશ અને હિંદી રાજદ્વારી સવાલો ઉપર ચર્ચા ચાલી હતી. તે પછી મેં તેમને પૂછ્યું કે તમે હિંદ માટે સ્વતંત્રપણું માગો છો તેનો તમે શો અર્થ કરી શકો

છો ? "ડુમીનીયન સ્ટેટસ" માં આયદે જે સ્વતંત્રપણું છે તે તમે માંગો છો કે નહિ ? જો તેમ નહિ હોય તો તમે શું બ્રિટિશ સામ્રાજ્યથી છુટા થવા માંગો છો ?

મી. ગાંધીએ જવાબમાં જણાવ્યું છે કે મેં હંમેશાં સાંભળ્યું છે કે ઇંગ્લાંડમાં "ડુમીનીયન સ્ટેટસ" નો અર્થ એજ થાય છે કે જે દેશને ડુમીનીયન સ્ટેટસ મળે તે સ્વતંત્ર થાય. પણ હિંદુસ્તાનના સત્તાવાળાઓ એવો અર્થ કરતા નથી. એટલા માટે "ડુમીનીયન સ્ટેટસ" નો અનર્થ કરીને તેઓ જ્યારે અમારા છુટાપણાની સામે થાય છે ત્યારે અમો પૂર્ણ સ્વરાજ્ય માંગીએ છીએ.

સવિનય ભંગનો જોખમ

મેં મી. ગાંધીને પૂછ્યું કે, કેનેડા અને દક્ષીણ આફ્રીકા જેઓ "ડુમીનીયન સ્ટેટસ" ભોગવે છે તેઓને તમે એકંદરે અને સઘળી રીતે સ્વતંત્ર માનો છો કે ?

મી. ગાંધીએ કબુલ કર્યું કે એ દેશો સ્વતંત્ર છે, પરંતુ તેઓએ બહુજ અર્થસુચક રીતે ઉમેર્યું કે, "પણ અમને તો એ દેશોની પંક્તિ ઉપર મૂકવાની માંગણી કરવામાં આવતી નથી."

તે પછી મી. ગાંધીને મેં પૂછ્યું કે કાયદાના સવિનય ભંગની લડતમાં જે ગંભીર જોખમો સમાયલા છે તે તમોએ તમારી ગણત્રીમાં લીધા છે કે ?

તેઓએ જવાબ દીધો કે મેં તે ઉપર પૂરેપૂરો વિચાર કર્યો છે અને ગંભીર વિચાર કર્યા પછીજ મેં આ ગંભીર જોખમ મારે શિર ઉઠાવ્યું છે. પરંતુ એ જોખમ માથે લેવામાં હું તદન વ્યાજબી

છું. કોઇ પણ મહાન કાર્ય જોખમ ઉઠાવ્યા વિના પાર પડી શક્યું નથી.

તે છતાં મી. ગાંધી સોલાપુર ખાતેના કહેવાતા અત્યાચારની ખબરો સાંભળી બહુ ગભરાઇ ગયા છે. ત્યાં જે બે પોલિસમેનોના ખુનો થયાં છે તે માટે તેઓએ ભારે શોક જાહેર કર્યો હતો. પરંતુ તેઓ એમ માને છે કે આ અત્યાચારોમાં કાયદાનો સવિનય ભંગ કરનારાઓનો હાથ નહિ હોવો જોઇએ. મી. ગાંધીએ ઉમેર્યું કે **અમારા સ્વયંસેવકોને અમોએ એવા હુકમો આપ્યા છે કે ગમે તેટલો માર પડે તો પણ અહિંસાનુંજ પાલન કરવું.**

સરકાર પોતાની હાર કબુલ કરશે ?

મેં મી. ગાંધીને પૂછ્યું કે કાયદાના સવિનય ભંગ અને સરકાર વચ્ચેની લડતમાં સરકાર પોતાની હાર કબુલ કરી શકે ખરી ?

મી. ગાંધી આ સવાલ સાંભળીને હસી પડયા. અને જવાબમાં જણાવ્યું કે હું આશાવાદી છું. ચાલીસ વર્ષની લડતમાં મને વારંવાર કહેવામાં આવ્યું છે કે આ દુનીયામાં જે કામ નહિ થઇ શકે તે હું કરવા માગું છું પણ હમેશાં હુંજ ખરો પડયો છું.

તે છતાં મી. ગાંધી સમજુતી માટે સરકાર સાથે સંદેશા ચલાવવા ના પાડતા નથી. તેઓએ જાહેર કર્યું કે "મેં મારી આખી જીંદગી સમજુતી કરવામાંજ ગાળી છે. જો સરકાર હિંદુસ્થાનને સંતોષ આપવા માટે ખરી દીલની લાગણી ધરાવતી હોય, તો મેં

વાઇસરોય ઉપર લખેલા છેલ્લા પત્રમાં જે અગિયાર માગણીઓ રજુ કરી છે તે તેણે કબુલ રાખવી જોઇએ. હું તો ફળ જોઇ નેજ ઝાડની પરીક્ષા કરી શકું. જ્યાં સુધી અમને સંપુર્ણ સંતોષ નહિં મળશે ત્યાં સુધી અમો અમારી લડત તિવ્રપણે ચાલુજ રાખશું અને હિંદુસ્થાનનું છુટા પણું મેળવવા માટે જરૂર પડે તો અમો અમારી જિંદગી પણ આપી દઇશું. અમારા સત્યાગ્રહીઓથી અને નીમકના કાયદાઓનો ભંગ કરનારાઓથી આખા હિંદની જેલો અમો ભરી નાંખશું અને અમારા સતત વિરોધથી રાજ્ય કારોબાર અશકય કરી નાખીશું.

સંદેશા છેવટે તો ચલાવવાનાજ

પરંતુ મી. ગાંધીએ કબુલ કર્યુ કે દુરના ભવિષ્યમાં અમારી ફતેહ થાય ત્યારે પણ સંદેશા ચલાવવાની જરૂર તો રહેશેજ. પણ તે છતાં રાષ્ટ્રીય હિંદની લડતનો જે આખરનો હેતુ છે તેને કાંઇ પણ નુકશાન નહિ પૂગે તો ખુનામરકી અટકાવવા માટે કાંઇબી ઉપાય લેવા પડે તો તે લેવા હું તૈયાર છું.

આજે પણ સમજુતી થઇ શકે

એ પછી મારી બીજી મુલાકાત થઇ. તે વેળા મી. ગાંધી સાથે મને જે વાતચીત થઇ છે તે ઉપરથી મારી ખાતરી થઇ છે કે, હાલના બારીક સમય વેળા પણ સમજુતી થઇ શકે એમ મી. ગાંધી માને છે. અને નીચલી ચાર શરતોએ તેઓ કાયદાના સવિનય ભંગની લડત

તહકુબ રાખવા માટે અને રાઉંડ ટેબલ કોન્ફરંસમાં સહકાર કરવા માટે કોન્ગ્રેસને આમંત્રણ કરવા તૈયાર છે.

ચાર શરતો

એ ચાર શરતો નીચે મુજબ છેઃ–

(૧) ગોળમેજી પરિષદ બોલાવવા માટે જે સુચિપત્ર બહાર પાડવામાં આવે તેમાં એમ ખુલ્લું જાહેર કરવું જોઇએ કે આ પરિષદ બોલાવવાનો હેતુ હિંદુસ્થાનને હકીકતમાં સ્વતંત્રપણું આપવાનો છે.

(૨) નીમકનો કાયદો રદ કરવા, હિંદુસ્થાનમાં દારૂના વેચાણ બંધ કરવા અને વિદેશી કાપડ સામે બાધ મૂકવા માટે સરકારે મી. ગાંધીને ખાતરી આપવી જોઇશે.

(૩) કાયદાના સવિનયભંગની લડત તહકુબ રાખવાની સાથે સઘળા રાજદ્વારી કેદીઓને છોડી મુકવા જોઇએ.

(૪) બાકીની મી. ગાંધીની જે સાત માંગણીઓ છે તે ઉપર ભવિષ્યમાં વિચાર ચલાવવો.

સરકારને ગંભીર ચેતવણી

ઉપલો ખબરપત્રી છેવટે જણાવે છે કે સરકારે મી. ગાંધીનો સહકાર મેળવવા માટે બ્રિટિશ સરકારની નિષ્ઠા ખરી છે એવી મી. ગાંધીની માત્ર ખાતરી કરી આપવી જોઇએ. **મી. ગાંધી અને કોંગ્રેસ હિંદુસ્થાનની રાજદ્વારી લડતમાં નજીવો ભાગ ભજવે છે એવા પોતાના બેહુંદા ખ્યાલને વળગી રહેવામાં**

હિંદુસ્તાનની સરકાર ભયંકર ભૂલ કરશે! ઘણા જાણીતા મોડરેટોએ મારી આગળ ગયા અઠવાડીયા દરમ્યાનજ કબુલ કીધું છે કે, લોકોના જથ્થાનો વિશ્વાસ ધરાવનાર આજે એકજ પુરુષ મી. ગાંધી છે! અને કોમી મતભેદ, કે જેની ઉપર સરકાર મોટી થાપણ કરવામાં ભૂલ કરે છે તેનો પણ નીકાલ મી. ગાંધી સાથે સમજુતી કરવાથીજ આવી શકશે. મી. ગાંધીના સહકાર વડેજ ગોળમેજી પરિષદ ફતેહમંદ અને ખરી બની શકશે.

સરકાર સુલેહ કરવા તૈયાર છે?

સરકાર મી. ગાંધી સાથે માનપૂર્વક સુલેહ કરવા તૈયાર છે? સુલેહના સંદેશા ચલાવવાનું આજે શક્ય છે અને જેલમાં મી. ગાંધીની બે વાર મુલાકાત લીધા પછી મારી ખાતરી થઇ છે કે સરકાર જો સુલેહની સૂચના કહે તો મી. ગાંધી સમજુતી કરવાનો જવાબ આપશે પરંતુ બને બાજુ જો બળ ઉપર મુસ્તાક રહેશે તો કોઇપણ બાજુ શરણે આવશે નહિ.

જો ખુલ્લા અને પ્રમાણીક દીલે કબુલ રાખવામાં આવે કે જે મહાત્મા આજે કારાવાસમાં કેદ છે તે ખરેખર તો હિંદુસ્થાનના આત્માનો અવતાર છે, તો એક મોટી અને ભયંકર આફત આજે દુર કરી શકશે.

મી. સ્લોકોમ્બે મુલાકાતનો આ અહેવાલ લખીને મહાત્મા ગાંધીજીને વંચાવ્યો હતો અને તે વાંચીને તે ઉપર મહાત્માજીએ સહી કરી છે. આ સહી સાથેનો પત્ર મી. સ્લોકોમ્બે પોતાની પાસે એક યાદગીરીની વસ્તુ તરીકે જાળવી રાખ્યો છે.

વિષ્ટીકાર જયકર–સપ્રુ

સમાધાનીની શરૂઆત અને અન્ત

સંદેશાની તારીખી ડાયરી

એક પાસ હિંદી મહાસભાના જેલમાં ગયેલા ત્રણ મહાન્ નાયકો મ. ગાંધીજી, પં. મોતીલાલ અને પં. જવાહરલાલ નહેરૂ, અને બીજી પાસ વાઇસરોય ના. લોર્ડ અરવીનની પરવાનગીથી મી. જયકર અને સર ડો. તેજ બહાદૂર સપ્રૂ, એમ વચ્ચે સમાધાનીના સંદેશા તા. ૨૧ મી જુલાઇથી ૫ મી સપ્ટેમ્બર સુધી ચાલ્યા હતા. (જો કે ખરી શરૂઆત તો જુનની તા. ૨૦ મી જુનથી થયલી ગણી શકાય.) તેની ક્રમવાર ડાયરી નીચે પ્રમાણે છે. પણ તે પહેલાંના પ્રસંગો પણ આરંભમાં આવેલા છે:

[(૧) તા. ૨૩–૧૨–૧૯૨૯ ના. વાઇસરોયની મુલાકાતે; મ. ગાંધી, પં. મોતીલાલ નેહરૂ વગેરે ચક્રરડા પરિષદમાં કોંગ્રેસ ક્યારે ભાગ લઇ શકે તેની વાતચિત. નિષ્ફળતા.

(૨) તા. ૨૭–૧૨–૧૯૨૯ લાહોરની મહાસભામાં સ્વતંત્રતા જાહેર થવી, દેશનું કરજ ના કબુલવાનો ઠરાવ વગેરે.

(૩) તા. ૨૬–૧–૧૯૩૦–સ્વતંત્રતાનો દિવસ ઉજવાયો.

(૪) તા. ૩૦-૧-૧૯૩૦ના રોજ ગાંધીજીએ "યંગ ઇન્ડીયા" માં દેશ તરફથી ૧૧ માગણીઓવાળો પત્ર ના૦ વાઇસરોય પર મોકલ્યો અને જાહેર થયો.

(૫) તા. ૧૨ મી માર્ચે કાનૂનભંગ જાહેર થયો અને મ. ગાંધીજી પગપાળા દાંડી જવા ઉપડયા.

(૬) તા. ૬ ઠ્ઠી એપ્રીલે મીઠાના કાયદાનો ભંગ શરૂ થયો, અને દેશે કાનૂનભંગ ઉપાડી લીધો.

(૭) યરોડા જેલમાં મ. ગાંધીજીની મુલાકાત "ડેઇલી હેરલ્ડ" વાળા મી. સ્લોકોમ્બે લીધી, અને સમાધાનીની શરત મેળવી.

(૫) તા. ૨૦ મી જુને પંડિત મોતીલાલ નેહરૂની મુલાકાત 'ડેઇલી હેરોલ્ડ' વાળા મી. સ્લોકોમ્બે લીધી.]

(૧) તા. ૨૧ મી જુને પંડિતજી નેહરૂ, શ્રી. જયકર અને મી. સ્લોકોમ્બેની પરિષદ મળી. વાઇસરોય પાસે સમાધાનીની શરતો નક્કી થઇ.

(૨) તા. ૨૫ મી જુન-પંડિતજીએ બ્રિટીશ અને હિન્દી સરકારો પાસેથી ખાનગી રાહે એવી ખાત્રી માગી કે સત્તાની બદલી થવા પહેલાના સંક્રાન્તિકાળ દરમ્યાન વહીવટની જરૂરી બંધબેસતી ગોઠવણો કરવાની શરતે, સંપૂર્ણ જવાબદાર રાજતંત્રની માગણીને તેઓ ટેકવશે.

(૩) તા. ૨૬ મી જુન પંડિતજીએ મી. જયકર અને ડૉ. સર તેજ બહાદુર સપરૂને સમાધાનીના વિષ્ટિકાર થાય, એ મતને સંમતિ આપી.

(૪) તા. ૩૦ મી જુને પં. મોતીલાલને સરકારે પકડયા અને ૩ જી જુલાઇએ શિક્ષા કીધી.

(૫) તા. ૯ મી જુલાઇએ ના. વાઇસરોયે વડી ધારાસભામાં ભાષણ કર્યું અને 'સંસ્થાન સમાન દરજ્જો' એ શબ્દો ન વાપરતાં હિંદને જે ખાતાંઓમાં જવાબદારીની સત્તા ન મળી હોય તે ખાતાંઓમાં, બને તેટલે અંશે, હિંદની લાયકાત વિચારી, પૂરી જવાબદારી આપવાનો વિચાર ગોળમેજી પરિષદમાં કરવાની પોતાની તેમ શાહી સરકારની વૃત્તિ જાહેર કરી.

(૬) તા. ૧૩ જુલાઇ—સપરૂ—જયકરે ના. વાઇસરોયને પહેલો પત્ર લખ્યો અને વિષ્ટિ શરૂ કરી.

(૭) તા. ૧૬ જુલાઇ—ના. વાઇસરોયે વિષ્ટિ માટે સંમતિ આપી અને કેટલી હદ સુધી તેમની સરકારો છૂટ મૂકવા માંગે છે તે જણાવ્યું.

(૮) તા. ૧૭ મી જુલાઇએ વિષ્ટિકારો શ્રી જયકર અને ડૉ. સર તેજ બહાદુર સપરૂને મુલાકાત આપી અને જેલ ખાતાંમાંના કોંગ્રેસના નાયકો સાથે તેમની જવાબદારીથી વાટાઘાટ કરવાની પરવાનગી આપી.

(૯) તા. ૨૧ મી જુલાઇએ ડા. તેજ બહાદુર સપરૂ મુંબાઇ આવ્યા.

(૧૦) તા. ૨૨ મી જુલાઈએ ડૉ. સપરૂ અને શ્રીયુત જયકર પુના થઈ યરોડા જેલમાં મ. ગાંધીજીને મળ્યા.

(૧૧) તા. ૨૩ મી જુલાઈએ મ. ગાંધીજીએ પોતે કંઈ કરતો મંજુર થાય તો ગોઝમેજી પરિષદની સમાધાની કબુલી શકે તેનો કાચો ખરડો એ બન્ને આપ્યો અને તે સાથે પંડિત મોતીલાલ અને શ્રી. જવાહરલાલ નેહરૂની ઉપર એક કાગળ લખી આપ્યો.

(૧૨) તા. ૨૫ મી જુલાઈએ એ કાગળ લઈને વિષ્ટિકારો નેહરૂ પિતાપુત્રને નૈની જેલમાં નહેરૂ મળવા જવાને પુનેથી ઉપડયા.

(૧૩) તા. ૨૭ મી જુલાઈએ નૈની જેલમાં નહેરૂ પિતાપુત્ર સાથે વાટાઘાટ કરી.

(૧૪) તા. ૨૮ મી જુલાઈએ વિષ્ટિકારો તેમની નોંધ તથા પત્ર સાથે મ. ગાંધીજીને મળવા નૈનીતાલથી નીકળ્યા.

(૧૫) તા. ૨૯ મી જુલાઈએ શ્રીયુત જયકર નહેરૂ પિતાપુત્રની નોંધ સાથે યરોડા જેલમાં મ. ગાંધીજીને મળ્યા.

(૧૬) તા. ૩૦ મી જુલાઈએ ના. વાઈસરોયને મ. ગાંધીજીને નહેરૂ પિતાપુત્ર યરોડા જેલમાં મળી શકે તેવી ગોઠવણ કરવાની વિનંતી કરવામાં આવી.

(૧૭) તા. ૩૧ મી જુલાઈ અને તા. ૧ લી અને ૨ જી આગસ્ટે શ્રી. જયકર યરોડામાં મ. ગાંધીજીને મળ્યા.

(૧૮) તા. ૫ મી આગસ્ટે ના. વાઇસરોયે નહેરૂ પિતાપુત્રને નૈની જેલમાંથી યરોડા જેલમાં લઇ જવાની પરવાનગી આપી.

(૧૯) તા. ૧૦ મી આગસ્ટે નહેરૂ પિતાપુત્ર અને ડૉ. તેજબહાદુર સપ્રૂ પુને જવા ઉપડયા.

(૨૦) તા. ૧૨ મી આગસ્ટે વિષ્ટિકારો અને નહેરૂ પિતાપુત્ર યરોડા જેલમાં મ. ગાંધીજીને મળ્યા.

(૨૧) તા. ૧૩-૧૪-૧૫ મી આગસ્ટે કોંગ્રેસના નાયકોએ ના. વાઇસરોયને આપવાનો પત્ર વિષ્ટિકારોને લખી આપ્યો.

(૨૨) તા. ૧૬-૮-૩૦ વિષ્ટિકારોએ મ. ગાંધીજીને મુંબઇમાં પત્ર લખ્યો.

(૨૩) તા. ૨૧-૨૭ મી આગસ્ટે વિષ્ટિકારોએ ના. વાઇસરોયની મુલાકાત લીધી.

(૨૪) દરમ્યાન યરોડા જેલમાંથી પંડિત પિતાપુત્ર નૈની જેલમાં ગયા

(૨૫) તા. ૧૮ મી આગસ્ટે ના. વાઇસરોયે આપેલો છેવટનો જવાબ.

(૨૬) તા. ૩૦ મી આગસ્ટે વિષ્ટિકારો નહેરૂ પિતાપુત્રને નૈની જેલમાં મળ્યા.


(૨૭) તા. ૩૧-૮-૩૦ નેહરૂ પિતાપુત્રનો છેવટનો મ. ગાંધીપર જવાબ,

હિંદમૈયાના પ્રાણ સમા, જગતવંદ્ય



મહાત્મા ગાંધીજીને જે સ્થળે પૂર્યા છે. તે યરવડાની જેલ.

પરદેશીઓની બેડીમાંથી હિંદમાતાને છોડા-
વવા માટે રાજવૈભવ સમા સુખને લાત મારી



જન્મભૂમિ માટે ભેખ લેનાર રાષ્ટ્રપતિ
પંડિત જવાહરલાલ નહેરૂ!

(૨૮) તા. ૩જી સપ્ટેમ્બરે સર તેજ બહાદુર સપરૂ, શ્રી. જયકર અને "હિંદુ" ના તંત્રી મી૦ રંગાસ્વામી આયંગર પુને આવ્યા.

(૨૯) તા. ૪ થી સપ્ટેમ્બરે યરોડામાં વાટાઘાટ ચાલી.

(૩૦) તા. ૫ મી સપ્ટેમ્બરે સરસંદેશા ભાંગી પડયાનું જાહેર થયું.

(૩૧) તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બરે સમાધાનીનો પત્રવ્યવહાર પ્રકટ થયો.

પં. મોતીલાલ અને સ્લોકોમ્બેની મુલાકાત

(તા૦ ૨૦–૬–૧૯૩૦)

ઉપરની તારીખે "ડેલી હેરલ્ડ" પત્રના પ્રતિનિધિ મી૦ સ્લોકોમ્બે સાથે પં. મોતીલાલને થયેલી વાતચિતનો સાર:–

"ગોળમેજી પરિષદમાં હિન્દની સંસ્થાનિક સ્વરાજ્યની યોગ્યતા કેટલી છે તેનું મંડન કરવા માટે જવાનું હોય તો તે મને કબુલ નથી. પણ સ્વતંત્ર હિન્દુસ્તાનની રાજઘટના ઘડવા માટે અને સંક્રમણ કાલમાં કરવાના ફેરફાર માટે જો ત્યાં કામ થવાનું હોય તો તેનો સ્વીકાર કરવાની ભલામણ હું કોંગ્રેસને કરીશ. અમે અમારા ઘરના માલીક થવા જોઇએ. સમાનતાના સંબંધે જેમ એક રાજ્ય બીજા રાજ્ય સાથે વર્તે તેમ ગોઠવણ થવાની હોય તોજ તેમાં કોંગ્રેસ ભાગ લેશે."

(તા. ૨૫–૬–૧૯૩૦)

ઉપરની વાતચિત પછી પં. મોતીલાલ અને મી૦ સ્લોકોમ્બે મળીને જે એક મુસદા તૈયાર કર્યો હતો તેનો સાર નીચે મુજબ છે:–

"જરૂરી બંધનો-શરતો સાથે પૂર્ણ જવાબદાર રાજપદ્ધતિને અમે ટેકો આપીશું, એવી ખાનગીમાં ખાત્રી સરકારે આપવી જોઇએ."

આ કેફીયત પં. મોતીલાલે કબુલ કરી હતી.

ના. વાઈસરોયનો ખુલાસો

ના. વાઇસરોય તા, ૧૬ મી જુલાઇના પત્રમાં નીચે પ્રમાણે ફુટ મૂકવાનું જણાવે છેઃ-

"મારી પોતાની, મારા મંત્રીમંડળની અને ના. બાદશાહના મંત્રીમંડળની એવી અંતઃકરણપૂર્વક ઇચ્છા છે કે, હિન્દુસ્તાનના લોકોમાં પોતાનો રાજકારભાર ચલાવવાની જેટલી શકિત હોય તેટલી જવાબદારી તેને આપવીજ; અને આજે જેટલું કામ તે ઉપાડી નહિ શકે તેટલા સંબંધમાં ગોળમેજી પરિષદમાં વિચાર કરી ગોઠવણ કરવામાં આવશે. આ બાબતમાં બંને પક્ષકારોમાં સમાધાન થઇ શકે એવું અશકય જેવું કશું પણ મને દેખાતું નથી."

હિન્દી મહાસભા અને હિંદની બ્રિટિશ સરકાર વચ્ચે હાલ જે એક માસથી કાનૂન ભંગની સત્યાગ્રહી લડત અને સામાં જપ્તો તથા સખ્તી ચાલી રહ્યાં છે તેની સમાધાની કરવાનો મી૦ જયકર અને સર તેજ બહાદુર સપરૂએ આજથી લગભગ બે મહિના પહેલાં પ્રયાસ કરેલો અને જે નિષ્ફળ ગયાના સમાચાર ગયા સપ્તાહમાં જાહેર થયા હતા; તેને લગતો પત્રવ્યવહાર આ બન્ને આગેવાનોએ જાહેર પ્રજાની જાણ માટે પ્રકટ કરેલો છેઃ

૨૫૯

પંડિતજીની શરતોની ઘટના

(તા. ૨૦—જૂન—૩૦)

તા. ૨૦ મી જૂને પંડિત મોતીલાલ નેહરૂએ "ડેઇલી હેરોલ્ડ" પત્રવાળા મી. સ્લોકોમ્બેને કોંગ્રેસે ગોળમેજી પરિષદમાં ભાગ લેવાના સબંધમાં પોતાના વિચારો દર્શાવ્યા હતા. તે પછી મુંબાઇમાં પંડિત મોતીલાલ નેહરૂ, મી૦ જયકર અને સ્લોકોમ્બે વચ્ચે વાતચીત થઇ; અને તે પછી અમુક શરતો ઘડાઇ હતી અને એ શરતો ના. વાઇસરોય સાથે સમાધાની વિષે ચર્ચા કરવાના મુદ્દા તરીકે મી૦ જયકરને મોકલવામાં આવી હતી.

સમાધાનીની ચર્ચાનો મુખ્ય મુદ્દો

આ મુદ્દો આ પ્રમાણે છેઃ

"જોકે અમુક સંજોગોમાં બ્રિટિશ સરકારની ગોળમેજી પરિષદની ભલામણો હિંદી સરકાર અગાઉથી ન કલ્પી શકે અથવા તો એવી ભલામણો માટે બ્રિટિશ પ્રધાનમંડળ કેવી વલણુ લેશે તે ન કલ્પી શકે છતાં ખાનગીમાં એવી ખાત્રી આપે કે હિંદની ખાસ જરૂરીઆતો અને પરિસ્થિતિ અને ગ્રેટબ્રિટન સાથેના તેના લાંબા સમયના જોડાણથી ઉભી થતી અને ગોળમેજી પરિષદમાં નક્કી થાય એવી પરસ્પર ગોઠવણુ અને સંક્રાન્તિકાળની શરતો સાથે તે હિંદને સંપૂર્ણ જવાબદાર રાજતંત્ર આપવાને ટેકો આપશે તો પંડિત મોતીલાલ નેહરૂ એ પ્રકારની ખાત્રી મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ

નેહરૂને જાતે આપશે. જો આવી ખાત્રી આપવામાં આવે અને સ્વીકારવામાં આવે તેથી સામાન્ય સમાધાની થઇ શકે કે જેથી એકી સાથે કાયદાભંગની ચળવળ બંધ રાખી શકાય, સરકારની હાલની જાપ્તાની નીતિ બંધ પાડી શકાય અને રાજદ્વારી કેદીઓને સામાન્ય માફી આપી શકાય અને તે પછી પરસ્પરે નક્કી કરેલી શરતોએ મહાસભા ગોળમેજી પરિષદમાં ભાગ લે."

ના. વાઇસરોયની મુલાકાત

(તા. ૧૬–જુલાઇ–૩૦)

આ મુદ્દા ઉપર અમે વાઇસરોયને જુલાઇની આખરમાં મળ્યા અને દેશની પરિસ્થિતિ સમજાવી અને છેવટે એક પત્ર લખી સમાધાની કરવાના ઇરાદાથી પંડિત મોતીલાલ અને પંડિત જવાહરલાલ નેહરૂ તેમજ મહાત્મા ગાંધીજીને મળવાની અને કોઇ પણ જેલના અમલદારની હાજરી વગર તેમની સાથે વાતચીત કરવાની રજા માગી; જેના જવાબમાં તા. ૧૬ મી જુલાઇ વાઇસરોયે અમને તે પ્રમાણે તેમની સાથે મુલાકાત લેવાની સગવડ કરી આપવાનું કબૂલ કીધું. આ પત્રમાં વાઇસરોયે નીચે પ્રમાણે મુદ્દો રજુ કર્યો હતો.

ના. વાઇસરોયનો મુદ્દો

"સાયમન કમીશનની ભલામણોનો વિચાર કર્યા પછી હિંદી સરકાર કેવી દરખાસ્તો રજુ કરશે અગર તો ગોળમેજી પરિષદ કેવી દરખાસ્તો રજુ કરશે અને પાર્લામેન્ટ કેવા નિર્ણય ઉપર આવશે

તે અગાઉથી ધારી લેવું શક્ય નથી. પણ મેં મારા (તા. ૯ મી જુલાઇના) ભાષણમાં સ્પષ્ટ કર્યું છે કે મારી સરકારની અને ના. શહેનશાહની સરકારની આતુર ઇચ્છા છે કે જે બાબતોમાં હિંદી પ્રજા હાલ જવાબદારી લેવાની સ્થિતિમાં નથી તેના સંબંધમાં પ્રબંધ કરીને બંધબેસતું લાગે તે રીતે તેમના વહીવટમાં તેમને બને તેટલો વધારે હિસ્સો અપાવવામાં હિંદી પ્રજાને મદદ કરવી. એ બાબતો કઇ હોય શકે અને તેને માટે ઉત્તમ પ્રબંધો કયા હોઇ શકે તેની ચર્ચા અને નિર્ણય ગોળમેજી પરિષદમાં થઇ શકે; પણ પરસ્પર બન્ને પક્ષો વિશ્વાસ રાખે તો આ બાબતમાં સમજુતી ના થઇ શકે એમ મેં કદિ માન્યું નથી."

યરોડામાં મ. ગાંધીજીની મુલાકાત

આ બે ખરીતાઓ લઇ અમે તા. ૨૩ અને ૨૪ મીએ મહાત્માજીને મળ્યા અને પરિસ્થિતિ ઉપરાંત વાઇસરોય સાથેની વાત ચીતનો સાર પણ તેમને જણાવ્યો. આ ઉપરથી મહાત્મા ગાંધીજીએ પંડિત પિતાપુત્ર ઉપર અમને નીચેનો પત્ર આપ્યો:

મ. ગાંધીજીનો પત્ર

(તા. ૨૩–જુલાઇ–૩૦)

" (૧) આ બાબતના સંબંધમાં મારો અંગત અભિપ્રાય એવો છે કે જો ગોળમેજી પરિષદમાં માત્ર સંક્રાન્તિકાળ દરમ્યાન સંપૂર્ણ જવાબદાર રાજતંત્રના સબંધમાં જરૂરી સંરક્ષણોનીજ ચર્ચા કરવાની

હોય તો ત્યાં કોઈ સ્વતંત્રતાનો પ્રશ્ન ઉઠાવે તો તેને કાનૂન બહાર ન ઠરાવાય એવી સમજણુથી જવામાં મને વાંધો નથી. મહાસભા ગોળમેજી પરિષદમાં હાજરી આપે એ વિચારને પુષ્ટિ આપું તે પહેલાં તેના સમગ્ર બંધારણુ વિષે મને સંતોષ થવો જોઇએ.

(૨) જો મહાસભાને ગોળમેજી પરિષદ વિષે સંતોષ થાય તો સ્વાભાવિકપણેજ કાયદાભંગ બંધ પાડવામાં આવે; એટલે કે ભંગ કરવાની ખાતરજ કેટલાક કાયદાઓનો ભંગ થતો બંધ પડે; પણુ વિદેશી કાપડ અને દારૂ ઉપર શાંતિપૂર્ણ પીકેટીંગ જ્યાં સુધી સરકાર પોતે દારૂબંધી ના કરે અને વિદેશી કાપડની આયાત બંધ ના કરે ત્યાં સુધી તે ચાલુ રહેશે અને પ્રજા મીઠું બનાવવાનું ચાલુ રાખશે અને મીઠાના કાયદાભંગની સજા કરતી કલમો અમલમાં ન મૂકાવી જોઇએ. સરકારી કે ખાનગી મીઠાના અગર ઉપર ધાડ નહિ પડે. આ શરતોમાં આ કલમ નહિ હોય, પણુ લિખિત સમજુતી મળતાં હું સમ્મતિ આપીશ.

સત્યાગ્રહ બંધ પાડવાની શરતો

(૩) (અ) કાયદાભંગ બંધ પાડવાની સાથેજ તમામ સત્યાગ્રહી કેદીઓ અને મારફાડ માટે ન ગુન્હાગાર ગણુાયા હોય એવા કાચા કે પાકા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવાનો હુકમ કરવો.

(આ) મીઠાના કાયદા, છાપાના કાયદા અને મહેસુલ કાયદા પ્રમાણે અને બીજી રીતે જપ્ત કરેલી મિલ્કત પાછી આપવી.

(૪) ગુનેહગાર ગણેલા સત્યાગ્રહીઓ પાસેથી અગર છાપાના કાયદા પ્રમાણે કરેલા દંડ માગેલી જામીનગીરીઓ પાછી આપવી.

(૫) ગામડાના અમલદારો સુદ્ધાં તમામ અમલદારો જેમણે કાયદાભંગની ચળવળ દરમ્યાન રાજીનામું આપ્યું હોય અગર જેમને સરકારે રજા આપી હોય અને જેઓ ફરીથી સરકારી નોકરીમાં દાખલ થવા ઇચ્છતા હોય તેમને પાછા દાખલ કરવા.

તા૦ ક૦—ઉપલી બાબત અસહકારના સમયને પણ લાગુ પાડવી.

(૬) વાઇસરોયે બહાર પાડેલાં જાહેરનામાં પાછા ખેંચી લેવાં.

ઉપલી શરતો સ્વીકારવામાં આવે તો પણ જે હિંદીઓને ગોળમેજી પરિષદમાં જવાનું આગંત્રણ કરવામાં આવે તેઓ વચ્ચે પ્રાથમિક વાતચીત ન થાય અને ગમે તે સંયોગોમાં તેઓ અમુક ઓછામાં ઓછી બાબતોને વળગી રહે એવી સમજુતી ન થાય તો હું પરિષદમાં હાજરી આપવાની દરકાર કરું નહિ. જ્યારે પ્રસંગ આવે ત્યારે સ્વરાજની દરેક યોજના વાઇસરોયને મેં લખેલા પત્રમ જે ૧૧ મુદ્દાઓ દર્શાવ્યા છે તેને સંતોષ આપી શકે છે કે નહિ તેની કસોટી કરવાની મને સ્વતંત્રતા રહે.

'છેવટનો નિર્ણય જવાહરલાલ કરી શકે !'

ગાંધીજીએ પંડિત મોતીલાલ નેહરૂ ઉપર ઉપલી શરતો સાથે નીચે પ્રમાણે પત્ર લખ્યો હતો;

(તા. ૨૩-જુલાઇ-૩૦)

માનભરી સમાધાનીમાં આડે આવવાની મારી ઇચ્છા નથી; પણ તે માટે આ સમય પાક્યો છે તેની મને ગંભીર શંકા છે; તો પણ જવાહરલાલનો નિર્ણય છેવટનો ગણાવો જોઇએ. તમે અને હું તો તેને સલાહજ આપી શકીએ. મેં જે યાદિ મી૦ જયકર અને સર સપરૂને આપી છે તેમાં હું જ્યાં સુધી છૂટ મુકી શકું ત્યાં સુધી મૂકી છે; પણ મારી સ્થિતિ જવાહરલાલ અને તમને મહાસભાની રાજનીતિ કે પ્રજાના હાલના સ્વભાવની વિરૂદ્ધ પણ લાગે. લાહોર મહાસભાના ઠરાવના અક્ષર પ્રમાણે વર્તી આથી વધારે મક્કમ વલણને ટેકો આપતાં હું નહિ અચકાઉં. તેથી મારી યાદી જો તમો બન્નેને પસંદ ના આવે તો તમે તેને કશું વજન આપતા નહિ. ૧૧ મુદ્દાને બદલે માત્ર ૩ મુદ્દાને વળગી રહેવામાં મેં બાકીના ૮ જતા કર્યા નથી; પણ એ ત્રણ મુદ્દા કાયદાભંગને અંગે છે. જે સ્થિતિ ઉપર આપણે આજે આવ્યા છીએ તે નષ્ટ થાય એવી કોઇ પણ સમાધાનીમાં હું ભાગ નહિ લઉં.

તા—પુત્ર નહેરૂનો પત્ર

(તા૦ ૨૮-જુલાઇ-૩૦)

આ ઉપરથી અમે પંડિત પિતાપુત્રને નૈની જેલમાં જુલાઇની તા૦ ૨૭ અને ૨૮ મી એ મળ્યા અને તમામ પરિસ્થિતિની સમાલોચના કરી. તે પછી પંડિત મોતીલાલ નેહરૂ અને પંડિત જવાહર-

લાલ નેહરૂએ મહાત્મા ગાંધીજી ઉપર અમોને નીચે પ્રમાણે બે ખરીતા આપ્યા. પંડિત પિતાપુત્રનો ખરીતો આ પ્રમાણે છેઃ

મહાસભાના પ્રતિનિધિ તરીકે તેના ઠરાવોમાં મહત્વનો ફેરફાર કરવાની અમને સત્તા નથી, પણ મહાસભાએ લીધેલી મૂળભુત વલણ સ્વીકારવામાં આવે તો અમુક સંજોગોમાં અમે વિગતોમાં ફેરફાર કરવાની ભલામણ કરવા તૈયાર છીએ.

ગાંધીજી સાથે મુલાકાતથી મસલતની જરૂર

પણ અમે કેટલાક સમયથી બહારની દુનિયાથી અલગ પડયા છીએ. ગાંધીજી પણ કેટલાક માસથી જેલમાં છે. ૩૮૦ સભ્યોની અખિલ હિંદ કારોબારી સમિતિ મહાસભાની બેઠક બાદ કરતાં રાષ્ટ્રીય મહાસભાની છેવટની સત્તાદાર સંસ્થા છે અને તેના લગભગ ૭૫ ટકા જેટલા સભ્યો જેલમાં છે. આવી સ્થિતિમાં અમારા સાગરિતો અને ખાસ કરીને ગાંધીજી સાથે મસલત કર્યા વગર ચોક્કસ પગલું ભરવાની જવાબદારી અમે અમારા ઉપર ન લઇ શકીએ. અગાઉથી મહત્વની બાબતોમાં સમજુતી ના થઇ હોય તો ગોળમેજી પરિષદમાં કશું પરિણામ આવવાનું નથી. અમે મહાત્મા ગાંધીના બીજા અને ત્રીજા મુદ્દા સાથે સમ્મત છીએ. પણ અમારે તેના વિગત જાણવી છે, અને ખાસ કરીને ૧ લા મુદ્દાની ચર્ચા કરવી છે, તે પછીજ અમે છેવટની સૂચના કરી શકીએ.

લડતમાં મઝા

પંડિત જવાહરલાલે ગાંધીજીપર લખેલો પત્ર નીચે પ્રમાણેઃ

(તા૦ ૨૮–જુલાઇ–૩૦)

મારી અને મારા પિતાની વલણુ એક સરખીજ છે. બંધારણના મુદ્દા વિષેની તમારી વલણુ મને તેમજ મારા પિતાને પસંદ પડી નથી. આપણાં વચનો, આપણી સ્થિતિ અને હાલની પરિસ્થિતિ સાથે તે બંધબેસતી થાય એમ મને લાગતું નથી. હું કબૂલ કરૂં છું કે બીજા પક્ષ તરફથી કાંઇક ખાસ આગળ વધવાનું હું જોઇ શકતો નથી, અને આપણા તરફથી ખોટું કે નબળું પગલું ભરાઇ જવાની મને મોટી ધાસ્તી લાગે છે. મને તો લડતમાં મઝા પડે છે. હિંદમાં છેલ્લા ચાર મહિનામાં જે બનાવો બન્યા છે તેથી હું રાજી થયો છું અને અગાઉ કરતાં હિંદનાં સ્ત્રીપુરુષો અને બાળકો માટે હું વધારે મગરૂબ થયો છું, હું સમજું છું કે ઘણાંખરાં માણસોને લડાઇ ગમતી નથી અને શાંતિ ઇચ્છે છે અને તેથીજ હું સંયમ રાખી શાંતિના દૃષ્ટિબિંદુથી જોઉં છું. ભવિષ્યમાં શું થશે તે હું જાણતો નથી; પણ ભૂતકાળથી આપણાં જીવન જીવવા જેવાં બની ગયાં છે અને આપણા નીરસ જીવનમાં કાંઇક વીરત્વ આવ્યું છે.

કોઇ વાર ભૂલ ખાવા છતાં દેશ અહિંસાને અજબ રીતે વળગી રહ્યો છે, મેં ધાર્યા કરતાં તો ઘણાજ મોટા પ્રમાણમાં. તમારા ૧૧ મુદ્દાની બાબતમાં હું હજી પણ વિરોધી છું; એ મહત્ત્વના નથી એમ નથી, પણ તે સ્વતંત્રતાની બરોબરી કરતા નથી. પરંતુ એ

૧૧ મુદ્દાઓનો તાત્કાલિક અમલ કરી શકીએ એવાં કશાંથી આપણે ચલાવી લેવું નથી એ તમારી વલણ સાથે સમ્મત છું.

જુલાઈની તા૦ ૩૧ મીએ અને ઓગસ્ટની તા૦ ૧, ૨ જીએ મી૦ જયકર મહાત્માજીને મળ્યા અને છેવટે માહાત્માજીએ નીચેની શરતો લખાવી:

મહાત્માજીની છેવટની વલણ

(તા૦ ૧–આગસ્ટ–૩૦)

(૧) હિંદની મરજી થાય ત્યારે શહેનશાહતમાંથી છુટ્ટા પડવાનો હિંદને હક્ક રહે તેમજ તેની ૧૧ માગણીઓ સંબંધી સંતોષકારક ઊકેલ થઇ શકે એવા પ્રબંધ વગરની કોઇ પણ બંધારણની યોજના મી૦ ગાંધી નહિં સ્વીકારે..

(૨) વાઇસરોયને મી૦ ગાંધીની આ વલણથી વાકેફ કરવા કે જેથી ગોળમેજી પરિષદમાં મી૦ ગાંધીના આ વિચારોથી તેને આશ્ચર્ય ન લાગે.

(૩) વાઇસરોયને એ પણ જણાવવું કે ગોળયેજી પરિષદમાં બ્રિટીશરોના તમામ દાવા અને ભૂતકાળમાં તેમને આપેલી છુટછાટો એક નિષ્પક્ષપાત કમિટ પાસે તપાસાવવાનો હિંદને હક્ક મળવાનો મી૦ ગાંધી આગ્રહ કરશે.

તે પછી તા૦ ૧૩, ૧૪ અને ૧૫ મી ઓગસ્ટે અમારી, મ. ગાંધી, પં મોતીલાલનેહરૂ. પં. જવાહરલાલ નેહરૂ સ૦ વલ્લભભાઇ

પટેલ, ડૉ. મહમૂદ, મી૦ જયરામદાસ દોલતરામ અને શ્રી. નાયડુ વચ્ચે યરવડામાં મસલત થઇ. આ વાતચીતને પરિણામે મહાસભાના આગેવાનોએ એક પત્ર આપ્યો અને તે વાઇસરોયને બતાવવાની પરવાનગી આપી.

મહાસભાના આગેવાનોનો પત્ર

એ પત્રમાં નીચેની અગત્યની બાબતો જણાવી હતીઃ

(તા૦–૧૫–આગસ્ટ–૩૦)

કાયદાભંગની ચળવળથી દેશને નુકશાન થયું છે, અગર તો તે કુવખતનો છે અગર બંધારણની વિરુદ્ધ છે એવા તમારા તેમજ વાઇસરોયના મત સાથે અમે મળતા થતા નથી.

ઇંગ્લાંડના ઇતિહાસમાં લોહીયાળ બળવાના ઘણા દાખલા છે અને અંગ્રેજોએ તેની બહુ પ્રશંસા કરી આપણને એમ કરવાનું શિખાવ્યું છે. એટલે વાઇસરોય કે બીજા કોઇ સમજુ અંગ્રેજ સુલેહભર્યા બળવાને વખોડી કાઢે એનો કાંઇ અર્થ નથી.

હિંદને માટે શું ઉત્તમ છે તે હિંદના સ્ત્રીપુરુષોએ નક્કી કરવું જોઇએ, એ અભિપ્રાય અગ્રેજ અમલદારો સ્વીકારતા હોય એવાં ચિહ્નો જણાતાં નથી. અમલદારોનાં વચનોમાં અમને શ્રદ્ધા નથી. અંગ્રેજો આ દેશને લાંબા સમયથી ચગદીને ગેરલાભ લઇ રહ્યા છે; તેથી અમારા દેશનો નૈતિક, આર્થિક અને રાજદ્વારી અધઃપાત થયો છે તેની આ દેશના લોકોને ખબર રહી નથી. ભૂતકાળના અન્યાયના

પ્રાયશ્ચિત્તરૂપે કાંઈક કરવાની જરૂર છે એમ તેમને જણાતું નથી. પણ તમે તેમજ કેટલાક દેશજનો માને છે કે અંગ્રેજોનાં દિલ એવાં બદલાયાં છે કે ગોળમેજી પરિષદમાં ભાગ લેવો; એટલે અમારી ઓછામાં ઓછી માગણીઓ આ પ્રમાણે છે;

રાષ્ટ્રની છેવટની માગણી

વાઇસરોયે પરિષદ વિષે આપેલા જવાબની ભાષા એટલી સંદિગ્ધ છે કે લાહોર મહાસભાના ઠરાવની રૂએ અમે તેની કિંમત આંકી નહીં. તેમજ મહાસભાની કારોબારી સમિતિ અને જરૂર જણાય તો અખિલ હિંદ મહાસભા સમિતિની રીતસરની બેઠક બોલાવ્યા વગર સત્તાવાર રીતે કશું કરી શકીએ નહિં. પણ વ્યક્તિગત રીતે નીચેની બાબતો વગર અમોને કોઈ પણ ઉકેલ સંતોષકારક નહિં લાગે:

(અ) મરજી થાય ત્યારે બ્રિટિશ શહેનશાહતમાંથી અલગ થવાનો હક્ક સ્વીકારાવો જોઈએ.

(આ) હિંદને બચાવના લશ્કરનો અંકુશ અને આર્થિક અંકુશ સુદ્ધાં પ્રજાને જવાબદાર સંપૂર્ણ રાષ્ટ્રીય સરકાર મળે અને ગાંધીજીએ વાઇસરોયને લખેલા પત્રમાંના ૧૧ મુદ્દાઓ પણ આવી જાય.

(ઇ) જરૂર જણાય તો બ્રિટિશરોના દાવા, છૂટછાટો, વગેરે, જેમાં કહેવાતા જાહેર દેવાનો સમાવેશ થાય છે અને જે રાષ્ટ્રીય સરકારને ગેરવાજબી લાગે અગર હિંદી પ્રજાના લાભમાં ન જણાય; તેની સ્વતંત્ર પંચ મારફત તપાસ કરવાનો હક્ક આપવો.

તા૦ ક. સત્તાના સંક્રાન્તિકાળ દરમ્યાન હિંદના લાભમાં જરૂરી જણાય એવી ગોઠવણ હિંદના ચૂંટેલા પ્રતિનિધિઓ નક્કી કરે.

(૨) જો ઉપલી વાત બ્રિટિશ સરકારને યોગ્ય લાગે અને તદનુસાર સંતોષકારક જાહેરાત કરવામાં આવે તો અમે કાયદાભંગની ચળવળ પછી ખેંચી લેવાની કારોબારી કમીટીને સલાહ આપીએ, એટલે કે કાયદાનો ભંગ બંધ કરવાની. પણ જ્યાં સુધી સરકાર પોતે વિદેશી કાપડ અને દારૂતાડીનાં વેચાણ બંધ ના કરે ત્યાં સુધી તેનું શાંતિમય" પીકેટીંગ (ચોકીયાત ચાલુ રહેશે અને મીઠું બનાવવાનું ચાલુ રાખશે અને મીઠાના કાયદા પ્રમાણે શિક્ષા ન થવી જોઇએ. સરકારી કે ખાનગી મીઠાના અગર ઉપર હુમલો નહિં થાય.

• કાયદાભંગની ચળવળ ક્યારે બંધ પડે?

(૩) કાયદાભંગની ચળવળ પાછી ખેંચી લેવાની સાથેજ (અ) તમામ સત્યાગ્રહી કેદીઓ અને મારફાડ કરવાની ઉશ્કેરણી માટે ગુન્હેગાર ન હોય એવા તમામ કાચા અને પાકા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવા.

(આ) મીઠાનો કાયદો, છાપાનો કાયદો, મહેસુલનો કાયદો અને એવી બીજી કાયદા પ્રમાણે જપ્ત કરેલી મિલ્કત પાછી આપવી.

(ઇ) ગુન્હેગાર ગણેલા સત્યાગ્રહીઓ પાસેથી લીધેલો દંડ અગર છાપાંના કાયદા પ્રમાણે લીધેલો દંડ અગર પાછો આપવો. (ઈ) ગામડાંના અધિકારીઓ સુદ્ધાં તમામ અધિકારીઓ જેઓએ કાયદાભંગની

ચળવળ દરમ્યાન રાજીનામાં આપ્યાં હોય અગર જેમને સરકારે રજા આપી હોય તે સઘળાને ફરીથી નોકરીમાં લેવા. (૩) વાઇસરોયે કાઢેલાં તમામ જાહેરનામાં રદ કરવાં.

(૪) ઉપલી બાબતોનો સંતોષકારક નિકાલ થયા પછીજ ગોળમેજી પરિષદના બંધારણની તેમજ તેમાં મહાસભાના પ્રતિનિધિત્વની બાબત નક્કી કરી શકાય.

અંતિમ ચર્ચા

ઉપલી માગણીઓવાળા પત્રની પહોંચ સ્વીકારતાં સર સપ્રુ અને મી૦ જયકરે લખેલું કે;–

(તા૦ ૧૬–આગસ્ટ–૩૦)

અમોને માનવાને કારણુ છે કે કાયદાભંગની ચળવળ બંધ પાડવાની સાથે અહિંસક રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવશે, ચીતાગોંગ અને લાહોર કોન્સ્પીરસી કેસને લગતાં ઓર્ડીનન્સીઝ રદ કરવામાં આવશે અને કોઇ પણ એક રાજદ્વારી પક્ષ કરતાં ગોળમેજી પરિષદમાં મહાસભાને વધારે મોટું પ્રતિનિધિત્વ મળશે.

તે પછી મી૦ જયકર મહાસભાના આગેવાનોનો પત્ર ઓગસ્ટની તા૦ ૨૧ મીએ સીમલા લઇ ગયા અને વાઇસરોય સાથે વાતચીત કરી. સર તેજબહાદુર તા૦ ૨૫ મીએ ત્યાં ગયા તે પછી અમારે વાઇસરોય અને તેની કાઉંસીલના કેટલાક સભ્યો સાથે તા૦ ૨૫ મીથી ૨૭ સુધી કેટલીક વાર વાતચીત થઇ. પરિણામે વાઇસરોયે અલ્લાહાબાદ અને પૂને લઇ જવા અમને એક પત્ર આપ્યો; તે આ પ્રમાણે:

વાઇસરોયનો છેલ્લો પત્ર

તા૦ (૨૮–આગસ્ટ–૩૦)

મેં અગાઉ ખાત્રી આપી છે તેમ હિંદીઓ જે ખાતાનો વહીવટ કરવા શક્તિમાન હશે તે ખાતાંનો વહીવટ તેમના હસ્તક મૂકવાની બાબતમાં મદદ કરવા અમે બનતું કરશું. એ કઇ બાબતો હશે અને તે માટે શો પ્રબંધ કરવો તે પરિષદમાં નક્કી થઇ શકશે. તા૦ ૯ મી જુલાઇએ મેં સ્પષ્ટ કર્યું છે કે પરિષદના પ્રતિનિધિઓને આખા બંધારણનો પ્રશ્ન વિચારવાનો અમર્યાદિત હક્ક રહેશે અને પરિષદમાં જે સમજુતી થશે તેના મુદ્દા ઉપર ના. શહેનશાહની સરકાર દરખાસ્તો પાર્લામેન્ટને રજુ કરશે.

ચર્ચા અશક્ય છે

મહાસભાના આગેવાનોના પત્રની સામાન્ય વલણ અને તેની બાબતો તેમજ મહાસભાની રાજનીતિથી દેશને ગંભીર હાનિ થાય છે તે સ્વીકારવાની ચોખ્ખી ના પાડવાથી, તેમાં કરેલી સૂચનાઓનો વિગતથી પ્રત્યુત્તર આપવાથી કાંઇ લાભ થાય એમ મને લાગતું નથી; અને મારે ખુલ્લેખુલ્લું કહી દેવું જોઇએ કે પત્રમાં દર્શાવેલી દરખાસ્તોને ધોરણે ચર્ચા કરવી મને અશક્ય લાગે છે.

મે તમને કાયદાભંગની ચળવળ બંધ કરવાની સાથે રાજદ્રોહી કેદીઓને છોડી મૂકવાના સંબંધમાં સંભાળથી કહેલું કે એમ થતાં સ્થાનિક સરકારો તેમને છોડી મૂકશે કે કેમ અગર છોડશે તો ક્યારે

તે વિષે મારાથી ખાત્રી ન આપી શકાય. અને આ બાબતમાં સામાન્ય રીતે ઉદાર રાજનીતિ અમલમા મૂકાય એવી મારી ઇચ્છા છે; છતાં હું બહુ તો સ્થાનિક સરકારોને તમામ કેસો સહાનુભૂતિથી વિચારવાનું કહી શકું.

પરિષદમાં મહાસભાના પ્રતિનિધિત્વ સબંધી મને યાદ છે તે પ્રમાણે મેં કહેલું કે જો કાયદાભંગની ચળવળ બંધ પડે અને મહાસભા પરિષદમાં હાજર રહેવા ઇચ્છે તો તેનુ યોગ્ય પ્રતિનિધિત્વ રાખવાની ના. શહેનશાહની સરકારને ભલામણ કરવામાં મુશ્કેલી ના પડે. જરૂર જણાય તો મહાસભાના આગેવાનો કોને પ્રતિનિધિઓ તરીકે મોકલવા ઇચ્છે છે તેના નામો પણ હું મંગાવું.

પંડિત પિતાપુત્ર સાથે વાટાઘાટ

ઉપલો જવાબ લઇ અમે તા૦ ૨૮ મી એ સીમલા છોડયું અને ૩૦ મીએ અને ૩૧ મીએ અલ્લાહાબાદમાં પંડિત પિતાપુત્ર અને ડો મહમુદની મુલાકાત લીધી. અમે તેમને વાઇસરોયનો પત્ર બતાવ્યો અને વાઇસરોય સાથે અમોને થયેલી વાત ચીત ઉપરથી કહ્યું કે નીચેની શરતોએ સમાધાની થઇ શકે તેમ છે:

ના. વાઇસરોય શું કરી શકે?

(તા૦ ૨૮–આગસ્ટ–૩૦)

(૧) બંધારણના મુદ્દા વિષે તા૦ ૨૮ મી ઓગસ્ટના વાઇસરોયના પત્રના બીજા પારા પ્રમાણે વલણ રહેશે.

(૨) પરિષદમાં ગમે તે મુદ્દો ચર્ચી શકાશે, પણ શહેનશાહતમાંથી છુટ્ટા પડવાના હક્કનો મુદ્દો તે વખતે ઉપસ્થિત કરવો, એ વાઇસરોયને ડહાપણભરેલું લાગતું નથી. સરકાર તેને ખુલ્લા પ્રશ્ન તરીકે સ્વીકારવા તૈયાર નથી. છતાં મી૦ ગાંધીની મરજી હશે તો હિંદી વઝીરને એ બાબતના ખબર આપશે.

(૩) તમામ દેવાના નકારની દરખાસ્ત વાઇસરોય સ્વીકારી શકે નહિ, પણ હિંદની આર્થિક જવાબદારી અને તેની તપાસને લગતી બાબતની તપાસનો પ્રશ્ન પરિષદમાં ઉઠાવી શકાશે.

(૪) સાયમન કમીશનની એ ભલામણ સ્વીકારાશે તો મીઠાના કરને પ્રાંતિક બનાવાશે અને આવકમાં ઘણો ખાડો પડયો હોવાથી સરકાર એ કર જવા દેવા ઇચ્છે નહિ પણ જો ધારાસભા એ કર રદ કરવા ઇચ્છે અને તેટલો ખાડો પૂરવાનો બીજો માર્ગ સૂચવે તો તે ઉપર લાયકાતની દૃષ્ટિએ વિચાર થાય. પણ જ્યાં સુધી એ કાયદો કાયદા તરીકે છે ત્યાં સુધી તેનો ખુલ્લો ભંગ થવા દેવાય નહિ.

બની શકે તેટલી છુટછાટ

(૫) પીકેટીંગમાં જો કોઇ વર્ગને કનડગત થાય અગર કોઇને હેરાનગતિ કે ધમકી અપાય કે બળજબરી વપરાય તો કાયદા પ્રમાણે પગલાં ભરવાની અગર જરૂરી કાયદાની સત્તા લેવાના વાઇસરોયને સત્તા રહે. શાંતિ થતાં પીકેટીંગ ઓર્ડીનન્સ રદ કરવામાં આવશે.

(૬) અધિકારીઓને ફરીથી નોકરીપર લેવાની બાબત મુખ્યત્વે પ્રાંતિક સરકાર હસ્તકની છે. પણ જગ્યા ખાલી પડતાં તેમને દાખલ

કરવામાં આવશે. ચળવળ દરમ્યાન સરકારે જેમને દાખલ કર્યા હશે તેમને રજા આપવામાં નહિ આવે.

(૭) છાપાના ઓર્ડીનંસ પ્રમાણે જપ્ત કરેલાં છાપાખાનાં પાછાં આપવામાં મુશ્કેલી નહિ આવે.

(૮) મહેસુલના કાયદા પ્રમાણે થયેલા દંડ અને જપ્ત કરેલી મિલકત પાછી સોંપવાની બાબત મુશ્કેલી ભરી છે. વાઇસરોય એટલુંજ કહી શકે કે સ્થાનિક સરકારો ન્યાયથી સમજપૂર્વક વર્તી બધા સંજોગો ધ્યાનમાં લઇ બને તેટલી અનુકૂળ થશે.

કેદીઓ છોડવાની બાબત તો તા૦ ૨૮ મી જુલાઇના પત્રમાં જણાવેલી છે.

શરતોનો અસ્વીકાર

(તા૦ ૩૧–આગસ્ટ–૩૦)

પંડિત પિતાપુત્ર અને ડો. મહમૂદે ઉપર દર્શાવેલે ધોરણે સમાધાની સ્વકારવાની ના પાડી અને મ. ગાંધી માટે નીચે પ્રમાણે ચિઠ્ઠી આપી:

આગેવાનોની સહી સાથનો પત્ર પૂરો વિચાર કર્યા પછી લખાયો હતો અને તેમાં વ્યક્તિગત રીતે તેઓએ બની શકી તેટલી છુટછાટ મૂકી હતી. લોર્ડ ઇરવીને આપણી દરખાસ્તોને ધોરણે ચર્ચા કરીજ અશકય કહી છે. આવા સંજોગોમાં આપણી વચ્ચે સામાન્ય મુદ્દા નથી. એ પત્રની વલણ અને મુદ્દાઓ સિવાય હિંદની બ્રિટિશ સકરારની તાજેતરની પ્રવૃત્તિઓ બતાવી આપે છે કે સરકારને શાંતિની ઇચ્છા

અને જે મંડળ શાંતિ આપવા શક્તિમાન છે તેના ઉપર આક્રમણકારી હુમલો કરાવાને એ બન્ને સાથોસાથ જઇ શકતાં નથી. ગમે તે પરિણામ આવે છતાં રાષ્ટ્રીય લડત ચાલુ રહેવી જોઇએ. લોર્ડ ઇરવીને આપણી બધી મુખ્ય દરખાસ્તો તેમજ નાની દરખાસ્તો સ્વીકારવાની ના પાડી છે, આપણા અને તેના દૃષ્ટિબિંદુમાં મોટો ફેર છે, અને તે મળ મુદ્દાનો છે.

ગાંધીજીનો છેવટનો જવાબ

ઉપલો પત્ર લઇને અમે મ. ગાંધી અને બીજા આગેવાનોને યરવડામાં સપ્ટેમ્બરની તા૦ ૩, ૪ અને ૫ મીએ મળ્યા અને તેમની સાથે ચર્ચા કરી. પરિણામે તેમણે જે નિવેદન કર્યું તેનો સાર નીચે પ્રમાણે છે:

(તા૦ ૫-સપટેમ્બર-૩૦)

"અમે મહાસભા તરફથી કહી શકીએ છીએ કે સરકાર અને મહાસભા વચ્ચે સમજુતી થવાનો સામાન્ય મુદ્દો નથી. પંડિત પિતા-પુત્રે પોતાની સ્થિતિનો જે અભિપ્રાય આપ્યો છે, તેને અમે સર્વાંશે સમ્મત છીએ. મીઠાંના કરની બાબતમાં વાઇસરોયે જે વલણ લીધી છે તેથી સરકારની મનોદશા વિશેષ પ્રકાશમાં આવે છે. મીઠાવેરો રદ કરવા માગનારાઓએ તેટલી આવકનું બીજું સાધન આપવાની સૂચના કરવી એ દાઝયા ઉપર ડામ લગાડવા જેવું છે. સરકારની આ વલણ બતાવે છે કે તેનું ચાલે તો તે આ ચગદી નાંખતો ખર્ચનો મોટો બોજો ચિરકાળ સુધી ચાલુ રાખે."

અમે (વિષ્ટિકારોએ) બંને પક્ષોની સમ્મતિથી મુખ્ય મુદ્દાવાળો પત્રવ્યવહાર અમારા તરફથી કશી પણ ટીકા વગર પ્રકટ કર્યો છે.

પૂર્ણાહુતિ

દરેક હિંદી પ્રત્યે આશા રાખીને બાપુ હાકલ કરે છે

દરેક દેશ ભકત, કેળવાયલા અને બુદ્ધિમાન હિંદી ભાઇબ્હેન ઉપર મહાત્મા ગાંધીજીએ જે આશા હંમેશાં બાંધી, સરકારના પરોણા થયા છે, તે એ છે કે તેઓની ગીરફતારીના પ્રસંગને અશુભ સમાચાર તરીકે ગણવાનો નથી. કોઇએ પણ તેથી ગાંડા થવાનું છેજ નહિ. કોઇએ કોઇ જાતની ધાંધલ કરવીજ નહિ, પણ અહિંસા અને શાંતિધર્મનું પાલન કરવું. ૧૯૨૨ માં જ્યારે ગાંધીજીને સરકારે પકડયા, ત્યારે એક અંગ્રેજ ઉમરાવ તિરસ્કારથી બોલી ઉઠયા હતા કે ગાંધીજીનો ઉપદેશ લોકોએ કાર્યમાં એટલો બધો અમલમાં મૂકી બતાવ્યો, કે તે તરફ કુતરૂંએ ભસ્યું નહિ. દેશ સંપૂર્ણ શાંતિ જાળવશે, તોજ મહાત્મા ગાંધીજી એક વખત નહિ પણ એક લાખ વખત કહી ચૂકયા છે કે પ્રજામતની વહેલા યા મોડી ફતેહજ થશે. અલબત જો પ્રજાએ સંપૂર્ણ શાંતિ જાળવી નહિ હતે, તો લાહોરની મહાસભાનો પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ દુનિયાએ કદિ સાંભળ્યો પણ નહિ હોત.

આ દેશના અધિકારીઓ અને લોકોને અમારી પ્રાર્થના છે કે સઘળાઓએ પોતાના મગજનું સમતોલપણું હાલનાં અશાંત વાતાવરણમાં જાળવવું. ૧૮૫૭ ના બળવાના સંબંધમાં પણ તે વખતના વાઇસરોય લોર્ડ કેનીંગ અને મહુંમ મહારાણીજી વિકટોરીયા વચ્ચે જે પત્રવહેવાર ચાલ્યો હતો તેની અંદર અને એ પછીના દૂર અંદેશ તથા ડાહ્યા બ્રિટિશ રાજદ્વારીઓએ વખતો વખત જાહેર કરેલા વિચારોની અંદર પણ ગમે તેવા તોફાનના દિવસોમાં પણ મગજનું સમતોલપણું જાળવવાની વાત કરવામાં આપણે જોઇ ગયા છીએ.


માટે મહાત્માજીના નીચેના શબ્દો હૃદયમાં કોતરી રાખો.

"પ્રત્યેક ભારત સંતાનને હું ચેતવણી આપું છું કે મારો અવાજ તમને પહોંચતો કયારે બંધ થઇ જશે તે કહેવાનું નથી. અત્યારેજ તમને સંભળાવી દઉં છું કે દેશભરમાં વ્યાપી રહેલા અહિંસાના વિશુધ્ધ વાતાવરણને કોઇ ભુલેચુકયે બગાડતા નહિ. જે બગાડશે તે મને ગુંગળાવવાનું, મેં જગાડેલા આ ધર્મયુધ્ધને ગુંગાળવાનું અને એમ કરી દેશનો દ્રોહ કરવાનું પાતક વ્હોરશો.

"મારવાનું મન થઇ જાય એવા હો તે આ ધર્મયુધ્ધના ક્ષેત્રથી દુર રહેજો; મરવાને તત્પર હો તે આ ધર્મયુધ્ધમાં ઝંપલાવી દેજો."

"ઝંડા ઉંચા રહે હમારા"

—:o:—



વિજયી વિશ્વ ત્રિરંગી પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા
સદા શક્તિ વરસાને વાલા,
પ્રેમ સુધા વરસાને વાલા;
વીરોકો હર્ષાને વાલા,
માતૃભૂમિકા તન મન સારા—ઝંડા.
સ્વતંત્રતાકે ભીષણ રણમેં,
લખ કર બઢે જોસ ક્ષણક્ષણમેં;
કાર્યે શત્રુ દેખ કર મનમેં,
સ્વતંત્રતા હી ધ્યેય હમારા—ઝંડા.
ઇશ ઝુંડે કે નીચે નિર્ભય,
લે સ્વરાજ યહ અવિચળ નિશ્ચય;
બોલો ભારત માતાકી જય,
પ્યારા ભારત દેશ હમારા—ઝંડા.
આવો પ્યારે વીરો આવો,
દેશ ધર્મ પર બલી બલી જાઓ;
સંપ સાથ સબ મીલકર આવો,
મીટ જાવે ભવ સંકટ સારા - ઝંડા.
ઇશકી શાન ન જાને પાવે,
ચાહે જાન ભલે હી જાવે;
વિશ્વ વિજય કરકે દીખલાવે,
તબ હોવે પણ પૂર્ણ હમારા—ઝંડા.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાની માલિકીનાં પુસ્તકો

૧-૨ રાસમાળા (સચિત્ર) તૃતીય આવૃત્તિ, ભાગ ૧ લો, તથા બીજો; સ્વ. શ્રી. અલેકઝાન્ડર કિન્લૉક ફાર્બસે રચેલી, અને દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવેએ ભાષાન્તર કરેલી દરેકનું મૂલ્ય રૂ. ૫-૮-૦.

૩ માર્કસ ઓરેલીઅસ એન્ટોનીનસના સુવિચારો-ભાષાન્તરકાર ઇડરનરેશ સ્વ. શ્રી મહારાજા સર કેસરીસિંહજી; નગીનદાસ પુ. સંઘવીના ઉપોદ્ઘાત અને સમાન સંસ્કૃત સુભાષિત અને તત્ત્વજ્ઞાનનાં વચનો સાથે મૂલ્ય રૂ. ૨

૪-૫ શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તાલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી, ભાગ ૧ લો, તથા ભાગ ૨ જો; તૈયાર કરનાર રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ. દરેકનું મૂલ્ય રૂ. ૨-૦-૦.

૬ ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨ (સાથે બેગા) તૈયાર કરનાર રા. રા. નર્મદાશંકર વલ્લભજી ત્રિવેદી; મૂલ્ય રૂ. ૧-૦-૦.

૭ રસકલ્લોલ: બાળાઓએ ગાવાનાં સ્ત્રીજીવનનાં ગીતો; સંપાદક છગનલાલ વિદ્યારામ રાવળ, મહેતાજી. આના ૧૦.

૮ પ્રબોધબત્રીશી (કવિશ્રી માંડણકૃત) અને **રાવણ મંદોદરી સંવાદ** (કવિ શ્રીધરકૃત) સંપાદક અને સંશોધક સ્વ. રા. મણિલાલ બકોરભાઈ વ્યાસ;ટીકા અને ઉપોદ્ઘાત, લખનાર, રા. રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ મૂલ્ય. ૦-૧૨-૦.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કું. પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

ભારતના ખુણેખુણેથી ઓર્ડરો પણ નીચેને શિરનામે મળશે.

યુવતી સૌભાગ્ય રત્ન. કિમ્મત માત્ર બાર આના

હિન્દુ સ્ત્રી સમાજ માટે અતિ ઉત્તમ ઉપયોગી પુસ્તક.

પ્રજાના ભવિષ્યની ઉન્નતિનો મુખ્ય આધાર સ્ત્રીઓ ઉપરજ છે માટે સ્ત્રીઓને સદ્‌ગુણી બનાવવાનો મંત્ર દેખાડનારૂં આ એકજ પુસ્તક છે.

આર્ય સન્નારીઓને પોતાના ધર્મનું ભાન થાય અને તેઓ પોતાનું જીવન સન્માર્ગે ગુજારે, એવા શુભ હેતુથી આ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. આ પુસ્તકની અંદર ઇશ્વર સ્તુતી, સુવાસિની ધર્મ, સતી લક્ષણ, રજસ્વલા ધર્મ, ગર્ભિણી સ્ત્રીધર્મ, વિધવા ધર્મ, તુલસી પૂજા વિધિ, વગેરે સાદી સરલ ભાષામાં આપવામાં આવ્યો છે, એટલુંજ નહિ પણ સતી સાવિત્રી ચરિત્ર, પતિભક્તિ સ્તવનઃ કૌશિક તાપસી આખ્યાન, અનસુયા અભ્યુદય; ભોગવતી ભાગ્યોદય અને સતી સુલોચનાનું આખ્યાન એવું તો સરસ લખવામાં આવ્યું છે, કે એક જડ હૃદયની સ્ત્રી હોય તો પણ આ એક આખ્યાન વાંચે તો પોતાના પતિ પ્રત્યે તન, મન, અને ધનથી પતિવ્રત શું છે તે સમજી પોતાના પતિની સેવા કરે છે.


આ પુસ્તકની ઉપયોગીતા અને લોકપ્રિયતા એટલી બધી વધી છે, કે જેની ત્રીજી આવૃતિ બહાર પાડવામાં આવી છે. અને શ્રીમંત સરકાર શ્રી ગાયકવાડ સરકારે લાયબ્રેરીઓ તથા કન્યાશાળાઓ માટે મંજર કરેલું છે.

આખી મુંબઇમાં, હિન્દુધર્મના દરેક ધાર્મિક પુસ્તકો મળવાનું મોટું મથકઃ—

પંડિત નારાયણ મૂળજી પુસ્તકાલય

૨૨૯, કાલબાદેવી રોડ, ઝવેર બાગ, મુંબઇ, ૨.

રાષ્ટ્રીય નવરાત્ર રાસ. કર્તા રા. પાઠરાકર. કિં. ૦–૪–૦



સ્વદેશ સેવા અને સ્વધર્મરક્ષાનું મુંબઇ ઇલાકાનું એકનું એક

'હિન્દુ જયોતિ' પ્રેસ ઓર્ડીનન્સનો અંત આવતા ડીસેમ્બર ૧૯૩૦ થી ચાલુ થયું છે.

સત્યાગ્રહ સંગ્રામના, દેશી રાજયોના, દેશ પરદેશના સમાચારો, જાણીતા વિદ્વાનોના મનનીય લેખો પ્રગટ કરતું સાપ્તાહિક.

વાર્ષિક લવાજમ—ભેટ બુક, દિવાળી અંક અને પોસ્ટેજ સાથે હિંદમાં રૂ. ૫, પરદેશમાં રૂ. ૭ાા અથવા શીલીંગ ૧૧.

જાહેર ખબર માટેનું ઉત્તમ સાધન —તુરત લખો—

તમારા ઓર્ડર તુરત નોંધાવો—વ્યવસ્થાપકઃ હિન્દુ જ્યોતિ.
૧૮૧, બઝારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

મંદિરના મહારાજોનાં ભયંકર કુકર્મો રજુ કરતી નોવેલ.

સમાજનો સડો ૫ ચિત્રો—પાકું બાઇન્ડીંગ, ૨૨૫ જાડા ઉંચા પાનાં

ધર્મના બ્હાના હેઠળ મંદિરના મહારાજો કેવાં કેવાં અધમ અને નિચ કૃત્યો ચલાવે છે, જેનો સંપૂર્ણ તાદૃશ્ય ચીતાર આ પુસ્તક રજુ કરે છે.

કિંમત ફક્ત રૂ. દોઢ, પોસ્ટેજ ૪ આના વધુ.

શૂરાનો સંગ્રામ યાને ગરવી ગુર્જરી


શૂરાઓની શૂરવીરતા અને સુલ્તાનોનાં પાપકર્મો રજુ કરતી ઐતિહાસીક નોવેલ-૨૦૦ પાનાં-પાંચ ચિત્રો કિં. રૂ. ૧, પોસ્ટેજ ૪ આના.

ક્રાન્તિની ચીનગારીઓ ભારત માતાની મુક્તિ માટે સર્વસ્વનો ભોગ આપનાર।

બંગાળી યુવાનોની જીવ કુરબાન કરતાં આઝાદી મેળવવાની ધગશ. સંપૂર્ણ ઇતિહાસ-દરેક ભારતવાસીને સંગ્રહ કરવા યોગ્ય ઉત્તમ પુસ્તક

કિંમત ફક્ત રૂ. ૧, પોસ્ટેજ ૪ આના વધુ.

આજેજ લખો: ઊર્મિ ઓફીસ, ૧૮૧, બઝારગેટ સ્ટ્રીટ. કોટ, મુંબઇ.



હે ભારતમાતા! તું ૩૩ કરોડ બાળકોની માતા છે, તો પછી તને બીક તે કોની હોય?

(રાગ—જનની ભારત આજ)

બીક કોની! બીક કોની! બીક કોની મા તને?
તેત્રીસ કોટિ બાલકોની એ કરાલી મા તને.

બીક કોની, બંદુકોની?
શ્વાન તુલ્ય સૈનિકોની?
બીક ચોર—ડાકુઓની?

નયન ફાડ, માર ત્રાડ, જરીક વાર જાગને!
હા રે ઘેલી, ભાનભુલી, બીક કોની મા તને?

યુગયુગોથી બીત બીત,
વાર વાર વિકલ ચિત્ત,
ભાળે ભૂત ને પલીત!

પલક પલક થરથરાટ સન્નિપાત ત્યાગને.
નિજ પિછાન કર સુજાન! બીક કોની મા તને?

નિરખી તુજ વદન વિરાટ
દુશ્મનોના છુટત ગાઢ,
દેખ દેખ ફડફડાટ!

તુંથી કો' ન જોરદાર, ખાલી ખા ન ડર મને!
ગજવ ગજવ ઘોર નાદ, બીક કોની મા તને?

દુશ્મન તુજ દ્વાર ખડો,
કપટી કૂટ પાજી બડો,
છલકે દેખ પાપ—ઘડો!

દોડ દોડ, દંભ તોડ, છોડ ન તુજ વાતને;
આ છે આખરી સંગ્રામ, બીક કોની મા તને?

(મેઘાણી.)

ચહેરાની કુદરતી

સૌંદર્યતા

વધારવા માટે

કામીનીઆ

સ્નો

(રજીસ્ટર્ડ)



એક ઉત્તમ શાસ્ત્રોક્ત રીતે બનાવેલ ઈલાજ છે. સુર્યના સખ્ત તાપથી ચામડીપર આવતી શ્યામતા દૂર કરવા માટે, તેમજ ચહેરાની નાજુક ત્વચા (ચામડી) પર કરચલી પડતી તથા નિસ્તેજપણું દૂર કરવા અને ચામડીના સંરક્ષણ સારૂ **કામીનીઆ સ્નો** એક ચોકકસ ખાત્રી ભર્યો સાયન્ટીફીક ઈલાજ છે. ચામડી ઉપર મસળવાથી તેના તત્વો છિદ્રમાં દાખલ થઈ મેલ દૂર કરી કુદરતી સૌંદર્યને પ્રકાશમાં લાવે છે. વળી તેમાંથી નીકળતી ગુલાબી ખુશબો એક જાતનો આનંદ આપે છે. **કિમ્મત ૧ બાટલીના રૂ. ૦-૧૨-૦ વી. પી. ખર્ચ જુદું.**

કામીનીઆ બ્રીલીઅનટાઈન (રજીસ્ટર્ડ)

ગુલાબી મીઠી મોહક સુગંધીનું આ ઉત્તમ ક્રીમ માથામાં લગાડવાથી વાળ નરમ સુંવાળા અને ચકચકીત દેખાય છે અને ગમે તેમ તે ઢબમાં ઓળી શકાય છે, બીજા કોઇપણ બ્રીલીઅનટાઇન કરતાં આ ક્રીમ ચઢીઆતું છે. **કિમ્મત ૧ પોટના રૂ. ૦-૧૨-૦ વી. પી. ખર્ચ જુદું.**

ધી એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કુંપની,

નં. ૨૮૫ મારકેટ, પોસ્ટ બોક્ષ નં. ૨૦૮૨, મુંબઈ, નં. ૨

Only Title Printed; M. Vadilal & Co. Bhangwadi Bombay 2.